કલા, કારીગરી, કૌશલ્ય અને સાહિત્યને ઉજાગર કરતું માસિક • ૧૦, નવેમ્બર ૨૦૨૬ | ₹ 100

વિશ્વકર્મા વિશ્વ



દીપોત્સવી
વિશેષાંક–૨૦૨૬

સાતમી વાર્ષિક પુણ્યતિથિએ
ભાવભીની હૃદયાંજલી



-: કર્મયોગી :-

સ્વ. શ્રી લાલજીભાઈ નાનજીભાઈ ગજજર (તલસાણિયા)

જન્મ : તા. 14-07-1942 । કૈલાશવાસ : તા. 26-09-2019

જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે, કર્મ સદા એવા કર્યા સૌના હૃદયમાં
ગુંજયા કરે, ધર્મ કદી ભુલ્યા નહીં, વ્યવહાર કદી ચુકયા નહીં, સુખ-દુઃખમાં સદા હસતા અને
હસાવતા રહયા. આપના સ્નેહભર્યા સ્વભાવની મીઠી સુવાસ અમારા હૈયે રહેશે.
ઈશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના સહ...

વિજયભાઈ અને અલ્પાબેન તલસાણિયા । પ્રદ્યુમનભાઈ અને અર્પણાબેન તલસાણિયા
જાગૃતિબેન અને રાગેશકુમાર
વિવેક,ધૈર્ય, નમ્રતા, મિરલ અને કૌશલકુમાર

સ્વ. શ્રી રામજીભાઈ નાનજીભાઈ તલસાણિયા પરિવાર
સ્વ. શ્રી હરજીવનભાઈ નાનજીભાઈ તલસાણિયા પરિવાર

ઈક્વિટી મોટર્સ (રાજકોટ) પ્રા. લિ. । ઈક્વિટી એલ.એન.ટી. ઓટોહબ પ્રા. લિ.
જે. હસમુખરાય એન્ડ કંપની । પંચશીલ એન્ટરપ્રાઇઝ । એલિટ ઓટોલિંક । એન્ટિટી મોટર્સ પ્રા. લિ.

જય શ્રીકૃષ્ણ, જય શ્રી વિશ્વકર્મા

YAMUNA®

Maximum Flexibility with
Gear Grinding

Jatin Panchasara
Jay Panchasara

PRECISION GEAR GRINDING SOLUTIONS FOR A

SMOOTHER TOMORROW

High-precision gear grinding machines that deliver superior accuracy, unmatched reliability and long-term performace.





– EIFCO 250 –

Gear Hobbing
with Skiving



– VIPER 500 W –

HÖFLER Generating
Gear Grinding Machine



– HELIX 400 SK –

HÖFLER Cylindrical Gear
Grinding Machine

YAMUNA® GEARS PVT. LTD.

Plot No. : 138/141, Survey No. : 43/1, B/h. Jackgon Co., 150 Feet Ring Rd, Vavdi, Rajkot - 360 004. INDIA.

Call : +91 99798 49922 | +91 99798 49933 | +91 99798 93099
Email : info@yamunagears.com | sales@yamunagears.com
Web : www.yamunagears.com

Vijay electronics
|| mega store ||

ઓનલાઈન અને મોલથી સસ્તુ

મળશે ફક્ત વિજયમાં

શુભ દિપાવલી અને નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ



LG | SAMSUNG | Panasonic ideas for life | MITSUBISHI ELECTRIC Changes for the Better | IFB | AKABISHI | JBL
BOSCH Invented for life | PHILIPS | miniMAX | nextview | SIEMENS | Hisense
Symphony | BLUE STAR | BPL | Midea | TOSHIBA

વિજય

મલ્ટી બ્રાન્ડ શો-રૂમ

ઇલેક્ટ્રોનિક્સ મેગા સ્ટોર

૧ ઈમ્પિરીયલ હાઇટ્સ
બિગ બઝાર સામે, 150 ફૂટ રીંગ રોડ, રાજકોટ. M: 90999 70086

૧ સર્વેશ્વર ચોક
ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ. M: 90999 70315

૧ અંબિકા ટાઉનશીપ
સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે, તુલસી ઇમ્પીરીયા. M: 90999 70771

૧ કોઠારીયા મેઇન રોડ
સન પેટ્રોલ પંપની બાજુમાં, રાજકોટ. M: 99980 85777

૧ નારાયણનગર
મેઇન રોડ, ત્રિશુલ ચોક, રાજકોટ. M: 99980 57762

ગોંડલઃ ગુંદાળા રોડ | ધોરાજીઃ સ્ટેશન રોડ | ઉપલેટાઃ બાવલા ચોક | સુરેન્દ્રનગરઃ મિલન ટોકીઝ રોડ | ઉનાઃ ડેલવાડા રોડ

ACCURATE ENGINEERS

MANUFACTURER OF

MACHINE TOOL SPINDLE

INTERNAL & EXTERNAL GRINDING SPINDLE
CNC & VMC SPINDLE, SPM SPINDLE &
COMPARATOR STAND



CNC Turning Spindle



VMC Spindle



ER-Series




ER-Series



Internal Grinding Spindle



External Cartridge Spindle



Height Comparator Stand



OD Comparator Gauge



ID/OD Mechanical
Comparator Gauge







Kalpesh D. Kathrecha
Mo. : 98984 40188

Aditya K. Kathrecha
Mo. 98794 54371

Survey No. 215, Ribda Railway Station Road, Nr. Ekta
Weigh Bridge, Opp. Adzone Cast Pvt. Ltd.
GUNDASARA, Rajkot (Gujarat) India.
Office : 98794 54907
accurateengineers188@gmail.com

MAKE IN INDIA

॥ જય શ્રીવિશ્વકર્મા દાદા ॥

શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ - રાજકોટ

અને

ગુર્જર સુતાર હિતેચ્છુ પરિવાર - રાજકોટ

GROUP

આયોજિત

ગુર્જર સુતાર જ્ઞાતિજનો ને વિનામુલ્યે લોહી મળી રહે તેવા શુભ આશયથી...

મહા રકતદાન શિબિર

રક્તદાન મહાદાન... રક્તદાન મહાદાન...

આપના એક રકતદાનથી ત્રણ માનવ જીંદગી બચાવી શકાય છે. માનવ રકતનો કોઈ જ વિકલ્પ નથી. આવો, સૌ સાથે મળી મહામૂલી માનવ જીંદગી માટે રકતદાન કરીએ... રકતદાન કરાવીએ..



18 નવેમ્બર 2026

સમય - **સવારે 9 થી બપોરે 3 વાગ્યા સુધી**

સ્થળ - **શ્રી ગુર્જર સુથાર પ્રગતિ મંડળ, જકાતનાકા પાસે, ગોંડલ રોડ, રાજકોટ.**

રક્તદાન થી થતા લાભો

- નવી રક્તકોષો બનવામાં મદદરૂપ
- હૃદય સ્વસ્થ રહે છે
- વજન નિયંત્રણમાં મદદરૂપ
- માનસિક તાણ ઓછું થાય
- રોગપ્રતિકારક શક્તિ વધે



નિમિત્ત માત્ર

ટ્રસ્ટી મંડળ તથા કારોબારી સમિતિ - શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ, રાજકોટ

શ્રી ગુર્જર સુતાર હિતેચ્છુ પરિવાર - GHP ગ્રુપ, રાજકોટ

સંપર્ક - 81268 24365, 9427207121, 9426473506

MOVINGPIXEL STUDIO

VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269



Volume No.-15, Issue No.10
Date : 10-11-2026

Page : 112
Retail Price Rs.100/-
Annual Subscription Rs. 300/-

Editor : Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

Graphic Design : Amit Vaghela

Web Editor : Parth Gajjar


Office : Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Mo. 90999 49565

Editor-Publisher-Owner & Printer: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

E-mail: vishwakarmavishwa@yahoo.com
Web: vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.

પ્રેમનો દીપ પ્રગટાવી ભાઈચારાનો પ્રકાશ ફેલાવીએ



પ્રત્યેક તહેવારો કોઈને કોઈ સંદેશો લાવે છે. દીપોત્સવી પર્વ એટલે સમગ્ર સમાજનું સૌથી મોટુ પર્વ છે. આ પર્વ એટલે આનંદનો ઉત્સવ, ઉલ્લાસનો ઉત્સવ. આનંદ અને ઉલ્લાસનો આ તહેવાર તહેવારોનું ઝુમખુ લઈને આવે છે. ધનતેરસ, કાળી ચૌદસ, દિવાળી, નવું વર્ષ, ભાઈબીજ, લાભપાંચમ આ બધા તહેવારો કોઈને કોઈ સંદેશો આપે છે. આ સંદેશો સમજીને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરીએ તો જ પર્વની ઉજવણી સાર્થક બને.

લક્ષ્મીને ઋષિમુનીઓએ મા ગણી છે. ધનતેરસના દિવસે લક્ષ્મીપૂજન કરવાની સાથોસાથ લક્ષ્મીને પ્રભુપ્રસાદ ગણી અને જીવનમાં પવિત્રતા લાવવી જોઇએ. કહેવાય છે કે લક્ષ્મીચંચળ છે અને કેટલાંક સંજોગોમાં માનવીની મનોવૃત્તિ બદલી નાખે છે. લક્ષ્મી વધતાની સાથેજ કેટલાકને તેનો કેફ ચડતો હોય છે અને પૈસાના જોરે જ બધું થતું હોય તેવા વિચારો લઈને રાચે છે. લક્ષ્મી માણસને દેવ અને દાનવ બંને બનાવી શકે છે. ફક્ત સ્વાર્થ માટે જ નહીં પરમાર્થ માટે કરીએ તો જ લક્ષ્મીનું સાચ પૂજન ગણાય.

દિવાળીના દિવસે ચોપડા પૂજન થાય છે. ચોપડા પૂજન કરવાની સાથે જીવનનું પણ સરવૈયુ કાઢી અને કોઈ ભૂલ થઈ હોય તો સુધારી જીવનમાં રાગ દ્વેષ, ઈર્ષા કટુતા, આવી હોય તો તેનુ પ્રાયશ્ચિત કરી નવા વર્ષમાં પ્રેમ-ઉત્સાહનું નવું વાતાવરણ ઉભુ કરવાનો સંકલ્પ કરવો જોઈએ.

નવા વર્ષે વડીલોને પ્રણામ કરી આશીર્વાદ લેવાના હોય છે. સાથોસાથ ઉભા થયેલા વેરઝેર ભૂલીને નવા વર્ષમાં પ્રેમ અને ઉત્સાહનું અનેરું વાતાવરણ સર્જવા પ્રયત્નો કરવો જોઈએ.

ભાઈ-બીજનું પર્વ ભાઈ-બહેનના પ્રેમનો સંદેશો લઇને આવે છે. આ દિવસે સમગ્ર વર્ગનો ઉત્કર્ષ થાય તેવા પ્રયત્ન પણ આ દિવસે કરવા જોઇએ.

લાભ પાંચમનો દિવસ એટલે સારો દિવસ કહેવાય છે અને નવા કામની શરૂઆત, કે નવા કામનો પ્રારંભ લાભ પાંચમના દિવસે થતો હોય છે.

તહેવારોનો સમૂહ લઈને આવતું દીપોત્સવી પર્વ આપણા સમગ્ર સમાજ માટે નવી દિશા ચીંધનાર બની રહે. નવા વર્ષમાં સમાજના સર્વાંગી વિકાસ માટેના શુભ સંકલ્પો લેવાની સાથે સમાજ વધુને વધુ સંગઠીત બનીને ભાઈ-ચારાની અનેરી ભાવના સાકાર કરે તેવી પ્રભુ પ્રાર્થના સાથે સૌને નવા વર્ષની શુભકામના સાથે... સાલ મુબારક

Pgajjar

◆ પ્રવિણ ગજ્જર

નોંધ : વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અને ડીઝાઇનનો જે તે પાર્ટીની પરવાનગી લીધા વગર-અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**

દીપોત્સવી વિશેષાંક-૨૦૨૬

અનુક્રમણિકા...

વિશ્વકર્મા વિશ્વ

૧. ઉત્સવ દર્શન દિવાળી ..... દિક્ષિતા ઘોરેચા ૭
૨. દિવાળીઃ અંતરના અંધકારથી આત્મજ્યોતિ સુધી ..... જીનલ વિશરોલીયા ૯
૩. આવ્યો અવસર હિસાબ કરવાનો ..... બાબુભાઇ ડી. મેવાડા ૧૧
૪. દિવાળીનો દીવો અને મનનો અંધકારઃ અંદરનો અવરોધ ..... રૂપલ વડગામા ૧૭
૫. દિવાળીની પરંપરાઓ હાઇ–ટેક બની ..... ફાલ્ગુની શુક્લ ૨૦
૬. દિવાળીની ઉજવણીઃ ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય ..... બાબુભાઈ આર. મિસ્ત્રી ૨૨
૭. સેવા, સદભાવના અને સમન્વયના દેવને ઓવારણા લો–' ..... શાંતિભાઈ આર. ખોડદિયા .. ૨૯
૮. ગાંગલો મલક જોઈ આવ્યો ! ..... ખોડીદાસ પરમાર 30
૯. સગાં દીઠાં અમે ચારણ–કન્યાનાં ..... લલિત ખંભાયતા ૩૩
૧૦. કાવ્ય વિશ્વ (જશુબહેન બકરાણીયા, વિદ્યા ગજજર, ભાવિન કથ્રેચા) ૪૧
૧૧. ગુગલ(વાર્તા) ..... નટવર આહલપરા ૪૨
૧૨. ક્ષણાર્ધ(વાર્તા) ..... જલ્પેશ વાઘેલા ૪૫
૧૩. વૈશ્વિક બ્રાન્ડ બનેલ રત્નમણી ગ્રુપના ચેરમેન પ્રકાશભાઇ સંઘવીની ખાસ મુલાકાત ... પ્રવીણ ગજજર ૫૪
૧૪. સ્નેહની સુગંધ(વાર્તા) ..... ભરત સુરેલીયા ૬૫
૧૫. ઉર્વશી અને પુરુરવાસની પ્રેમકથા ..... ભાવિન કથ્રેચા ૬૮
૧૬. મારું, તારું અને આપણું. (હાસ્યલેખ) ..... પલ્લવી જિતેન્દ્ર મિસ્ત્રી ૭૦
૧૭. મુંબઈનો હલવો (વાર્તા) ..... હસમુખ બોરાણિયા ૭૭
૧૮. અતીતના ઓવારે..(વાર્તા) ..... બાલેન્દુશેખર જાની ૭૯
૧૯. જીવનની વીતી ગયેલી ક્ષણો અફસોસ ભરી ન બની રહે એ યાદ રાખીને જીવવું જોઈએ ..... આશુ પટેલ ૮૧
૨૦. સુખી થવા માટે કેટલું અને કેવું સુખ જોઈએ? ..... ગીતા માણેક ૮૩
૨૧. પંચ પરિવર્તન અને વ્યવહારિક ઉદાહરણો ..... ડો. જયંતીભાઈ ભાડેશીયા... ૮૯
૨૨. સાતપુડા ટાઈગર રિઝર્વ : મધ્યપ્રદેશના આ જંગલમા વાઘ સિવાય શું જોવાનું છે ? ..... નિતુલ મોડાસીયા ૯૧
૨૩. સમાજના ઉજ્જવળ ભવિષ્ય માટેનો સંકલ્પ : શિક્ષણથી જ વિકાસ ..... દિનેશ એન. ગજ્જર ૯૩
૨૪. ''તખ્તેશ્વરની ટેકરીના મૂળમાં સમાયેલું જુજા ભરવાડનું સમર્પણ'' ..... અમૂલ પરમાર ૯૫
૨૫. દિવાળીના પાવન પર્વે યોગમુદ્રાઓ દ્વારા સ્વાસ્થ્ય અને આંતરિક પ્રકાશની ઉજવણી .. કિરણ એચ. બકરાણીયા ૯૯
૨૬. એન્જિનિયરીંગ ઉદ્યોગમાં વપરાતા માલ, મટીરીયલ તથા ટુલ્સમાં થયેલા અસહ્ય ભાવ વધારાના કારણે ધંધામાં મંદીનું વાતાવરણ ..... જયંતીભાઇ નગેવાડીયા.... ૧૦૧
૨૭. નેતા બનવું ખાવાના ખેલ નથી ! ..... કૌશિક મહેતા ૧૦૩
૨૮. કિચન તડકા : દિવાળી સ્પેશ્યલ વાનગીઓ ..... શુભદા ભટ્ટી ૧૦૮

: કુલ પાના : ૧૧૨

મુખપુષ્ઠ તસવીર : સુરેશ ભીલા
(ઇન્ટિરિયર ડિઝાઇનર-રાજકોટ)





ઉત્સવ દર્શન દિવાળી

દિક્ષિતા ઘોરેચા
દીક્ષકલ્પ(રાજકોટ)





ઉત્સવો આપણા જીવનમાં ઉત્સાહ ભરતા રહે છે. જેમ વાહનની અંદર ઈંધણ ભરાય અને એની ગતિ વધે, તેવી જ રીતે માનવ જીવનમાં ઉત્સવો હંમેશા રસ ભરતા રહે છે. જીવનનું વૈવિધ્ય આ ઉત્સવોથી વધારે હર્યું ભર્યું રહે છે. તેમાં પણ વર્ષના અંતે ઉત્સવોનો રાજા એટલે દિવાળી આવે અને સાથે ઉત્સવોનો સમૂહ લઈને પધારે. કાળ પણ જેનો રંગ રસ ઓછો કરી શક્યો નથી! તેવો મહાન, માંગલિક, આનંદમય અને સાંસ્કૃતિક ઉત્સવ એટલે કે 'દિવાળી'. 'દિવાળી' આવે, આવે અને સાથે ઉત્સવોનો સમૂહ પણ લઈ આવે.ધન તેરસે લક્ષ્મી પૂજન, કાળી ચૌદશ એટલે શક્તિ પૂજન, દિવાળી એટલે જ્ઞાનનું પૂજન.બેસતું વર્ષ એટલે ધ્યેયનું પૂજન અને ભાઈબીજ એટલે ભાવનું પૂજન. લાભ પાંચમ એટલે સાતત્યનું પૂજન.

ધનતેરસ :– ધનતેરસ એટલે મા લક્ષ્મી ની પૂજા નો દિવસ.ધંધા અને પેઢીઓમાં આ દિવસે લક્ષ્મી પૂજન એટલે કે મા લક્ષ્મીની પૂજા અર્ચના સાથે એ પ્રાર્થના કરવાનો દિવસ કે અમારા ઘરમાં આવનારી લક્ષ્મી શુભ હો.

અલક્ષ્મીનો અમારા ઘરમાં વાસ ન હોય. આવનારી લક્ષ્મી સદ કાર્યમાં વપરાય. અમારા ઘરમાં આવનારી લક્ષ્મી સ્થિર હો. ઘર આંગણે સરસ મજાની રંગોળી દોરી મા લક્ષ્મીનું સ્વાગત કરવાની ભાવના હોય છે. લક્ષ્મી કોને ન ગમે! અર્થ ઉપાર્જન ઊઠ્યું વૃત્તિ કરવા પાછળનું મોટામાં મોટું કારણતો આપણું જીવન સુખમય બનાવવા માટે જ હોય છે. વધારે સગવડતા અને સુવિધાથી આપણું જીવન વધારે સરળ બને એ આશાથી જ દરેક વ્યક્તિ કાર્ય કરે છે પણ શું આ ભાવના ઉચિત છે?

ગીતામાં પણ ભગવાન શ્રી કૃષ્ણએ કહેલ છે કે,

इष्टान्भोगान्हि वो देवा दास्यन्ते यज्ञभाविताः।
तैर्दत्तानप्रदायैभ्यो यो भुङ्क्ते स्तेन एव सः ।। १२।। अध्याय ३

શાસ્ત્રો પણ કહે છે,જે વ્યક્તિ પોતાની કમાણીનો દસમો ભાગ સત્કાર્ય ન વાપરે એ ચોર છે.

બીજી વાત એ કે, જ્યારે માત્ર લક્ષ્મી પોતાના માટે માત્ર સ્વાર્થના જ રસ્તે વપરાય તો એ લક્ષ્મી નહીં, વિત કહેવાય. એ વિતને લક્ષ્મીમાં ફેરવવા માટે કોઈપણ રીતે સદકાર્યોમાં વપરાય તો આવેલ વિત એ લક્ષ્મી બને અને એ લક્ષ્મી શુભ બને અને સ્થિર પણ રહે. મારી દ્રષ્ટિએ તો એક એવું આયોજન કરી શકાય કે, ઘરમાં કમાનારની સંખ્યા મુજબ આપણા ઘરના દેવ સ્થાનમાં એક એવી વ્યવસ્થા ઊભી કરવામાં આવે કે ઘરમાં આવતું ધન તેમાંનો થોડો ભાગ જમા કરવામાં આવે અને એ જે જમા થયેલી પુંજી છે એ કોઈ સારા કાર્યમાં, સમાજ પાછળ કે, જરૂરિયાત મંદોને આપવામાં આવે.જે આપનારો છે એમને પ્રભુ બમણું કરીને આપવા બેઠો જ છે. અને હા, જીવનમાં લક્ષ્મીની સાથે જ્ઞાન

જ્યારે માત્ર લક્ષ્મી પોતાના માટે માત્ર સ્વાર્થના જ રસ્તે વપરાય તો એ લક્ષ્મી નહીં, વિત કહેવાય. એ વિતને લક્ષ્મીમાં ફેરવવા માટે કોઈપણ રીતે સદકાર્યોમાં વપરાય તો આવેલ વિત એ લક્ષ્મી બને અને એ લક્ષ્મી શુભ બને અને સ્થિર પણ રહે.

લક્ષ્મી, ગુણ લક્ષ્મી અને ભાવ લક્ષ્મી પણ ઊભી કરવી જોઈએ. અર્થ ઉપાર્જન સાથે જો જ્ઞાન અને ગુણ તેમજ ભાવ હશે, તો સોનામાં સુગંધ ભળશે. લક્ષ્મી સાથે જો આ ત્રણેય વસ્તુઓ હોય તો જ ખરા અર્થમાં લક્ષ્મી પૂજન થયું ગણાય.

કાળી ચૌદસ (નરક ચતુર્દશી):– કાળી ચૌદશ એટલે આપણે માત્ર એ જ અર્થમાં સમજીએ છીએ કે ઘરમાંથી

કકડાટ કાઢવો. ના એવું નથી પસંદ છે. કાળી ચૌદશ એટલે શક્તિનું પૂજન. આપણને બધાને એક ખ્યાલ જ છે કે, નિર્દોષ સ્ત્રીઓને નરકા સુરના કારાગૃહમાંથી મુક્ત કરનાર મહાન સુધારક યોગેશ્વર કૃષ્ણ. ખરા અર્થમાં શક્તિ પૂજન એટલે મારા જીવનમાં રહેલ દરેક સ્ત્રી શક્તિને ખરા હૃદયથી માન આપવું. તેમનું રક્ષણ અને જવાબદારી પોતાની સમજીને ચાલવું એ એટલે ''કાળી ચૌદશ''. પોતાની અંદર જોવાનો અને એ સમજવાનો દિવસ કે, મને મળેલી શક્તિ મેં યોગ્ય કાર્યમાં વાપરી કે?

વિત શક્તિ, બુદ્ધિ શક્તિ,ભૌતિક શક્તિ યોગ્ય સ્થાને વાપરી ખરી! નરક ચતુર્થી એટલે નરકનો અર્થ થાય છે ''કુતીસ્ત નરાઃ નરકા'જે નર કુત્સિત, હલ્કો, શુદ્ર છે તે નરક કહેવાય. મારા વિચારમાં, મારા વ્યવહારમાં આ હલ્કાપણું,આ શુદ્ર પણું ન આવી જાય એની જાગૃતતા નો આ દિવસ છે. સ્ત્રી અને પુરુષોમાં સમાનતા ની વાત તો પછી પણ એ મારા કરતા સ્ત્રી શક્તિ એટલે કે, મા શક્તિ નું સ્વરૂપ પહેલેથી જ બે ડગલા આગળ છે. શક્તિ વગર તો શિવ પણ અધૂરા છે. એ માનવું અને એ પ્રમાણે વર્તન કરવું એટલે શક્તિ પૂજન.માત્ર ચાર ચોકે ભજીયા મૂકી આવવાથી જીવનમાં રહેલું કકડાટ નહીં નીકળે. આત્મનિરીક્ષણ કરવાનું અને જાગૃતતામાં આવવાનો દિવસ એટલે જ કાળી ચૌદશ.

> **માત્ર સંકલ્પો કરવા કે બનાવવા ત્યાંથી જ એ કાર્ય પૂરું નથી થતું. તેના માટેના પગલાં અને સાતત્ય પણ એટલું જ જરૂરી છે. કોઈપણ સંકલ્પો ત્યારે જ પૂર્ણ અને સફળ થાય**

દિવાળી :– દિવાળી એટલે ઉજાસનો પ્રકાશનો ઉત્સવ. દિવાળી એટલે અજ્ઞાન અને મોહના ગાઢ અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશ તરફનું પ્રયાણ!

આ દિવસે વૈશ્યોના ચોપડા પૂજનનો દિવસ. સમગ્ર વર્ષનો સરવૈયુ કાઢવાનો દિવસ.ચૌદ વર્ષના વનવાસ પછી શ્રીરામ લંકા પર વિજય થઈ અયોધ્યા આવ્યા.

એ અર્થમાં હું ઉજવણી કરું, હું ઘર શણગારુ અને ફટાકડા ફોડુ. આ બધું જ તો આ દિવસે કરવું જ રહ્યું .સાથે સાથે એ પ્રકાશ, ઉજાસ મારા અને મારા પરિવારમાં પથરાઈ અને રાગ– દ્વેષ, વેર– ઝેર, ઈર્ષા– મત્સર કે જીવનમાંથી કટુતા દૂર કરી નવા વર્ષને દિવસે પૂરાંતમાં પ્રેમ, શ્રદ્ધા અને ઉત્સાહ રહે તો સાચી દિવાળી મનાવી ગણાય.

બેસતુ વર્ષ :– બેસતુ વર્ષ એટલે કે ધ્યેયનું પૂજન. નવા સંકલ્પો, નિશ્ચયો કરવાનો દિવસ માનવ જીવનનું બહુ મોટો જો કોઈ વૈભવ હશે તો તે જીવનના કરાર દ્રઢ સંકલ્પોનો છે. માત્ર સંકલ્પો કરવા કે બનાવવા ત્યાંથી જ એ કાર્ય પૂરું નથી થતું. તેના માટેના પગલાં અને સાતત્ય પણ એટલું જ જરૂરી છે. કોઈપણ સંકલ્પો ત્યારે જ પૂર્ણ અને સફળ થાય જ્યારે તેમાં નિયમિતતા અને પોતાને કરેલું વચન કે, હું કરું છું અને એ કાર્ય પૂર્ણ કરું છું એ વચન પાડવાનો દિવસ. પોતાનામાં આત્મવિશ્વાસ ભરવાનો દિવસ.

બેસતા વર્ષના દિવસે આપણે સંબંધીઓને, કુટુંબીઓને મળી નત મસ્તક થઈ નમસ્કાર કરતા હોઈએ. પણ એ નમસ્કાર માત્ર નમસ્કાર નહીં પણ આખા વર્ષમાં અજ્ઞાનતાવશ થયેલી ભૂલોની ક્ષમા યાચન માંગવાનો દિવસ.

સાથે તમારામાં રહેલા સારા ગુણો હું ગ્રહણ કરી શકું એવી ભાવના. બધા સંબંધો હોવાથી મારું જીવન કેટલું કૃતજ્ઞતા ભરેલું છે! કેટલું વૈભવશાળી છે! એ યાદ કરવાનો દિવસ. શ્રીમદ્ ભગવત ગીતામાં કીધા મુજબ,

सर्वस्य चाहं हृदि सन्निविष्टो, मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च।
वेदैश्च सर्वैरहमेव वेद्यो, वेदान्तकृद्वेदविदेव चाहम् ।।१५।।

દરેકની અંદર પ્રભુ વસેલો છે એ દેવી શક્તિને,એ ભગવત શક્તિને નમવાનો દિવસ એટલે બેસતુ વર્ષ.

ભાઈબીજ :– ભાઈબીજ એટલે ભાવ પૂજનનો દિવસ. સાસરે ગયેલ બહેન ભાઈની કાગડોળે રાહ જોઈને બેઠી હોય કે,આ જ મારો ભાઈ મારા ઘેર જમશે. બહેને ભાવથી બનાવેલી રસોઈ ભાઈને જમાડી એમના પ્રત્યેની લાગણી દાખવવાનો ઉત્સવ. ખરા અર્થમાં ભાઈ બહેનનો ઉત્સવ. આપણું જીવન રસ ભર્યું રહે એના માટેના આ બધા ઉત્સવો છે. ભાઈ અને બહેન વચ્ચે ભાવને લાગણીના સંબંધો તો હોય જ પણ આજે એ સંબંધોને વાગોળવાનો સમય. સાથે બેસી જમી અને બાળપણ યાદ કરવાનો દિવસ. ભાઈની છાયા હેઠળ રક્ષણનો ભાવ આજ બહેન અનુભવે.

ભાઈબીજના દિવસે બહેનના ઘરે જઈ ભાવ જીવન પોષવાનો તો દિવસ ખરો જ પણ જો દરેક વ્યક્તિ સમસ્ત સ્ત્રી જાત તરફ મા કે બહેનની દ્રષ્ટિએ આ સમાજ જોવા લાગશે તો સાચી ભાઈબીજ થયેલી ગણાશે.

આપણી સંસ્કૃતિ હંમેશા સ્ત્રીને માતાનો દરજ્જો આપે છે. સ્ત્રી નથી ભોગ્ય કે નથી ત્યાજ્ય, તે પૂજનીય છે. ભાવ જીવનનું કાવ્ય ગાતો આ દિવસ એટલે કે ''ભાઈ બીજ''

લાભપાંચમ :– લાભ પાંચમે લોકો ધંધા અને નોકરીએ મુહૂર્ત કરી અને નવા વર્ષની શરૂઆત કરે છે.પણ ખરા અર્થમાં લાભ પાંચમ એટલે કે, જો ધન તેરસ, કાળી ચૌદશ, દિવાળી, બેસતુ વર્ષ અને ભાઈ બીજ આ બધા તહેવારો ખરા અર્થમાં જાગૃતતામાં રહીને ઉજવવામાં આવે તો દરેક દિવસ એ જીવનનો લાભ પાચમનો જ દિવસ છે!

દીપોત્સવી
વિશેષાંક–૨૦૨૬

દિવાળીઃ અંતરના અંધકારથી આત્મજ્યોતિ સુધી



જીનલ વિશરોલીયા



દિવાળીનો તહેવાર આપણી સનાતન આસ્થા અને ઇતિહાસમાં ઊંડે સુધી વિસ્તરેલો છે. ચૌદ-ચૌદ વર્ષના વનવાસની કઠોર તપશ્ચર્યા પછી, રાવણ સાથે યુદ્ધ કરીને જ્યારે મર્યાદા પુરુષોત્તમ શ્રી રામ અયોધ્યાના આંગણે પગ મૂકે છે, ત્યારે અયોધ્યાનો ખૂણેખૂણો દીવાઓથી ઝળહળી ઊઠે છે.

ભારતીય સંસ્કૃતિ એ માત્ર ઉત્સવોની સમૃદ્ધિ નથી, પરંતુ ઉત્સવો પાછળ છુપાયેલા જીવનદર્શનની પરંપરા છે. આપણા પર્વો માત્ર કેલેન્ડરની તારીખો નથી, પણ માનવીના મન અને ચેતનાને સંસ્કૃતિ સાથે જોડવાનો અવસર છે. આ પર્વમાળાનો મુગટમણિ એટલે 'દિવાળી'.

આસોની આખરી સંધ્યાએ જ્યારે શરદનો ચંદ્ર પોતાની પૂર્ણતા સમેટીને હેમંતના આછા ગુલાબી તાપમાં ઓગળવા માંડે છે, ત્યારે પ્રકૃતિ અને માનવ–હૃદય બંને એક અનોખી સ્નિગ્ધતા અનુભવે છે. ઝાડ પરથી ખરી પડેલાં પર્ણો માત્ર ઋતુ બદલાવની નિશાની નથી, પણ એ સંકેત છે કે જૂનું, શુષ્ક અને અહંકારગ્રસ્ત ખંખેરી નાખવાનો સમય પાકી ગયો છે. કાળની આ વળાંક પર ઊભેલો માનવી જ્યારે પોતના ભૂતકાળના થાકને ઉતારીને ભવિષ્યની આશાઓ તરફ નજર માંડે છે, ત્યારે જે મંગલ પર્વની પ્રભા પ્રગટે છે–એનું નામ છે 'દિવાળી'.

દિવાળીનો તહેવાર આપણી સનાતન આસ્થા અને ઇતિહાસમાં ઊંડે સુધી વિસ્તરેલો છે. ચૌદ–ચૌદ વર્ષના વનવાસની કઠોર તપશ્ચર્યા પછી, રાવણ સાથે યુદ્ધ કરીને જ્યારે મર્યાદા પુરુષોત્તમ શ્રી રામ અયોધ્યાના આંગણે પગ મૂકે છે, ત્યારે અયોધ્યાનો ખૂણેખૂણો દીવાઓથી ઝળહળી ઊઠે છે. એ દીવાઓ માત્ર શ્રીરામના સ્વાગતની રોશની નહોતી, પણ એ વાતની અમર સાક્ષી હતા કે અધર્મનો અંધકાર ગમે તેટલો ભયાનક કેમ ન હોય, આખરે તો સત્ય, સંયમ અને નીતિનો જ સૂર્યોદય થાય છે.

આપણે સૌ જાણીએ છીએ કે દિવાળી એ કોઈ એક દિવસનો તહેવાર નઈ, પરંતુ જ્ઞાન અને સદભાવનો મહાયજ્ઞ છેઃ

ધનતેરસઃ ધનતેરસે ધનની પૂજાની સાથે સાથે આરોગ્યના દેવ ધન્વંતરીનું અર્ચન થાય છે. 'પહેલું સુખ તે જાતે નર્યા'–શરીર અને મન જો સાજાં ન હોય તો સંસારનો સઘળો વૈભવ નકામો છે, એ સત્ય આપણને આ દિવસ સમજાવે છે.

કાળી ચૌદશઃ અજ્ઞાની મન આ દિવસને અંધશ્રદ્ધા સાથે જોડે છે, પરંતુ એનો આધ્યાત્મિક મર્મ છે– પોતાની ભીતર પડેલા કામ, ક્રોધ, ભય અને કાળશનો સંહાર કરવો. મહાકાળી અને હનુમાનજીની સાધના દ્વારા આત્મબળ મેળવવાનો આ પર્વ છે.

દિવાળી (ચોપડા પૂજન)ઃ આસો અમાસ એટલે વર્ષનો અંતિમ પડાવ. વેપારીઓ પોતાના જૂના હિસાબો પૂર્ણ કરી, ચોપડા પર 'શ્રી' અને 'લાભ–શુભ' આ લેખીને વેપારનો નવો અધ્યાય શરૂ કરે છે. આ ચોપડા પૂજન એ માત્ર આવક–જાવકનો હિસાબ નથી, પણ ભૂતકાળની ભૂલોને સુધારીને ભવિષ્યમાં પ્રામાણિકતાથી જીવવાનો સંકલ્પ છે.

બેસતું વર્ષ (નૂતન વર્ષ)ઃ અમાસના અંધકારને ચીરીને જ્યારે કારતક સુદ એકમનો સૂર્ય ઊગે છે, ત્યારે ચારેકોર નવસર્જનનો પવન વાય છે. વડીલોના ચરણ સ્પર્શ કરીને લેવાતા આશીર્વાદ અને ''સાલ મુબારક'' કે ''નૂતન વર્ષાભિનંદન'નો ધ્વનિ માત્ર સંસ્કાર નથી, પણ જૂના મન–દુઃખ, વેર–ઝેર કે





કડવાશને એક ક્ષણમાં ભૂલીને સાચા હૃદયથી ભેટવાનો મંગલ અવસર છે.

ભાઈબીજઃ ભાઈ અને બહેનના પવિત્ર સ્નેહનું પ્રતીક. બહેનની આંખોમાં ભાઈના મંગલની પ્રાર્થના હોય છે અને ભાઈના હૃદયમાં બહેનની સુરક્ષાનો સંકલ્પ હોય છે.

આજના સંવેદનાહીન અને યાંત્રિક યુગમાં માણસ સોશિયલ મીડિયા પર સેંકડો સંપર્કો ધરાવે છે, પરંતુ પોતાના પાડોશીના દુઃખથી અજાણ રહે છે. ડિજિટલ સ્ક્રીન પર ફોર્વર્ડ થતા ''હેપ્પી દિવાળી''ના મેસેજ સહજ હોઈ શકે, પણ રૂબરૂ જઈને કોઈના હાથમાં હાથ પરોવીને એના ચહેરા પર સ્મિત લાવવું એ જ સાચો ઉત્સવ છે.

ઘરના આંગણે પૂરવામાં આવતી રંગોળી આપણને શીખવે છે કે રાતો, પીળો, કેસરી અને ગુલાબી–બધા રંગો જ્યારે પોતાના અસ્તિત્વને એકબીજામાં ભેળવી દે છે, ત્યારે જ અદભુત ભાત ઉપસે છે. માનવ સમાજ પણ આવો જ છે; સહઅસ્તિત્વ જ સુંદરતાનું બીજું નામ છે.

આવો, આ દિવાળીએ અંતરાત્મામાં પણ એક અક્ષય જ્યોત પ્રગટાવીએ. એ જ્યોત ક્ષમાની હોય, પ્રેમની હોય, કરુણાની હોય અને સદભાવની હોય. જ્યારે આપણી ભીતરનો અંધકાર ઓગળી જશે, ત્યારે જ બહારના દીવાઓનો સાચો વૈભવ પ્રગટ થશે.

સૌ મિત્રોને નૂતન વર્ષાભિનંદન અને સાલ મુબારક! આ નવું વર્ષ આપના જીવનમાં આરોગ્ય, પ્રશાંતિ અને સમૃદ્ધિનો અમર અજવાસ લઈને આવે એવી મંગલકામના.

દીપોત્સવી
વિશેષાંક-૨૦૨૬

આવ્યો અવસર હિસાબ કરવાનો

બાબુભાઇ ડી. મેવાડા



વર્ષ દરમ્યાન કોઇ ભૂલ થઇ હોય જેવી કે એકના ખાતાની રકમ બીજાના ખાતામાં લખાઇ ગઇ હોય કંઇ લખવાનું રહી ગયું હોય તો ભૂલચુકના હવાલા નાખી હિસાબ ચોખ્ખો કરવામાં આવે છે. વર્ષ દરમ્યાન કોઇ ખોટા નિર્ણયથી નફો ઓછો થયો હોય કે નુકશાન થયું હોય તો તે ભૂલ બીજા વર્ષમાં સુધારવાની ખબર પડે છે અને તેવી ભૂલ નવા વર્ષે ના થાય તેવો સંકલ્પ કરવાનો સમય એટલે દિવાળી.



સમયનો પ્રવાહ તો અવિરત ચાલ્યા જ કરે છે અને ઉત્સવો તહેવાર આવે છે, તે રીતે દિવાળી પણ આવે છે. દિવાળી આવે એટલે સંવત સાલનું એક વર્ષ પુરૂ થાય છે. દરેકની ઉંમર એક વર્ષ વધે છે. દરેક જણ એક વર્ષ મોટા થાય છે તે આનંદની વાત છે. પરંતુ બીજી રીતે જોઇએ તો દરેકના આયુષ્યમાંથી એક વર્ષ ઓછુ થાય છે તે દુઃખની વાત પણ છે. રોજિંદ। યંત્રવત જીવનમાંથી અટકીને વિચારવાનો સમય, તાજગી મેળવવાનો સમય, નવી ઉર્જા મેળવવાનો સમય એટલે દિવાળી.

પહેલાના સમયમાં વેપારીઓ દિવાળીએ નાણાકીય હિસાબ કરીને ચોપડા બંધ કરતા અને નવા વર્ષે નવા ચોપડા લખાતા. આજે પણ કેટલાક વેપારીઓ આ રીતે દિવાળીએ ચોપડા બંધ કરે છે પણ મોટાભાગના વેપારીઓ, લીમીટેડ કંપનીઓ અને બેંકો હવે માર્ચ મહિનામાં ચોપડા બંધ કરે છે અને નફાનુકશાન ખાતું તેમજ સરવૈયુ તૈયાર કરે છે. તેથી આખા વર્ષ દરમ્યાન મહેનત મજૂરી કરી હોય, ન જોયો હોય, દિવસ કે રાત અને ઉત્પાદન, ખરીદ, વેચાણ અને લેવડદેવડ કરી હોય છે. પરંતુ કયાંક તો અટકીને જોવું તો પડે કે આ બધુ કર્યા પછી શું કમાયા ? કેટલું ગુમાવ્યું ? વર્ષને અંતે કેટલી મિલકત છે, કેટલું દેવું લેણું છે અને નફો થયો કે નુકસાન તેનો હિસાબ માંડે છે. વર્ષ દરમ્યાન કોઇ ભૂલ થઇ હોય જેવી કે એકના ખાતાની રકમ બીજાના ખાતામાં લખાઇ ગઇ હોય કંઇ લખવાનું રહી ગયું હોય તો ભૂલચુકના હવાલા નાખી હિસાબ ચોખ્ખો કરવામાં આવે છે. વર્ષ દરમ્યાન કોઇ ખોટા નિર્ણયથી નફો ઓછો થયો હોય કે નુકશાન થયું હોય તો તે ભૂલ બીજા વર્ષમાં સુધારવાની ખબર પડે છે અને તેવી ભૂલ નવા વર્ષે ના થાય તેવો સંકલ્પ

કરવાનો સમય એટલે દિવાળી.

સામાન્ય રીતે એવો ખ્યાલ હોય છે કે હિસાબ તો રૂપિયાનો જ થાય પણ એવું નથી કોઇપણ આર્થિક કે સામાજીક વ્યવહાર કરીએ તેનો પણ હિસાબ કરી શકાય, હિસાબ કરવો જોઇએ આખા વર્ષ દરમ્યાન માણસ વાણી, વર્તનથી સામાજીક વ્યવહાર કરતો જ હોય છે. વર્ષ દરમ્યાન કરેલા આવા વ્યવહારમાં ભૂલ થઇ હોય તો તેવી ભૂલ નવા વર્ષમાં ના થાય તેની કાળજી રખાય છે. કહેવાય છે કે ઉપરવાળો આપણા કરેલા કર્મનો હિસાબ રાખે છે. અને તે પ્રમાણે ફળ આપે છે. તેથી ઉપરવાળો જીવનના અંતે હિસાબ કરે તે પહેલા આપણે જાતે દર વર્ષે કર્મનો હિસાબ જોઇ લેવો જોઇએ તે માટેનો અવસર એટલે દિવાળી. આપણા સંતો ભકતો પણ ભજનમાં કહી ગયા છે કે, જીવનમાં એકવાર સરવાળો માંડજો, કેટલી કમાણી કરી કેટલું છે દેવું જઇ કોઇ સંતને બતાવજો. અહીં કમાણી રૂપિયાની નહીં પણ કર્મની.

વર્ષ દરમ્યાન કેટલાક નવા સંબંધો બંધાયા હોય છે, કેટલાકને મનદુઃખ થયું હોય છે, કેટલાક સંબંધો તૂટયા હોય છે. ભાઇ-બહેન સગા-સંબંધી અને મિત્રો રિસાયા પણ હોય છે કારણ કે માણસ માત્ર ભૂલને પાત્ર હોય છે. તેથી કેટલાક ખોટા વ્યવહારો પણ થયા હોય તો તેનો પણ હિસાબ મુકી શકાય. વર્ષ દરમ્યાન કરેલા સઘળા આર્થિક, સામાજીક વ્યવહારો અને કર્મનો હિસાબ જોવાનો સમય એટલે દિવાળી. કોઇનાથી મનદુઃખ થયું હોય તો વેરભાવની ગાંઠ બંધાય છે. બદલો લેવાની ઇચ્છા થાય છે. તેવા સમયે શાંતિથી વિચારીને વેરભાવની ગાંઠ જયાં સુધી ખોલી શકાય તેમ હોય તો તે કાતરથી કાપવાનો પ્રયત્ન ના કરવો. માણસ ક્રોધમાં આવેશમાં આવે ત્યારે શાન-ભાન રહેતું નથી, બદલાની ભાવના રાખે છે. પરંતુ ક્રોધ તો ઉકળતા પાણી જેવો હોય છે. ઉકળતા પાણીમાં સાચુ પ્રબિબિંબ દેખાતું નથી તે રીતે ક્રોધમાં સાચો નિર્ણય લેવાતો નથી. તેથી શાંતિથી વિચારવું જોઇઅ. આપણાથી કે કોઇનાથી કોઇ ભૂલ થઇ હોય તો તે સુધારવાનો સમય દિવાળી. વેપારી જેમ હિસાબી ભૂલો માટે હવાલા નાખે છે અને ચોપડા ચોખ્ખા કરે છે તેમ વાણી વર્તનથી થયેલી ભૂલો સુધારવા ક્ષમારૂપી હવાલો નાખી શકાય છે. ક્ષમા માગીને કે ક્ષમા આપીને, ભૂલોનો પસ્તાવો કરી ફરીથી નવા વર્ષે આવી ભૂલો ના થાય તેવો મકકમ નિર્ણય કરીએ તો જ દિવાળીનું પર્વ સાચા અર્થમાં ઉજવ્યું ગણાય.

જૈન ધર્મમમાં પ્રયુર્ષણનું મહાપર્વ આવે છે અને વર્ષમાં એકવાર તે લોકો સૌની સાથે મિચ્છામી દુકકડમ્ કહે છે. એટલે જાણે અજાણે થયેલી ભૂલોની ક્ષમા માગે છે. ક્ષમા માગી શકાય છે અને ક્ષમા આપી પણ શકાય છે. ક્ષમા માગવી અને ક્ષમા આપવી અને આત્મા સાથે ક્ષમાપના કરવી એટલે મનમાંથી વેરભાવ કાઢી નાખવા. આ ખુબ જ કઠીન છે. કહેવાય છે કે, ક્ષમા વિરસ્ય ભૂષણમ ક્ષમા તો વીરનું આભૂષણ છે. ક્ષમા આપવી કે ક્ષમા માગવી તે કાચાપોચા કે કાયર માણસનું કામ નથી. બહાદુર માણસો જ ક્ષમા માગી શકે છે કે ક્ષમા આપી શકે છે અને જીવન સરળ બનાવી કોઇના હૃદયમાં સ્થાન મેળવી શકે છે. પચાસ લાખની પેઢી જમાવવી સહેલી છે પરંતુ પચાસ માણસોના હૃદયમાં સ્થાન જમાવવું મુશ્કેલ છે. નૂતન વર્ષે સૌને ક્ષમા આપીને વેરભાવના ચોપડા ચોખ્ખા કરી જીવનને સરળ બનાવીએ.

નવુ વર્ષ સૌને સુખરૂપ અને લાભદાયી નિવડે સર્વે લોકો સુખી થાય એન જગત દુઃખ રહીત બને, પ્રભુ સૌને કલ્યાણ કરે તેવી પ્રભુને પ્રાર્થના...

થોડીવાર માટે માણસ બની જાવને

ખુબ ગરમીના દિવસો. અલનીનોનો તડકો સહન ન થાય તેવો ગરમીમાં એક મજુર રસ્તા ખોદવાનું કામ કરતો હતો. પોતાની પાસે રહેલું પાણી બોટલમાં કયારેયનું પીઇ ગયો હતો. સામે એક શેઠની પેઢી હતી. શેઠ ગાદી પર બેઠા હતાં. મજુરે જઇને શેઠને પરસેવો લુછતા કહયું, 'શેઠ પાણી પાવને, બહુ તરસ લાગી છે.' ત્યારે શેઠ કહયું, હમણા મારો માણહ આવે એટલે પાણી આપે.' ઘણીવાર થઇ છતાં પાણી ન મળતાં ફરીથી તેણે શેઠને કહયું, 'શેઠ પાણી આપોને બહુ તરસ લાગી છે. ગળું સુકાય છે. હોઠ સુકાય છે.' શેઠે ગરમ થઇને મોટેથી કહયું, 'એય કીધું ને હમણા માણહ આવે એટલે તને પાણી પાય' ત્યારે મજુરે કરગરીને શેઠને કહયું, 'શેઠ તમે થોડીવાર માટે માણસ બની જાવને.

વાર્તા એક વિચાર છે. જે જીવન બદલે છે. વર્તન બદલે છે. જીવન ઘડતર કરે છે. જીવનમાં આશાનો સંચાર કરે છે. દરેક માણસ એક વાર્તા છે. જીવનમાં પડી ગયેલા નિરાશ થઇ ગયેલા માણસના જીવનમાં ચૈતન્ય, ઉત્સાહ, સ્ફૂર્તિ, હિંમત ભરે છે. માટે કાંઇ ન આવડે તો એક સારી વાત કરતાં આવડે એટલે જીવન સફળ થઇ જાય. આજના મોટીવેશન, સ્ટોરી ટેલીંગ એ શું છે ? આ જ તો શીખવે છે કે વાર્તાથી, કથાથી જીવન ઘડતર થાય.

- વર્ષા રાણપરીયા.

દિપાવલી તથા નૂતન વર્ષાભિનંદનની હાર્દિક શુભેચ્છા...

॥ શ્રી વિશ્વકર્મણ્યે નમઃ ॥

સ્થાપના ૧૯૫૦

Trust Reg. No. A/2537 - Mumbai

શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા બાગ, મુંબઈ

૩૬/૩૭ બજાજ રોડ,વિલે પાર્લે (વેસ્ટ) મુંબઈ ૪૦૦ ૦૫૬ ફોન : ૭૯૬૯ ૩૫૧૦ / ૨૬૨૮ ૩૯૪૮ / ૮૭૬૭૪ ૪૫૨૦૨

Email : vishwakarmabaugmumbai@gmail.com | webside : www.vishwakarmabaugmumbai.com

ટ્રસ્ટ કમિટી (૨૦૨૫ - ૨૦૨૮)



: પ્રમુખ :
શ્રી તુષારભાઈ નાગજીભાઈ કથ્રેચા



: ઉપપ્રમુખ :
શ્રી વિઠ્ઠલભાઈ બાબુભાઈ અઘેડા



: સેક્રેટરી :
શ્રી કિરણભાઈ વાલજીભાઈ બકરાણીયા



: ખજાનચી :
શ્રી રાજુભાઈ કરસનભાઈ પંચાસરા



: ટ્રસ્ટી :
શ્રી રમેશભાઈ શામજીભાઈ અંબાસણા



: ટ્રસ્ટી :
શ્રી પરેશભાઈ પ્રવીણભાઈ અનુવાડીયા



: ટ્રસ્ટી :
શ્રી પ્રવીણભાઈ નટવરલાલ બોરાણીયા

શ્રી વિશ્વકર્માદાદાની આપણા પરિવાના દરેક સભ્યો પર અસીમ કૃપા વરસે અને આપણે બધા ભાવિ પ્રયત્નોમાં શ્રેષ્ઠ સફળતા પ્રાપ્ત કરી શકીએ.

A Trustful Name in Machinery Repairing & Machine's Parts Machining.

Devrajbhai Vallabhbhai Pisavadiya

M. 94277 21165

K.D. ENGINEERING WORKS

Porbandar Road,
Opp. Mandap Road,
UPLETA - 360 490.

Rajnikantbhai 94282 79796 • **Atulbhai** 94262 26036 • **Amitbhai** 97144 97297

K.D. INDUSTRIES

Your trusted partner in Plastic Recycling Machinery



Our Product Range

Plastic Lumps Extruder Machine, Plastic Washing Line,
Plastic Scrape & Lumps Heavy Duty Grinder
All types of Ancillary Products
Specific Tailored from Manual to Automatic Grade

Plot No. 6, GIDC, Porbandar Road, **UPLETA** - 360 490. Dist. Rajkot.
Email : **ho.kdindustries**@gmail.com web : www.kd-industries.in



Hero HONDA BAJAJ TVS

કે. ડી. ઓટો પાર્ટ્સ

પોરબંદર રોડ, ઉપલેટા.
kdautoamit@gmail.com

ટુવ્હીલ જેન્યુન સ્પેરપાર્ટ્સ
લ્યુબ્રીકન્ટ્સ + બેટરી + એસેસરીઝ

Award Winning Design Studio

SAGraphic®

strategic design solutions

Packaging | Graphics

Print Media | Motion



Winner of Packaging Design Awards

Winner of

PrintWeek

AWARDS

Pre-Press Company of the year 2025



306, Sorath Plaza, Bhaktinagar Station Plot, Rajkot 360002

vishal@sagraphic.in | +91 921 345 3383



દીપોત્સવી પર્વ નિમિત્તે

હાર્દિક શુભકામનાઓ

શ્રી વિશ્વકર્મા ગુર્જર સુતાર સમાજ – ઘોરાજી

(ટ્રસ્ટ રજી. નં. A-2455)

પાવર હાઉસ પાસે, ઘોરાજી - ૩૬૦૪૧૦, જિ. રાજકોટ.



: પ્રમુખ :
શ્રી ભુપતભાઇ
દેવશીભાઇ
સંચાણિયા



: ઉપપ્રમુખ :
શ્રી નટવરલાલ
ગાંડુભાઇ
તલસાણિયા



: ખજાનચી :
શ્રી કિશોરભાઇ
પી. સંચાણિયા



: મંત્રી :
શ્રી રમેશભાઇ
બી. અંબાસણા



: સહમંત્રી :
શ્રી ગૌતમભાઇ
એમ. સંચાણિયા

: સભ્યો :

વિનુભાઇ જોલાપરા - કમલેશભાઇ ભાડેશીયા
પ્રફુલભાઇ સંચાણીયા - હિતેષભાઇ પનાભાઇ ગજજર
નિલેશભાઇ ભાડેશીયા

તથા સમગ્ર ઘોરાજી સમાજ તરફથી સૌને જય વિશ્વકર્મા

દીપોત્સવી
વિશેષાંક–૨૦૨૬

દિવાળીનો દીવો અને મનનો અંધકાર: અંદરનો અવરોધ

રૂપલ વડગામા
(પેરેન્ટીંગ લાઇફ કોચ)



મમ્મી ત્રીજી વાર કહે છે, ‘‘ક્યારે ભણીશ?’’ જવાબ આવે છે, ‘‘બસ, હમણાં કરું છું.’’ દસ વાગ્યા સુધી કશું થતું નથી. પછી ઘરમાં ઊંચા અવાજ, આંસુ અને અંતે થાક. બીજા ઘરમાં દીકરી પરીક્ષાના આગલા દિવસે અચાનક કહે છે, ‘‘મને પેટમાં દુખે છે.’’ ત્રીજા ઘરમાં કિશોર છોકરો કહે છે, ‘‘મારે ડાન્સ સ્પર્ધામાં નથી જવું,’’ જ્યારે થોડા દિવસ પહેલાં સુધી એ જ રિહર્સલ માટે દોડતો હતો.



ઘણી વાર એવું બને છે કે આપણને બરાબર ખબર હોય છે કે શું કરવું જોઈએ. બાળક સાથે શાંતિથી વાત કરવી છે, ગુસ્સો નથી કરવો, પોતાના માટે સમય કાઢવો છે, કોઈ નવી શરૂઆત કરવી છે. છતાં કોઈ અદૃશ્ય હાથ આપણને પાછળ ખેંચી લે છે. મન કહે છે, ‘‘આજે નહીં, કાલે કરીશું.’’

આ અનુભવ લગભગ દરેકને થયો હશે. મનોવિજ્ઞાનમાં આને અંદરનો અવરોધ (Inner Resistance) કહેવાય છે.

દિવાળી આવી રહી છે. આપણે ઘરની સાફસફાઈ કરીએ છીએ, જાળાં ઉતારીએ છીએ, જૂનો કચરો કાઢીએ છીએ. પણ ઘરના ખૂણા સાફ કરતાં કરતાં શું આપણે મનના ખૂણા ક્યારેય જોયા છે? ત્યાં પણ ડર, શંકા અને ‘‘મારાથી નહીં થાય’’ નાં જાળાં જામેલાં હોય છે. આ દિવાળીએ ચાલો, એ જાળાં ઉતારવાની વાત કરીએ.

ઘરનાં આ દૃશ્યો તમે પણ જોયાં હશે

રાતના નવ વાગ્યા છે. દીકરો પુસ્તક ખોલીને બેઠો છે, પણ પેન્સિલ સાથે રમી રહ્યો છે. મમ્મી ત્રીજી વાર કહે છે, ''ક્યારે ભણીશ?'' જવાબ આવે છે, ''બસ, હમણાં કરું છું.'' દસ વાગ્યા સુધી કશું થતું નથી. પછી ઘરમાં ઊંચા અવાજ, આંસુ અને અંતે થાક.

બીજા ઘરમાં દીકરી પરીક્ષાના આગલા દિવસે અચાનક કહે છે, ''મને પેટમાં દુખે છે.'' ત્રીજા ઘરમાં કિશોર છોકરો કહે છે, ''મારે ડાન્સ સ્પર્ધામાં નથી જવું,'' જ્યારે થોડા દિવસ પહેલાં સુધી એ જ રિહર્સલ માટે દોડતો હતો.

અને માતા-પિતાની બાજુ? ''આજથી ગુસ્સો નહીં કરું'' એવું નક્કી કરીએ, અને સાંજ પડતાં ફરી એ જ બૂમો. પછી રાતે બાળક સૂઈ જાય ત્યારે મનમાં અપરાધભાવ.

આ બધાં બાળકો આળસુ નથી, આ માતા-પિતા ખરાબ નથી. આ બધાં અંદરના અવરોધથી ઘેરાયેલાં છે.

અંદરનો અવરોધ એટલે શું?

સરળ ભાષામાં કહીએ તો, મનનો એક ભાગ આગળ વધવા માગે છે, અને બીજો ભાગ કહે છે, ''રહેવા દે, જોખમ છે.'' આ બંને વચ્ચેની ખેંચતાણ એટલે અંદરનો અવરોધ.



આપણે ઘણી વાર તેને આળસ સમજી લઈએ છીએ. પણ ફરક સમજવા જેવો છે. આળસુ વ્યક્તિને કામ ન થાય તો ખાસ ફરક પડતો નથી. જ્યારે અવરોધવાળા બાળક કે મોટાને અંદરથી બેચેની, ચિંતા અને અટવાયાની લાગણી થાય છે. તે કરવા ઇચ્છે છે, પણ શરૂ કરી શકતો નથી. અને આ અવરોધ દુશ્મન નથી. તે મનની રક્ષા કરવાની રીત છે. મન આપણને દુઃખ, શરમ અને નિષ્ફળતાથી બચાવવા માગે છે. ફક્ત તે ક્યારેક જરૂર કરતાં વધારે રક્ષણ કરે છે, અને પરિણામે આપણને આગળ જ વધવા દેતું નથી.

બાળકો અને વિદ્યાર્થીઓમાં અવરોધ કેવો દેખાય છે?

બાળકો પોતાની લાગણી શબ્દોમાં કહી શકતાં નથી, એટલે અવરોધ વર્તન બનીને બહાર આવે છે:

હોમવર્ક કે વાંચન શરૂ કરવામાં વાર લગાડવી, વારંવાર પાણી પીવા કે બાથરૂમ જવા ઊઠવું

''મને નથી આવડતું'' કહીને પ્રયત્ન જ ન કરવો

પરીક્ષા નજીક આવે ત્યારે માથું કે પેટ દુખવું, અથવા અચાનક ચીડિયાપણું

નવી પ્રવૃત્તિ, સ્પર્ધા કે મંચ પરથી પાછાં હટી જવું વારંવાર ફોન કે ગેમમાં ભાગી જવું

ભૂલ થવાના ડરથી કામ અધૂરું છોડી દેવું

તેની પાછળ કારણો શું હોય છે?

ભૂલ કરવાનો ડર. જે બાળકને ભૂલ પર વારંવાર ટોકવામાં આવે છે, તે શીખી જાય છે કે પ્રયત્ન ન કરવો એ જ સૌથી સલામત છે.

સરખામણી. ''પેલાને જો, કેટલા માર્ક્સ આવ્યા!'' આ એક વાક્ય બાળકના મનમાં ''હું ઓછો છું'' ની ગાંઠ બાંધી દે છે.

અપેક્ષાનો બોજ. બાળક વિચારે છે, ''જો હું સારું નહીં કરું તો મમ્મી-પપ્પા નિરાશ થશે.'' પ્રેમ ગુમાવવાનો આ ડર સૌથી ભારે હોય છે.

થાક અને દબાણ. સ્કૂલ, ટ્યુશન, ક્લાસીસ અને મોબાઇલ વચ્ચે બાળક પાસે મનને આરામ આપવાનો સમય જ નથી હોતો.

માતા-પિતાનો પોતાનો થાક. કામ, ઘર, જવાબદારીઓ અને ઊંઘની કમી વચ્ચે આપણી ધીરજ ખૂટી જાય છે, અને આપણે જાણતા હોવા છતાં જૂની રીતે પ્રતિક્રિયા આપી બેસીએ છીએ.

અવરોધ ચાલુ રહે તો શું થાય?

શરૂઆતમાં તો કામ પાછળ ઠેલાય છે, પરંતુ ધીમે ધીમે તેની અસર ઊંડી થાય છે. બાળક વારંવાર પ્રયત્નમાં અટકે તો તેનો આત્મવિશ્વાસ તૂટે છે, અને તે માનવા લાગે છે, ''હું તો આવો જ છું.'' ભણવામાં રસ ઘટે છે, ચિંતા અને ગુસ્સો વધે છે. ઘરમાં રોજની બોલાચાલી થાય છે, અને માતા-પિતા-બાળક વચ્ચે અંતર પડવા લાગે છે.

એક ખાસ વાત: બાળકો આપણા શબ્દો કરતાં આપણા વર્તનમાંથી વધુ શીખે છે. જો આપણે પોતે ડરથી અટકી જઈએ અને પછી પોતાને કોસીએ, તો બાળક પણ અજાણતાં એ જ શીખે છે.

તો ઉકેલ શું છે?

સરળ ઉકેલઃ અવરોધ સામે લડો નહીં, તેને સમજો

દબાવેલી સ્પ્રિંગ વધુ જોરથી ઊછળે છે, એમ અવરોધ સામે લડવાથી તે વધુ મજબૂત બને છે. એટલે નીચેના થોડા સરળ પગલાં અજમાવી જુઓ. તે માતા-પિતા અને બાળકો, બંને માટે છે.

૧. નામ આપો, ઠપકો નહીં.

બાળક અટકે ત્યારે ''આળસુ છે'' કહેવાને બદલે પૂછો, ''આજે શરૂ કરવું અઘરું લાગે છે ને?'' લાગણીને નામ મળે એટલે તેની પકડ ઢીલી પડે છે. એ જ રીતે આપણે પણ પોતાને કહીએ, ''હા, આ અવરોધ છે, હું નબળી નથી.''

૨. ''કેમ?'' નહીં, ''શેનો ડર લાગે છે?'' પૂછો.

''કેમ નથી કરતો?'' એ સવાલ બાળકને બચાવ કરવા મજબૂર કરે છે. જ્યારે ''શું વિચાર આવે છે જ્યારે તું ભણવા બેસે છે?'' પૂછવાથી બાળક ખુલે છે. ઘણી વાર જવાબ સાદો હોય છે, ''બહુ બધું બાકી છે, ક્યાંથી શરૂ કરું?''



૩. પગલું એટલું નાનું કરો કે મન ''ના'' ન પાડી શકે.

''આખો પાઠ વાંચ'' ને બદલે ''ફક્ત પાંચ મિનિટ બેસીએ.'' એક પાનું, એક દાખલો, એક ફકરો. શરૂઆત થઈ જાય પછી ગતિ આપમેળે આવે છે. માતા-પિતા માટે પણ આ જ નિયમઃ આખો દિવસ શાંત રહેવાનું લક્ષ્ય નહીં, ફક્ત આગલી વાર ગુસ્સો આવે ત્યારે ત્રણ ઊંડા શ્વાસ લેવા.

૪. પ્રયત્નની પ્રશંસા કરો, પરિણામની નહીં.

''૯૦ માર્ક્સ આવ્યા, શાબાશ'' ને બદલે ''તેં આટલી મહેનત કરી, મને ગમ્યું.'' જે બાળકના પ્રયત્નને જોવામાં આવે છે, તે ભૂલથી ડરતું નથી, કારણ કે તેને ખબર છે કે પ્રેમ માર્ક્સ પર નિર્ભર નથી.

૫. સાથે બેસો, સાથે શરૂ કરો.

બાળકને ઉપદેશ નહીં, હાજરી જોઈએ. ''ચાલ, પહેલો સવાલ આપણે સાથે કરીએ.'' તમારી શાંત હાજરી પોતે જ અડધો અવરોધ ઓગાળી દે છે. અને માતા-પિતાએ પણ યાદ રાખવું કે થાક લાગે તો આરામ કરવો એ સ્વાર્થ નથી, એ સારા વાલી બનવાની તૈયારી છે.

દિવાળી વિશેષઃ એક દીવો, એક સંકલ્પ, એક વાક્ય

દિવાળીનો દીવો એ શીખવે છે કે અંધકારને લાકડીથી ભગાડી શકાતો નથી, ફક્ત એક નાનો દીવો પૂરતો છે. અવરોધનું પણ એવું જ છે. મોટા ફેરફારની જરૂર નથી, એક નાનું પ્રકાશ-પગલું પૂરતું છે.

એક દીવો, એક સંકલ્પઃ દરેક સભ્ય એક દીવો પ્રગટાવે અને એક નાનો, શક્ય સંકલ્પ બોલે. જેમ કે ''હું રોજ ફક્ત દસ મિનિટ વાંચીશ,'' ''હું બૂમ પાડતાં પહેલાં ત્રણ શ્વાસ લઈશ.'' સંકલ્પ નાનો હશે તો જ નિભાવી શકાશે.

દિવાળીનાં સકારાત્મક વાક્યો (અરરશળિફશિંજ્ઞક્ષત)ઃ રોજ સવારે અરીસા સામે કે સૂતાં પહેલાં શાંતિથી બોલો.

બાળકો અને વિદ્યાર્થીઓ માટેઃ

''હું ભૂલ કરું તો પણ શીખી રહ્યો છું.''

''મારા માટે નાનું પગલું પણ મોટી જીત છે.''

''મારી મહેનત મારી ઓળખ છે, માર્ક્સ નહીં.''

''હું ડરું છું, છતાં શરૂ કરી શકું છું.''

''હું જેવો છું તેવો પ્રેમને લાયક છું.''

માતા-પિતા માટેઃ

''હું પરફેક્ટ નથી, પણ હું પ્રયત્નશીલ છું.''

''મારા બાળકનો અવરોધ એ તેની નબળાઈ નથી, તેની મદદ માટેની હાક છે.''

''આજે હું શાંતિથી સાંભળીશ.''

''હું જે શીખું છું તે મારા બાળક સુધી પહોંચે છે.''

''હું પોતાની સંભાળ લઉં છું, કારણ કે એ મારા પરિવારની પણ સંભાળ છે.''

આ વાક્યો જાદુ નથી, પણ રોજ બોલાતાં વાક્યો ધીમે ધીમે મનની અંદરની જૂની, ડર ભરેલી વાતોનું સ્થાન લે છે. અને તે બાળકો સાંભળે છે ત્યારે એ તેમના મનમાં પણ ઊતરે છે.

અંદરનો અવરોધ કોઈ દીવાલ નથી જેને તોડવી પડે. તે એક સંદેશવાહક છે, જે કહે છે, ''અહીં કંઈક મહત્ત્વનું છે, અને મને તેની ચિંતા છે.'' જ્યારે આપણે તેને ઠપકો આપવાને બદલે શાંતિથી સાંભળીએ છીએ, ત્યારે તે વિરોધી મટીને સાથીદાર બની જાય છે.

આ દિવાળીએ ઘરમાં લાઇટની રોશની સાથે એક બીજી ભેટ પણ આપીએઃ બાળકને એવો વિશ્વાસ કે ''તું અટકે તો પણ હું તારી સાથે છું.'' એ જ સૌથી મોટો દીવો છે, જે બાળકના મનના અંધકારને હંમેશાં માટે ઉજાળી શકે છે.

દિવાળીની અને નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છાઓ.

દીપોત્સવી
વિશેષાંક-૨૦૨૬

દિવાળીની પરંપરાઓ હાઇ-ટેક બની

ફાલ્ગુની શુક્લ

ડિજિટલ યુગમાં પણ આજની પેઢીએ ચોપડા પૂજન, ગ્રીટિંગ કે દિવાળીની ગિફ્ટની પરંપરાઓ જાળવી છે પણ તેનું સ્વરૂપ હાઇ-ટેક બનાવ્યું છે..

રાજકોટની ત્રિકોણ બાગ - ધર્મેન્દ્ર રોડની વિખ્યાત માર્કેટમાં કાપડનો શો-રૂમ ધરાવતા એક વેપારી કહે છે જ્યારે ૧૯૮૪-૮૫માં રાજીવ ગાંધીએ જ્યારે કોમ્પ્યુટરની નવી પેઢી માટે વાત કરી હતી ત્યારે આ માર્કેટમાં સૌથી પહેલા પોતાના શો-રૂમમાં કોમ્પ્યુટર અમે લાવ્યા હતા



દિવાળીના તહેવારોની એક આગવી વિશેષતા છે. ભારતીય પરંપરાઓમાં દિવાળી પર્વ એ માઇલ સ્ટોન સમાન છે. મોટી કંપનીઓમાં હિસાબ કિતાબમાં નવા વર્ષનો આરંભ ભલે એપ્રિલથી થતો હોય, સરકારી યોજનાઓ પણ ભલે એપ્રિલથી માર્ચ ફાઇનાન્સિયલ યર મુજબ ચાલતી હોય, પણ બોનસ તો દિવાળી પર જ આપવામાં આવે છે..! મતલબ દિવાળીના તહેવારોનું ભારતીય સંસ્કૃતિમાં એક આગવું મહત્વ છે. અનેક રીત-રિવાજો આ પર્વ સાથે સંકળાયેલા છે. હા, એ ચોક્કસ છે કે જમાનો બદલાયો છે, તેની અસર દરેક પર પડી હોય તો પરંપરાઓ પર પણ તેના છાંટા ઉડ્યા વિના ન રહે તે સ્વાભાવિક છે. આવું જ કંઇક છે, આજની ડિજીટલ પેઢીને દિવાળીની પરંપરાઓ જાળવવામાં રસ છે પણ તેમાં આધુનિકતાની છાંટ સાથે.

દિવાળીના દિવસે ચોપડા પૂજનનું એક વિશેષ મહત્વ હોય છે. નાની-મોટી વેપારી પેઢીઓ વર્ષોથી દિવાળીની રાત્રે પોતાની શોપ કે શો-રૂમને રોશનીથી શણગારે છે અને નવા વર્ષના રોજમેળ કે ખાતાવહી જેવા ચોપડાઓનું પૂજન કરે છે. સારા મુહૂર્તમાં આ પૂજન કરવામાં આવે છે ત્યારે વેપારીના પરિવારના સભ્યો શોપ કે પેઢી પર આવે છે અને હર્ષોલ્લાસ સાથે પૂજન વિધિ કરી એકબીજાને મીઠાઈ ખવડાવી દિવાળીની રાત્રે જ નવા વર્ષની ઉજવણી કરે છે. આજે સમય બદલાયો છે, ચોપડાઓનું સ્થાન કોમ્પ્યુટર કે લેપટોપે લીધું છે. આમ છતાં ચોપડા પૂજન તો શુકન પૂરતું મોટા ભાગના વેપારીઓ કરે જ છે.

રાજકોટની ત્રિકોણ બાગ – ધર્મેન્દ્ર રોડની વિખ્યાત માર્કેટમાં કાપડનો શો-રૂમ ધરાવતા એક વેપારી કહે છે જ્યારે ૧૯૮૪-૮૫માં રાજીવ ગાંધીએ જ્યારે કોમ્પ્યુટરની નવી પેઢી માટે વાત કરી હતી ત્યારે આ માર્કેટમાં સૌથી પહેલા પોતાના શો-રૂમમાં કોમ્પ્યુટર અમે લાવ્યા હતા અને તેમાં હિસાબ કિતાબ રાખવાની શરૂઆત કરી હતી. તે કહે છે ‘‘દાયકાઓથી હું કોમ્પ્યુટરનો ઉપયોગ કરૂં છું. આજે તો મારા તમામ વ્યવહારો કોમ્પ્યુટરાઇઝ્ડ છે, છતાં દિવાળીના દિવસે અચૂક ચોપડા પૂજન કરૂં છું અને શુકન મુજબ રોજમેળ રાખી તેના

પૂજનની સાથે કોમ્પ્યુટર પણ એક અગત્યનું અમારું સાધન હોવાથી તેની પૂજા પણ એટલા જ ભાવથી કરૂં છું. બદલાયેલા સમયમાં પરંપરા જીવતી રહી છે પણ તેનું સ્વરૂપ બદલાયું છે.''

અન્ય વેપારીઓ આ વાતમાં સુર પુરાવતા કહે છે ''દિવાળીની રાત્રે જ્યારે અમે ભેગા થઈએ છીએ ત્યારે ચોપડા પૂજન માટે પણ કરીએ છીએ કોમ્પ્યુટર પૂજન. આખો પરિવાર નવા વસ્ત્રો પહેરી શોપ પર આવી ચોપડા પૂજન અને લક્ષ્મી પૂજન કરીએ છીએ અને દિવાળી ઉત્સાહથી મનાવીએ છીએ. રોજી-રોટી જે હોય તેનું વર્ષમાં એક વખત તો પૂજન કરવું જોઈએ તેવી આપણી પરંપરા છે. દિવાળીના દિવસે વેપારીઓમાં ચોપડા પૂજનનું ખાસ મહત્વ હોય છે. મોટી કંપની કે પેઢી હોય તો પણ શુકન કરવા ચોપડા પૂજન તો કરે જ છે. શેર બ્રોકરો હોય છે તેનું કામ તો કોમ્પ્યુટર પર હોય છે એટલે આ વ્યવસાયકારો તો દિવાળી પર કોમ્પ્યુટરનું પૂજન કરી રિવાજ જાળવવાનો પ્રયાસ કરે છે. રાજકોટના આગેવાન વિજયભાઈ રૂપાણી મુખ્યપ્રધાન હતા તો પણ તેની જૂની પેઢી પર ચોપડા પૂજન માટે આવતા હતા. આજે વેપારીઓએ આ પરંપરા જાળવી છે.''



આજના યુગમાં કેટલાક વેપારીઓ એવું પણ કરે છે કે કર્મકાંડ કરતા બ્રાહ્મણને શુકન પૂરતા ચોપડા આપી આવે છે અને બ્રાહ્મણ એક સાથે કોઈ એક પેઢીમાં જઈ તમામ રોજમેળ સાથે રાખી પૂજન કરાવે છે, તો કેટલાક મંદિરોમાં જઈ ચોપડાઓ આપે છે અને સ્વામી પાસે પૂજન કરાવે છે. આમ, ચોપડા પૂજનના સમયની સાથે રીત-રિવાજો બદલાયા છે પણ પરંપરાઓ જીવતી રહી છે.

દીપાવલીના તહેવારો પર મિત્રો, સગા-સંબંધીઓ અને શુભેચ્છકોને એક જમાનામાં ગ્રીટિંગ કાર્ડ લખવામાં આવતા હતા. દિવાળી આવે તે પહેલા કેટલાક પરિવારો તો ખાસ કાર્ડ છપાવતા હતા, તો કેટલાક ડેકોરેટિવ કાર્ડ ખરીદી ટપાલ કે કુરિયર મારફત મોકલતા હતા. જોકે હવે સમય હાઇ-ટેક બન્યો છે. 'હેપ્પી દિવાળી' કે 'હેપ્પી ન્યૂ યર' કહેવા માટે આજે કોઈની પાસે કાર્ડ લખવાનો ટાઇમ નથી એટલે ઈ-મેઈલ અને મોબાઈલનો ભરપૂર ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

લંડનમાં બીબીએ કર્યા બાદ રાજકોટ પરત આવી બિઝનેસ કરી રહેલો એક યુવાન કહે છે, ''મારા મિત્રો દુનિયાભરમાં છે અને એ તમામની હું દિવાળીના તહેવારો પર ખાસ ઈ-મેઈલથી ગ્રીટિંગ અચૂક મોકલાવું છું. આજે કોમ્યુનિકેશનનો યુગ છે તો આજની યંગ જનરેશનને તો મોડર્ન ટેકનિકનો ઉપયોગ કરવો જ જોઈએ. હું તો નેટસેવી છું, છેલ્લા ચારેક વર્ષથી દિવાળી પર મિત્રોને ઈ-ગ્રીટિંગ મોકલું છું. આજે તો ઈ-મેઈલથી પણ ડેકોરેટિવ પિક્ચર સાથેના કાર્ડ બનાવી મોકલાવી શકાય છે અને સેકન્ડોમાં તે સામેની વ્યક્તિને પહોંચી જાય છે, તો પછી કુરિયર મારફત શું કામ ગ્રીટિંગ કાર્ડ મોકલવા જોઈએ?''


માત્ર નેટના માધ્યમથી ઈ-ગ્રીટિંગ જ નથી મોકલાવતો પણ ઓનલાઇન ગિફ્ટ પણ સગા-સંબંધી અને મિત્રોને મોકલે છે. તે કહે છે, ''હું લંડનમાં અભ્યાસ કરતો હતો ત્યારે મારા ભારતમાં રહેતા પરિવાર અને મિત્રોને દિવાળી કે અન્ય તહેવારો-પ્રસંગોએ ઓનલાઇન ગિફ્ટ મોકલાવતો હતો. હવે રાજકોટ આવી ગયો છું તો વિદેશના કેટલાક મિત્રોને ઓનલાઇન ગિફ્ટ મોકલતો રહું છું. ઓનલાઇન ગિફ્ટ મોકલવું પણ આજે આસાન બની ગયું છે. તમે ગમે તે વ્યક્તિને ચોક્કસ સમયે સરપ્રાઇઝ ગિફ્ટ મળે તેવી વ્યવસ્થા પણ ગોઠવી શકો છો. આજે એવી કેટલીક એજન્સીઓ ઓનલાઇન કાર્યરત છે કે તેના માધ્યમથી આ કામ ઇઝી બની રહ્યું છે. આ એજન્સીઓ દરેક મોટા શહેરોમાં કામ કરે છે. ઓનલાઇન ગિફ્ટ ખરીદવામાં આવે ત્યારે તેમાં ખાસ એક કોલમ કોઈ સ્પેસિફિક સૂચના હોય તો તેના માટે આપેલું છે. જો આપણે ગિફ્ટ પેક પર કોઈ ખાસ શબ્દો લખી ફીલિંગ્સ વ્યક્ત કરવા માંગતા હોઈએ તો તે પણ એજન્સી મારફત શક્ય બની શકે છે. ઓનલાઇન ગિફ્ટ ક્રેડિટ કાર્ડ મારફત ખરીદી શકાય છે.''

સ્ટોક માર્કેટનું કામ કોમ્પ્યુટરની કી પર જ તમામ કામ રહેલું છે. સતત માર્કેટ પોચ કરતા રહેવું પડતું હોવાથી તેઓ તેમનું પોતાનું કેટલુંક કામ પણ નેટની મદદથી કરે છે. શેરબજારના એક બ્રોકર કહે છે , ''મારે શોપિંગ કરવું હોય તો ઓનલાઇન કરૂં છું. દિવાળીની ખરીદી પણ ઓનલાઇન કરતો હોઉં છું. હાલ તો જુદી-જુદી સ્કીમ જોઈ રહ્યા છીએ, જે પસંદ પડશે તેની ઓનલાઇન શોપિંગ કરીશ. દિવાળીની પરિવાર સાથેની ખરીદીની મજા કંઈક ઓર છે, પણ આજે દોડધામ ભરી જિંદગીમાં સમય મળતો ન હોવાથી ઓનલાઇન શોપિંગ કરનારો એક વર્ગ ઊભો થઈ રહ્યો છે.'' આમ દિવાળી હવે હાઈ ટેક બની છે.

દીપોત્સવી
વિશેષાંક-૨૦૨૬

દિવાળીની ઉજવણી: ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય

બાબુભાઈ આર. મિસ્ત્રી
(વલસાડ)



ભૂતકાળમાં બધું ઘણું સરળ હતું. ઘરોને ચૂનાથી રંગવામાં આવતા અને જૂની વસ્તુઓ કાઢી નાખવામાં આવતી; એવી માન્યતા હતી કે માતા લક્ષ્મી માત્ર સ્વચ્છ ઘરોમાં જ પધારે છે. મીઠાઈઓ અને ફરસાણ ઘરે જ, આખા પરિવાર સાથે મળીને દિવસો અગાઉથી તૈયાર કરવામાં આવતા હતા.



આપણો ભારતીયો આપણા તહેવારોને ખૂબ પ્રેમ કરીએ છીએ. કુદરતના નિયમ મુજબ જીવનના તમામ ક્ષેત્રોમાં પરિવર્તન અનિવાર્ય છે. અંધકાર પર પ્રકાશ અને અનિષ્ટ પર સદાચારના વિજયનું પ્રતીક ગણાતા આ તહેવારની ઉજવણીમાં વર્ષો દરમિયાન ઘણા ફેરફારો જોવા મળ્યા છે. જૂની પેઢીના લોકો નિસાસો નાખતા કહે છે કે આ તહેવાર હવે અત્યંત વ્યાવસાયિક બની ગયો છે.

ચાલો દિવાળીના તહેવારનો ઇતિહાસ ટૂંકમાં જાણીએ:

દિવાળીની ઉજવણીની શરૂઆત ત્રેતાયુગથી અર્વાચીનકાળમાં થઈ હતી. ત્રેતાયુગમાં, જ્યારે ભગવાન રામ રાવણને હરાવીને અયોધ્યા પાછા ફર્યા, ત્યારે તેમનું સ્વાગત દીવા પ્રગટાવીને તેમના આગમનની ઉજવણી કરવામાં આવી હતી. દિવાળી નામ સંસ્કૃત શબ્દ દીપાવલિ પરથી આવ્યું. આ તહેવાર અંધકાર પર પ્રકાશની જીતનું પ્રતીક છે. દર વર્ષે, આ તહેવારની તારીખ હિન્દુ ચંદ્ર કેલેન્ડર અનુસાર નક્કી કરવામાં આવે છે. દિવાળી એ ભારતમાં એક મહત્ત્વપૂર્ણ ધાર્મિક તહેવાર છે. આ ભવ્ય તહેવાર પાંચ દિવસ માટે ઊજવવામાં આવે છે, અને દરેક દિવસ વિવિધ પરંપરાઓ અને મૂલ્યો સાથે સંકળાયેલા છે. પહેલો દિવસ ધનતેરસ (અથવા ધન ત્રયોદશી), બીજો દિવસ નરક ચતુર્દશી (અથવા છોટી દિવાળી), ત્રીજો દિવસ લક્ષ્મી પૂજા, ચોથો દિવસ અન્નકૂટ (અથવા

ગોવર્ધન પૂજા) અને પાંચમો દિવસ ભાઈ બીજ છે. દિવાળી સાથે સંકળાયેલી હકીકતો અને પરંપરાઓનો ઇતિહાસ લગભગ ૭ હજાર વર્ષ જૂનો છે. જો કે, વિવિધ ધર્મો, પૌરાણિક કથાઓ અને વિશાળ ઇતિહાસને કારણે કોઈ ચોક્કસ તારીખ નથી. દિવાળીની ચોક્કસ તારીખો દર વર્ષે બદલાય છે અને સંપૂર્ણપણે ચંદ્ર ચક્ર પર આધાર રાખે છે.

ભૂતકાળની દિવાળીઃ

ભૂતકાળમાં બધું ઘણું સરળ હતું. ઘરોને ચૂનાથી રંગવામાં આવતા અને જૂની વસ્તુઓ કાઢી નાખવામાં આવતી; એવી માન્યતા હતી કે માતા લક્ષ્મી માત્ર સ્વચ્છ ઘરોમાં જ પધારે છે. મીઠાઈઓ અને ફરસાણ ઘરે જ, આખા પરિવાર સાથે મળીને દિવસો અગાઉથી તૈયાર કરવામાં આવતા હતા. આ પ્રસંગ માટે પરિવારના તમામ સભ્યો નવાં કપડાં લેતા હતા.



– અગાઉથી જ મોટી માત્રામાં ફટાકડા ખરીદી લાવવામાં આવતા હતા. પ્રદૂષણના પાસાથી અજાણ એવા બાળકો પોતાના ફટાકડાનો સંગ્રહ બતાવવામાં ભારે ગર્વ અનુભવતા હતા.

– દિવાળીનો સમય એટલે પરિવારના સભ્યોનું એકત્ર થવું અને મિત્રો તથા સગા સંબંધીઓને મીઠાઈ અને ફરસાણ સાથે મળીને શુભેચ્છા પાઠવવી.

– ઘણા લોકો માટે દિવાળીના શુભેચ્છા કાર્ડ્સ મોકલવા એ પરંપરાનો એક મહત્વપૂર્ણ હિસ્સો હતો. કાર્ડ્સ ખરીદવા, તેમાં અંગત સંદેશ લખવો, ઉપર સરનામું અને ખૂણામાં ટિકિટ લગાવવી અને છેવટે પોસ્ટ ઓફિસ સુધી જવું , એ સમગ્ર પ્રક્રિયા ખૂબ જ આનંદદાયક અને હૃદયસ્પર્શી હતી.

– દિવાળી દરમિયાન ઘરો પર ઝબકતી નાની નાની રોશની જેવું દ્રશ્ય બીજું કોઈ હોઈ શકે નહીં. થોડું તેલ અને વાટ નાખીને માટીના નાના દીવા પ્રગટાવવા એ તહેવારની એક સાર્વત્રિક પરંપરા રહી છે. આ એક એવી પરંપરા છે જે યુગોથી ચાલી આવે છે. કહેવાય છે કે રાવણનો વધ કર્યા બાદ ભગવાન રામ પોતાની પત્ની સીતા અને ભાઈ લક્ષ્મણ સાથે લંકાથી અયોધ્યા સુરક્ષિત રીતે પાછા ફરી શકે તે માટે રસ્તો પ્રકાશિત કરવા દરેક ઘરમાં દીવા પ્રગટાવવામાં આવતા હતા.

– કોઈપણ પ્રશ્ન કર્યા વિના બાબતોને સ્વીકારી લેવી અને એમ કહેવું કે, કારણ કે આપણે હંમેશાં આમ જ કરતા આવ્યા છીએ અથવા આ આપણી સંસ્કૃતિ અને પરંપરા છે, તે ખૂબ જ સરળ અને સામાન્ય વાત હતી. અને તે પેઢી છેલ્લી પેઢી હતી જેણે આવું કર્યું.

વર્તમાનની દિવાળીઃ

– આજકાલ દિવાળી એટલે મુખ્યત્વે ડિસ્કાઉન્ટ, સેલ, મેળાઓ અને પાર્ટીઓનો તહેવાર બની ગયો છે. ઘરની સફાઈ માટે ક્લિનિંગ સર્વિસની મદદ લેવામાં આવે છે અથવા થોડી ઘણી સફાઈ માટે પણ કામવાળી બાઈઓને વધારાના પૈસા ચૂકવવામાં આવે છે. મીઠાઈઓ નજીકની મીઠાઈની દુકાનમાંથી મંગાવવામાં આવે છે અથવા જ્વાલલુ કે ણાઝાળફિઝિં દ્વારા ઓર્ડર કરવામાં આવે છે. નવાં કપડાંની ખરીદી હવે તહેવાર કરતાં ઓનલાઇન સેલ (વેચાણ) દ્વારા વધુ પ્રભાવિત હોય છે.

– પ્રદૂષણ ફેલાવતા હોવાને કારણે ઘણા વાલીઓ ફટાકડા ફોડવાનું ટાળી રહ્યા છે. શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને પર્યાવરણ–અનુકૂળ દિવાળી ઉજવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવતા હોવાથી, બાળકો પણ તેમના માતા–પિતાને ફટાકડા ન ખરીદવાનો આગ્રહ કરી રહ્યા છે.

– દિવાળીની શુભેચ્છા પાઠવવા માટે મિત્રોને રૂબરૂ મળવાની વર્ષો જૂની પરંપરાનું પ્રમાણ દર વર્ષે ઘટતું જાય છે. પરંતુ આજે, આપણે કાં તો આપણાં કામોમાં ખૂબ વ્યસ્ત હોઈએ છીએ અથવા તો એકાંતપ્રિય બની ગયા છીએ. આપણે એવી દિવાળી ઉજવવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ જે માત્ર આપણા પરિવાર પૂરતી જ સીમિત હોય.

– ફોન અને ઈન્ટરનેટે શુભેચ્છા કાર્ડ મોકલવાની પરંપરાને ખતમ કરી નાખી છે; શરૂઆતમાં તેનું સ્થાન ટેક્સ્ટ મેસેજિસ (SMS) એ લીધું હતું. ધીમે ધીમે આપણે ઈમેલ તરફ વળ્યા અને આજકાલ તો માત્ર વોટ્સએપ મેસેજિસનો મારો જ જોવા મળે છે, જેમાં કોઈ અંગત સ્પર્શ કે લાગણી હોતી નથી.

– લોકો હવે પોતાના ઘરને પ્રકાશિત કરવા માટે ઝબકતી, વિવિધ રંગોવાળી ઇલેક્ટ્રિક લાઇટો અને લેમ્પ્સનો ઉપયોગ કરી રહ્યા છે, અને દીવા પ્રગટાવવાની પરંપરા

ધીમે ધીમે લુપ્ત થઈ રહી છે. ટેક્નોલોજીએ અહીં પણ પોતાનો પ્રભાવ ફેલાવ્યો છે અને પરંપરાઓને પાછળ છોડી દીધી છે.

– જ્યારે મેં મારા એક યુવાન મિત્રને (હવે તે USAમાં છે) સંસ્કૃતિ વિશે પૂછ્યું, ત્યારે તેણે જવાબ આપ્યો, મને ધાર્મિક વિધિઓ વગેરે વિશે બહુ જાણકારી નથી, પરંતુ મારા માટે દિવાળી એટલે પરિવાર સાથે વિતાવવાનો સમય. મારી દીકરીએ માટીના કેટલાક દીવા રંગ્યા હતા. તેને આ પ્રવૃત્તિ ખૂબ ગમી હતી અને જ્યારે અમે તે દીવા પ્રગટાવ્યા ત્યારે તેના ચહેરા પર જે ભાવ હતા, તે અમૂલ્ય હતા.

ભવિષ્યની દિવાળીઃ

આ ટેક્નોલોજી અને અવનવાં ગેજેટ્સનો યુગ છે. શું આનાથી દિવાળી સાથેના આપણા સંબંધો કે ઉજવણીની રીતમાં કોઈ ફેરફાર આવશે? તમને શું લાગે છે, ભવિષ્યની પેઢીઓ, દિવાળી કેવી રીતે ઉજવશે? કે આપણે માત્ર કલ્પના જ કરી શકીએ.



– દિવાળીની વાનગીઓના તમામ સ્વાદનો આનંદ માણવા અને પેટ ભરવા માટે તમારે બસ એક ગોળી લેવાની જરૂર છે.

– બાળકો તેમના ટેબ્લેટ પર ડિજિટલ ફટાકડાનો આનંદ માણી શકે છે, જેમાં અવાજ ખૂબ ઓછો હોય છે અને ધુમાડો પણ થતો નથી.

– ટેલિપોર્ટિંગની મદદથી, માત્ર એક બટન દબાવતા જ અમેરિકામાં રહેતા તમારા પિતરાઈ ભાઈ, બહેનો દિવાળીની ઉજવણી માટે તમારી પાસે આવી શકે છે.

– વર્ચ્યુઅલ રિયાલિટી (VR) ડિવાઇસની મદદથી તમે દુનિયાભરમાં થતી દિવાળીની ઉજવણી જોઈ અને અનુભવી શકો છો.

– તમે ક્લાઉડ આધારિત ડિવાઇસ પર દિવાળીની ખાસ પત્તાની રમતો રમી રહ્યા છો અને પૈસાને બદલે બિટકોઈન્સ (BITCOINS) કમાઈ રહ્યા છો.

– તમે તમારી પોતાની નકલ (ક્લોન) બનાવી શકો છો, જેથી તમે એક સાથે અનેક સ્થળોએ હાજર રહી શકો. હવે મિત્રો અને પરિવારજનોના નારાજ થવાની કોઈ સમસ્યા નહીં રહે.

નિષ્કર્ષઃ

થોડીક કાલ્પનિક સફર માણવામાં કોઈ નુકસાન નથી. કોને ખબર કે ભવિષ્ય આપણા માટે શું લઈને આવશે? થોડી ઘણી ટેક્નોલોજીનો સહારો લઈને પણ આપણા બાળકોને ભૂતકાળ અને આપણા મૂળિયાં સાથે જોડી રાખવા શક્ય છે. એ વાત ધ્યાનમાં લેવી જરૂરી છે કે ભૂતકાળ પ્રત્યે હંમેશા એક પ્રકારની લાગણીશીલતા હોય છે, જોકે પરંપરાઓને અકબંધ રાખીને આગળ વધારવી એ એક સુંદર બાબત છે, તેમ છતાં વર્તમાનને અપનાવવો અને ભવિષ્યના નવા આવિષ્કારોની રાહ જોવી એ પણ એક આનંદદાયક અનુભવ હોઈ શકે છે. આજે દિવાળી જે રીતે ઉજવવામાં આવે છે તે મારા બાળપણની ઉજવણી કરતાં ઘણી અલગ છે. નવાં કપડાં ખરીદવા, ઘરે મીઠાઈઓ બનાવવી અને સગાં બંધીઓને મળવાને લગતો ઉત્સાહ ધીમે ધીમે ઓછો થઈ રહ્યો છે. અસલી ભારતીય મીઠાઈઓનું સ્થાન ચોકલેટ અને કુકીઝે લઈ લીધું છે. જોકે, તે સમયે મીઠાઈઓ આવશે દિવાળીની ખાસ વાનગીઓ જેને ફરાળ કહેવામાં આવે છે, ઘરે જ બનાવવામાં આવતી હતી. પૂજા પછી પરિવારના તમામ સભ્યો અને સ્વજનો સાથે બેસીને ભોજન કરતા હતા. આપણા દાદા દાદી કે નાના નાની ભવિષ્યમાં કામ આવે તેવા વિચાર સાથે સોના કે ચાંદીના સિક્કા ભેટમાં આપતા હતા, પરંતુ હવે તેનું સ્થાન સ્માર્ટફોન અને ટેબ્લેટે લઈ લીધું છે. સાદગીમાં આનંદ માણવાની એ ભાવના આજકાલ જોવા મળતી નથી. આ શુભ અવસર પર પ્રેમ, સ્નેહ અને પારિવારિક એકતાથી ભરેલા એ જૂના સારા દિવસોની યાદ આવે છે.

અને છેલ્લે.... અગાઉની દિવાળીની ઉજવણી અને આધુનિક દિવાળી વચ્ચેનો મુખ્ય તફાવત એ છે કે, ધીમી ગતિની, ઘરે બનાવેલી વાનગીઓ અને સમુદાય કેન્દ્રિત પરંપરાઓમાંથી આવશે હવે ઉજવણી ઝડપી ગતિની, ટેક્નોલોજી આધારિત અને બજાર સંચાલિત બની ગઈ છે.

હું શ્રીરામનો વંશજ છું.
બાબુભાઈ આર. મિસ્ત્રી (પ્રમુખ)
વિશ્વકર્મા એજ્યુકેશનલ ટ્રસ્ટ, વલસાડ
(૯૮૨૫૧ ૨૧૦૮૭)

M-CUBE PROJECTS PVT. LTD.



સાલ મુબારક

HEAD OFFICE
202/203, 2nd Floor, Kala Mandir,
Chitrakar Ketkar Road,
Behind Adarsh Petrol Pump,
Vile Parle East, Mumbai - 400057
Tel : 022 - 26100556

WORK SHOP
C-202, Shreyas Industrial Estate,
Jaycoach, Off Western Express
Highway, Goregaon East,
Mumbai - 400063
022 - 26851779

admin@mcubeprojects.com
info@mcubeprojects.com
www.mcubeprojects.com

HAPPY Diwali







Grafica Decals

Plot No. 92,
Survey No. 66, Waliv Phata
Opp Quick Industrial Supplier
Vasai(East) - 401208
Maharashtra, India.

Happy Diwali
&
A Prosperous New Year





Civil & Turnkey Interior Contractors for Pan India Projects.

Stencil Engineering Pvt Ltd.

ISO: 9001:2015 – ISO: 14001:2015 – ISO: 45001:2018

205-206, Eco-Space, Off Old Nagardas Road, Mogra Village, Andheri (East) Mumbai 400 069 India.



Gajjar Group
Since - 1965

દિવાળીના નાના દીવાઓ
તમારા જીવનને પ્રેમ અને
ખુશીઓથી પ્રકાશિત કરે

દિવાળી અને નવા વર્ષની શુભકામનાઓ

શ્રેષ્ઠ શુભેચ્છા સાથે :

સ્પેક હાઉસ, રામચંદ્ર લેન વિસ્તાર, મલાડ પશ્ચિમ, મુંબઈ - 400064
સ્પેકટ વિઝન, Svy. નંબર 45, NH નં. 8, ભીલાડ, જિલ્લો - વલસાડ, ગુજરાત - 396105

Harmony SPECTACLE FRAMES
Rajni Gold Micron Gold Plating
Rajni Frames
Lifestyle Sunglasses
Rajni ELITE by GAJJAR GROUP



‘અહંમ,આડંબર અને અક્કડાઈના શૈતાનનું દફન કરી, નૂતન વર્ષ સવંત ૨૦૮૩ને સેવા, સદભાવના અને સમન્વયના દેવને ઓવારણા લો–’

શાંતિભાઈ આર. ખોડદિયા–અમદાવાદ




જીંદગી પર વિચારક–થોમસ ડેવીડસને સુંદર વાત કરી છે કે–"Your worth consists in what you are, and not in what you have.What you are will show, that what you can do’ દરેક માણસમાં સુર અને અસુરનો આવાસ હોય જ છે. જીવન તત્વને ગ્રહિત કરેલ માણસ સુરના સદગુણોથી વસંતના ફુલોની જેમ ખીલેલો હોય જ્યારે જીવનને ગૅલત વ્યાખ્યાતિત કરનાર માણસ આસુરી દુર્ગુણોથી દુર્ગંધિત જ હોય. આવા માણસોના તમને ઠેર ઠેર દર્શન થશે. કપટ, કરામત અને કિમિયા જ એમનું જીવન બની ગયું હોય છે. બેશરમી, બદસલુકાઈ અને બદઇરાદાએ એમની આગવી મુડી હોય છે. જે વર્તુણ,સમાજ અને રાષ્ટ્રમાટે બોજરૂપ હોય છે. આની સામે જીવનની ઊંડી અને સાચી સમજણને કારણે સજ્જનો મૌન સેવે છે જેને સ્વાંગીઓ અને તરકટીઓ નબળાઈ સમજે છે. પણ આ ઊંડી સમજના કારણે સેવાતા મૌનને તોડવાનો સમય પાકી ચુક્યો છે.આ સંદર્ભે રામાયણની એક વાત ટાંકવાની લાલચ રોકી શકાતી નથી. જ્યારે યુધ્ધમાં મેઘનાથ મરાયો ત્યારે રાવણ એના ભાઈ કુંભકર્ણ ને જગાડવા ગયો.ઘણી મહેનત પછી કુંભકર્ણ જાગ્યો જેને રાવણે યુધ્ધની સઘળી પરિસ્થિતિ જણાવી.આ અંગે સવાંદ થતા રાવણે કુંભકર્ણને તેની આ નિંદ્રાની આદત પર માર્મિક ટોણો માર્યો ત્યારે કુંભકર્ણે સરસ વાત કરી કે ‘હું લાંબો સમય નિદ્રાધીન રહુ છુ તે વાત સાચી અને આપ સતત જાગૃત રહો છો. મને એ જણાવો કે તમે જાગૃત રહી શું મેળવ્યું અને નિંદ્રાધીન રહી મેં શું ગુમાવ્યું ?’ શીખ આપતા કુંભકર્ણ કહ્યું કે ‘રાવણ, જગતના કલ્યાણ માટે સજ્જનો જાગતા સારા અને દુર્જનો નિંદ્રાધીન સારા’ સત્ય,સજ્જનતા અને સદાચારનો રસ્તો જરૂર થોડો પીડાદાયક અને કઠિન હોય પરંતું અંતે અજવાળા ત્યા જ થાય. જ્ઞાની અને સજ્જન માણસમાં આસમાન જમીનનો તફાવત હોય છે. જ્ઞાની સજ્જન જ હોય એવું માની લેવાને કોઈ કારણ નથી. દુર્યોધન જ્ઞાની હતો પણ સજ્જન ન હતો.એ જાગૃતતા સાથે અધર્મના રસ્તે ચાલતો હતો. દુર્જનો ડરપોક, સ્વાર્થી અને ફાંકેબાજ હોય. એ સૌને ડરાવવા અથાગ પ્રયત્નો કરતો રહે છે. જો તમે ડરી જાવ તો ઈ તમને ગુલામ બનાવી દે અને તમે તલવાર ખેંચો તો તમારી સાથે બેશર્મીથી સમાધાન કરવાનો પ્રયાસ કરશે. ટુંકમાં, ખોટુ કરનારી આવી ઉબેટો સજ્જનતાનો અંચળો ઓઢી, ધાર્મિકતાનો સ્વાંગ રચી સમાજ અને ભોળા સમુહને સતત ચુસતા હોય છે. સ્વાર્થ અને સ્વહિત માટે તેઓ ગમે તે હદે જઈ શકે. પણ તેમનો અંત અંધકાર અને કાલિમાથી ઘેરાયેલ જ હોય. અંધશ્રદ્ધા ફેલાવવી અને સમુદાયને ગુમરાહ કરવો એ એમની હસ્તગત કરેલી કલા હોય છે.પરસેવો પાડી શ્રીલક્ષ્મી એકત્ર કરવી અને ઉધોગો ઉભા કરી અન્યને રોજગાર આપવો તે ઉત્તમ પરમાર્થી કામ છે. આવા સજ્જનો અન્યની પીડા સમજતા હોય છે. પરંતું અગાઉ વ્યાખ્યાતિત કરેલ દુર્જનો પારકે પૈસે લહેર કરે અને અન્યને મુર્ખ બનાવી કાળુ અને અણહકનું ધન તેમના શાશ્વત જીવન માટે એકત્ર કરતા હોય છે.જેના માટે તેમના દુર્ગુણો રૂપી શસ્ત્રોનો નિર્દયતાપૂર્વક બેફામ ઉપયોગ કરતા અચકાતા નથી. જગત ખાનદાનો અને સદગૃસ્થોને કારણે જ સંતુલિત છે એવા માણસોની સંખ્યા અલ્પ હોય, પણ ‘એકે હજારા’. બાકી ઉકેડામાં ઉછરેલ તો ચોમાસાના દેડકાઓ જેટલા અને ‘Dime Dozen’ હોય છે. આ ખેતરનું નિંદણ કહેવાય. આપમેળે ઉગે અને પાકને પારાવાર નુક્સાન કરે. રાવણ,દુર્યોધન, કંસ, શકુનિ જેવાનો અંત કેટલો કલંકિત હતો તેની ઈતિહાસ સાક્ષી પુરે છે. સારાંશ એ કે આ જીવનની અમુલ્ય ભેટ ઈશ્વરે માણવા અને મહાલવા આપી છે અને એના લાભાન્વિત ત્યારે જ થઈએ કે આ જીવનને આપણે કપટરહિત, નિસ્વાર્થ, પરમાર્થી અને કરુણામય બનાવીએ. તો ચાલો સંકલ્પિત થઈએ કે વર્ષ ૨૦૮૩માં નિર્દેશિત પથ પર ચાલી અને આ અણમોલ ભેટને યથાર્થ બનાવશું. નવલા વર્ષે સૌ હેતાળોને અઢળક શુભકામનાઓ અને આપ તથા આપના પરિવારના આરોગ્યપ્રદ,સંપન્ન અને પ્રસન્ન જીવન માટે માઁ રાંદલ અને દાદાને સહૃદય પ્રાર્થના.

દીપોત્સવી
વિશેષાંક–૨૦૨૬

ગાંગલો મલક જોઈ આવ્યો !



ખોડીદાસ પરમાર



માડીએ શિખામણ્ય દીધી થી ઈ ગાંગલાએ કાનમાં રાખી લીધી થી, માડી હંનરોજ સૂલાના દેતવાના ખોટારાને હાંસવીને ભારે દેતીથી, ઈહંનરોજય ગાંગલો જોતે, ઈણે મનોમન્ય વશાર્યું કેઃ 'માડી કેસે તે હોંથીમોંથી સીજજણાશ્ય આવડી આ જ હશ્યે, લાવ્ય આજ ઈને ક્યાંયક હંઘરી દઉં અન પછયે માડીને કૈશ કે જે માડી હું ડાયો સું કે ગાંડો ?

આ રામપરા જેવું જ એક થુ ગામડું. ઈમાં એક રાંડીરાંડ ભરવાડ્ય રે. બાઈને એક દીક્યો, ભાળવ્યે ભારી રૂડો રૂપાળો, પણ હાવ અક્કલમઠ્ઠો તી અક્કલમઠ્ઠો!

એક દી ઈ ભરવાડ્ય કેસેઃ 'અલા ગાંગલા, તું તો હાવ ગાંડો તી ગાંડો જ રયો, તુંને ભાનહાન કંઈ આવશ્યે? આ ગામના તારી હારથ્યના હંધાય સોકરાવ તે હેયને મજુને ઘરબાર હાંચવે, હોંધીમોંધી સીજજણાશ્યને હાસવીને હંતાડી રાખે, ઈ માંયેલું તું તો લગરીક્ય સીખે નૈ ને.'

તાણે ગાંગલે કેસેઃ 'હોવે માડી, હવે ઈ નૈ ભૂલું.'

ગાંગલાની ડોહી તે વેલી ભળકડે ઊઠે, પછયે સૂલો સંધ્રુકે અને જાર્યમાતાજીનાં ત્રણ્ય બઢા ઢીબતીકને ઢાંકણા–ઢૂંકણું કરી, સૂલામાં દેતવાના ખોટારા કાળજીથી ભારી કારવીને કેઈની દાડીદપાડીએ વૈ જાય, તી હમી હાંજે ઘી આવે.

માડીએ શિખામણ્ય દીધી થી ઈ ગાંગલાએ કાનમાં રાખી લીધી થી, માડી હંનરોજ સૂલાના દેતવાના ખોટારાને હાંસવીને ભારે દેતીથી, ઈહંનરોજય ગાંગલો જોતે, ઈણે મનોમન્ય વશાર્યું કેઃ 'માડી કેસે તે હોંથીમોંથી સીજજણાશ્ય આવડી આ જ હશ્યે, લાવ્ય આજ ઈને ક્યાંયક હંઘરી દઉં અન પછયે માડીને કૈશ કે જે માડી હું ડાયો સું કે ગાંડો ?

અન એક દી માડી દાડીએ ગૈ, તાણે ગાંગલે તે સલાની આગમણ્ય વીખોળી, માલીપાથી દેતવાના ખોટારા કાઢ્યા અને નળિયામાં લેતોકને ઈના ઘર પડખે પરમા પટલનો વાડો હતો ન્યાં પટલે કડબની ગંજી ખડકેલી હતી, ઈગંજીના થડએંઠાણમાં જઈને દેતવાના ખોટારા ઈણે તો હંઘરી દીધા. પછયે તાળી પાડીને કેસે 'આજ હાંજે માડી આવશ્યે તાણે વરતાડીશ્ય કે જો માડી, તારો ગાંગલો ડાયો કે ગાંડો ? આંઈ દેતવાના ખોટારે હંઘરીને રાખ્યા સેને ? ? ઈમ હરખફદુડે થાતો થાતો ગામમાં ધોડ્યો છે.

એક તે ઉનાળાને સૈતર મૈનો, વાયરા ફૂંકાય, ઈમાં ગાંગલે તો ગંજીના મૂળમાં જ દેતવાના ખોટારા હંઘરેલા, ઈથી વા લાગતા તે ગંજી માંડી હળગવા અન પછયે તો લંકા લાગી ગઈ અન માંડી સે હડ હડ જગવા.

ગંજી જગતા તો ગામમાં દેકારે થ્યો, માણુહો દો ઘે વાટ્યે માંડ્યા ધોડવા અન પછ્યે કેઈ ઘૂડ્ય નાખીને, કેઈ પાણી નાખીને માંડ્યા સે ગંજીને ઓલવવા. તંઈ ગાંગલો તે હડી કાઢીને હળગતી ગંજી માથે ધોડ્યો ગયો.

બધા કેસે : એલા એઈ ગાંગલા, ન્યાં ક્યાં મરહ? ઈ આગ્યમાં હળગીને ભડથું થૈ જાશ્ય, ભડથું!'

તાણે ગાંગલે કેસે 'ઈઃ માં મારા દેતવાના ખોટારા ભાર્યા સે, તી ઈ ગોતવા જાઉં સું. તમે હવ ઈ હું કામ ઓલવો સો ?

બધા કેસેઃ 'સું એલ્યા?'

તાણે ગાંગલો કે, 'ઇ માં આજ મેં દેતવાના ખોટારા હંઘર મેલ્યા થા, ઇ ગોતવા જાવું જોયેને ?'

બધા કે, હત્ય ભૂંડા, તું અપાળીંગ તે અપાળીંગજ રયો, ગંજીમાં તે ખોટારા મેલાતા હશે ? ખોટારા મેલતાં તો આગ્ય જ થાય કે બીજું કાંય ? તારા તે હું કાન કપાય ? લે. લે હવે આ બધાની હારે ઘૂડ્ય–પાણી નાખીને માંડ્ય ઓલવવા–માળો ગાંડિયો કીધો તે ગાંડો જ ને?'

હાંજે ડોહી આવી, તાણે સૌએ ઠપકો દીધો : 'આવું હોતું હશ્યે ? તારા ગાંગલે તો બાઇ નખ્ખેદની કરી, પીટ્યાએ દેતવાના ખોટારા લૈને ગંજીના મૂળમાં ભારીને લંકા લગાડી !'

માડીએ તો ગાંગલાનો ઠપકો દીધો : 'જો રોયા, આવા વન્યાવ કરીહ તો કોઇ ગામમાં નૈ રેવા ધે.'

તાણે ગાંગલો કે : 'માડી, તું નો'તી કેતી કે હોંધીમોંધી સીજજણાશ્યને હુંતાડીને રાખવી જોવે, તી મેં આપણી મોંધી જણાશ્યને ન્યા ં હંતાડી દીધી થી, ઇમાં મારો શો વાંકગનો ?'

તાણે માડી કે : 'પીટ્યા હવે આવું નો કરતો જો, ક્યાંય આગ્ય લાગી હોય, બે–પાંસ માણહું ભેગા થઇને આગ્ય પાંહે ઉભા રહીને જોતાં હોય તોય આપડે તો આગ્ય ઓલવવા માંડવી, ધૂડ્ય, ઢેફાં પાણી નાંખીને આગ્ય ઓલવી નાખવી, હમજ્યોને ?'

તાણે ગાંગલો કે : 'માડી ઇ નૈ ભૂલું'

ગાંગલો તો ગાંગલો જ રયો. એક દી' માડી ભારે વહેમી કને ગૈ. ગાંગલાને ખૂબ ટીપ્યો અને ખીજાણી, '' રોયાને કાંઈ ભન્યા જ નથ્ય આવતી, મલકના સોકરાં કેવા ડાયા સે, કેંક દી ગામ બાર્યે જ, મલક જો તો કાંઇક હમજણ પડે, ભન્યા આવે ?'

ગાંગલે તો ઈ જ ટાણે ક્રોધને માર્યો મેંઢાપધોર્ય માંડ્યો સે ધોડવા, તાણે ગામના માણહું કેઃ 'ગાંગલા ક્યાં ખેતાવ્યા? તેં કેઃ માડી મારે સે, ઈકેસે મલક જો મલક, ઈ થી કાંઇક ભન્યા આવસે, તે મલક જેવા જાવ સું.

ઈ તેં વાજોવાજ્ય ધોડતો ધોડતો ઉપડ્યો સે; હાંજે એક વાડી પાંહે આવી પૂગ્યો. વાડીને સેઢે સાર્યપાંસ જવાનમાટી કરગઠિયાં–કાંટાનો ભડકે કરીને સક્કરિયાં સેકે છે. ગાંગલો તો હડફ કરતો ન્યાં આવ્યો અને માડીની શિખામગ્ય હાંભરી : 'બે–પાંસ માણહ ઉભા હોય, આગ્ય લાગીહોય, તો ધૂડ્મ ઢેખાળાથી ઓલાવવા માંડવું.'

ઈ તો સેઢા માથે સડતોકને, 'એલ્યાવ આગ્ય, આગ્ય ! એમ કઇને સક્કરિયા સેકાતાં હતાં ભઠ્ઠામાં ખોબે ને ખોબે ધૂડ્ય અને ઢેફા માંડો સે નાખવા.

ઓલ્યા માટીડ્યો કેસે. એ હેઇ જવાન, આ હું કર છ ? ઇ આગ્ય નથ્ય હો, ઇ ભઠ્ઠામાં તો અમે સક્કરિયાં સેકવી છૈયે.'

તાણે ગાંગલો કે : 'એમ તમે સક્કરિયા સેકો છો ?'

ઓલ્યા જવાનડાને કોત્યક થયું, ગાંગલાને ન્યાં બેહાડ્યો, પસે સેકેલાં થોડાંક સક્કરિયાં ખવાડ્યાં, પાણી પાયું અને કીધું : 'જો જવાન, આવો ધૂણો બળતો હોય, માણહ પાંહે ઉભા કે બેઠાં હોય, તંઈ ન્યાં આગ્યનો લાગી કેવાય, ઇ તો સક્કરિયા સેકતાં હોય, તેથી ઇ, ધૂણો ઓલવાય નૈ હો, ન્યાં હોય ઇ ને પૂસાય કે, 'હં ભાયું, સક્કરિયા સેકો સોને સું ? અમને આપો ભાઇ.'

> **બધા કે, હત્ય ભૂંડા, તું અપાળીંગ તે અપાળીંગજ રયો, ગંજીમાં તે ખોટારા મેલાતા હશે ? ખોટારા મેલતાં તો આગ્ય જ થાય કે બીજું કાંય ? તારા તે હું કાન કપાય ? લે. લે હવે આ બધાની હારે ઘૂડ્ય-પાણી નાખીને માંડ્ય ઓલવવા-માળો ગાંડિયો કીધો તે ગાંડો જ ને?'**

તાણે ગાંગલો કે : 'ભલે હવે અમે કરીશ્ય.'

થડા દી થ્યા ને ગાંગલો હરતો ફરતો એક ગામ કણે આવ્યો ન્યાં મોરામા જ મહાણ હતું, ગામમાં ભરવાડની એક ડોહી પાછી થૈ હશ્યે, તે મહાણમા ઇની સેહ ભડભડ બળતી થી, ઇ ને વાંહેમોર્ય કાંધિયા કોક ઉભા, કોક બેઠાં બેઠાં વાતુંના ફડાકા મારતા થા, કોઇ વાંડહેથી સેહનું ખોરતું હતું.

ધોડી, ધોડીને લાંઘણો થ્યેલો ગાંગલો આંઇ મહાણમાં દોટ્યો આવ્યો અન પાંહે આવીને કેસે : 'હં...સક્કરિયા સેકો સોને ? અમને ધોને વળી !

બધા કે : 'માળા ગાંડિયા, આંઇ મહાણમાં સક્કરિયા કેવા ? આ ડોહી પાછી થૈ સે ઇ ને ઇન દેવી સીએ.'

ગાંગલો માન્યો નૈ : 'હંકકઅન તમારે સવે એકલા એકલા સક્કરિયા ખાવા હશ્યે. અમને ધોને વળી–મને બઉ ભૂખ લાગી સે હો.'

કોક કે : 'માળો અડબંબ લાગે સે, એઇ જો આંઇ સક્કરિયા નો હોય, આ તો મહાણ સે, આ કાંઇ વાડી ખેત નથ્ય, જો આ સાર્ય થાંભલાળી સાપરી, ઇ ને હેઠે સેહ બે સે. ઇથી એટલું હાંભરણામાં રાખજે કે આવી સાપરી હોય, હેઠે અગન જગતો હોય, ન્યા માણહું બેઠાં હોય તાણે કોઇક મરી ગયું જાણવું, ન્યાં જઇને પૂસવાનું, આંઇ કોણ મરી ગ્યું સે ? બવ ખોટું થ્યું – એમ, સ્યુ

સમજ્યો ન ?

તાણે ગાંગલો કે : 'હવે નૈ ભૂલું, એમ જ કૈશ લ્યો.'

પછે તો સેને ઈ ફરતો ફરતો એક ગામમાં આવ્યો. ગામમાં તો કણબીના ઘેરામાં લગન હતા, માંડવા હેઠય વર-કન્યા સોરીએ ચડ્યા સે, સગાસાગવાં ધીંધી વળીને ઊભા બેઠા સે. સોરીનો અગ્નિ ભડભડ બળે સે, આ બધુંય જોતાં જ ગાંગલાને ઓલી વાત હાંભરી : 'આંઈ નકડી કોક મરી ચ્યું લાગે સે.'

ઈ તો હડી કાઢતોક માંડવા વસાળે આવ્યો ને કે : 'અરેર આંઈ કોણ પાસું થ્યું ? બવ ખોટું થ્યું હો.'

બધા કે : 'એલા એ..ઈ ? શ્થી વાત કરછ ?'

તો કે : 'પણ આંઈ મરી કોણ ચ્યું સે ?

પટેલિયા કે : 'તારો દદો, કોક કડદા રોખો લાગહ, ભાળતો નથ્ય કે આંઈ તો વરકન્યા કંહાર જમે સે, ઈ બેયના લગન થયા સે લગન ! તું પરાણ્યો સો કે નૈ. ?'

ગાંગલો કે : 'નારે ના, મારું તો વેહવાળે નથ્ય થ્યું ન !'

તારે પટેલિયા કે : 'જો બે જણા પડખોપડખ બેઠાં હોય, ઈની હામે છાણા લાકડાં નાખીને તાપ ક્ર્યો હોય,

અન વાંહામોર્ય સોકરાં-સૈયાં બેઠાઊઠાં હોય તાણે બે જણાના લગન થાતાં હોય હો,-ઈથી ઈમ પૂસ્યા કે, હાં પરાણ્યો સોને શ્થું ? મારા ભઈ !'

ગાંગલો કે, 'ભલ્યે હવે નૈ ભૂલું.'

પછ્યે તો માંડવેથી ગાંગલાને લાડવા ખવાડ્યા અને કીધું કે, 'લગન થાતાં હોય ન્યાં લાડવા ખાવા માગવાના હો કે ગાંગલા.'

ગાંગલો કે 'ભલ્યે, માગીશ.'

'ગાંગલો તો એમ ને એમ મલકમાં ફરતો ભમતો એક ગામડે પોચ્યો. શ્યાળાની ટાઢય કે મારું કામ. હોફરડો બોલાવતી હતી. વેલી હવારમાં જ ફળિયાના મોવડ્યના. ભાગે એક ખુખલી મુખલી ડોહી અને એક ખેંમાનિયો ડોહો તાપણું કરીને બેઠાં બેઠાં તાપતાં હતાં. ટાઢય હમહમાટી બોલાવતી હતી ઈથી બેઈએ એક જ ધાબળો ઓઢ્યો હતો અને અડોઅડય પડખોપડખ્ય બેઈ બેઠાં બેઠાં તાપતાં હતાં. વાંહે મોર્ય જુવાન માટીડા પણ બેઠા હતા.

ગાંગલાને પણ બઉ બઉ ટાઢય વાતી હતીઃ ઈમાં ફળીમાં ડોહા-ડોહીને તાપણા પાંહે જ પડખોપડખ્ય બેઠેલાં જોઈને ઈને ઓલી વાત હાંભરી ગઈ, 'નકડી આ ડોહો ડોહી પરણાં જ લાગે સે, ઈ તો લાગલો જ ઈની પાંહે જઈને કેસે : 'હાં લગન કરો સો ને ? લાડવા ખવાડો, લાડવા ! '

ડોસી કે :'જા રોયા નહવાદા, આ ઘડેઘઢપણ તે લગન હોય ? સરમાતો નથ્ય પીટ્યા.'

તાણે ગાંગલો કે : 'હંક્ક્અન, લાડવા ખવાડવા પડે ને ઈટલ્યે. પણ તમો બેઈ કરો સો તો લગન જ. લાડવા લાવો લાડવા.

ડોહી-ડોહો ખીજ્યા. ઈણે સોકરવને કીધું, આ કોણ સે ? જોવો તો ખરા અમારી લાંઠય કરે સે, કે લગન કરો સો ને સું? લાડવા ખવાડે,-કાઢો ઈ નહવાદાને આઈથી બાર્ય.'

સોકરાં ખીજ્યા, ગાંગલે કે બવ ભૂખ લાગી સે હો, કાંઈક ખવાડે ને વળી. સોકરાવને દયા આવી કે આ કોક અડબંગ લાગે સે, તેથી રોટલા ખવાડ્યા ને કીધું : જે માટી આચ્ય બળતી હોય, ન્યાં માણહ ભેગાં થૈને બેઠાં હોય, હાથપગ શેકતાં હોય તાણે ઈને પૂસાય કે, 'હાં ટાઢ્યમાં તાપવા માંડ્યું ને ? બવ ટાઢ્ય વાય સે?

ગાંગલે કેઃ 'ભલ્યે હવે નૈ ભૂલું.'

ગાંગલો ભમતો ફરતો દી સડ્યે એક ગામડે આવી સડ્યો. ગામના ઠાકોર કોઈક વારે સડ્યા થા ઈમાં કામ્ય આવી ચ્યા તે ઈના ઠકરાણા ઠાકેરનું શબ લૈને ગામનાં ખીલમાં જ ઝૂંપી માથે સડીને સતી થાતાં થા. ઝૂંપી ભડ ભડ ઝળતી હતી અને વસાળે બેઠાં બેઠાં ઠકરાણા સૌને હાથ જોડી જોડીને આશરવાદ આપતાં હતાં. ન્યાં કળેબળે ગાંગલો પોગી ચ્યો ને ઠકરાણાની પાંહે જૈને કેસે : 'હાં તાપણામાં હાથ સેકો સો ને શ્થું ? બવ ટાઢ્ય વાય સે ? મને રોટલો ખવાડો ને રોટલો.'

ગાંગલો ભમતો ફરતો દી સડ્યે એક ગામડે આવી સડ્યો. ગામના ઠાકોર કોઈક વારે સડ્યા થા ઈમાં કામ્ય આવી ચ્યા તે ઈના ઠકરાણા ઠાકેરનું શબ લૈને ગામનાં ખીલમાં જ ઝૂંપી માથે સડીને સતી થાતાં થા.

ન્યાં તો રામભા ને કેહુભાને, ખુમાણશંગ ને બધા ધોડ્યા આવ્યા, 'એલ્યા એઈ કોણ સો, સી લળાયિું કર સ ?'

તો ગાંગલો કે : 'રોટલા ખવાડો ને રોટલા, ભૂખ લાગી સે.'

બધાં કેકોક અડબંગ લાગે સે, આંઈ રોટલા કેવા, આ સતી થાય સે ઈ નથ્ય ભણાતો ?'

તાણે ગાંગલો કે : 'ઈ તો તાપે સે ને ? બઉ ટાઢ વાય સે ?'

આ સાંભળતા ગામના જવાનડા ખીજ્યા. બે પાંસે બાંગલા લીધા અને થોડેક સેટે લૈ જઈને ગાંગલાને ફડુહ ફડુહ કરતાં બે પાંસ વાળી લીધા. હાથ પકડીને હડબડાવ્યો કે રોટલા ખાવા સે ઈમને ? તો કે 'હા.' તો લે ખા. રોટલા એમ કઈને વળી બે પાસ ડઠાડ્યા અને પછ્યે ધક્કાપીને ગામ બારો કાઢી મેલ્યો.

માર પડતાં જ ગાંગલાને ડોહી હાંભરી, હાભર્યું. જે દશ્યે ઊભો હતો ઈ દશ્યે રમકાવી મેલ્યા તે પોતાના ગામ્ય પોગી ચ્યો. ધોડતો ધોડતો માને ગળે બાધી પડ્યો અને કે, : માડી, મડી હું મલક જોઈ આવ્યો સું અને ડાયો થૈ ચ્યો સું હોં.'

(૧) વાલુકડના સ્વ. જક્કલબા ભાણભઈ પરમાર પાસેથી સાંભળેલી આ વારતા તેમની જ બોલી, શૈલીમાં.

(૨) ફરીવાર તળાજાના શ્રી ઉમાકાંત રાજગુરૂ પાસે સાંભળી. (૧૯૮૪)

દીપોત્સવી
વિશેષાંક-૨૦૨૬

સગાં દીઠાં અમે ચારણ-કન્યાનાં



ललित ખંભાયતા



મારા સવાલ સામે 'અમરૂભાઈ તો ખેતરે ગયા છે, હમણાં આવશે' એવી માહિતી મળી. રાહ જોવાનો એ ચોથો દિવસ હતો. ત્યાં સુધી પહોંચતાં પહેલાં ઘૂડઝિંઝવા, પડા-કાંધી, જસાધાર, ખિલાવડ... એમ વિવિધ ગામ અને નેસ અમે ફરી ચૂક્યા હતા.

૧૯૨૮માં ખજૂરી નેસે પહોંચેલા ઝવેરચંદ મેઘાણીએ ચારણની દીકરી સિંહને ભગાવી મૂકતી હોય એવું દૃશ્ય જોયું અને પછી કવિતા લખી 'ચારણ-કન્યા'' નામની એ કવિતા તો ગુજરાતી સાહિત્યમાં અમરત્વ ભોગવે છે, પણ પત્રકાર તરીકે મારો સવાલ એ હતો કે એ ઘટના પછી ચારણ-કન્યાનું શું થયું?

***

૨૦૧૦ની ૨જી માર્ચ.

ગીરગઢડા પાસેનો ઘોડીવાડી નેસ.

'અમરૂભાઈનું ઘર આ જ કે...?

આવો ને ભાઈ, કુનું કામ સે?

મારા સવાલ સામે 'અમરૂભાઈ તો ખેતરે ગયા છે, હમણાં આવશે' એવી માહિતી મળી.

રાહ જોવાનો એ ચોથો દિવસ હતો. ત્યાં સુધી પહોંચતાં પહેલાં ઘૂડઝિંઝવા, પડા-કાંધી, જસાધાર, ખિલાવડ... એમ વિવિધ ગામ અને નેસ અમે ફરી ચૂક્યા હતા. એટલે એ દિવસે તો પછી મનોમન નક્કી કર્યું હતું કે હવે ઘોડીવાડી પહોંચ્યા પહેલાં પાણી પણ નથી પીવું. ત્યાં પહોંચીને એ ખોરડાનું જ પાણી પીધું.

ઘરમાં બે નાની દીકરી, એક દીકરો, અમરૂભાઈના ઘરનાં હતાં. એમણે ખાટલો ઢાળ્યો, ધડકલી પાથરી. ચા-પાણી આવ્યાં. આસપાસમાંથી કોઈ જુવાન આવ્યા અને મારી સાથે વાતોએ વળગ્યા.

થોડી વાર પછી ખેતરેથી અમરૂભાઈ પણ આવ્યા, સાથે ઢોરઢાંખર હતાં. એને થાળે પાડ્યાં. મારી પાસે આવ્યા, રામ રામ કર્યા અને મારા સવાલના જવાબમાં કહ્યું : 'હા, અમે જ ચારણ-કન્યાના વંશજ...'

***

માર્ચ ૨૦૧૦ની વાત છે. મેઘાણીની પુણ્યતિથિ આવી રહી હતી. અમે 'સંદેશ'ની

પૂર્તિમાં એ વખતે શું નવું થઈ શકે એ વિચારતા હતા. મેઘાણીના પૌત્ર પિનાકીભાઈએ મને અગાઉ વાત વાતમાં માહિતી આપી હતી કે ચારણ-કન્યાના વંશજો ગીરના કોઈ નેસમાં છે.

મેં એ વાત અમારા મેગેઝિન એડિટર ધૈવત ત્રિવેદીને કહી. એમણે વાત સાંભળીને કહ્યું, આ બહુ રસપ્રદ ઘટના છે, પહોંચો ગીર અને શોધો ચારણ-કન્યાના પરિવારજનોને...'

મારું વતન મોટી ખોડિયાર ગીરના કાંઠે આવેલું છે. મારું સાસરું પણ ધારી પાસે ગીરના કાંઠે. એટલે ધારી પહોંચ્યો. ઉદ્દેશ્ય સ્પષ્ટ હતો. અમરૂભાઈ ગઢવીને શોધી કાઢવા.

ખબર એટલી હતી કે અમરૂભાઈના પિતાનું નામ રામભાઈ અને એમના પિતાનું નામ રાસાભાઈ હતું. અમરૂ રામ, રામ રાસા એટલો આંબો પાક્કો કરી લીધો હતો. પણ એ વંશાવળી સાચી છે કે કેમ એ પહેલાં તો ચેક કરવાનું હતું અને સાચી હોય તો એમને શોધી કાઢવાના હતા અથવા તો શોધી કાઢ્યા પછી ચેક કરવાનું હતું. મેઘાણીએ પોતાની ઘણી રચનાઓ નીચે કયા સંજોગોમાં રચાઈ તેની નોંધ લખી છે.

ચારણ-કન્યા નીચે લખાયેલી નોંધ મુજબ એ ઘટના ૧૯૨૮માં ખજૂરી નેસમાં બની હતી. મેઘાણી સાથે દુલા કાગ હતા. 'સલૂન' નામના એમના ઊંટ પર બેસીને ડાયરો ખજૂરી પહોંચ્યો હતો. ત્યાં સાંજે છાશું પીતા હતા (એટલે કે ભોજન કરતા હતા), એ ટાણે ઓચિંતો નર કેસરી આવી પૂગ્યો અને વાછરડી પર તરાપ મારી. ત્યાં હાજર હીરબાઈ નામની દીકરીએ લાકડી ઉગામી, મૃગેંદ્રને ફટકારી અને ભગાડી મૂક્યો.

> **એ નેસવાસીઓની જુદી દુનિયા છે. અમે એ જુદી દુનિયામાં જવા નીકળ્યા. કોઈ ગઢની ફરતે દરવાજા હોય એમ ગીરના જંગલ ફરતે પ્રવેશદ્વાર આવેલાં છે.**

એ જોઈને મેઘાણીએ તુરંત એંસી લીટી કરતાંય લાંબું કાવ્ય લખી નાખ્યું, એનું નામ ચારણ-કન્યા.

એ સમગ્ર વાત જાણીતી છે, ઈતિહાસમાં નોંધાયેલી છે.

એનાં ૮૨ વર્ષ પછી અમારે ઘટનાના સગડ મેળવવાના હતા. સ્વાભાવિક રીતે ચારણ-કન્યા તરીકે ગુજરાતી સાહિત્યના દરેક વળકિે ફેલાયેલાં હીરબાઈ તો ત્યારે હયાત ન હોય. હોય તોપણ ૧૦૦ વર્ષનાં આળોગાળે હોય. એટલે હીરબાઈ કે એમનો પરિવાર અમારે શોધી કાઢવાનો હતો.

કામના એ એજન્ડા સાથે હું મારા સાસરે પહોંચ્યો. મારા દાદાસસરાને ખબર પડી એટલે એમણે માહિતી આપી કે ધારીમાં રહેતા ચારણ અગ્રણી માણસૂરભાઈ ડેરી ચલાવે છે. એમને પૂછો કેમ કે એ વિવિધ નેસમાંથી દૂધ ભેગું કરે છે.

એ વખતે લાગ્યું કે વાહ, કામ તો આસાન થઈ ગયું.

ધારીમાં રહેતા શ્વેત દાઢીધારી ચારણ માણસૂરભાઈએ અમને આવકાર આપ્યો. વાત સાંભળી અને કહ્યું કે ખજૂરી નેસમાં તો હવે કોઈ રહેતું નથી. પણ સતિયા ચારણો હવે ક્યાં ગયા હશે એ યાદ આવતું નથી. ત્યારે અમને ખબર પડી કે જે અમરૂભાઈને શોધીએ છીએ એમની અટક સતિયા છે.

માણસૂરઆપાએ તુરંત બીજા એકાદ માણસને બોલાવ્યો. અમારો સવાલ એને કર્યો અને આ પરિવાર ક્યાં હોઈ શકે એનો તાળો મેળવ્યો. પછી કહ્યું કે ઘૂડઝિંઝવા નેસમાં ચારણો રહે છે, અમરૂ પણ ત્યાં છે. તમે ત્યાં જાવ.

અમે કહ્યું કે તમેય સાથે આવો ને એમને થયું કે આ જવાનિયા ચારણ-કન્યાના વંશજો શોધવા નીકળ્યા છે એ વાત તો રસપ્રદ છે. વળી હમણાં ઘણા વખતથી ઘૂડઝિંઝવા ગયો નથી. હાલો આંટો મારી લઈ...

અમારી પાસે વાહન નામે સ્પ્લેન્ડર હતું. હું અને મારો સાળો અંકિત બે હતા. દાદા ઉમેરાયા. ટ્રિપલ સવારી ઊપડ્યા ધારીથી તુલસીશ્યામના રસ્તે આવેલા ઘૂડઝિંઝવા નેસ તરફ.

ગીરના જંગલમાં રહેતા માલધારી-ચારણ-આયર-રબારી જ્યાં રહે એ વસાહત નેસ તરીકે ઓળખાય. નેસ એટલે નાનું ગામડું, જ્યાં પાકું મકાન ન બાંધી શકાય. ગાર-માટીની દીવાલો, ફરતે લાકડાંની વાડ, ઝાડી-ઝાંખરાંનાં રખોપાં અને એની વચ્ચે ધબકતું જીવન. એમાં કંઈ આધુનિક કહી શકાય એવું હોય તો સોલાર લાઇટ, કેમ કે નેસ ગીર જંગલ અભયારણ્યની હદ અંદર આવેલા હોય એટલે ત્યાં લાઇટના થાંભલા સહિતનાં બાંધકામો ન થાય. બેલાની દીવાલ પણ ન બની શકે અને પાક્કો રસ્તોય ન બને.

એ નેસવાસીઓની જુદી દુનિયા છે. અમે એ જુદી દુનિયામાં જવા નીકળ્યા. કોઈ ગઢની ફરતે દરવાજા હોય એમ ગીરના જંગલ ફરતે પ્રવેશદ્વાર આવેલાં છે. જંગલખાતાની ત્યાં ચેકપોસ્ટ. વટેમાર્ગુઓએ વાહન અને કેટલી વ્યક્તિ છે એ નોંધાવવું પડે. સાંજ પડ્યે જંગલમાંથી બહાર નીકળી જવાનું. અમે પણ મોટસાઇકલના નંબર, નામ, વ્યક્તિ વગેરે નોંધાવી ધૂળિયા મારગે આગળ વધ્યા.

ગીરમાંથી ઘણી વખત નીકળ્યો હોવાથી રસ્તો ખાસ અજાણ્યો ન હતો. વળી અમારી સાથે આ વિસ્તારના ભોમિયા દાદા માણસૂરઆપા હતા. તોપણ ગફલતમાં અમે ઘૂડઝિંઝવા તરફ જતી કેડીને ચૂકીને આગળ નીકળી ગયા, પાછા વળ્યા અને રસ્તા કાંઠે જંગલમાં હેઠવાસે જતા રસ્તે ઊતર્યા. પછી ટ્રિપલ સવારીમાં બાઇક આસાનીથી ચાલે એમ ન હતી. હું બાઇક ચલાવું, બન્ને સાથીદારો સાથે ચાલે એમ કરતાં થોડી વારે ખુલ્લું મેદાન આવ્યું. મેદાન પૂરું થાય ત્યાં ઘાસની દીવાલો હતી, એકાદ ઊંટ બેઠું હતું, બાળકો રમતાં હતાં અને થોડી ભેંસો દેખાતી હતી.

અમે ઘૂડઝિંઝવા નેસે પહોંચી ગયા હતા. વિષયપ્રવેશ થાય એમ માણસૂરઆપાએ અમારો પ્રવાસ ઉદ્દેશ્ય પ્રવેશ કરાવી દીધો. શિયાળો, ઉનાળો, ચોમાસું ત્રણેયમાં ટકી શકે એવાં ઘાસ-લાકડાંના બનેલા લાંબા ઢાળિયામાં અમને બેસાડ્યા.

માહિતી મળી કે અમરૂભાઈ તો ઘાસ લેવા માટે જંગલમાં ગયા છે. રાહ જોવાની જ હતી. ત્યાં સુધી નેસનાં બાળકો સાથે વાતો કરી. જરા આઘે એક ધોધ હતો એ જોયો. ઊંટની સવારી પણ કરી. એવી બધી મજામસ્તી કરી અને ખાસ તો નેસવાસીઓને અહેસાસ કરાવ્યો કે ભલે અમદાવાદથી આવ્યા

પણ આ ધૂળના જ અમે પ્રેમી છીએ.

ગીરમાં સાંજ જરા વહેલી થાય, પણ સામે પક્ષે ઉનાળો હતો. સાંજને ઢળવાની ઉતાવળ હોય તો ઉનાળાનેય મોડે સુધી તપવાની તાલાવેલી હતી. અમારે સાંજ પડે એ પહેલાં ગીરના દ્વાર બહાર નીકળી જવું હતું. સદ્‌ભાગ્યે થોડી વારમાં અમરૂભાઈ આવી ગયા. બેઠા, વાત સાંભળી અને પછી કહ્યું કે હું અમરૂભાઈ ખરો, પણ તમે શોધો છો એ હું નથી.

તો પછી એ અમરૂભાઈ ક્યાં મળશે?

અમારી સામે અમરૂભાઈ હતા પણ એનું અમારે કામ ન હતું. જે અમરૂભાઈ અમારે જોઈતા હતા, એ અમારી સામે ન હતા. પણ અમારી સામે રહેલા અમરૂભાઈએ કહ્યું કે રાણાબાપાને પૂછીએ તો ખબર પડે..

એ જ નેસમાં રાણાબાપા રહેતા હતા, નેસના વડીલ હતા અને સોએક વર્ષ જેટલી ઉંમર હતી. કાફલો એમને ત્યાં પહોંચ્યો. ખાટલામાં લાબેવાલે રાણાબાપાને અમરૂભાઈએ અમારી જરૂરિયાત સમજાવી. એમણે યાદશક્તિને જોર આપીને યાદ કરવાનો પ્રયાસ કર્યો પણ ચોક્કસ ખબર ન હતી.

ઘરડાં ગાડાં વાળે એમ અમને રસ્તો જોકે એમણે જ બતાવ્યો. કહ્યું કે તમે અમારા ગઢવીઓના બારોટ પાસે જાવ. એમને ખબર હશે.

> **એ વખતે અમનેય થયું કે વાત તો સાચી છે. ગૂગલમાં ન મળે એ બારોટ પાસે તો મળે જ. તો ક્યાં છે બારોટ? એ તો ઉના પાસે પડા-કાંધી ગામે રહે છે.**

એ વખતે અમનેય થયું કે વાત તો સાચી છે. ગૂગલમાં ન મળે એ બારોટ પાસે તો મળે જ. તો ક્યાં છે બારોટ? એ તો ઉના પાસે પડા-કાંધી ગામે રહે છે. અમે ગીરના આ છેડે હતા, જવાનું હતું સામે છેડે.

હવે કાલે ફરીથી નવી સફર શરૂ કરીશું. નેસવાસીઓનો આભાર માન્યો, સાથે કેમેરો હતો એનાથી થોડા ફોટા પાડ્યા. ને સાંજ પડ્યે ગીરનાં દ્વાર બંધ થાય એ પહેલાં ટ્રિપલ સવારીમાં ધારી આવવા નીકળ્યા.

***

બીજા દિવસે પડા કાંધી તરફની સફર શરૂ કરી. એ વખતે મારો સાળો સાથે ન હતો. રખડવામાં સાથે જોડાતો પિતરાઈ વિમલ હતો.

૮૦-૮૫ કિલોમીટરની સફર કાપીને ગામના પાદરે પહોંચ્યા. પાદરે વડલાના જાડ નીચે ખેડૂત જુવાનો બેઠા બેઠા ખજૂર ખાતા હતા. અમે પૂછ્યું કે બારોટના ઘરે જવું છે. એમણે કહ્યું કે ખજૂર ખાવા લાગો તો રસ્તો બતાવીએ.

એમનો પ્રેમાગ્રહ અનોખો હતો. એમને અવગણીને ગામમાં જઈએ તો બારોટ તો મળી જાય પણ એમના પ્રેમને એ રીતે ઠુકરાવવો ઠીક નહીં. અમે ખજૂર પાર્ટીમાં જોડાયા, પણ ખેડૂત જેટલી ખજૂર તો ક્યાંથી ખાઈ શકાય? બે-ચાર પેશી ખાધા પછી મજબૂરી સમજાવી કે અમે હળ નથી ચલાવતા, આ ખાવાની અમારી ત્રેવડ નથી. તમારૂં માન રાખ્યું, હવે મારગ બતાવો.

એમણે આંગળી ચીંધી પુણ્ય લઈ લીધું. અમે ગામના સાંકડા, કાદવ-કીચડવાળા રસ્તે આગળ વધ્યા. ઘર પાસે એક દુકાન હતી એમાં પૂછ્યું એટલે માહિતી મળી કે આ ડેલી જ બારોટની.

અંદર પ્રવેશ્યા. ઘરમાં એક માજી કંઈક કામ કરતાં હતાં. બારોટદાદા ખાટલામાં હતા. અમે અંદર ગયા એટલે કુતૂહલવશ પાસેના દુકાનદાર પણ આવ્યા. અમને એનાથી સરળતા થઈ, કેમ કે માજી-દાદાને અમારી વાત સમજાવવી જરા મુશ્કેલ હતી.

અમે કહ્યું કે હીરબાઈના વારસદારો શોધીએ છીએ, બારોટના ચોપડા મુજબ ક્યાં હોઈ શકે? એટલે એમને થયું કે કોઈ શા માટે હીરબાઈના વારસો શોધે અને એ વળી ક્યાં ખોવાયેલા છે?

દાદા બીમાર હતા, પણ અમારી વાત સાંભળીને એટલું કહ્યું કે એ ચારણોનો ચોપડો મારા દીકરા પાસે છે અને એ તો કુંડલા રહે છે.

લ્યો બોલો. હવે કુંડલા જવું પડશે?

મને ઊંડે ઊંડે એવી શંકા હતી કે દાદા યાદશક્તિના આધારે કહી શકશે કે અમરૂભાઈ ક્યાં રહે છે, કેમ કે વાતોમાં એ સંકેત તો આપતા હતા, પણ મૂળ પ્રશ્ન અવિશ્વાસનો હતો. અમે જાણીને શું કરવા માંગીએ છીએ એ એમની સમજ બહાર હતું.

દરમિયાન માજીએ ચા-પાણી આપ્યાં. એ વાતનો પણ અમને અપરાધભાવ થયો કે આ મોટી ઉંમરનાં દાદી અમારા માટે ચા બનાવે છે, પણ એ સોરઠી મહેમાનગતિની પરંપરા હતી.

એ દરમિયાન જ મને યાદ આવ્યું કે કેમેરામાં ગઈકાલના ફોટા પડ્યા છે. મેં કેમેરો કાઢ્યો અને બારોટદાદાને ફોટા બતાવ્યા. એમાં ધૂડઝિંઝવા નેસ, ત્યાંના ચારણો, રાણાબાપા વગેરે હતા. એ જોઈને એમને વિશ્વાસ પડ્યો કે આ જુવાનિયાઓ આવ્યા છે તો કોઈક સારા કામે.

દાદાએ તુરંત કહ્યું કે અમરૂભાઈ તો ઘોડીવાડી નેસમાં રહે છે. એ પણ જાણવા મળ્યું કે એ નેસ તો ગીરગઢડા પાસે જંગલમાં આવેલો છે. એટલે સમજાયું કે અત્યારે ત્યાં પહોંચી ન શકાય, કેમ કે જંગલમાં હોય તો પ્રવેશદ્વાર બંધ થવાનો સમય થઈ ગયો હતો, પણ પગેરૂં મળ્યું એ વાતનો સંતોષ લઈને સાંજ પડ્યે અમારા ધોલકામાં પરત ફર્યા.

***

ગીરગઢડા જવા માટે ધારીથી એકથી વધારે રસ્તા છે. તપાસ કરતાં જાણવા મળ્યું કે ગીરની ચેકપોસ્ટ પૂરી થાય એ જસાધાર રેન્જના નાકા પાસેથી એક શોર્ટ કટ છે. એ રસ્તે જવામાં આવે તો સીધા ઘોડીવાડી નીકળી શકાય. ધારી ગીરના ઉત્તર છેડે, ગીરગઢડા દક્ષિણ છેડે.

જંગલ કાપતાં જસાધાર રેન્જના નાકે પહોંચ્યા. આછો લીલો કલર કરેલી એક ઓરડાની વનખાતાની ચેકપોસ્ટ હતી ત્યાં પૂછ્યું કે ઘોડીવાડી જવું છે, પણ ટૂંકા રસ્તેથી. ત્યાં હાજર ગાર્ડે ના પાડી કે જંગલમાં એ રીતે પૂર્વમંજૂરી વગર જઈ ન શકાય.

એ દિવસે અમે ૩ હતા. ટ્રિપલ સવારી તો આમેય સામાન્ય રસ્તે પણ ચલાવાની ન હોય. બીજી બાજુ અમારી મૂર્ખામી એ

હતી કે ઘોડીવાડી નેસનો એક્ઝેક્ટ રસ્તો અમને ખબર ન હતો. ગાર્ડને પૂછ્યું કે રેન્જ ફોરેસ્ટર ક્યાં છે?

સામે જંગલખાતાનાં બીજાં મકાનો હતાં. લીલા કલરની લાકડાંની જાળી કરેલા એક મકાન તરફ આંગળી ચીંધી. ત્યાં જઈ રેન્જ ફોરેસ્ટરને વાત કરી. અમારી ઓળખ પણ આપી. એણેય એ જ જવાબ આપ્યો કે ધારીથી જ મંજૂરી લેવી પડે. પછી આ રસ્તે તમે જઈ શકો.

હકીકત એ પણ હતી કે અમારો દેખાવ લઘર-વઘર અને પાછા બાઇકમાં ત્રણ જણા. એટલે જંગલખાતાને કોઈ વાતે અમે પત્રકાર જેવા લાગતા ન હતા. ઈરાદો સારો હતો, તૈયારી અધૂરી હતી.

તો પછી હવે લાંબા અને જંગલમાંથી પસાર થતા કાયદેસરના રસ્તેથી જ જવું પડશે. એ કામ વળી એ દિવસે થઈ શકે એમ ન હતું. ત્યાંથી અમે ધોયેલા મૂળાની જેમ પાછા ફર્યા.

***

ચોથા દિવસે હું એકલો હતો. સૌથી પહેલાં ધોકડવા પહોંચવાનું હતું. ત્યાંથી આગળનો રસ્તો પૂછવાનો હતો. આ વખતે કોઈ જોખમ લેવાનું ન હતું. ધોકડવા પહોંચીને પૂછ્યું કે ઘોડીવાડી ક્યાંથી જવાશે?

ખિલાવડ, દ્રોણ અને પછી નદીના સામે કાંઠે જંગલ શરૂ થાય ત્યાં છે ઘોડાવાડી, પણ રસ્તો કથોરો છે. માહિતી આપનારે મારો શહેરી લેબાશ જોઈને સલાહ આપી.

ખિલાવડ પહોંચીને ચા પીવા રોકાયો. પાણી પીધું અને પછી નક્કી કર્યું કે હવે તો ઘોડીવાડી પહોંચ્યા પહેલાં પાણી પીવું જ નથી. દ્રોણ પહોંચ્યો ત્યાં પ્રકૃતિનું સૌંદર્ય અને ડરામણું સ્વરૂપ બન્ને સાથે જોવા મળ્યાં. દ્રોણ ગામ પાસે દ્રોણેશ્વર મંદિર છે અને મચ્છુન્દ્રી નદી પર મોટો ડેમ છે. ડેમ આગળ હેઠવાસમાંથી રસ્તો પસાર થાય છે. એટલે ઢાળ ઊતરવાનો, નદી પાર કરવાની, ઢાળ ચડવાનો. આવા રસ્તાનો ભારતમાં પાર નથી, પણ મને તો એ પાર કરવો જરા આકરો લાગ્યો, કેમ કે સામે ઢાળ વધારે તીવ્ર છે. એ પછી જંગલનો રસ્તો શરૂ થતો હતો.

વળી જંગલખાતાનું નાકું આવ્યું. પૂછ્યું ક્યાં જવું છે? માહિતી આપી એટલે નોંધ કરીને અંદર પ્રવેશ મળ્યો. વાસ્કોને ભારતનો કાંઠો મળ્યા પછી કેવો રાજીપો થશો હશે એ ખ્યાલ નથી પણ એના જેવો રાજીપો ઊછળી રહ્યો હતો. સાથે હોન્ડા પણ ઊછળતી હતી કેમ કે ગારી કહેવાય એવો સાંકડો ને ઊબડખાબડ રસ્તો હતો.

આખરે ઘોડીવાડી ગામ આવ્યું. અમરૂભાઈ મળશે, એ જ હશે, વાત સાંભળીને રસ પડશે.. એવા ઘણાય સવાલો પણ મોટરસાઇકલ સાથે મનમાં ચાલતા હતા. એ બધાને બ્રેક વાગી. ગામનું પાદર આવ્યું. અવેડે ભેંસોના ખાડાં વચ્ચે બે-ચાર જુવાનિયા હતા. એમને અમરૂભાઈનું ઠેકાણું પૂછ્યું. સામે જ ઘર હતું એટલે એક જુવાન અંદર મૂકવા આવ્યો. મોટી ડેલી ખોલીને પ્રવેશ કરાવ્યો.

અમરૂભાઈ તો ઘરે ન હતા. એટલે શરૂઆતમાં નોંધ્યું એમ રાહ જોવાની હતી. થોડી વાર પછી અમરૂભાઈ આવ્યા. વાત સાંભળીને કહ્યું કે હા, હીરબાઈનો વંશજ હું જ. મને હાશકારો થયો. નોકિયાના ૩૩૧૦ ફોનમાંથી મારા એડિટર ધૈવત ત્રિવેદીને મેસેજ કર્યો કે ચારણ-કન્યાના વંશજો મળી આવ્યા છે. અમરૂભાઈને પણ મજા આવી. પછી તો વાતોની મંડળી જામી. ગામના એક-બે મિત્રો પણ જોડાયા. બપોરે ભોજનની તૈયારી થવા લાગી.

વાતોમાં અમરૂભાઈએ સ્પષ્ટ કર્યું કે પછી હીરબાઈનાં લગ્ન થયાં પણ નાની વયે જ વૈધવ્ય આવ્યું. એટલે એમના કોઈ સીધા વારસદાર નથી. એ સંજોગોમાં એમનો પરિવાર જ વારસ ગણાય. હીરબાઈ પરણી ગયાં હતાં એટલે એમનાં સાસરિયાંના વંશજો એ જ એમના વંશજો.

હીરબાઈના જેઠ હતા રાસાભાઈ.

એમના દીકરા થાય રામભાઈ.

એમના દીકરા એટલે મારી સામે હતા એ અમરૂભાઈ.

અમરૂ રામ, રામ રાસા એ રીતે પેઢી પણ યાદ કરી લીધી.

અમરૂભાઈને બે દીકરા હરદાન અને પાલણ. બે દીકરી કુંવર અને હીર. દીકરીનું નામ હીર જોઈને વળી કાન ચમક્યા. અમરૂભાઈએ સ્પષ્ટતા કરી કે અમારા ચારણોમાં ત્રીજી પેઢીએ એ જ નામ રાખી શકાય. એટલે હીરબાઈના વંશમાં વધુ એક હીરબાઈ અમારી સામે હતી.

> **વાસ્કોને ભારતનો કાંઠો મળ્યા પછી કેવો રાજીપો થશો હશે એ ખ્યાલ નથી પણ એના જેવો રાજીપો ઊછળી રહ્યો હતો. સાથે હોન્ડા પણ ઊછળતી હતી કેમ કે ગારી કહેવાય એવો સાંકડો ને ઊબડખાબડ રસ્તો હતો.**

એને પૂછ્યું કે તને ચારણ-કન્યા કવિતા આવડે છે, તો બે-ચાર કડી આવડતી હતી એ બોલી સંભળાવી. અમરૂભાઈ પાસેથી લેવાની હતી એ બધી વિગતો લીધી. સાથે ભોજન લીધું અને બપોર પછી રજા લીધી.

અમદાવાદ આવીને સ્ટોરી લખી નાખી. સ્ટોરી સાથે ચારણ-કન્યાને અનુરૂપ ચિત્ર પણ અમારા ચિત્રકાર (હવે સ્વર્ગસ્થ) રણમલ સિંધવે બનાવી આપ્યું, કેમ કે ફોટા તો હોય નહીં ચારણ-કન્યાના.

રિપોર્ટિંગ કર્યા પછી હોય એવું સામાન્ય મારું લખાણ હતું, જે મને તો બહુ દમદાર લાગતું હતું, પણ એવું હતું નહીં. સાહિત્ય અને પત્રકારત્વમાં એકસરખી જ હથોટી રાખતા અમારા એડિટર ધૈવતભાઇએ મારી સ્ટોરી રિ-રાઇટ કરી. પાનાં પર ગોઠવડાવી અને પછી હેડિંગ આપ્યું : સગાં દીઠાં અમે ચારણ-કન્યાનાં

***

અમરૂભાઈનો પરિવાર આજેય ત્યાં રહે છે. ચારણ-કન્યાના વારસદારો હોવાનો એમને કોઈ ભાર નથી, ગૌરવ જરૂર છે. ડાયરાના સ્ટેજ પરથી મર્દાનગીપૂર્વક ચારણ કન્યા કવિતા રજૂ કરતા મોટા ભાગના કલાકારો ચારણ-કન્યાના પરિવારની હયાતીથી અજાણ છે. એટલે ભાગ્યે જ એમનું નામ ક્યાંય લેવાય છે, પણ હકીકત એ છે કે ગીરમાં સગાં વસે છે ચારણ-કન્યાનાં.



MIRAL MISTRY KAUSHAL MISTRY JUGAL MISTRY



Wish You Happy Diwali & Prosperous New Year

Late Vinod Bharadia
Darshit Bharadia
Bhavin Bharadia

Rockwell Turnomatics
Rapid Turnomatics

CNC Turned Components & Machinery Parts

TUV SUD South Asia
An ISO 9001 - 2008 COMPANY

Plot No. 4, Survey No. 163/1, S.I.D.C. Main Road, Industrial Area,
Veraval (Shapar) Tal. Kotda Sangani, Dist. Rajkot - 360 024.
E-mail : rockwell.turnomatics@gmail.com


Since 1988

www.accumenspindle.com

ACCUMEN SPINDLE

100% Best Quality

MANUFACTURE OF
Internal Grinding Spindles,
CNC Turning Spindles,
VMC Spindles, SPM Spindles, Components for
Cincinnati Machine (USA) & Bocca (Italy).



Manufactured by :
ACCUMEN ENTERPRISE
Atlas Industrial Area, Plot No. 11/16,
Opp. Krishna Park Hotel, NH-8B,
Rajkot-Gondal Highway, Nr. Railway Crossing,
Khothariya (Rajkot-4.) | ✆ 0281-2782090 / 091 / 089
✉ accumenentp@gmail.com / info@accumenspindle.com
+91 98255 06140 | +91 98242 98522 | +91 99245 55542

We Support
Digital India

Pradeep Bakrania
Cell: 9925510945

Niranter Pragati, Techknow Ki Sanskriti
Since 1971

निरंतर प्रगति, टेक्नो की संस्कृति।

Biren Bakrania
Cell: 9825125406

Techknow Products

Brass Parts Machinery, M.S. Parts Machinery, S.P.M. Automatic Machine for non Ferrous Metal


Hinges Slot Mic


Double Head Turming & Threesting Mic


Rod & Section Cutting Mic


Light Slotting Mic


Double Head Slotting Mic


Threading & Tapping Mic


Manual & Automatic Milling M/c


Number Panching Mic


Wire Draw Mic


Turning Mic

P.M. PRODUCTS

Prashant Bakrania
Cell: 9925501439

B-4, Udhyognagar, Shanker Tekri, Jamnagar-361004.
Ph.: +91-288-2561668 / 2560699 | Email: techknow07@rediffmail.com

Manoj Bakrania
Cell: 9879173762

उपवन का अनुबंध, वचन से प्रतिबद्ध

UPVAN Ka Anubandh, Vachan Se Pratibaddh

Upvan Products



P.L.C. BASED AUTOMATIC ROD CUTTING MACHINE

40 M.M. DIA x 80 M.M. LENGTH (AS PER CUSTOMER REQUIREMENT)



CNC Servo-Type cutting machine

For all type of Section and Bar Cutting of Brass, Copper, and Aluminum and non ferrous metals



AUTOMATIC PNEUMATIC SECTION CUTTING MACHINE

40 M.M. HEIGHT x 60 M.M WIDTH x 100 M.M. LENGTH DIA CAPACITY (AS PER CUSTOMER REQUIREMENT)

Shwetank P. Bakrania
+91 95747 45198

Deshik B. Bakrania
+91 99784 48211

Upvan Products

I- Road, Plot No. 4078 To 4081, Phase-III, Dared, Jamnagar-004 (Guj.)
Email: upvan07@rediffmail.com

Pratosh P. Bakrania
+91 77789 55198

Utkarsh M. Bakrania
+91 99784 48815

સમાજ માટે ગૌરવની વાત



દેશ અને વિદેશના સનાતનીઓ માટે આસ્થાનું અનેરૂ પવિત્ર સ્થળ એટલે બેટ દ્વારકા. આ બેટ દ્વારકાથી જ દ્વારકાધીશનું મંદિરનું સંચાલન થાય છે. આવા બેટ દ્વારકા મંદિરના ટ્રસ્ટી તરીકે રાજકોટના યુવાન ઉદ્યોગપતિ

ભાવેશભાઈ મગનભાઈ બોરાણિયા

(જ્યોત એન્જિનિયરીંગ)ની ટ્રસ્ટી તરીકે નિમણુંક થઇ છે. ભાવેશભાઈ બોરાણીયાની આ નિમણુંકે સમગ્ર સમાજમાં ગુર્જર સુતાર સમાજને ગૌરવરૂપ અપાવ્યું છે.

ભાવેશભાઈ બોરાણીયાને હાર્દિક શુભેચ્છા...

: શુભેચ્છક :

શ્રી વિશ્વકર્માવિદ્યા નિકેતન ટ્રસ્ટ સંચાલિત

શ્રી ગુર્જર સુતાર કન્યા છાત્રાલય

શ્રી જગુભાઈ ભારદીયા (ચેરમેન)

શ્રી રમેશભાઈ તલસાણિયા (વાઇસ ચેરમેન)

: ટ્રસ્ટીશ્રીઓ :

શ્રી કેતનભાઈ ગજજર – શ્રી અમિતભાઈ ખારેચા

શ્રી મગનભાઈ બોરાણીયા – શ્રી ભુપેન્દ્રભાઈ વેકરીયા

શ્રી રાજુભાઈ ભારદીયા – શ્રી કિશોરભાઈ ખંભાયતા

શ્રી યોગીનભાઈ છનીયારા

Authorized Dealer JANATICS Pneumatic





NOVA VALVES



All Type of Pneumatics Fittings, Hydraulic Hose & Fittings

Fitwell Hydraulics

Mfg.: High Pressure Flexible Hose Pipe for Oil, Gas & Steam JCB Machine, Hydraulic Hose Pipe Etc.

Mansata Chowk, Opp. Poojara Telecom, Gondal Road, RAJKOT-360004. (Guj.) INDIA.

E-mail : fitwellhydraulics@yahoo.com

Contact : Yogesh Bhalodia - 99241 32332, 94997 55803

તમે કહો તો.

તમે કહો તો પંછી ગાતાં તમે કહો તો ડાળ
તમે કહો તો વાયુ વાતો તમે જ છો ઘટમાળ

તમે રહો તો રાત્યું ઝળહળ તમે મળો તો ભોર
તમે કહો તો આંખો સમદર તમે ઝરણ કલશોર

તમે અડો તો પથ્થર બોલે પ્રગટે મીઠું ગાન
તમે કહો ઝાંઝર ઝૂલે, ઝૂલે ઝગમગ ભાન

તમે હસો તો ફૂલો ઝરમર અને શ્વાાસમાં સરવર
તમે કહો તો આખું જીવતર રહે પ્રેમમાં તરબર



તમે ઝૂલાવો એમ ઝૂલીએ અમે હિંચકો હેમ
તમે આશના ઝૂલે રાખો સદા હેમ ને ખેમ!

જશુબહેન બકરાણીયા (રાજકોટ)

આતમ મારો ઝળકે

એક અજવાળું ઓચિંતું જ્યાં, આવીને રગરગમાં પ્રગટે,
આતમ મારો ઝળહળ થઈને સાચેસાચો ત્યારે ઝળકે.

આકાશે સિતારા ચમકે, એમ ચમકવું મારે ક્યાં છે?
હોય અંધારૂં કોઈનું તો, દીવો થઈ ઝળહળવું ત્યાં છે.
એ જ પ્રકાશે મુખડું કોઈનું પળ માટે પણ મલકે!
આતમ મારો ઝળહળ થઈને સાચેસાચો ત્યારે ઝળકે.

છાનીમાની શીખ મેં ઓલ્યા સૂરજ પાસેથી લીધી છે,
સમય સમય પર તેથી મેં તો અંધારાને માત દીધી છે.
એક ઘડીના છઠ્ઠા ભાગે, જ્યાં કિરણો સોનેરી છલકે!
આતમ મારો ઝળહળ થઈને સાચેસાચો ત્યારે ઝળકે.

જગ બગડેલું કોણ સુધારે? દંભી, કામચોર એ વિચારે,
પહેલ કરૂં હું ઘરથી મારા, પછી કહી શકું જઈ બીજાને.
પડકારૂં છું ખુદને જ્યારે, સતનું અજવાળું પણ ચમકે.
આતમ મારો ઝળહળ થઈને સાચેસાચો ત્યારે ઝળકે.



વિદ્યા ગઝ્ઝ 'વિદ્યા', રાજકોટ

ખુલ્લી બારી એથી
(અછાંદસ કવિતા)

ખોલું છું વ્હેલી પ્રભાતે જ્યારે ઘરની બારી,
ત્યારે જ મારો ખરેખર દિવસ ઉગે છે.

ઉગતો સુરજ, સુસવાટા મારતો પવન,
ઝરમર અને વરસાદની હેલી, ચંદ્રમાની ચાંદની,
ટપટપતા તારલાઓ આ બધુ નિહાળવું જ
મારી દિનચર્યા બની ગઇ છે !

દરેક વ્યકિતને તેના ઘરમાં ગમતો મનગમતો
એક ખૂણો હોય છે, તેમ બારીએ ઉભા રહી
દુનિયા નિહળવી મને બહુ ગમે છે.

તેથી જ દિવસભરના ઘણા કામ હું અહીં
બારીએ બેસી જ કરું છું. જેમ કે કપડા ઈસ્ત્રી
કરી સંકેલવા, શાક સમારવું, વાંચવું અને લખવું.

લોકો ચાલ્યા જાય છે, દોડતા જાય છે
હાથમાં સેલફોન લઇને વાત કરતા કરતા,
કોણ જાણે શેની ઉતાવળથી ? જીવનચક્ર
તો અવિરત ચાલ્યા જ કરે છે !

અનિકેત સાથે આંખોનું તારામૈત્રક પણ
અહીં બારીમાંથી જ રચાયું હતું ને ! પણ
જયારથી તેને ખબર પડી કે હું તો...

ભાભીનો ઓરડામાંથી અવાજ આવ્યો
એ લંગડી કયાં મરી પાછી બારી પાસે
રસોઇ કોણ બનાવશે તારો આતો ?

મેં આંખોમાં આવેલ ઝળઝળીયા સાથે
કહયું આવી, હો ભાભીમાં ને મનમાં જ
બોલી કાશ, રસોઇ પણ અહીં બારી પાસે
થતી હોત તો કેવું સારું !

ભાવિન કથ્રેચા (રાજકોટ)



ગુગલ(વાર્તા)

નટવર આહલપરા



વર્ગ ખંડની બારીનું પણ શું કહેવું ? બારીમાંથી બંને તારા મૈત્રક રચતા હતા. જયારે રાધાની આંખ કિશનને જુએ ત્યારે તેનું હૃદય ઢેલ માફક નાચી ઊઠતું હતું. બારી પાસે રાધાને કિશનની એક ઝલક દેખાય તેની પ્રતીક્ષા કરતી અને જેવો નયનનો ચહેરા બારીમાંથી દેખાયને તરત જ રોમાંચિત થઈ જતી.



રાધાને પિસ્તાલીસ વર્ષ પહેલાની પ્રણય સ્મૃત્તિ ભીંજવી રહી હતી. તેનાં મનમાં ગીત ગૂંજતું હતું. 'ચાહે પાસ હો, ચાહે દૂર હો, મેરે સપનોકી તુમ તસ્વીર હો' ૧૯૭૬માં કોલેજમાં જુન મહિનામાં પ્રવેશ લીધો હતો. જુન મહિનો પ્રથમ વરસાદનો મહિનો હતો.

હા, પ્રથમ વરસાદ પણ રાધાના અને કિશનના પ્રણયનો ભીનો ભીનો વરસાદ હતો. રાધાની અને કિશનની કોલેજમાં પહેલીવાર આંખ મળી હતી. આકાશમાં મેઘધનુષ્ય રચાયું હતું. કિશન કોલેજના ઘંટ પાસે ઊભો હતો. રાધા કોલેજની લોબીમાં થાંભલીના ટેકે ઊભી રહીને તેને ત્રાંસી આંખે જોઈ રહી હતી. માટીની ભીની સુગંધ તેનાં હૈયાને ઠંડક આપતી હતી.

આજ વીજળીનો ચમકાર કિશનની આંખ સુધી પ્રણયનો ચમકાર કરી રાધાની આંખ સુધી પહોંચી ગયો હતો. ને પછી તો પ્રણયનો અષાઢ વરસ્યા કરતો હતો. કિશનનો કોલેજના ઘંટ પાસે ઊભા રહેવાનો સહજ ક્રમ બની ગયો હતો.

વર્ગ ખંડની બારીનું પણ શું કહેવું ? બારીમાંથી બંને તારા મૈત્રક રચતા હતા. જયારે રાધાની આંખ કિશનને જુએ ત્યારે તેનું હૃદય ઢેલ માફક નાચી ઊઠતું હતું. બારી પાસે રાધાને કિશનની એક ઝલક દેખાય તેની પ્રતીક્ષા કરતી અને જેવો નયનનો ચહેરા બારીમાંથી દેખાયને તરત જ રોમાંચિત થઈ જતી. રાધા સીટિ બસમાં કોલેજ આવતી અને સિટિ બસમાં જ ઘરે જતી. બસમાં બેસે, બસ ઊપડે ત્યાં સુધી કિશન ઊભો તો રહેતો પણ રાધા તો બસમાંથી કિશનને જોયાં જ કરતી હતી.

સર્વત્ર આનંદની હેલી વરસતી હતી. રાધા અને કિશન પ્રણયના પડાવ પર આગળ વધી રહ્યાં હતા. જયાં સુધી સીટિ બસ ન આવે ત્યાં સુધી રાધા કોલેજની કમ્પાઉન્ડ વોલ ઉપર ફ્રેન્ડ સાથે બેસતી અને કિશન કેન્ટિન પાસે ઊભો રહેતો.

સાંજ તો સાંજ! રાધા અને કિશનને મળવાની સોહામણી સાંજ. તળાવના

કાંઠાથી મહાદેવના મંદિર સુધી આવતાં-જતાં બંનેની આંખ મળતી અને મીઠા ઈશારાથી એક-મેક જોઈ લેતાં ક્ષણનો ઈશારો પણ બંનેને તરોતાજા કરી દેતો હતો. થોડો સમય આવુ ચાલ્યું હતું. ક્યારેક રાધા કિશનને ન જુએ તો તેને ક્યાંય ગમતું નહીં. મનમાં નિરાશાના વાદળાઓ ઘેરાઈ જતાં હતા. જોકે આ પ્રણય બેલડી ઉપર મહાદેવની અનન્ય કૃપા વરસતી હતી.

કિશન અને રાધાને બે ઘડી મળવાનું સ્થાન મહાદેવનું મંદિર તો હતું પણ બંનેને મહાદેવના દર્શનનો અલભ્ય લ્હાવો મળતો હતો. મહાદેવના પ્રાંગણમાં કિશન પાર્વતી સમી રાધાને આવતી જોઈ પોતે પણ ભોળિયો બની જતો હતો તે રીતે રાધા પણ કિશન સામે ઈશારો કરતી અને તેનું હૈયું નૃત્ય કરવા લાગતું હતું. મળવાના બહાનાની બંનેને જરૂર નહોતી. બંને સહજ મળી જતાં હતાં. રાધા દિવાળીના દિવસોમાં રોશની જોવા નિકળતી હતી. રાધાની આંખમાં કિશનના દર્શનની રોશની ચમકી જતી ને રાધા અને કિશનની દિવાળી સુધરી જતી હતી. દિલમાં આનંદના રોકેટ ઊડતાં ને શરીર રોમાંચિત થઈ જતું હતું. સ્ફૂર્તિથી દિવસો પસાર થતાં હતાં.



રાધાએ કેમ છે? પૂછવાની શરૂઆત નજાકતથી કરી હતી. કિશન બઝારમાં તેનાં મિત્રની દુકાને સાંજે બેસવા જતો અને રાધા પણ મહાદેવના દર્શને નીકળતી હતી. ને રાધાએ કિશનને પૂછી લીધું 'કેમ છે?' બંને વચ્ચે બોલવાના શ્રી ગણેશ થયાં હતાં. મોમાં જાણે ગોળધાણાં આવી ગયાં હોય તેવી અનુભૂતિ કિશન રાધા એ કરી હતી. હૃદયથી હૃદય નજીક આવ્યાં હતા.

ચાલીસ વર્ષ પહેલાં રાધા-કિશન એકમેકને ફલાઈંગ કીસ કરી પ્રણયની બેડી મજબુત બનાવવા લાગ્યાં હતા.હૃદયથી પ્રેમ કરતાં પ્રેમીઓનો પ્રેમ પવિત્રતાનો પમરાટ પ્રસરાવે છે. કોલેજના ઉત્સવો પણ પ્રેમીઓને સમજવાની, નજીક આવવાની સુવર્ણમયી તક આપે છે.

કિશન અને રાધાના પ્રેમમાં પણ એવું બન્યું હતું. કોલજ ડે વખતે તેઓ વધુ નજીક આવ્યાં હતાં. રાધાએ ગરબે રમવામાં ભાગ લીધો હતો. જ્યારે કિશને એ સમયની ખૂબજ લોકપ્રિય અને હૃદયસ્પર્શી ફિલ્મ 'અમાનુષ' નું કિશોરકુમારે ગાયેલું સેડ સોંગ 'દિલ એસા કિસીને મેરા તોડા' ગાયું હતું. પણ નિર્દોષતાથી ગાયું હતું. તેનું કોઈએ દિલ તોડયું ન હતું પણ જોડયું હતું.એમતો પછીના વર્ષે કોલેજના વાર્ષિકોત્સવમાં 'મિલી' ફિલ્મનું કિશોરકુમારે જ ગાયેલું ગીત 'બડી સુની, સુની હે જિંદગી યે જિંદગી!' પણ ગાયું હતું.

પણ રાધા-કિશન પ્રેકિટસ કરવા કોલેજમાં રોકાતાં અને બંનેની પ્રીત ગાઢ બનતી જતી હતી. એકમેકને ગમવા લાગ્યાં હતા. એકબીજાને ગમતા રહેવાના શ્રીગણેશ કદાચ અહીંથી જ થયાં હશે.

હા, રાધા પણ ગીત ગાતી હતી. મનોમન ગીત ગણગણાતી.

'તસ્વીર તેરી દિલ મે જીસ દિન સે ઉતારી હે, ફિર તુ જે સંગ લે કે, નયેનયે રંગ લેકે, સપનોકી મહેફિલ મે'

રાધા-કિશનનો પ્રણય સમૃધ્ધ બનતો જતો હતો. રાધા-કિશનને કે બંનેને મળવાની નિયત જગ્યાએ ન જુએ તો તેને ચેન પડતું નહીં અને તે વિચારોનાં તરંગમાં અટવાઈ પડતી હતી. એ સમયે ઘરે ફોન હતાં નહીં ત્યાં મોબાઈલની વાત તો ક્યાં રહી ? હા, રાધા-કિશનને બીજે દિવસે જોતી ત્યારે તેનાં હૈયે ટાઢક થતી. રાધાનું મન પ્રફુલ્લિત થઈ જતું. બંને એકવાર ક્રિસન્ટ સર્કલનાં રેસ્ટોરન્ટમાં ભેગાં થયાં હતાં અને આઈસ્ક્રીમની ઉજાણી કરી હતી.

કોલેજના દરવાજામાં જતાં જમણી બાજુ નાનો દરવાજો હતો. કિશન ત્યાં આવતો અને રાધા પણ સાથે જોડાતી. બંને કોલેજના પાછળના રસ્તા ચાલતા ચાલતા એકમેકને જોયાં કરતાં અને મનભાવન વાતો કરી સલૂણી સંધ્યાને માણતાં હતા.

રાધા તો કિશનને જોઈ ગીત ગાતી,

કિતના હસી સફર હે, કિતના હસી મોસમ હે સાથી હે ખૂબસુરત, યે મોસમ કો ભી ખબર હે.

પ્રણયના ગુલાબ, ગુલમહોર ખીલતા હતા. રાધા અને કિશન સંગમ ટોકિઝમાં એકવાર શમ્મીકપુરનું 'પ્રોફેસર' ફિલ્મ સાથે જોવાં ગયેલા. તેનું કર્ણપ્રિય હૃદયસભર ગીત.



'આવાજ દેકે હમે તુમ બુલાઓ, મુહોબત મેં ઈતના ના હમકો સતાઓ'.

આ ગીત આજે ચાલીસ વર્ષ પછી રાધાના દિલને ધૂજાવી દે છે, શરીરના રૂંવાડા ઊભા કરી દે છે. બંનેએ સાથે પિકચર જોયું હતું એટલે રાધાને કિશનના સ્પર્શનો અહેસાસ પણ થયાં કરે છે.

આ અનુભૂતિનો આનંદ અલૌકિક હોય છે. દિલના ધબકારા વધી જાય અને શરીરની નસેનસમાં રૂધિરના બુંદે બુંદમાં સ્નેહની સરિતા વહે છે. રાધા અને કિશન કોઈના કોઈ ઉત્સવે મળતા હતાં. રાધા મર્યાદાશીલ પરિવારની પુત્રી હતી. પિતાનું શિક્ષણ જગતમાં ખૂબ જ માન-સન્માન હતું. શિક્ષણવિદ ખરા અર્થમાં શિક્ષણવિદ હતા.

જે કે કિશન- રાધા પણ પોતપોતાના ક્ષેત્રમાં પ્રતિભા સંપન્ન હતો. કોલેજનું છેલ્લું વર્ષ હતું. ઉત્તરાયણ ઉત્સવ સૌ મનભરીને ઉજવતા હતા. કિશન પણ રાધાના ઘરની બાજુમાં રહેતા મિત્રને ત્યાં ઉતરાયણ મનાવવા ગયો હતો. અગાસીમાંથી મિત્ર સાથે પતંગ ઉડાડવાનું એક બહાનું હતું પણ બાજુમાં રહેતી રાધાના દિલમાં પતંગો ચગાવવા હતાં. અને રાધાએ પોતાની ઘરની બારીમાંથી કિશન જોયો. બંનેએ સ્નેહની દોરી ખેંચી અને પ્રણયનો પતંગ પ્રેમનાં આકાશમાં ભરપુર ઊડ્યો હતો.

પણ કિશન-રાધાને એક ઝલક દેખાડીને જતો રહ્યો હતો. પછી તો દર ઉત્તરાયણે રાધા-કિશનની પ્રતીક્ષા કરતી હતી. ઉત્તરાયણે તો કિશન ન આવ્યો પણ નવરાત્રિમાં રાધાની શેરીમાં ગરબા હતા. રાધાને ગરબા ગાતી જોઈ કિશનનું હૈયું નાચતું હતું. કિશન અને રાધાની આંખ મળતી હતી. બંનેના દિલમાં કુછ કુછ હોતા થા. રાધાની મિત્ર મશ્કરી કરતી મીઠી મશ્કરી રાધાનું મન બોલતું, ગાતું હતું: 'તેરે ખ્યાલો મેં હમ ખો જાતે હે. તેણી વિચારતી કે હવે જયારે કિશનને મળીશ ને ત્યારે સાથે સમય કેમ વીતાવશું તેનો વિચાર કરી મીઠાં સપનાઓમાં ખોવાઈ જતી હતી.

સમય, રાધા-કિશનને નવાં નવાં મુકામે મુલાકાત કરાવતો હતો. ગૌરીશંકર તળાવ, બોર તળાવના ઉધાનમાં કિશન અને રાધા મળ્યાં હતાં. ને માઈકમાં ગીત વાગતું હતું, 'દેખો મેને દેખા હે એક સપના, ફૂલો કે શહેર મેં હે ઘર અપના. પ્યાર વહા હે'. બંને રીક્ષામાં સાથે આવ્યાં અને સાથે ગંગાજળિયા તળવા સુધી ગયાં હતાં. ફરી કિશને રાધાના ગાલ પર કિસ કરી હતી ને ... ! અબજ, ખર્વો રૂપિયા ખર્ચતા ન મળે એવી પ્રણયની દૂર્લભ ક્ષણો બંનેએ માણી હતી. રાધા-કિશનની લાગણી છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં ગાઢ બનતી જતી હતી. રાધાને અનુભૂતિ થતી હતી, 'તુમ જો આયે જીંદગી મેં બાત બન ગઈ'.

જાણે દુનિયાનું બધું સુખ મળી ગયું હતું. બંનેએ ખૂબ વાતો કરી હતી અને ત્યારબાદ જાણે કાયમ માટે છૂટાં પડ્યાં હતા. સમયના વાણાં વહી ગયાં. ચાલીસ વર્ષના વાણાં વાઈ ગયાં હતા. એક રાતે રાધાને સ્વપ્નામાં નયન આવ્યો. રાધા સફાળી જાગી ગઈ હતી. તેને થયું ગમે તે થાયે એકવાર તો કિશનને મળવું છે. ભલે હું બાંસઠ વર્ષની કુંવારી રહી ગઈ પણ કિશન જો મળી જશે તો મારું કુંવારા પણું મટી જશે. હું કિશનની રાધા બની જઈશ.

મારે આમને આમ મરી નથી જવું. ને રાધાએ લેખક કિશનના મોબાઈલના નંબર ગુગલની મદદથી મેળવ્યાં ને કિશનને ફોન કર્યો. હા, ફોન કર્યો હતો. કિશનના હૃદયના ધબકારા વધી ગયાં હતા. પહેલાં તો તેનાં મનમાં કેટકેટલાય વિચારો આવ્યાં હતા. કિશન મને ઓળખશે? મારી સાથે વાત કરશે? પણ રાધા-કિશનના પવિત્ર પ્રેમની જીત થઈ હતી. બંનેના બત્રીસ કોઠામાં ટાઢક થઈ હતી. બંને ફોન ઉપર મળ્યાં. બીજે દિવસે કિશનનો જન્મ દિવસ હતો. વિડિયો કોલ કરી રાધાએ કિશનના જન્મ દિવસે અભિનંદન આપ્યાં હતા. બંનેના હૃદયમાં હજારો અંકુરો ફૂટયાં.

રાધા ક્યાંય સુધી મોબાઈલમાં ગુગલને ચૂમી ભરતી રહી... ચૂમી ભરતી રહી !

ઋણાર્ધ(વાર્તા)

જલ્પેશ વાઘેલા
(મોરબી)





મારી આંખો તરફ મીશાનો ચહેરો તરવરી ઊઠ્યો, કે જેના પર મારો કોઈ જ અધિકાર નથી. મીશાના ચહેરા પર જોવા મળેલો નૈતિક અધિકાર એ માત્ર ને માત્ર મારો ભ્રમ હતો. આવી રીતે મારી દશા નિઃસહાય થતા, મારી જાતને મૂલાવવાં,મારી જાત સાથે જીવવાનું શીખવાં અહીં ભાગ્યો આવું છું.

સાંજના ૬.૩૦ વાગ્યે જામનગર-કટરા ટ્રેન કટરા સ્ટેશને પ્લેટફોર્મ પર ઊભી રહેતા, હું કાતિલ ઠંડીમાં મારા ફર્સ્ટ કલાસ કોચમાંથી નીચે ઉતર્યો. ટ્રોલીબેગને હળવે હાથે હડસેલતો મારા કાયમીના મુકામ એવી હોટેલ હેવેન માટે મેં ટેક્સી પકડી. હું અવાંર-નવાંર કટરા માતા વૈષ્ણોદેવીના દર્શન માટે આવું છું. મનની શાંતિ માટે અને મારી જાતને આશ્વાસન આપવા માટે. કટરાની બજારોમાં દિવાળીનો માહોલ ચોતરફ જોવા મળતો હતો. ઝળહળતી રોશનીઓએ દીવાળીનો માહોલ બનાવવા કોઇ કસર રાખી ન હતી. સ્થાનિકો અને ટુરીસ્ટ ટોથી ભરેલા રસ્તાઓ વચ્ચે મારી ટેક્સી રસ્તો કરતી હોટેલ હેવેન પહોંચી. હું ટેક્સીનું ભાડું ચૂકવી વેઇટિંગ પેસેજમાં પ્રવેશ્યો. મારો પરિચિત રીસેપ્શનિસ્ટ કૃણાલ મને જોઇને બોલી ઉઠ્યો.''અરે સરજી, ના કોઈ ફોન, ના કોઈ ખબર આજ અચાનક ચલે આયે?''

''હા કૃણાલ, મન બહોત બૈચેન થા, તો ચલા આયા. ક્યાં મુજે કમરા મિલ શકતા હૈં?''

''હાં જી બિલકુલ સા'બ, આપકા ફેવરિટ ૨૧૬ નંબર કા કમરા રેડી હૈ. આપકે હી સ્પેશિયલ રેટમેં.આપ ચલિયે, મેં લગેજ ઔર ચાવી ભીજવતા હું.''

હું હાથમાં કોટ લઈ લિફ્ટ તરફ ગયો. વેઇટિંગમાં બેઠેલા મુસાફરો મને તાકી રહ્યા. આમ એકલા યુવાન પુરુષને ધાર્મિક જગ્યાએ જોઇને વયોવૃદ્ધ મુસાફરોના ચહેરા પર આશ્ચર્યના લીસોટા લીંપાયેલા હું જોઈ શક્યો. હું થોડી વારમાં મારી રૂમમાં પ્રવેશ્યો, બેરર જરૂરી વ્યવસ્થા કરીને જતો રહ્યો. હું મારા રૂમની ફુલ ગ્લાસ વિન્ડોમાંથી દેખતાં માતા વૈષ્ણોદેવીનાં સ્થાનકને અહોભાવથી નિહાળી રહ્યો.

આવા પ્રદેશમાં રાત વહેલી થઈ જાય છે.પરંતુ આજ દિવાળી હોવાથી, દીવાનો ઝળહળાટ આ પ્રદેશને પ્રકાશિત કરી રહ્યો હતો. ડિનરની ઈચ્છા ન હોવાથી મેં માત્ર દૂધ જ ઓર્ડર કર્યું. અને હું ફરી પાછો અંધારામાં ગરકાવ થયેલા આ પ્રદેશને નિહાળી રહ્યો. હવે માત્ર ક્યાંક ક્યાંક વીજળીના દીવા જ બળતા હતા. અને ઠંડીનું જોર વધતું જતું હતું. પરંતુ આ પ્રદેશ શાંત બનતો જતો હતો. હું પણ મારા જીવનમાં ઊભી થયેલી અશાંતિને દૂર કરવા, મનની

શાંતિ મેળવવા, આટલે દૂર દોડી આવ્યો હતો.

મારી આંખો તરફ મીશાનો ચહેરો તરવરી ઊઠ્યો, કે જેના પર મારો કોઈ જ અધિકાર નથી. મીશાના ચહેરા પર જોવા મળેલો નૈતિક અધિકાર એ માત્ર ને માત્ર મારો ભ્રમ હતો. આવી રીતે મારી દશા નિઃસહાય થતા, મારી જાતને મૂલાવવાં,મારી જાત સાથે જીવવાનું શીખવાં અહીં ભાગ્યો આવું છું.

હું એટલે પલાશ. હું અને નિર્વાણા વર્ષો જુના મિત્રો છીએ. જેને ચડ્ડી મિત્રો પણ કહી શકાય. અમે બન્ને ખુબ જ હેન્ડસમ છીએ. કોલેજમાં અમારો સિક્કો ઉછળતો. પરંતુ અન્યોના અભિપ્રાય મુજબ હું નિર્વાણા કરતાં વધારે હેન્ડસમ કહેવાઉં. મારામાં ખૂબ જ સેલ્ફકોન્ફિડન્સ છે. હું ખૂબ જ દેખાવડો છું.આવી આવી સભાનતાએ મારામાં એક ખુમારી જન્માવી હતી.

એક દિવસ અચાનક જ નિર્વાણાનો ફોન આવ્યો.''પલાશ,આઈ એમ ઈન લવ વિથ સમ વન. આજે સાંજે આપણે મળીએ. હું તને ઈન્ટ્રો કરાવીશ. આજે સાંજે છ વાગ્યે વુડી જોન્સમાં આવી જજે.''

હું ખૂબ ખુશ થયો, મેં તેને અભિનંદન આપ્યાં. અને તે સાંજે નિર્વાણે તેની પ્રેમિકા મીશા જોડે મારો ઈન્ટ્રો કરાવ્યો.''મીશા મીટ માય બેસ્ટ ફ્રેન્ડ પલાશ.''

મારા તરફ જોતાં મીશા થોડું હસી.''નિર્વાણા તો તમારી એટલી ફેવર કરે છે, એટલાં વખાણ કરે છે કે હું સ્ત્રી છું છતાં પણ મને તમારી ઈર્ષ્યા થાય છે, પલાશ''

> **મીશાના શબ્દોએ મારી અંદરના પુરુષને જાગૃત કર્યો. મારો અહમ્ પોરસાયો. આમ પણ હું મીશા પ્રત્યે આકર્ષાય ચુક્યો હતો. તેમાં પણ નિર્વાણની ગેરહાજરીમાં થતું વારંવારનું મિલન મને મીશા તરફ વધુ ને વધુ ધકેલતું ગયું.**

મેં સામે હસતાં કહ્યું; ''નિર્વાણને તો મેં અભિનંદન આપી દીધા.તમને પણ નિર્વાણ જેવો હેન્ડસમ અને સાલસ યુવાન મળવા બદલ અભિનંદન.''

''થેન્ક્સ અ લોટ, અમારા મેરેજમાં વહેલાં વહેલાં આવી જજો. એની વે તમે ખુબજ હેન્ડસમ છો પલાશ. તમારાં તરફથી નજર હટાવવાનું મન નથી થતું. કાશ હું નિર્વાણની પહેલાં તમને મળી હોત.''

મેં વાત બદલતાં કહ્યું; ''ચાલો, બહુ મજાક થઈ ગઈ. અને મેરેજમાં તો તમે નહીં બોલાવો, તો પણ હું આવવાનો જ.''અને એક દિવસ નિર્વાણ અને મીશા ધામધૂમથી પરણી ગયાં. લગ્ન પછી પણ બન્ને જ્યાં જાય ત્યાં મને સાથે લઈ જવા લાગ્યાં. હું પણ જવા લાગ્યો, મને પણ તે લોકોની કંપની ગમવા લાગી. નિર્વાણ સાથે તો હું પહેલાં ફરતો જ પરંતુ મીશાના આવવાથી કોઈ ફર્ક પડ્યો નહિ.

એક વખત નિર્વાણને તેની કંપનીના કોઈ પ્રોજેક્ટ માટે અમેરિકા જવાનું થયું. મીશાની ટોપ પોઝિશન વાળી જોબ અહીં ચાલું હતી. માટે તેણે જવાની સ્પષ્ટ ના કહી દીધી. અને નિર્વાણ એકલો જ ચાલ્યો ગયો. અને પૂર્વરત રીતે હું અને મીશા મળવા લાગ્યાં. ફિલ્મો જોતાં, હોટેલમાં મળતાં, ક્યારેક તે મારી ઑફિસ આવતી તો ક્યારેક હું તેની ઑફિસ જતો. એક દિવસ કોફી શોપમાં બેઠાં બેઠાં મીશાએ મને કહ્યું; ''પલાશ હજુ પણ કહું છું, કે નિર્વાણની પહેલાં જો તું મને મળ્યો હોત, તો આપણે બન્ને અત્યારે પતિ-પત્ની હોત. છતાં પણ તું નિર્વાણનો મિત્ર છો એટલે તારો સહવાસ પ્રાપ્ત થાય છે. તેનાથી મને સંતોષ છે, પરંતુ જીવનમાં બધી જ ઈચ્છાઓ થોડી પૂર્ણ થાય છે?''

મીશાના શબ્દોએ મારી અંદરના પુરુષને જાગૃત કર્યો. મારો અહમ્ પોરસાયો. આમ પણ હું મીશા પ્રત્યે આકર્ષાય ચુક્યો હતો. તેમાં પણ નિર્વાણની ગેરહાજરીમાં થતું વારંવારનું મિલન મને મીશા તરફ વધુ ને વધુ ધકેલતું ગયું. અને અમો એક બીજામાં એકાકાર થતાં ગયા.અને હું યુવાનમાંથી સંપૂર્ણ પુરૂષ બની ગયો.

છ મહિના પછી નિર્વાણા અમેરિકાથી પાછો ફર્યો. તે ખૂબ જ ખુશ હતો. હું જ્યારે પણ મીશાને ફોન કરતો કે મળવા બોલવાતો ત્યારે તે કોઈ ને કોઈ બહાનું કાઢી અમારા મિલનને ટાળતી રહેતી. મીશાના આવા વર્તન પરથી મને લાગ્યું કે મીશાએ નિર્વાણના વિયોગનો ખાલીપો દૂર કરવા માટે જ મારો ઉપયોગ કર્યો હતો. અને હું લાગણીની પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો. પાછા ફરવું મારા માટે મુશ્કેલ જરૂર હતું. પરંતુ અશક્ય ન હતું.

એક વખત અચાનક જ હું મીશાને મળવા તેની ઑફિસ પહોંચી ગયો.''મીશા મારે તારા જોડે થોડી સ્પષ્ટતા કરવી છે. તું ફ્રી હોય ત્યારે આપણે મળીએ છીએ.'' મેં કહ્યું;

''પરંતુ.''

બહાનું કાઢવા જતાં મીશાને મેં અટકાવી.''મળવું તો પડશે જ, કોઈ બહાનું ચલાવી નહીં લઉં. નિર્વાણની ગેરહાજરીમાં તો લાગણીનાં બારેય કળશ મારા પર ઢોળ્યા હતાં. પ્રેમનો વરસાદ વરસવ્યો હતો. હું તને દુનિયાનો શ્રેષ્ઠ પુરૂષ લાગતો હતો. અને ત્યારે તો તું મળવા માટે બહાના શોધતી હતી.અને અત્યારે ન મળવા માટે તારી પાસે કારણો નો ખડકલો થઈ ગયો છે?''

મારી નિશ્ચિતતા જોઈ મીશાએ કહ્યું; ''ભલે, સાંજે સીસીડીમાં મળીએ છીએ, ચાલશે?''

''ઓકે.'' મેં કહ્યું.

મીશા પાસેથી છૂટો પડી મારી ઑફિસ આવ્યો, પરંતુ કામમાં મન ન લાગ્યું. નિર્ધારિત સમયે નિર્ધારિત સ્થળે હું પહોંચી ગયો.

મીશા મારી રાહ જોતી બેઠી હતી. ''નિર્વાણનો ફોન હતો. આજ સાંજના શોમાં અમે મુવી જોવા જવાના છીએ. એટલે હું થોડી વહેલી આવી ગઈ. તારે મારું શું કામ પડ્યું? આમ અચાનક જ?''

''કેમ, કામ હોય તો જ મળવાનું?'' મારા શબ્દોમાં રોષ હતો.

''પરંતુ હવે સંજોગો બદલાયા છે. પહેલાં કેટલું મળતાં હતાં ખરૂં ને?''મીશા ફિક્કું હસી.

''મીશા, મને પામતાં પહેલાં અડધી રાત્રે પણ તારી પાસે સમય હતો. હવે અત્યારે બિલકુલ સમય નથી? મીશા તારે પતિ છે. કાલ સવારે બાળક પણ હશે. પરંતુ મારી પાસે તો તું એક જ છે. મારી લાગણી અખંડ છે. તું નિર્વાણા સાથે ભલે જોડાયેલી રહે. અડધો હિસ્સો તો મારા ભાગ્યમાં લખી દે. હું આજીવન લગ્ન નહીં કરૂં, હંમેશાં તારો બનીને એકલો જ આ જીવન વીતાવીશ.'' હું રીતસર કરગરી ઉઠ્યો.

''આપણા સબંધ બાબતે જો નિર્વાણાને જાણ થાય તો તેને કેટલું દુઃખ પહોંચે? ક્યારેક ક્યારેક મળીએ છીએ, મળતાં પણ રહીશું. આટલાથી તારે સંતોષ રાખવો જોઇએ.''

''મીશા તેં ઇમોશનલી મને બ્લેકમેઇલિંગની સાથે સાથે મારા આત્માને પણ પામ્યો છે. મને પામવા જ તે આવું ખોટું નાટક કર્યું? આ હું સમજી ન શક્યો. અને જાણતાં કે અજાણતાં હું નિર્વાણાનો પણ ગુનેગાર બની ગયો છું.'' અને રડવું રોકી ન શકતાં હું ત્યાંથી ચાલ્યો ગયો.

આવા પ્રેમના ઊભરા શમતાં મને વાસ્તવિક્તાનું ભાન થયું. પરિણીત સ્ત્રી આખરે તો તેના પતિની જ છે. હું તો લાઇન તોડી વચ્ચે ઘૂસ્યો હતો, મેં ખૂબ જ આઘાત અનુભવ્યો.

મેં મીશા સાથેના સંબંધમાં પૂર્ણવિરામ મૂકી દીધું. આ સઘળી વાતથી અજાણ એવો નિર્વાણા મને મળવા આવ્યો. અને નિર્દોષ ભાવે બોલ્યો; ''કેમ પલાશ દેખાતો નથી? તેં તો આપણાં સબંધો જ ભૂલાવી દીધા. નથી સાથે ફરવા આવતો, નથી હોટેલમાં આવતો, ઘેર પણ આવતો નથી. તને કેટલી વાર ફોન કર્યા, ફિલ્મ જોવા પણ ન આવ્યો. હું તો નવા પ્રોજેક્ટ પર કામ કરૂં છું, એટલે ખૂબ બિઝી રહું છું. તારે તો આવવું જોઇએ ને? મીશાને પૂછ્યું તો તેણે કહ્યું; હું શું જાણું, પલાશ તારો ફ્રેન્ડ છે. તેને કઈ વાતનું ખોટું લાગ્યું હોય મને શું ખબર?''

ખોટું ખોટું હસીને મેં કહ્યું; ''જરૂર મળીશ, ફોન પણ કરીશ.'' બીજું કહું પણ શું?

મારું મન ખૂબ જ વ્યગ્ર હતું. લાગણીથી ઘવાયેલો હું માતાના દર્શને આવી ગયો.

બારીમાંથી બહાર જોતાં જ મેં અડગ નિર્ણય કર્યો.આવતી કાલથી શરુ થતાં નવા વર્ષે હું મારા જીવનમાં પરિવર્તન લાવીશ. સમય જતાં બધું જ વિસારે પડી જશે. પચ્ચીસ વર્ષની ઉંમરે અભયજ્ઞાન થયું છે. હું મને અનુરૂપ યોગ્ય જીવન સાથી મળશે ત્યારે પરણી જઇશ. મારે મારું જીવન શા માટે બરબાદ કરવું જોઇએ? પરિણીત સ્ત્રીઓનો પ્રેમ ક્ષણિક હોય છે. તેનાથી જીવનભર મુકામ થઈ શકતો નથી.

ફેર પડે

- મયૂર અંજારિયા, રાજકોટ.

'કાલે બજારે નવું ધોતિયું લેવા ગયો શું સમજ્યા ? નેવું રૂપિયા કીધા નેવું શું સમજ્યા ? આ લોકો શરીર ઉપર હવે એટલું ય નહીં રહેવા દે શું સમજ્યા ?' – આપણને કહેવાનું મન થાય કે, 'અમે તો ઘણું સમજી ગયા, તમે શું સમજ્યા ?'

સમાજમાં આવા 'તકિયા કલામકારો' ઘણા છે. વાતવાતમાં 'એમ કે?' અથવા તો 'બરાબર ?' કહેવાવાળા તો અસંખ્ય ! 'મારા બાપાને અમે ત્રણ દીકરા... બરાબર ?' આપણે કહેવું પડે, 'બરાબર !' (એમાં આપણને વાંધો ય શું હોય ?) 'અમે બે ભેગા છીએ બરાબર ? એ..યને આનંદ કરીએ છીએ બરાબર ? – અને સહુથી નાનાની બાયડી કપાતર છે તે જુદો રહે છે બરાબર ?' (આપણે કહેવું જોઇએ, 'ના, આ બરાબર નથી !')

આવા એક મિત્ર દરેક વાક્ય પાછળ 'એટલે' લગાવે છે. આખું વાક્ય પૂરું થાય પછી ધીમેથી ઉમેરે – 'એટલે !' ખાસ કરીને ફોનમાં – 'એક કામ કર, તું બપોરે ઓફિસે આવ એટલે ! અરે, ભાભીને પણ સાથે લાવ ને એટલે !' એટલેની જેમ એક ભાઇ દરેક વાક પાછળ 'બાકી' લગાવે છે. દર વખતે કંઇ કહેવાનું બાકી રહી જતું હશે !

બીજા એક સદ્‌ગૃહસ્થ વાતના જવાબમાં 'હોય નહીં...!' –થી જ પ્રતિક્રિયા આપે છે. કોઇ કહેશે, 'તમારો બાબો હોંશિયાર છે હોં !' 'હોય નહીં!' એ તો ઠીક છે પણ જ્યાબે એ બાબાનો જન્મ થયો ત્યારે નર્સે આવીને સમાચાર આપ્યા કે 'તમારે ત્યાં પુત્ર જન્મ થયો છે' ત્યારે પણ કહેલું, 'હોય નહીં...!' નર્સ કહે, 'શું હોય નહીં ? એવું છે જ – તમને ખબર હોય કે મને ?'

અમારા એક અંકલનો તકિયાકલામ છે – 'ફેર પડે !' 'ભોગીલાલ કંદોઇનો મોહનથાળ ખાવ, ફેર પડે !' 'બકરીનું દૂધ પીધું છે કોઇ દિ' બકરીનું ? – ફેર પડે !' (કોને ફેર પડે – બકરીના માલિકને, બકરીને કે આપણને ?')

હવે દિવસની હજાર વાત હોય, દરેક વાતમાં દર વખતે શું ફેર પડતો હશે એ તો એમને જ ખબર પણ – ફેર પડે !'

સુજોક એકયુપ્રેશર દ્વારા
અસાધ્ય રોગોની સારવાર

સુજોક એકયુપ્રેશર પદ્ધતિમાં કોઈપણ જાતની દવા લેવાની જરૂર પડતી નથી. માત્ર હાથના પંજામાં એકયુપ્રેશર પોઇન્ટ ઉપર પ્રેશર આપીને તેમજ મેથીના દાણા–મેગ્નેટ અથવા રંગ દ્વારા દર્દીને સારવાર આપી શકાય છે. આ સારવાર કોઈપણ જાતની દવા ચાલતી હોય તો પણ કરી શકાય છે. જેમ જેમ સારૂ લાગે તેમ તેમ દવા ઓછી કરી શકાય છે. મેથીના દાણાં–મેગ્નેટ અથવા રંગ દિવસમાં એક વખત જ લગાડવાનો હોય છે.

આ પદ્ધતિથી...

- હાઇ-બી.પી. • લો-બી.પી. • કોલેરેસ્ટ્રોલ
- એનિમિયા • માનસિક બિમારી • ડાયાબીટીસ
- એલર્જીક દર્દી • માસિક ધર્મને લગતી તકલીફ
- સાયટીકા • સર્વાઇકલ • કમર, પીઠ, ખંભાના દર્દો
- નાના બાળકોને પથારીમાં પેશાબ થવો • માઇગ્રેન
- ગોઠણનો દુઃખાવો • હરસ-મસા • સંધીવા
- ખોડો • ખીલ • ચશ્માના નંબર ઉતારવા
- કિડનીને લગતા દર્દો • ઉંઘ ન આવવી
- હાઇટ વધારવી • વજન ઘટાડવું

લગતા કોઈપણ પ્રોબ્લેમ અને
ગંભીર બીમારી જેવા કે...

- હૃદયના દર્દો • આર્ટરી બ્લોકેજ
- લકવા(પેરાલીસીસ)

વગેરે દર્દોની સારવાર ઓછા ખર્ચે થઇ શકે.



અમદાવાદ

વિશાખા વિશાલ ગજજર
(સુજોક થેરાપીસ્ટ)
મો. ૯૯૭૯૮ ૭૧૨૮૪

આરોગ્યમ્
alternate healing clinic

૪૩, રામવાડી સોસાયટી,
શાંતારામ હોલની સામે,
નિર્ણયનગર, અમદાવાદ.

જામનગર

મેઘા ભાવિન પંચાસરા
(સુજોક થેરાપીસ્ટ)
મો. ૯૪૨૬૯ ૯૫૦૮૫

ફોન પર એપોઇન્ટમેન્ટ
લઇને આવવું.



: શુભેચ્છક :

સુનિલ ગજજર - ૯૮૨૪૨ ૧૦૯૧૦

જીજ્ઞેશ સંચાણિયા - ૯૮૯૮૦ ૧૦૯૧૦

INNOVATIVE
mould works

Plot No. 1 to 4, Survey No. 35/2/7, After Shri Raj Castech, NH-27, Pipaliya Gundasara Road,
Village Pipaliya, Rajkot-360311. Gujarat (INDIA). M: +91 982 421 0910
E : sunil@imould.co.in | W : imould.co.in



રવિટેકનોફોર્જ જેવા યુનિટો નરેન્દ્ર મોદીનું વિકસીત ૨૦૪૭નું ભારતનું સ્વપ્ન સાકાર કરશે : કલેકટર પી.બી. પંડયા

● પ્રવીણ ગજજર

જાયવા ખાતેના યુનિટમાં ૬૦ કરોડના મશીનનું ઉદઘાટન કરતા જામનગર કલેકટર પી.બી. પંડયા





જામનગર રોડ પર ધ્રોલ પાસેના જાયવા ખાતે ૮૦૦ કરોડના ખર્ચે શરૂ થનાર રવિ ટેકનોફોર્જ પ્રા.લી.ના નવા યુનિટમાં ૬૦ કરોડ રૂા.ના મશીન Hetebur High Speed ફોર્જીંગ મશીનનું ઉદઘાટન રવિ ટેકનોફોર્જ પ્રા.લી.ના ચેરમેન અમુભાઇ ભારદીયાના જન્મદિને ૧૭ ઓકટોબરના રોજ જામનગર જીલ્લાના કલેકટર પી.બી. પંડયાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. કલેકટરે વિશ્વકર્મા પ્રભુજીનું પૂજન-અર્ચન કરી શ્રીફળ વધેર્યા બાદ મશીનની સ્વીચ ઓન કરી, મશીનનું ઉદઘાટન કર્યું હતું. રવિ ટેકનોફોર્જ પ્રા.લી.ના ચેરમેન અમુભાઇ ભારદીયા, રત્નમણી ગ્રુપના ચેરમેન પ્રકાશભાઇ સંઘવી, જોઇન્ટ મેનેજીંગ ચેરમેન જયંતીભાઇ સંઘવી વગેરેએ પણ મશીનની પુજા કરી શ્રીફળ વધેરી ઉદ્ઘાટન કર્યું હતું. હર્ષા એન્જિ.ના ચેરમેન રાજુભાઇ શાહ, ધ્રોલના પુર્વ તાલુકા પંચાયતના પ્રમુખ અને









અમને સારા પાર્ટનર મળ્યા તેનો અમને આનંદ છે : શ્રી પ્રકાશ સંઘવી



દિપસિંહજી ધ્રોલ ભાયાત રાજપુત છાત્રાલયના પ્રમુખ પ્રદ્યુમનસિંહ સુરેન્દ્રસિંહ જાડેજા, રવિ ટેકનોફોર્જના જો. મેનેજીંગ ડાયરેકટર રાજુભાઇ ભારદીયા, ઓપરેશન વાઇસ પ્રેસીડેન્ટ રવિન્દ્ર, પ્લાન્ટ હેડ રાકેશ ત્રાંબડીયા, સીએફઓ દુષ્યંત, જગુભાઇ ભારદીયા, શાંતિભાઇ ભારદીયા સહિતના મહાનુભાવો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે યોજાયેલ ઉદ્ઘાટન કાર્યક્રમના પ્રારંભમાં રવિ ટેકનોફોર્જ પ્રા.લી.ના જોઇન્ટ મેનેજીંગ ડાયરેકટ રાજુભાઇ ભારદીયાએ જીલ્લા કલેકટર પી.બી. પંડ્યા અને રત્નમણી ગ્રુપના ચેરમેન પ્રકાશભાઇ સંઘવી, જોઇન્ટ મેનેજીંગ ડાયરેકટર જયંતિભાઇ સંઘવી અને હર્ષા એન્જિ.ના રાજુભાઇ શાહનું શાબ્દીક સ્વાગત કર્યું હતું. ૬૦ કરોડના આ મશીન ખરીદવા અંગેની ચર્ચા આવુ કિંમતી મશીન લેવા જ જોઇએ તેવો આગ્રહ કરનાર રાજુભાઇ શાહનો તેમણે વિશેષ આભાર માન્યો હતો. આ પ્રસંગે મહાનુભાવોએ પ્રાસંગીક ઉદ્બોધન કર્યું હતું.

જીલ્લા કલેકટર



જામનગર જીલ્લા કલેકટર પી.બી. પંડ્યાએ જામનગર જીલ્લામાં આવી મોટી ઇન્ડસ્ટ્રીઝ શરૂ કરવા બદલ રવિ ટેકનોફોર્જ પ્રા.લી.ના ચેરમેન અમુભાઇ ભારદીયા અને રત્નમણી ગ્રુપના ચેરમેન પ્રત્યે આભારની લાગણી પ્રદર્શીત કરી જણાવ્યું હતું કે, દેશના વિકાસમાં આ ઇન્ડસ્ટ્રીઝ બહુ મોટુ યોગદાન આપશે. આ નવી ફેકટરી શરૂ થતા ૨૦૦૦ લોકોને રોજીરોટી પુરી પાડશે. જામનગર જીલ્લા માટે આ મોટી વાત છે.

કલેકટરે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનું ૨૦૪૭નું વિકસીત ભારતનું સ્વપ્ન સાકાર કરવાનો આ એક ભાગ છે. આવા યુનિટો, સાહસીકો અને

રત્નમણી ગ્રુપ અને રવિ ટેકનોફોર્જ દુધમાં સાકર ભળે તેમ ભળી ગયા છે ? જયંતીભાઇ સંઘવી







જન્મદિન નિમિત્તે કલેકટર શ્રી પંડ્યાએ અમુભાઇ ભારદીયાનું શાલ ઓઢાડી સન્માન કર્યું

મહેનતને કારણે વડાપ્રધાનનું વિકસીત ભારતનું વિઝન અવશ્ય સાકાર થશે. અને We will do it નું સુત્ર સાબિત થશે.

અમુભાઇનો જન્મદિન હોય કલેકટર શ્રી પી.બી. પંડ્યાએ તેમને શાલ ઓઢાડી સન્માન કરી અભિનંદન આપ્યા હતા.

રાજુભાઇ શાહ



અમદાવાદના રાજુભાઇ શાહ કે જેઓ હર્ષા એન્જિ.ના ચેરમેન છે અને રોમાનીયા અને ચીનમાં પણ ફેકટરી ધરાવે છે. તેમણે અમુભાઇ ભારદીયાને ૭૫માં જન્મદિનની શુભેચ્છા આપી કહ્યું કે, તમે હવે ૫૦ વર્ષના બનો તમો ૫૦ વર્ષના બનશો તો આ બધાએ પણ ખૂબ દોડવું પડશે.

રવિ ટેકનોફોર્જ સુંદર કાર્ય કરી રહ્યું છે તેમ જણાવી રાજુભાઇ શાહે નવા મશીનને સીમાચીહનરૂપ ગણાવ્યું હતું અને કંપની ખુબ પ્રગતિ કરે તેવી શુભેચ્છા વ્યકત કરી હતી.

જયંતિભાઇ સંઘવી



રત્નમણી ગ્રુપ ઓફ કંપનીઝના જોઇન્ટ મેનેજીંગ ડાયરેકટર જયંતિભાઇ સંઘવીએ કહ્યું કે, દુધમાં સાકાર ભળી જાય તેમ રત્નમણી ગ્રુપ અને રવિ ટેકનોફોર્જ ભળી ગયા છે. અને બંનેનો સંયુકત પરિવાર બન્યો છે. આપણો એક જ પરિવાર છે આપણે ભારતમાં અને વિદેશમાં નામ ઉજળુ કરીશું.

અમુભાઇ ભારદીયા



અમુભાઇ ભારદીયાએ કહ્યું કે, આજે મારૂ દિલ ઉછાળા મારી રહ્યું છે. આજે મારો જન્મદિવસ અને તેમાં પણ આપ સૌની હાજરી ખાસ કરીને રત્નમણી ગ્રુપના ચેરમેન પ્રકાશભાઇ સંઘવી અને જો. એમ.ડી. જયંતિભાઇ સંઘવીની હાજરી જાણે રત્નમણીનો પરિવાર આવી ગયો સાથે મારા વર્ષો જુના મિત્ર અને જેની દેશ-વિદેશમાં ઇન્ડસ્ટ્રીઝ છે. તેવા હર્ષા એન્જિ.વાળા રાજુભાઇ શાહની ઉપસ્થિતિ છે. અને આ બધાની ઉપસ્થિતિમાં ૬૦ કરોડના મશીનનું ઉદઘાટન થયું તેથી મારો હરખ સમાતો નથી.

આજે મારા જન્મદિને રાજુભાઇ શાહએ કહ્યું કે, તમો ૫૦ના થાવ પણ હું જો ૫૦નો થઇ જઇશ તો બધાને અને ડાયરકેટરોને પણ હું કહું છું હું ૮૦-૧૦૦ વર્ષ સુધી કામ કરીશ પણ તમારે તો ૭૫ વર્ષ કામ કરવું જ પડશે. હું તો કામ કરતો જ રહીશ. બધાનો સાથ અને સહકાર છે. આપણી ટીમ સારી છે. ફકત એક વર્ષ ૨ મહિનામાં પ્લાન્ટ ઉભો કરી દીધો છે. આ યુનિટ તૈયાર કરવામાં રવિન્દ્રનો મોટો ફાળો છે. અને તેની ટીમના દરેક લોકોએ રાત દિવસ કામ કર્યું છે તેમને અભિનંદન આપું છું અને સરાહના કરૂં છું.

અમુભાઇએ ધ્રોલના શ્રી પ્રદ્યુમનસિંહજી જાડેજા પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી કહ્યું કે, તેઓ મારા વર્ષો જુની મિત્ર છે. તેમના થકી કલેકટરશ્રીનો સંપર્ક તાજો થયો અને તેઓ આવ્યા. પ્રદ્યુમનસિંહ જાડેજા સાથે દિલીપસિંહ જાડેજા (લાયેજન ઓફીસર) કે જેના વ્યાપક સંબંધો છે. તેમનો પણ સહયોગ મળ્યો. બધા સારા લોકો અને ઉદાર

રવિ ટેકનોફોર્જ પ્રા.લી. હરણફાળ પ્રગતિ કરશે : રાજુભાઇ શાહ



યુનિટ શરૂ થતા જામનગર જીલ્લામાં ૨૦૦૦ નવી રોજગારી ઉભી થશે : અમુભાઇ ભારદીયા

દિલના લોકો મળ્યા છે. તમામ લોકો સાથે ચાલીને વિકાસ કરીશું.

અમુભાઈ ભારદીયાએ કહ્યું કે, મેં રત્નમણી ગ્રુપને વાત કરી આ નવુ યુનિટ શરૂ કરવા કહ્યુ હતું. જામનગર મારો જીલ્લો છે. અને અહીં મેન પાવર પણ મળી રહેશે. તેવી વાત સ્વીકાર્યા પછી ૧૪ માસમાં જ યુનિટ તૈયાર થઇ ગયું. આજે તો ૬૦ કરોડનું એક લેટેસ્ટ મશીન આવ્યું છે. આવા ઘણા મશીનો આવશે. આ વિસ્તારના લોકોને રોજી રોટી મળશે તેનો આનંદ છે. સૌનો સાથ અને સૌના વિકાસ સાથે આપણે પ્રગતિ કરતા રહીશું તથા તેમણે ઉપસ્થિત સૌ પ્રત્યે આભારની લાગણી પ્રદર્શીત કરી હતી.

પ્રકાશભાઈ સંઘવી



રત્નમણી ગ્રુપ ઓફ કંપનીના ચેરમેન પ્રકાશભાઈ સંઘવીએ ઉપસ્થિત ૭૯ વર્ષના રાજુભાઇ શાહને સાચા સાહસીક અને વિઝનવાળા ગણાવી કહ્યું કે, તેમણે ૧૦ × ૧૦ની રૂમમાં કામ કરવાની શરૂઆત કરી હતી. આજે અમદાવાદમાં ત્રણ ફેકટરી છે. રૂમાનીયામાં અને ચીનમાં પણ ફેકટરી છે. તેઓ સાચા વીઝનરી છે. શ્રી પ્રકાશભાઈએ કહ્યું કે તેના પરથી પ્રેરણા લઇ આપણામાંથી પણ આવા હીરો બને.

તેમણે કહ્યું કે રત્નમણી ગ્રુપ અને રવિ ટેકનોફોર્જ ભળવાથી સોનામાં સુગંધ ભળી છે. આજે તો ૬૦ કરોડના મશીનનું ઉદઘાટન કર્યું. પરંતુ મેં રાજુભાઇ ભારદીયાને કહ્યું છે. હજુ મોટુ મશીન લાવો વધુ મશીન લાવો, વિકાસ કરો. તેમણે કહ્યું આપણે આગળ વધવું છે. વિકાસ કરવો છે. પીપળીયામાં બહેનો કામ કરે છે તેમ અહીં પણ કરે. મોદી સાહેબનું પણ સ્વપ્ન છે કે બહેનો પણ કામ કરે. આપણે મોદી સાહેબનું સ્વપ્ન સાકાર કરવું છે. આપણા સૌ સાથે મળી પ્રગતિ કરીએ. રત્નમણી ગ્રુપ એક પરિવાર છે અને રવિટેકનોફોર્જ પણ એક પરિવાર છે. અહીં કોઇ કર્મચારી નથી આપ આપણે સૌ એક પરિવાર છીએ.

તેમણે કહ્યું કે, આપણે ઇન્ડસ્ટ્રીઝને મંદિર ગણવાનું છે. ચોખ્ખાઇ, ડીસીપ્લીન કવોલીટીએ આપણા માટે અગત્યનની છે. તેઓએ અમુભાઇને જન્મદિનની તેમજ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છા વ્યકત કરી હતી.

પ્રધુમનસિંહ જાડેજા




ધ્રોલ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ જામનગર જમીન વિકાસ બેંકના પૂર્વ ડીરેકટર અને દિપસિંહજી ધ્રોલ ભાયાત રાજપુત છાત્રાલયના પ્રમુખઅને ક્ષત્રીય સમાજના અગ્રણી શ્રી પ્રધુમનસિંહજી જાડેજાએ આ પ્રસંગે કહ્યું કે અમુભાઇ ભારદીયા મારા ૪૦ વર્ષ જુના મિત્ર છે. ધ્રોલ વિસ્તારમાં આવડી મોટી ઇન્ડસ્ટ્રીઝ ઉભી કરવા બદલ હું તેમનો આભારી છું. આ ઇન્ડસ્ટ્રીઝ ધ્રોલ વિસ્તારમાં તો મોટી છે જ પણ જામનગર જિલ્લામાં આવેલી મોટી ઇન્ડસ્ટ્રીઝમાં પણ એક છે. રવિ ટેકનોફોર્જ દેશની જાણીતી અને એકસપોર્ટ કરતી મોટી કંપની છે. તેની સાથે રત્નમણી ગ્રુપ ભળ્યું છે તો અમને આનંદ છે અને અમારા વિસ્તારના લોકોને મોટાપાયે રોજી રોટી મળશે. જેનાથી અમારૂ પણ ગૌરવ વધશે. કલેકટરે હાજરી આપી. તેથી સોનામાં સુગંધ ભળી છે. આ ઇન્ડસ્ટ્રીઝ માટે જયારે જરૂર પડશે ત્યારે ખડે પગે ઉભા રહેવાની તેમણે ખાતરી આપી હતી.

આ પ્રસંગે રવિટેકનોફોર્જના સીએફઓ દુષ્યંતે આભાર દર્શન કરી અને રવિરત્નગ્રુપના ચેરમેન પ્રકાશભાઇ અને જયંતિભાઇ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા તે બદલ આભારની લાગણી પ્રદર્શીત કરી. કાર્યક્રમ બાદ અમૃત ફાર્મ હાઉસ ખાતે સૌ કાઠીયાવાડી મિષ્ટ ભોજન પ્રસાદનો આસ્વાદ માણ્યો હતો.

ચંદ્રયાન જેવા ઉપકરણોમાં અમારી પ્રોડકટનો ઉપયોગ થાય છે તે રત્નમણી ગ્રુપ માટે ગૌરવની વાત છે : શ્રી પ્રકાશભાઈ સંઘવી

વૈશ્વિક બ્રાન્ડ બનેલ રત્નમણી ગ્રુપના ચેરમેન પ્રકાશભાઈ સંઘવીની ખાસ મુલાકાત



● પ્રવીણ ગજજર

RATNAMANI®
METALS & TUBES LTD.

'રત્નમણી' નામ હવે આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ બની ગયું છે. રત્નમણી ટ્યુબ અને મેટલની કોઇ એવી પ્રોડકટ નથી જેનો ઉપયોગ ચંદ્રયાન, સબમરીન કે ન્યુકલીયરમાં ન થયો હતો. ગુજરાત અન્ય રાજય અને વિદેશમાં પણ ઔદ્યોગિક સામ્રાજય સ્થાપનાર અને જેની ૨૦,૦૦૦ કરોડની માર્કેટ કેપ છે. તેવો રત્નમણી પાઇપ એન્ડ ટ્યુબ કંપની હવે રવિ ટેકનોફોર્જ પ્રા.લી.ની પણ સહભાગી બની છે. તાજેતરમાં રવિ ટેકનોફોર્જના જાયવા યુનિટ ખાતે ૬૦ કરોડના મશીનના ઉદ્‌ઘાટન માટે રત્નમણી ગ્રુપના ચેરમેન શ્રી પ્રકાશભાઇ સંઘવી આવ્યા હતા ત્યારે અમૃત ફાર્મ હાઉસ ખાતે વિશ્વકર્મા વિશ્વએ તેમની મુલાકાત લીધી હતી જે તેમના જ શબ્દોમાં અહીં પ્રસ્તુત છે. – **તંત્રી**



ગુરૂદેવની કૃપા અને ભાઈઓના સહકારથી કંપની ૨૦,૦૦૦ કરોડની માર્કેટ કેપ બની છે

દેશ-વિદેશની કોઇ એવી કોઇ ગેસ, પ્રેટ્રોલીયમ કંપની નથી જયાં 'રત્નમણી'ની હાજરી ન હોય

બનારસકાંઠા જીલ્લાનું નેનાવા અમારૂ ગામ. મેં એચએસસી સુધીનો અભ્યાસ હિંદી મીડિયમમાં કર્યો. ત્યારબાદ હું મુંબઇ ગયો જયાં ભાઇઓ સાથે મેટલ બીઝનેસમાં ૭ થી ૮ વર્ષ જોડાયો અને અનુભવ લીધો. ત્યારબાદ અમને ભાઇઓને ઇન્ડસ્ટ્રીઝમાં જવાની ઇચ્છા થઇ અને ઇન્ડસ્ટ્રીઝમાં આવ્યા. ૧૫ સપ્ટેમ્બર ૧૯૮૩માં રત્નદીપ પાઇપ એન્ડ સ્ટીલની શરૂઆત કરી. એસએસઆઇથી શરૂઆત કર્યા બાદ ગુરૂદેવની કૃપા અને ભાઇઓના સહકારથી જ આજે અમારી ૧૯૯૩માં કંપની લીસ્ટેડ થઇ અને ૨૦,૦૦૦ કરોડના માર્કેટવાળી કંપની બની છે. આજે અમારી કંપની ભારતની મોટામાં મોટી કંપની પાઇપ અને ટયુબ બનાવતી બની છે. ડીફેન્સ, એરોસ્પેસ, ન્યુ કલીયર, મરીન, ઓએનજીસીમાં અમે સપ્લાય કરીએ છીએ. જે હાલમાં ૨૬ દેશોમાં એકસ્પોર્ટ કરે છે અને દેશની સૌથી મોટી કંપની છે.



પ્રકાશભાઇ સંઘવી કહે છે અમે અમારો બીઝનેસ વધારવાનું પ્લાનીંગ કરતા હતા અને અમુભાઇ પણ સારા પાર્ટનરની શોધમાં હતા અને જોગાનુજોગ અમુભાઇનો સંપર્ક થયો. સરળ-સીધા માણસ એવા અમુભાઇ સાથે અમે બે કલાક બેસીને ચર્ચા કરી. મારા પુત્રએ રાજકોટ રવિ ટેકનોફોર્જની મુલાકાત પણ લીધી અને સંતોષ વ્યકત કર્યો. અમુભાઇ ગામડામાં ગાડા બનાવતા હતા અને આટલા આગળ આવ્યા. તેમની આગળ વધવાની ઇચ્છા અને આગળ વધવા માટેનું મનોબળ, મહેનત જોઇ અમે રવિ ટેકનોફોર્જ પ્રા.લી. સાથે જોડાયા. પીપળીયા ખાતેના પ્લાન્ટનું વિસ્તરણ કર્યું. ત્યારબાદ બીજું યુનિટ સ્થાપવાનું નકકી કર્યું કરી અને ફકત ૧૪ મહિનામાં જ પ્લાન્ટ ઉભો કર્યો. ૬૦ કરોડનું મશીન આવ્યું. હજુ ઘણા મશીનો આવશે. અમારી સાથે રાજુભાઇ છે, દુષ્યંતકુમાર છે. અમને અમુભાઇ જેવા સારા પાર્ટનર મળ્યા છે. તેનો અમને આનંદ છે. અને અમુભાઇને પણ અમારા જેવા પાર્ટનર મળ્યાનો વિશેષ આનંદ છે. અમારા વચ્ચે વિશ્વાસનું અને ભાઇચારાનું એવું અનોખુ વાતાવરણ સર્જાયુ છે કે જેનો અમને આનંદ છે. આજે પૈસાનું મહત્વ નથી પણ પ્રેમ, ખુશી અને સંબંધનું મહત્વ છે. અમને આનો આનંદ છે અને અમો આ અનુભવ કરી રહ્યા છીએ.

રત્નમણી ગ્રુપ ઓફ કંપની અંગે પ્રકાશભાઇ સંઘવી કહે છે. ૧૯૮૫માં અમદાવાદમાં સ્ટીલ પાઇપનું એસએસઆઇ યુનિટ શરૂ કર્યા બાદ ૧૯૯૦માં છત્રાલમાં ઇન્ડસ્ટ્રીઝ ઉભી કરી. કચ્છમાં ભીમાસરમાં પણ અમારી ઇન્ડસ્ટ્રીઝ છે. કચ્છના ભીમાસરમાં પ્રથમ ૧૫૦ એકરમાં અને આજે ૩૦૦ એકરમાં ઇન્ડસ્ટ્રીઝ ઉભી કરી છે. જયા સ્ટેઇનલેસ સ્ટીલ અને કાબાઇડ કોટીંગ પાઇપ તૈયાર કરીએ છીએ જે પેટ્રો કેમીકલ અને ઓઇલ ઇન્ડસ્ટ્રીઝમાં વપરાય છે. અહીં બનતી પાઇપ અને ટયુબ મીડલ ઇસ્ટ, અબુ ધાબી, કતાર, કુવૈત યુરોપ-અમેરીકા, નિકાસ થાય છે.

કરોડોનું સામ્રાજય ધરાવતા સંઘવી પરિવારની દીકરી ગુરૂકુલમમાં ભણાવે છેઃ ગુજરાત-ઓરીસ્સા જ નહીં અમેરિકા-યુએઇમાં ઇન્ડસ્ટ્રીઝ ધમધમે છે

અમુભાઇ ભારદીયા મહેનત કરી જમીન સ્તરથી ઉપર આવેલા ઉદ્યોગ સાહસીક છે, સારા પાર્ટનર મળ્યા એનો આનંદ છે

દેશ–વિદેશની કોઇ એવી ઓઇલ ઇન્ડસ્ટ્રઝ કે પેટ્રો કેમીકલ ઇન્ડસ્ટ્રીઝ નથી કે જયાં રત્નમણીની પાઇપનો ઉપયોગ થતો ન હોય. અમો ફાર્મા, પ્લાસ્ટીક, ફાઇનાન્સ, ઇન્વેસ્ટમેન્ટ, કાસ્ટીંગ વગેરે બીઝનેશ સાથે જોડાયેલા છીએ.

પ્રકાશભાઇ સંઘવી કહે છે, ઓરીસ્સામાં જાતિગુડામાં કાર્બાઇડ સ્ટીલ પાઇપ ઇન્ડસ્ટ્રીઝ છે. જયાંથી કચ્છથી નેપાલ સુધી કાર્બાઇડ સ્ટીલ પાઇપ જાય છે. મુંદ્રાથી પાઇપ જાય છે. પરંતુ ટ્રાન્સપોર્ટેશન મોંઘુ પડતુ હોવાથી અમે ઓરીસ્સામાં વિસ્તાર કરી રહ્યા છીએ.

ભાવી આયોજન અંગેના પ્રશ્નના જવાબમાં પ્રકાશભાઇ સંઘવી કહે છે, ઓરીસ્સામાં ખનીજ, આર્યન, કોલસો વગેરે મટીરીયલ્સ મોટા પ્રમાણમાં મળતુ હોય અમે અહીં મોટો સ્ટીલ પ્લાન્ટ નાખવા જઇ રહ્યા છીએ. જયાં સ્ટેઇનલેસ સ્ટીલની ડબલ કોટેડ પાઇપ બનશે. હાલમાં બ્રહમોસ, સબમરીન, ચંદ્રયાન વગેરેમાં પાઇપ સપ્લાય કરીએ છીએ.



ફાર્મા ઇન્ડસ્ટ્રીઝ અંગે પ્રકાશભાઇ સંઘવી કહે છે, ફાર્મામાં અમે ફોર્મ્યુલેશન કરીએ છીએ. ઇન્દ્રાલમાં અમારી ફેકટરી છે. સેનોરસ ફાર્મા સાથે અમે ટાઇઅપ કર્યું છે. જેની ફેકટરી એટલાંટા અને યુએસએમાં પણ છે અને ઉત્પાદન કરે છે. અમારૂ આર એન્ડ ડી સેન્ટર પણ બરોડામાં છે અને ફાર્મા ઇન્ડસ્ટ્રીઝમાં અમારૂ ૩૫૦૦ કરોડનું માર્કેટ કેપ છે.

પ્રકાશભાઇ સંઘવીએ વધુમાં કહ્યું, અમે હાઇ કવોલીટીની સ્ટેનલેસ સ્ટીલની પાઇપ અને ટયુબ બનાવીએ છીએ જેનો ઉપયોગ સંરક્ષણ ક્ષેત્રે બ્રહોસ્ત્ર, સબમરીન, ન્યુકલીયર અને ચંદ્રયાનમાં થાય છે. જેનું અમને ગૌરવ છે. અને દેશ માટે કંઇક કરી છુટવાનો આનંદ છે. અમે કર્મચારીને પરિવાર જ ગણીએ છીએ અને અમારો ૫૦૦૦ લોકોનો પરિવાર છે. અમારા પાંચ ભાઇઓ તેના દીકરા અને તેના દીકરા એમ ત્રણ પેઢી સાથે કામ કરીએ છીએ જેનો અમને આનંદ છે. વધુને વધુ લોકોને કામ મળે તેવા અમે પ્રયત્ન કરીએ છીએ. અમારી અમેરિકામાં પણ ઓફીસ છે અને સ્ટોક રાખી સેલ કરીએ છીએ. અબુધાબીમાં પણ અમારી ઓફીસ છે અને સ્ટોક રાખીએ છીએ.


શ્રી પ્રકાશભાઇ સંઘવી કહે છે, બહેરીનમાં ઇન્સ્યુલેશન પ્લાન્ટ નાખવાનું આયોજન છે. જેમાં ગરમીથી બચવા માટેનું મટીરીયલ્સ બનશે. આવી ફેકટરી હાલમાં બેંગ્લોર, દિલ્હી અને ભીવંડીમાં છે. યુએસએ અને સાઉદીમાં પણ આવી ઇન્ડસ્ટ્રીઝ કરવાનું આયોજન છે.

તેમણે કહ્યું કે ઇન્ડીયામાં ૧૮ ફૂટની પાઇપ બનાવવામાં અમે પ્રથમ છીએ. નર્મદા પાઇપ લાઇનમાં તેનો ઉપયોગ થયો છે.

આપની કંપનીનું ટર્નઓવર કેટલું ? તેવા પ્રશ્નના જવાબમાં શ્રી પ્રકાશભાઇ સંઘવી કહે છે, રત્નમણી ટયુબ અને પાઇપનું ટર્નઓવર ૫૨૦૦ કરોડ જેટલું છે. રવિ ટેકનોફોર્જ અને ફાર્મા સહિતની રત્નમણી ગ્રુપની કંપનીઓનું ટર્નઓવર ૭૦૦૦ કરોડ છે. જેમાં રત્નમણી ફીનોનો પણ સમાવેશ થાય છે. રત્નમણી ફીનોનું જર્મન કંપની સાથે જોડાણ છે.

આપના સંતાનો અંગે માહિતી આપશો ? તેવા પ્રશ્નના જવાબમાં પ્રકાશભાઇ સંઘવી કહે છે. મારે ત્રણ પુત્રો અને એક પુત્રી. મોટો પુત્ર મનોજ સંઘવી રત્નમણી પાઇપ એન્ડ ટયુબમાં સીઇઓ છે. બીજો પુત્ર નિલેશ સંઘવી તે અમારી ફાયનાન્સ કંપનીમાં એમ.ડી. છે. અને ત્રીજો પુત્ર જીગર જે અમારી કંપની રત્નમણી ફીનો કે જે જર્મન સાથે ટાઇઅપ થયેલ છે તેનો એમ.ડી. છે.

ફાર્મા પ્લાસ્ટીક અને ફાયનાન્સ કંપની પણ કાર્યરત



જ્યારે મારી પુત્રી અમદાવાદમાં પાલડીમાં આવેલ હેમચંદ્રાચાર્ય ગુરૂકુળમાં મેનેજમેન્ટ સંભાળે છે. તેના ત્રણેય દીકરા આજ ગુરૂકુલમમાં અભ્યાસ કરે છે. ગુરૂકુલમમાં ભારતીય સંસ્કૃતિ મુજબનું શિક્ષણ અપાય છે. જેમા વાસ્તુશાસ્ત્ર, નાટ્ય, નાટ્ય સંગીત જેવી કલા જીવંત રખાઈ છે. ગુરૂકુલમમાં જૈનીઝમના સુત્રો, જયોતિષ પાકૃતભાષા, સંસ્કૃત, વૈદિક ગણીત જેવી લુપ્ત થતી વિદ્યા શીખવવામાં આવે છે અને આવી વિદ્યા જીવંત રાખવી તે જ આપણી સંસ્કૃતિમાં છે. આ સંસ્થામાં અમારૂ સારૂ એવું યોગદાન છે.

આપની સફળતાનું રહસ્ય શું છે ? તેવા પ્રશ્નના જવાબમાં પ્રકાશભાઈ સંઘવી કહે છે, પોઝીટીવ માઈન્ડ, ઈમાનદારી અને સખત મહેનતથી જ સફળતા મળે છે.

સામાજીક ક્ષેત્રે આપનું શું પ્રદાન છે ? તેવા પ્રશ્નના જવાબમાં શ્રી પ્રકાશભાઈ સંઘવી કહે છે, અમારા જૈનોની 'જીતો' નામની આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. જેના ભારતમાં ૧૦૩ ચેપ્ટર છે. અને વિદેશમાં ૩૨ ચેપ્ટર છે. આ સંસ્થા જૈનોના બીઝનેસ સંપર્કો સહિતના મેટ્રીમોનીયલના પણ કામ કરે છે. તેમાં સક્રિય ભાગ ભજવું છું. સમણા નામથી મેડીકલ, એકટીવીટી ચાલે છે. જેનો હું ચેરમેન છું. બહુચરાજીમાં રત્નમણી કેમ્પસ સમાજને અર્પણ કર્યું છે. કચ્છનું ભીમાસર અમારી કર્મભૂમિ છે. અહીં કેન્સર ટેસ્ટીંગ બસ ચલાવીએ છીએ. આજ પ્રમાણે કીડની અને આંખ માટેની બસ ચલાવીએ છીએ. આ બસમાં તમામ તબીબી સેવા ઉપલબ્ધ કરાઈ છે. અમદાવાદમાં સ્વસ્તીક ચાર રસ્તા પાસે હોસ્ટેલ ચલાવીએ છીએ. તાજેતરમાં ભીમાસર (કચ્છ)માં અંધજન મંડળના સહયોગની વિકલાંગ સેન્ટર શરૂ કર્યું છે. જેમાં ૫૦ વિકલાંગનું રજીસ્ટ્રેશન થઈ ચુકયું છે. હવે ડીસ્પેન્સરી શરૂ કરી વૈદરાજને બેસાડીને આડ અસર વગરની સારવાર શરૂ કરવા જઈ રહ્યા છીએ. આ બધુ રત્નમણી ફાઉન્ડેશન દ્વારા થાય છે.

શ્રી પ્રકાશભાઈ સંઘવી કહે છે, સેવા પ્રકલ્પ અમે અમારા ગામ નેનામાથી શરૂ કર્યો. ગામમાં સ્કુલ, ગૌશાળા, વૃક્ષારોપણ કર્યું છે. જયંતીભાઈ દર મહિને મુલાકાત લે છે. અમારા બાપદાદા રહેતા તે ઘર હજું જે યથાવત છે. જયંતિભાઈ દર મહિને ગામની મુલાકાત લે છે. તેમણે કહ્યું કે, અમારાથી થાય તેટલું સેવા કર્મ કરીએ છીએ અમે લર્ન અને રીટર્નની નીતિને અમે માનીએ છીએ. સારા કામ કરતા રહેવું. કંઈ જ ભેગુ આવવાનું નથી. ભાઈઓ અને ૬ દીકરા આમ અમારો ૧૧નો પરિવાર સુખ-સંપન્ન રહીએ છીએ જેનો અમને આનંદ છે.

રવિ ટેકનોફોર્જ સાથેના જોડાણ અંગેના પ્રશ્નમાં પ્રકાશભાઈ સંઘવીએ કહ્યું, અમુભાઈ પોતાની ઈન્ડસ્ટ્રીઝનો હરણફાળ વિકાસ કરવા માંગતા અને આર્થિક જરૂરીયાત હતી. અમે પણ અમે અમારા ધંધાના વિસ્તરણ માટે સારા પાર્ટનરની શોધમાં હતો. અને તેમની સાથે સંપર્ક થયો. તેમની સત્યતા, નીખાલસતા, મહેનતુ સ્વભાવ અને વિકાસની દ્રષ્ટિ નિહાળી. તેમણે ગામડા ગામની શરૂ કરી મોટુ ઔદ્યોગિક એકમ બનાવ્યું. જમીન સ્તરથી ઉપર આવેલ આ અમુભાઈ સાથે ઔદ્યોગિક સહયોગ કર્યો અમને સારા પાર્ટનર મળ્યા તેનો અમને આનંદ છે અને અમે અમુભાઈને મળ્યા તેનો વિશેષ આનંદ તેમને છે. રવિ ટેકનોફોર્જ-રત્નમણી ગ્રુપનું અંગ બન્યું છે. અને બંનેનો એક જ પરિવાર બન્યો તેનો આનંદ છે.

ADVANCED

CNC/VMC
DESIGNING & PROGRAMMING



NX | SOLIDWORKS | AUTOCAD
DELCAM | SOLID EDGE | ARTCAM



PRACTICAL માટે ક્લાસરુમ માં
5 AXIS VMC &
2 AXIS CNC TURNING MACHINE
ઉપલબ્ધ છે



Contact Us
SACHIN GAJJAR
+91 93777 77755

3D CAD CENTER

301/302/303, North Angle, 150ft ring road, Near fortune Hotel, Ambedkar Chowk,
Call us: 9909 1919 29 : Rajkot. 360004

MR. PRATIK VISHROLIA +91 99 74 76 71 53

VISHROLIA INC.

"Shreeraj Paradise" Shop No. 03, Ground Floor, Opp. Axis Bank Ltd. Nr. Shiv-om Circle, Apple Gate-1,GIDC Phase-III, Dared, Jamnagar - 361004 (Gujarat) BHARAT.

: Authorized Dealer :

TRU CUT QUALITY CUTTING TOOLS | HOLDINGS TECHNOLOGIES INNOVATIONS | nbc flexible solutions | cp gratex | SKF

vishroliainc@gmail.com www.vishroliainc.com

Our Network: Rajkot-Ahemdabad

MR. PRATIK VISHROLIA
+91 99 74 76 71 53

VISHROLIA NC

NEELA CORPORATION

"Shreeraj Paradise" Shop No. 03, Ground Floor, Opp. Axis Bank Ltd. Nr. Shiv-om Circle, Apple Gate-1,GIDC Phase-III, Dared, Jamnagar - 361004 (Gujarat) BHARAT.

: Authorized Dealer :

BAKER a passion for precision | TOOLFLO | NTK CUTTING TOOLS | Tungaloy | ET EMKAY TOOLS | Mitutoyo

info@neelacorporation.com www.neelacorporation.com

Our Network: Rajkot-Ahemdabad

Y. P. Steel Products

M : +91 87803 15853
E : ypsteel@gmail.com
W : www.ypsteel.in

Address :
26 & 37, Giriraj Estate, Lohanagar Main Road,
Rajkot - 2, Gujarat, INDIA


Cutting Machine
MS / Brass / Aluminium / Copper

Industrial
SPM Machine &
Automation with
Card, **PLC** and
CNC Controllers

Slotting Machine









(AN ISO 9001-2008 CERTIFIED COMPNY)

SURELIA
WIRE-CUT PVT. LTD

GHARANA
ENTERPRISE

PRECISION MACHINING ON
- CNG wire EDM
- Vertical Machining Center
- CNC Turning Machine
- CNC EDM & Micro Drill

WIRE CUT : 90990 76028
SPARK EROSION : 99740 99072

MAHENDRA INDUSTRIAL COMPLEX
Nr. Maharani Laxmibai School, Tagore Road, Rajkot 360 002
Email : sureliawire@yahoo.com | website : www.sureliawire.**com**

Happy Diwali

Hitesh H. Aghera - Mo. 93764 21021

ATUL
Engineering

Mfg. of : All Types of
Seat Metal Parts & Brass Parts.

58, Udyognagar Road, Haribhai's Wadi,
Opp. Anilbhai Aangadia, Jamnagar.



Shiv Construction

Atul H. Aghera (Land Developers) - **Mo. 99747 18188**

Rushi Atulbhai Aghera - Mo. 98987 15927

Office : 58 Udhoyg Road, In Haribhai Vadi, Jamnagar.

દીપોત્સવી પર્વ નિમિત્તે
હાર્દિક શુભકામના...

Arvind R. Gajjar (Advocate)
+91 94272 07121

Hiren A. Gajjar (Advocate & Notary)
+91 98248 31234





g4gajjar09@gmail.com

Office No. 502, 5th Floor, Anant The Work Space,
Jaymal Parmar Marg Corner, Kalawad Road,
Rajkot-360005.

happy diwali



PRISHA ASSOCIATES

Accounting & Tax Services | Since 1998

Office No. 9-10, 2nd Floor,
Krishna Complex, Nr. City Center,
Raiya Road, Rajkot-360 007.

Alpesh Khambhayata
Mo : 98987 00200
O : 0281-2453210
Email : acalpesh@yahoo.com

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી વિશ્વકર્મણે નમઃ ॥

સર્વદા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો,
સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો



ટ્રસ્ટ રજી. નં. એ-૩૦૨૬, તા. ૨૪-૦૮-૨૦૦૭

શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ-રાજકોટ

બાલાજી ઈન્ડ. પાર્ક, શેરી નં. ૨, જકાતનાકા પાસેનો રોડ,
પટેલ કન્યા છાત્રાલય પાછળ, ગોંડલ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૪.
www.shreegurjarsutarpragatimandal.org

ટ્રસ્ટીમંડળ (વર્ષ : ૨૦૨૬ થી ૨૦૩૧)

શ્રી અરવિંદભાઈ રતીભાઈ ગજ્જર	અધ્યક્ષશ્રી	૯૪૨૭૨ ૦૭૧૨૧
શ્રી મહેન્દ્રભાઈ બચુભાઈ ઝીંઝુવાડીયા	ઉપાધ્યક્ષશ્રી	૯૮૨૪૫ ૩૮૧૯૮
શ્રી મથુરભાઈ રણછોડભાઈ પાટણવાડીયા	ટ્રસ્ટીશ્રી	૯૪૨૬૯ ૧૧૦૮૭
શ્રી અરવિંદભાઈ રામજીભાઈ ગંગાજળીયા	ટ્રસ્ટીશ્રી	૯૫૭૪૧ ૧૦૧૨૩
શ્રી જગદિશભાઈ મોહનભાઈ સોંડાગર	ટ્રસ્ટીશ્રી	૯૮૨૫૦ ૭૯૨૨૫
શ્રી રસિકભાઈ ધનજીભાઈ વાઘસણા	ટ્રસ્ટીશ્રી	૯૮૯૮૦ ૯૮૪૪૮
શ્રી જનકભાઈ દામજીભાઈ ઉજેણીયા	ટ્રસ્ટીશ્રી	૯૯૨૪૮ ૪૪૧૭૩
શ્રી શૈલેષભાઈ પ્રભુદાસભાઈ ખંભાયતા	ટ્રસ્ટીશ્રી	૯૮૨૪૨ ૧૬૧૨૨

કાર્યવાહક કમીટી (વર્ષ : ૨૦૨૬ થી ૨૦૩૧)

શ્રી રમેશભાઈ ભીખુભાઈ સોનીગરા	પ્રમુખશ્રી	૯૮૭૯૮ ૪૪૮૯૮
શ્રી રમણીકભાઈ રણછોડભાઈ પાટણવાડીયા	માનદ્ મંત્રીશ્રી	૯૪૨૬૪ ૭૩૫૦૬
શ્રી પ્રફુલભાઈ ગોવિંદભાઈ કળસારા	ઉપપ્રમુખશ્રી	૮૨૬૪૧ ૪૨૨૪૦
શ્રી ગોપાલભાઈ નાનાલાલભાઈ ખંભાયતા	ઉપપ્રમુખશ્રી	૯૪૨૯૫ ૭૬૫૯૬
શ્રી વિમલભાઈ કીરીટભાઈ સોંડાગર	ખજાનચીશ્રી	૮૨૦૦૩ ૫૭૮૪૨
શ્રી નિતીનભાઈ મગનભાઈ બકરાણીયા	સહમંત્રીશ્રી	૯૨૨૮૧ ૧૭૯૯૭
શ્રી નલીનભાઈ અરવિંદભાઈ ગંગાજળીયા	સહ ખજાનચીશ્રી	૯૪૨૭૨ ૨૨૦૨૩
શ્રી વિનોદભાઈ નાગજીભાઈ ધારૈયા	કારોબારી સભ્યશ્રી	૯૮૨૫૫ ૯૮૨૩૮
શ્રી જીતેન્દ્રભાઈ બાબુભાઈ ધારૈયા	કારોબારી સભ્યશ્રી	૯૭૨૩૨ ૯૨૧૯૧
શ્રી શૈલેષભાઈ કાળુભાઈ માંડવીયા	કારોબારી સભ્યશ્રી	૯૮૨૫૬ ૨૩૬૯૫
શ્રી મુકેશભાઈ મનુભાઈ ઉછડીયા	કારોબારી સભ્યશ્રી	૯૪૨૭૨ ૨૦૫૨૧
શ્રી રમેશભાઈ મગનભાઈ પાટણવાડીયા	કારોબારી સભ્યશ્રી	૯૬૦૪૨ ૫૫૪૦૧
શ્રી દિપકભાઈ ભગવાનજીભાઈ ચંદવાણીયા	કારોબારી સભ્યશ્રી	૯૮૭૯૨ ૨૫૬૦૨
શ્રી તુષારભાઈ દીલીપભાઈ સોંડાગર	કારોબારી સભ્યશ્રી	૯૩૭૭૩ ૧૮૭૫૦
શ્રી હિતેષભાઈ રમેશભાઈ માંડવીયા	કારોબારી સભ્યશ્રી	૯૭૨૭૬ ૮૨૪૮૨
શ્રી રોહિતભાઈ દીલીપભાઈ સોંડાગર	કારોબારી સભ્યશ્રી	૯૭૨૬૧ ૧૧૬૩૫
શ્રી અલ્પેશભાઈ પ્રભુદાસભાઈ ખંભાયતા	કારોબારી સભ્યશ્રી	૯૮૯૮૭ ૦૦૨૦૦
શ્રી પ્રશાંતભાઈ નરોત્તમભાઈ સોનીગરા	કારોબારી સભ્યશ્રી	૯૬૮૭૫ ૧૭૦૮૭
શ્રી દિપેશભાઈ અશોકભાઈ મોડાસીયા	કારોબારી સભ્યશ્રી	૮૮૪૯૦ ૮૭૦૬૯

Haresh Gajjar - +91 98248 20898

Extra comfort in a digital world
with premium optical

Ray-Ban CHARMANT Calvin Klein
FRENCH CONNECTION TOMMY HILFIGER vogue eyewear

GAJJAR & Co.
OPTICAL AVENUE

Prahlad Road, Mahendra Mansion, Rajkot-360001.
Ph. : +91 281 2233322, E: gajjarharish@hotmail.com



BHARAT MOTORS
Since 1969
PREMIUM CAR WORKSHOP

bharatmotors_1969

OUR SERVICES

- Accidental Repair & Paint
- All Kind of Mechanical & A/C Work
- Detailings
- Washing & Cleaning
- Alignment & Balancing
- Periodical Maintenance Services



WE HAVE CASHLESS TIE-UP WITH

TATA AIG | HDFC ERGO | digit | kotak | Royal Sundaram | FUTURE GENERALI | IFFCO-TOKIO | Edelweiss | RAHEJA QBE

AUTHORISED SERVICE PARTNER

TSERV
TOTAL CAR SERVICE

Mobile: 96017 40246 • 92745 40246 • 98988 40246 • 98253 40246

WORKSHOP 1
28, Samarat Industrial Area, Jaynath Way-Bridge Street,
Near S.T. Work Shop, Gondal Road, Rajkot.

WORKSHOP 2
Ambika Township, 80 Feet Road,
Near Laxman Township, Rajkot.

AEW | ALIGHT ENGINEERING WORKS

MANUFACTURER OF BRASS PARTS & M. S. PARTS AUTOMATIC MACHINERY

INDEXING SLOTTING MACHINE



SCREW SLOTTING MACHINE



SCREW CHEMPER MACHINE



TURNING MACHINE



VIBRATOR BOWL FEEDER



TAPPING MACHINE



Raw Type Shed No. 83/3, G.I.D.C.
Shankar Tekri, Udhyognagar,
Jamnagar - 361004. INDIA

Phone : +91 288 2568107
E-mail : alighteng@gmail.com
Website: www.alight.co.in


Contact Person:
Mukesh B. Gajjar +91 98251 32193
Hiren B. Gajjar +91 94272 75922

Design by: Ajay Sanchaniya (ajay@sanchaniya.com)

દીપોત્સવી
વિશેષાંક-૨૦૨૬

સ્નેહની સુગંધ(વાર્તા)

ભરત સુરેલીયા



મેં પણ ભાગ્યશ્રીને જયારથી જોઈ હતી ત્યારથી ખૂબજ ગમતી'તી, સુંદર ચહેરાવાળી કોણ જાણે ક્યારે મારા દિલમાં વસી ગઈ, તે કશું જ યાદ નહીં, પણ આ સંબંધની વાતોથી તો મને ભાવતું તું ને વૈદ્યે ચીંધ્યાં જેવું મીઠું મધ લાગ્યું. જયારે પહેલીવાર ભાગ્યશ્રીને જોઈ હતી ત્યારથી એનો દિવાનો બની ગયો હતો...



શુભ દિપાવલીની તૈયારીમાં સર્વત્ર માહોલ ખુશીઓથી ભર્યો ભર્યો લાગતો હતો. આ શુભ અવસરને વધાવવા સહુ ઉમંગ ઉત્સાહમાં દેખાતા હતા.. લોકો દીપકોની હારમાળા પ્રગટાવીને પોતાના આંગણા પ્રકાશિત કરવામાં મશગુલ હતા. તો કયાંક રોશનીથી પોતાના ઘરને શણગારવામાં વ્યસ્ત લોકો અહીંતહીં જોવા મળતા હતા. બસ, આનંદમય વાતાવરણમાં ચારે તરફ લોકો દેખાઈ રહ્યા હતા. એમાંય વળી સુંદર મીઠાં મધુરાં સંગીતની ધૂન-ગીતો સંભળાઈ રહ્યા હતા.

ત્યારે હું જીવનયાત્રામાં છુટી ગયેલ સફરેને યાદ કરતાં કરતાં, હયાતીના હસ્તાક્ષર જેવી પ્રેમ વિશ્વાસની જિંદગીને વાગોળતાં રામકૃષ્ણ આશ્રમ તરફ જઈ રહ્યો હતો.

હા, એ વખતની આ વાત છે કે, જયારે દિવાળીના દિવસો હતા અને મારા વિવાહની વાત પાકી કરવાના શુભ સમાચારથી ઘરમાં અનેરૂં વાતાવરણ બની રહ્યું હતું. મારી વાત ચાલી રહી છે. એ જાણી હૃદય સાગરના તરંગોમાંની એક અદભુત લહેર મને ભીંજવી ગઈ હતી.

પ્રવેશદ્વારમાં જ એક અવાજ સંભળાયો.. વળીએ પણ જાણીતો જ પાછો! હા શ્રી કલ્યાણી બહેનનો.. મધુર અવાજ.

તેઓ અવારનવાર અમારે ઘરે આવતાં જતાં, પણ એક સવારમાં પોતાની સુપુત્રીના સગપણની વાત લઈને મારી 'બા'ને મળવા આવ્યાં. બંને વચ્ચે મનમેળ ખૂબજ એટલે દીકરીની ચિંતામાંથી મુકિત મેળવી લઈને પુત્રી સાથે મારું સગપણ પાકુ કરવા અને સગા બનવાની ખુશીમાં હરખાતાં દોડી આવ્યા હતા.

મેં પણ ભાગ્યશ્રીને જયારથી જોઈ હતી ત્યારથી ખૂબજ ગમતી'તી, સુંદર ચહેરાવાળી કોણ જાણે ક્યારે મારા દિલમાં વસી ગઈ, તે કશું જ યાદ નહીં, પણ આ સંબંધની વાતોથી તો મને ભાવતું તું ને વૈદ્યે ચીંધ્યાં જેવું મીઠું મધ લાગ્યું. જયારે પહેલીવાર ભાગ્યશ્રીને જોઈ હતી ત્યારથી એનો દિવાનો બની ગયો હતો, ખૂબ સુંદર અને દેખાવડી, સરળ સ્વભાવ અને ચંચળ છતાં સ્વભાવની માયાળુય એટલી જ..

એક જમાનાની સુંદર હિરોઈનની યાદ અપાવી જાય તેવી જ. બસ અંદરને અંદર હું એને ચાહવા લાગ્યો હતો. મનમાં જ ભગવાન ગુરૂદેવને પ્રાર્થના કરતો રહેતો હતો. સૌ આ પરિવારથી પરિચિત એટલે જલ્દીથી અમારી સગાઈનાં મીઠાં મોઢા કરવા બધા જ ઉતાવળા થતાં હતાં.

હરખની વાતમાં જો હું એમ કહું તો

લેખક ઈમર્સને લખ્યું છે કે.. 'સૌંદર્ય એ તો પ્રભુના હસ્તાક્ષર છે..'

એટલે જ હસ્તાક્ષર જેવી પ્રિય એવી ભાગ્યશ્રી.., ની વાત આંગણે આવી ઉભી હતી.

ભાગ્યશ્રીને હું ક્યારેક એકાંતમાં મળું ત્યારે આંખોથી કંઈક કહેતા રહેવાની મને ઈચ્છાઓ થયા કરતી સાથે જ કશુંક એકબીજાને આપલે કરી કંઈક મેળવી લેવું, તો ક્યારેક એવું પણ લાગ્યા કરતું કે ચારેય હોઠના ચૂંબનમાં તો જાણે સાતેય ભવના સરવાળા થઈ જતાં હોય એવું લાગ્યા કરતું તું, કુદરતી રીતે જ આસમાન છલકાઈ જાય એટલી ખુશી મારા ખોબામાં સમાઈ જતી હતી.. અને ત્યારે કોણ જાણે કેમ પણ સ્મરણોની પાંખો ફફડાવી ઉડવાની મરજી પણ થવા લાગતી હતી.



ક્રાંતિબીજના બુંદમાંથી એક મર્મ સ્પર્શી વાત યાદ આવી જતી ત્યારે કહું તો.. ગમશે...!

મારી આગળ ચાલશો નહિં.. કદાચ હું ન અનુસરું..

મારી પાછળ ચાલશો નહિ.. કદાચ હું દોરું નહિં..

પણ મારી પડખે ચાલો.. બસ મારા સાથી બની રહો...

આવી મુખાકૃતિની મીઠી યાદી કરતાં ભાગ્યશ્રીનાં મુખે જ સાંભળેલા મીઠા મધુર ટહૂકા પણ તેના અવાજમાં મીઠા લાગતા..

''ઘાયલ થઈ છું, હું તારા નયન બાણથી

મદહોશ બની છું, હું તારી સુવાસથી

કંપી રહેલા તારા અધરો જોઈ

કંપી ઉઠશે આ ધરતી અને આકાશ.

બસ આવી પ્રીતની હેલી ઉઠી છે બંને હૃદયમાં આજ, હો.. સાજન..''

આવે વખતે જાણે વૃક્ષની સૂક્કી ડાળોમાંની બધી જ નસનસમાં અને શાખાઓ મીઠાં રસોથી ભરપૂર બની ગઈ હોય એવું લાગતું હતું. આવા સુંદર ચહેરાને જોઈને જાણે કે ઘોર અંધકારમાં ય ન દેખી શકાય તો પણ રાતરાણીનાં પુષ્પની મહેક છવાઈ જાય તેવી કોમળ સુવાસથી હૃદયના બાગમાં એક પ્રેમનું પતંગિયું બેસી ગયું હોય એવું લાગ્યા કરતું.

ક્યારેક વ્હાલ ઉભરાય આવે ત્યારે હું અને ભાગ્યશ્રી એકબીજાને કહેતાં કે 'જ્યારથી આપના હૃદયમાં જગ્યા મળી ત્યારથી વિશ્વ આખુંય મને લાગવા માંડયું છે ખૂબ સાંકડું..અને પછી અમારી આંખોમાં મૃગજળના મોતીઓ જેવા બે હર્ષાશ્રુબિંદુઓ આવીને આંખોમાં કંઈક ચૂપકે ચૂપકે સમજોતા કરી લેતાં..

એક દિવસે, અચાનક ક્યાંકથી ફિલ્મનાં કલાઈમેકસની જેમ વિલન વચ્ચે આવી જાય તેમ ભાગ્યશ્રીના કાકાએ આ સંબંધ વચ્ચે રાવણ રાજય સ્થાપિત કરી દીધું.

બસ પછી શું..! વીજળીનો એક જબ્બર કડાકો થાય તેમ તકદીર રેખાનાં બે ભાગલા પડી ગયાં. અમે અલગ પડી ગયાં.. ને વિરહયોગ શરૂ થયો, એક અંતરાયનો દૌર આવી ગયો.

મારા પિતાશ્રીની તબિયત લથડવા લાગી, અરમાનોનાં વાદળો વિખરાવા માંડયા, પરિસ્થિતી બદલાઈ ગઈ. દુઃખ, દર્દની તવાઈ ઉતરી આવી, ત્યારે નસીબ કંઈક જુદી જ દિશા તરફ લઈ જતું હતું.

ભાગ્યશ્રીનું તો પછી અન્ય ક્યાંક લગ્ન ગોઠવાઈ ગયું ને, હું... ખાલી ઉજજડ વેરાન રણભૂમિમાં તરસતો મારા ભાગ્યની સીમાઓને નિહાળતો રહ્યો. ક્યાંય હરિયાળી જ નહિ.., બસ બંજર જમીન સિવાય કંઈ જ નજરે ન આવે, હું સૃષ્ટિમાંથી સાવ શૂન્યાવકાશ ભણી જતાં અનુભવવા લાગ્યો.

એમાંય તે પિતાશ્રીની નાદુરસ્ત તબિયતની ઉપાધિએ મને એક વધુ ઝટકો આપ્યો અને અંતિમ ઈચ્છા સાથે ગૃહસંસારની જવાબદારી અને મારા વિવાહની પ્રબળ ઈચ્છા દર્શાવી તથા પારિવારિક દોરની જવાબદારી થમાવી દીધી, એમના વિદાય લેતા ચહેરાના સ્મિતને જોવાની છેલ્લી ઈચ્છાઓને પ્રાથમિકતા આપવી એ અંજલિ ન્યાય હતો. સંજોગો બદલાય જાય, તેવા કોઈજ યોગ ન હતા, બસ પિતાશ્રીએ વારસામાં આપેલી સંસ્કારની કેડીએ ચાલવું એજ ઉત્તમ ન્યાય હતો.

આખરે.. પિતાશ્રીની અંતિમ ઈચ્છા પ્રમાણે..

આશા.., આવી ગઈ.., મારા જીવનમાં..! અને કંકુપગલે ગૃહપ્રવેશ પણ હળવેકથી કરી ગઈ, સાથિયા બનકે..,

મારા વિવાહથી પિતાશ્રીના ચહેરા પર ખુશીની રેખા ક્ષણભર માટે રોકાઈ હાથતાળી આપીને, મંદ મંદ હસતી લુપ્ત થવા લાગી, એ જોઈ મારી છાતીમાં ડૂમો ભરાઈ આવ્યો. વિદાય

લેતા મારા જન્મદાતાને હું આખરી વાર નિહાળી રહ્યો હતો. એક શબ્દ હું બોલી ન શક્યો. ના.. હું રોકી શક્યો.., લાચાર..., બસ પછી અનંત યાત્રાની વાટ પકડી લીધી. મારી આંખ નિચોવાઈ ગઈ.

પછી તો સંપૂર્ણ જીવનની કેમેસ્ટ્રી બદલાઈ ગઈ હતી. જીવન સફરના ચાર દાયકાઓની મજલ ક્યારે નીકળી ગઈ, ખબર ન પડી.

એક દિવસ...

વિરહ વેદનાના ચાર દસકાઓ પછી પ્રેમની પાતળી લકીર ફરી એકવાર સજીવન થઈ પારદર્શક પ્રેમની રેખામાં લપેટાઈ ગઈ.

અચાનક જ એક સાંજે રામકૃષ્ણ આશ્રમના પટાંગણામાં પ્રવેશતાં જ જાણે વિસરાયેલી યાદોની વેલીની ડાળીઓમાં તાજાફૂલોની બહાર ખીલી આવી હોય એમ રીસાયેલી જિંદગી હસતી હસતી સામેથી ચાલી આવતી હતી. એજ ભાગ્યશ્રી.. જેના ચહેરાની કરચલીઓ કંઈક કહી રહી હતી.. અને મારી સામે આવી ઊભી રહી ગઈ, આમને સામને અમે અચાનક આવી ગયા. એજ સ્મિત એજ લાગણી, ઉમંગથી ભરપૂર લાગે તેવી ભાગ્યશ્રી જ. ત્યારે બસ જો અમારી વચ્ચે કાંઈ રહી ગયું હોય તો એ સમયની ફરિયાદ જ હતી. અનાયાસે એકાએક અમારા હાથ એકબીજાને સ્પર્શી ગયા. કંઈક અજ્ઞાત શકિત આવું કરવા અંદરથી સંચાર કરી રહી હતી.. એજ પ્રેમની લાગણીઓનો અતૂટધોધ બંને તરફથી ઉમટી આવ્યો.. ને પછી જીવનના લેખા જોખાઓનું ઓડિટ થઈ ગયું પલવારમાં જ.



એકલી ભાગ્યશ્રી, જંગ લડતી કોઈ સાથી વગર, કોઈનીય સહાય વગર બાળકોના વિવાહ સંપન્ન કરીને આથમતી સંધ્યાએ એકલી જ વિહરતી હતી અને સાંજે મળી, ત્યારે..

જાણે અચાનક જ નૂતન દિપાવલીના અનેકો અનેક દીપકો આપ મેળે જ ઝળહળી ઉઠ્યા એક સાથે જ. બસ રોશની જ રોશની અને નિર્મળ પ્રેમના અંકુર ફરીને ફૂટી નીકળ્યા, ફરીથી પુષ્પની ખુશ્બુ, બધું જ એમજ પહેલા જેમ જ લાગતું હતું.

સાચે જ, ક્ષણવારનું આ સુખ જો કે જીવન જીવવા માટે પૂરતું હતું! ત્યાં તો અચાનક હવાની સાથે અમાનુષી ઝોકું અમારી વચ્ચેથી પસાર થઈ ગયું અને ફરીથી સામાજિક રિવાજોની તાણાવાણી જેવી લોખંડી સાંકળમાં બંધાઈ ગયા. અમારી કેપ્સ્યુલ જેવી લાઈફ ફરીને જિંદગી જીવવા મજબૂર કરી ગઈ, કોઈ જ વિકલ્પ નહિં – અમે બંને એકબીજાને નિરખી રહ્યા હતા. અમી દ્રષ્ટિભરી સ્મિત સાથે.

મારી સુંદર ચાંદનીને હૃદય–મનમાં જ સંતાડી, સમય સાથે સમજોતા કરવા સિવાય કોઈ જ વિકલ્પ ન હતો. ચહેરા પરની ફરિયાદને મુશ્કેલીથી સંતાડવી પડી. છતાં પારદર્શક પ્રેમની જેમ મેં હાથ તો મેળવ્યા પણ આઘાતની કળ વળતા જરાવાર લાગી, જયારે કળ વળી ત્યારે આંખમાં વિયોગની વાદળી બંને બાજુએ વરસી પડી. ટપ.. ટપ.. ટપ..

એક એક બુંદ હાથમાં આવીને વર્ષો પહેલાના પ્રેમ લાગણીઓની યાદ અપાવી ગઈ, આવે વખતે મૃત્યુ આવે તો પણ તેને ખસી જવાની ફરજ પડે.

પ્રામાણિકતાના મૂળિયામાં આજે અમી જળ સિંચાઈ ગયાં, બસ પાછા એજ દુનિયાદારીનાં બંધનો ફરજની સાંકળથી બંધાઈ રહ્યા હતા.. ના તો અમે જીવનસાથી બની શક્યા.. ન તો સાથે ચાલવા મિત્ર બની શક્યા.. બસ મજબૂર બની ગયા.. કિસ્મતની કૌવતની કરામત નીહાળતા, બે લકીર વચ્ચે હૃદયના સાથી કાયમને માટે બની રહ્યા. જીવનસાથી બનવાનો સુંદર ખ્વાબો તો જાણે સમાધિમાં સમાઈ ગયા. કોઈ જ ફરિયાદ નહીં, બસ ચૂપચાપ સામાજિક રિવાજોની ચાદરો લપેટી ચાલતા રહ્યા.

અંતે એક સુંદર જીંદગીના સમણાની શરૂઆત થાય તે પહેલા જ પ્રેમની પગદંડીને વિશાળ હૃદય ગગનમાં અમારા સ્વપ્નોને જીવંત રાખવાને કંઈક અરમાનો સાથે ફરીને યોગવિયોગના પંથે વળી ગયા.

હવે ફટાકડાના ધમાકા તો કયાંક ક્રેકર્સનાં નાના–મોટા અવાજો મને જગાડી ગયાં. આજે રોશીનીથી પ્રજવલિત દીપકો ઝગમગી રહ્યા હતા તો કયાંક વિદાય લેતી રાત્રિની જેમ અંતિમ પ્રકાશિત દીપકો. સંદેશ આપીને 'ગુડબાય' કરી રહ્યા હતા, કદાચ સુખ દુઃખના સમીકરણો સમજાવતા હશે. એવું લાગ્યું.

''યે જીવન હૈ.. ઈસ જીવન કા યહી હી હૈ રંગ રૂપ..''. કયાંકથી સ્પીકરમાં આવું જ ગીત સંભળાઈ રહ્યું હતું.

દીપોત્સવી
વિશેષાંક-૨૦૨૬

ઉર્વશી અને પુરુરવાસની પ્રેમકથા

ભાવિન કથ્રેચા





ઇન્દ્રનો દરબાર દરરોજ ગીત, સંગીત અને નૃત્યની મહેફીલથી સજજ રહેતી. સુખ, સંપદા અને સુવર્ણથી ઇન્દ્રનો દરબાર સોળે કલાએ ખીલી ઉઠતો. રોજબરોજની આવી મહેફીલોથી એક દિવસ ઉર્વશી કંટાળી ઉઠી તે નાચતા નાચતા થાકી જાય છે. તે ઇન્દ્રને કહે છે હું થોડા દિવસ પૃથ્વી પર જવા માંગું છું.

ઉર્વશી અને પુરુરવાસની કથાઓમાં ઘણા મંતમંતાર છે. તેના સંદર્ભે જુદી જુદી કથાઓ છે. મને જે કથા વધુ ઉચિત અને સારી લાગી તે કથા હું મારા સંકલન સાથે કહું છું. ઇન્દ્ર દેવતાઓના રાજા છે. તેઓ વરસાદ, વીજળી અને તુફાનના પણ દેવ તરીકે ઓળખાય છે. તેના દરબારમાં ઘણી બધી અપ્સરાઓ હતી. જેમાં ઉર્વશી, મેનકા, રંભા, તિલોતમા અને ધૃતાચી મુખ્ય અપ્સરાઓ હતી. આ બધી અપ્સરાઓ બહું સુંદર અને ઉત્તમ નૃત્યાગનાઓ હતી. જયારે ધરતી પર કોઇ વ્યકિત ઘોર તપસ્યા કરતા ત્યારે ઇન્દ્રને ચિંતા થઇ આવતી કે જો પરબ્રમ પરમાત્મા તે વ્યકિત પર પ્રસન્ન થશે અને તેને વરદાન માંગવાનું કહેશે અને તે વ્યકિત ઇન્દ્રાસન માંગી લેશે તો ? પોતાનું પદ ચાલ્યું જશે. તેથી તે તપોભંગ કરાવવા માટે ધરતી પર અપ્સરાઓ મોકલતા. અપ્સરાઓ પોતાના સૌદર્યથી તપોભંગ કરાવવામાં સફળ રહેતી. ઇન્દ્રનો દરબાર દરરોજ ગીત, સંગીત અને નૃત્યની મહેફીલથી સજજ રહેતી. સુખ, સંપદા અને સુવર્ણથી ઇન્દ્રનો દરબાર સોળે કલાએ ખીલી ઉઠતો. રોજબરોજની આવી મહેફીલોથી એક દિવસ ઉર્વશી કંટાળી ઉઠી તે નાચતા નાચતા થાકી જાય છે. તે ઇન્દ્રને કહે છે હું થોડા દિવસ પૃથ્વી પર જવા માંગું છું. હું ચાંદીના દેવતાઓ વચ્ચે રહી હાલ સુખની અનુભૂતિ નથી કરી રહી માટે પૃથ્વી પર માટીના માનવીઓ પાસે જવા માંગું છું. હું પૃથ્વીની મીઠી સુગંધ મારા દેહમાં ભરવા માંગુ છું. હું પૃથ્વી પર ખીલેલા પુષ્પોને જોવા માંગું છું. જે દુલર્ભ પુષ્પો અહીં દેવલોકમાં ખીલતા નથી. એવી પુરાબ્રહમાંડમાં દુલર્ભ અને જેની મહાનતાના ગુણગાન કરું એટલા ઓછા એવી પૃથ્વીના દર્શન કરવા માંગું છું. હું પૃથ્વીના પુત્રને પ્રેમ કરવા માંગું છું.

ઉર્વશીની આવી વાતો સાંભળી ઇન્દ્ર દુઃખી થયા તેને ઉર્વશીના વચનો અપમાનજનક લાગ્યા. પોતાનો અહીં ઘવાતો લાગ્યો કે દેવલોકની તુલનાએ ઉર્વશી અત્યારે પૃથ્વીની મહાનતા વર્ણવી રહી છે. ઇન્દ્રે ઉર્વશીને કહ્યું ભલે જો તારી આવી ઇચ્છા હોય તો, પરંતુ પૃથ્વી પર જતા પહેલા મારી એક શરત છે જો તને એ મંજુર હોય તો જરૂરથી જજે. શરત એ છે કે પૃથ્વી પર કોઇને ખબર ન પડે કે તું અપ્સરા છો. અને જે દિવસે એ રાજ ખુલ્લી જશે કે તું પૃથ્વીની રહેવાસી નહીં પરંતુ દેવલોકની અપ્સરા છો ત્યારે તારે કોઇપણ સંજોગોમાં દેવલોક પર ફરી જવું પડશે. ઉર્વશીએ ઇન્દ્રની શરત માન્ય રાખી. પૃથ્વી પર ઉતરી આવી. ધરતી પર આવી ઉર્વશી બહુ આનંદિત થઇ ગઇ. ધરતીની માટીની મહેકતી સુગંધ, ફુલોની સુગંધ તેણે પોતાના ઉરમાં પ્રફુલ્લિતા ફેલાવતી હોય તેવો રોમાંચ થયો. ધરતી પર રાજા પુરુરવાસનું શાસન હતું. તે ચંદ્રવંશી રાજા હતા. તેનું અને ઉર્વશીનું મિલન થતા બંને એકબીજાના પ્રેમમાં પડે છે. બંને પ્રસન્નતાથી સાથે રહેવા લાગ્યા. પુરુરવાસ પોતાની જાતને ભાગ્યશાળી માનવા લાગ્યો કે તેને ઉર્વશી જેવી સુંદર સ્ત્રીનો સંગ પ્રાપ્ત થઇ રહ્યો છે. સમય પરિવર્તનશીલ છે. ઋતુઓ અનુસાર તેમાં અવનવા ફેરફારો થતા રહેતા હોય છે. જીજ્ઞાસા માનવીય ગુણ છે. પુરુરવાસ ઉર્વશીને વારંવાર પુછતો કે તું કોણ છો ? આ ધરતીની તો બિલકુલ લાગતી નથી તું જરૂર દેવકન્યા છો. કેમ કે આટલી સૌંદર્ય, શાલીના ધરતી પર કોઇ હોય એવું મેં કયારેય સાંભળ્યું નથી. ઉર્વશી પુરુરવાસના આવા પ્રશ્નોથી ચિંતિત રહેતી અને મૌન થઇ જતી. ઉર્વશી જેમ જેમ મૌન રહેતી તેમ પુરુરવાસની જીજ્ઞાસા વધુને વધુ તીવ્ર થઇ જતી. કારણ કે ઉર્વશી પર પ્રકૃતિના ફેરફારની કોઇ અસર શરીર પર થતી નહીં. તેને ગરમીમાં પરસેવાના બુંદ ઉપસતા નહીં કે કળકળતી ઠંડીની કોઇ અસર તેના શરીર પર થતી નહીં. આ જોઇ પુરુરવાસ બહુ જ આશ્ચર્ય પામતો.

અંતે એક દિવસ પુરુરવાસની જીજ્ઞાસાનો અંત આવી ગયો. તેણે ઉર્વશીને કહ્યું કે, તમે કોણ છો ? અને કયાંથી આવ્યા છો ? એ શોધી કાઢીશ. તમે અમારાથી બહુ બધુ છુપાવો છો. તમે મને પ્રેમ કરો છો. તો પણ હું કોઇ અજાણી વ્યકિત હોય તે રીતે મારાથી તમારો ખરો પરિચય છુપાવી રાખ્યો છે. જો તમે મને તમારો ખરો પરિચય નહીં આપો તો હું આપણો પ્રેમ સમાપ્ત થઇ ગયો એમ સમજી બેસીશ. આટલું સાંભળી ઉર્વશી ગભરાય ગઇ. ઘણીવાર જીવનમાં એવી પરિસ્થિતિઓ આવતી હોય



છે કે શું કરવું ? અને શું ન કરવું ? ત્યારે વ્યકિતને માટે ખરેખર બહુ કપરો નિર્ણય લેવો પડતો હોય છે.

ઉર્વશીએ પુરુરવાસને કહ્યું કે જો હું મારો ખરો પરિચય આપી દઇશ હું અદશ્ય થઇ જઇશ. કારણ કે હું કોઇ સાથે એવા વચને બંધાયેલી છું. પુરુરવાસે કહ્યું કે કારણ ભલે ગમે તે હોય પરંતુ હું આજ જાણવા માંગુ છુ કે તું કોણ અને કયાંથી આવેલ છે ? પુરુરવાસ સ્ત્રી સ્વભાવથી ઘણો પરીચિત હતો તેને લાગ્યું કે ઉર્વશી પોતાની ઓળખમાં જરૂર કોઇ ભેદ છુપાવવા માંગે છે. ઉર્વશીએ પોતાના હૃદય પર પથ્થર રાખી કહ્યું કે હે પ્રિય, જો આ તમારો અંતિમ નિર્ણય હોય તો સાંભળો. હું ઉર્વશી છું. દેવલોકની અપ્સરા. પૃથ્વીની મીઠી સુગંધ મને આકર્ષી રહી હતી. જાણે કે બોલાવીને સાદ પાડી રહી હતી. હું વરસતા વરસાદમાં, સૂર્યના કિરણો અને ઉગતા ચંદ્ર, તારાઓથી ભરેલી રાતમાં પૃથ્વીના કોઇ પ્રેમાળ વ્યકિત સાથે આલીંગ ઇચ્છતી હતી. પરંતુ હવે હું મારી જાતને રોકી શકીશ નહીં. મેં આપને પહેલા જ કહ્યું તે મુજબ હું વચનથી બંધાયેલી છું. એટલું કહી ઉર્વશી દેવલોક પરત જવા લાગી. પુરુરવાસ તેને સાદ પાડતો તેની પાછળ દોડવા લાગ્યો. તે ઉર્વશીને દેવલોક જતા અટકાવી ન શકયો. આંખોની દષ્ટિની જયાં સુધી સીમાઓ હોય ત્યાં સુધી તે ઉર્વશીને જતી જોઇ રહ્યો.

દીપોત્સવી
વિશેષાંક-૨૦૨૬

મારું, તારું અને આપણું.

(હાસ્યલેખ)

પલ્લવી જિતેન્દ્ર મિસ્ત્રી





પત્નીએ બીજે દિવસે સવારે બાથરૂમમાંથી બૂમ પાડીને બેડરૂમમાં તૈયાર થઈ રહેલા પતિને કહ્યું, ત્યાં પલંગ પર 'આપણો ચણિયો' પડ્યો છે તે મને જરા આપજોને આ ઉપરની જોક મને અત્યારે એટલા માટે યાદ આવી કે - 'મારું', તારું' અને 'આપણું' એ શબ્દો વિશે મારે મારી એક ખાસ ફ્રેન્ડ સાથે થોડા સમય પહેલાં જ એક ચર્ચા થઈ.

નવોઢા વારંવાર 'મારું' 'મારું' શબ્દપ્રયોગ કરતી હતી. 'મારું ઘર', 'મારો બેડરૂમ', 'મારી બાલ્કની' વગેરે..

એટલે નવા નવા પતિ બનેલા યુવકે એની ભૂલ સુધારવા કહ્યું,

આ બધું આપણું છે, એટલે હવેથી તારે 'મારું' શબ્દ બોલવાને બદલે 'આપણું' શબ્દ બોલવો.

'ભલે' નવોઢા પત્નીએ પતિની વાત તરત જ માની લીધી એટલે પતિ ખુશ થયો.

પત્નીએ બીજે દિવસે સવારે બાથરૂમમાંથી બૂમ પાડીને બેડરૂમમાં તૈયાર થઈ રહેલા પતિને કહ્યું,

ત્યાં પલંગ પર 'આપણો ચણિયો' પડ્યો છે તે મને જરા આપજોને

આ ઉપરની જોક મને અત્યારે એટલા માટે યાદ આવી કે – 'મારું', તારું' અને 'આપણું' એ શબ્દો વિશે મારે મારી એક ખાસ ફ્રેન્ડ સાથે થોડા સમય પહેલાં જ એક ચર્ચા થઈ.

વાત જાણે એવી બની હતી કે મારી ફ્રેંડ અમૃતાના દીકરા આશુના લગ્ન, અદિતિ નામની કન્યા સાથે ખૂબ જ ધામધૂમથી ઉજવાઈ ગયાં. બધું આયોજન એના ધાર્યા પ્રમાણે નિર્વિઘ્ને પાર પડ્યું હતું. બધી એજન્સીઓના ફાઇનલ પેમેન્ટ પણ ચૂકવાઈ ગયા હતાં. લગ્નમાં આવેલાં મહેમાનો વિદાય લઈને પોતપોતાની 'આરામદાયક જગ્યા' એટલે કે પોતાના ઘરમાં પાછા સેટલ થઈ ચૂક્યા હતાં. અમૃતાનું ઘર પાછું રાબેતા મુજબ ગોઠવાઈ ગયું હતું. રૂટિન લાઈફ શરૂ થઈ ગઈ હતી. દીકરો–વહુ, આશુ અને અદિતિ બંને હનીમૂન માટે વિદેશની સફરે જઈને પાછાં આવી ગયાં હતાં અને બંને પોતપોતાની જોબમાં લાગી ગયાં હતાં. અમૃતાના પતિ અમર પણ પાછા એમના બિઝનેસમાં બીઝી થઈ ગયા હતા.

લગ્નના લગભગ એકાદ મહિના પછી એક દિવસ અચાનક એ મને મારા ઘરે મળવા આવી.

'અરે અમુ ! આવ આવ' મેં એને સસ્મિત આવકારતાં કહ્યું. પછી એનો ઉતરેલો ચહેરો જોઇને પુછ્યું.

'શું થયું છે ? તારી તબિયત નથી સારી ?'

'મારી તબિયતને વળી શું થવાનું હતું ? આ ઘોડા જેવી તો છું.' એણે ફુંગરાયેલા મોઢે કહ્યું.

'તો પછી સદાય હસમુખું રહેતું તારું મુખારવિંદ આમ ચાર ચમચી દિવેલ પી લીધું હોય એવું કેમ લાગે છે ?'

'તું વાત જ જવા દે ને યાર.' એણે સોફામાં પડતું મૂકતાં કહ્યું.

'સારું, તારે નહીં જ કહેવી હોય તો જવા દે વાત. બોલ ચા પીશું કે કોફી ?'

તું ય કેવી ફ્રેન્ડ છે ? મુશ્કેલીની વાત પૂછવાને બદલે કહે છે 'વાત જવા દે.' એ મારા પર ચિઢાઈ

'સોરી, મારી ભૂલ થઈ ગઈ. હવે બોલ વાત શું છે ?' મેં પુછ્યું.

'તને કહું તો ખરી, પણ વાત બહાર ન જવી જોઇએ.' એણે ખૂબ ધીમા અવાજે કહ્યું.

હું ઊઠીને ઘરનું બહારનું બારણું બંધ કરી આવીને પછી એની પાસે જઇને બેઠી. એટલે એણે મને પુછ્યું,

'બારણું કેમ બંધ કર્યું ?'

'તારી વાત બહાર ન જતી રહે એટલા માટે.' મેં હસીને જવાબ આપ્યો, એ પણ હસી પડી.

'હવે બોલી દે કે એવી તે કઈ વાત છે જે તને હેરાન કરી રહી છે ?' મેં પુછ્યું.

'યાર, અમારા પક્ષે એટલે કે આશુને આપેલી કેટલીક ગિફ્ટ્સ અદિતિના ઘરે પહોંચી ગઈ છે.'

'અચ્છા ? પણ તને આ વાતની ખબર કેવી રીતે પડી ?'

અમારા એક ફ્રેન્ડ રિશીભાઈ ગયા અઠવાડિયે અમને મળવા ઘરે મળવા આવ્યા હતા. એમણે વાતચીત દરમ્યાન અમને પુછ્યું, 'આશુને અમે આપેલી ગિફ્ટ તમને લોકોને ગમી કે નહીં ?

'પછી ?' મેં જીજ્ઞાસાવશ પુછ્યું.

'કઈ ગિફ્ટ રિશીભાઈ ? તમારી તો કોઈ ગિફ્ટ અમને મળી જ નથી.' આશુને આવેલી બધી ગિફ્ટ્સ અમે જોઈ લીધી હતી, પણ એમાં રિશીભાઇએ આપેલી કોઈ ગિફ્ટ નહોતી. એટલે અમે એમને નવાઈથી પુછ્યું.

'ઓકે. પછી ?'

શું વાત કરો છો, ભાભી, મેં જાતે સ્ટોરમાં જઈને, જાતે પસંદ કરીને, આશુને ગમે એવો લાઇટ અને મ્યુઝિક સાથેનો સરસ મજાનો 'વોટર ફાઉંટન' ખરીદીને એને ભેટ આપ્યો છે. એમણે કહ્યું.

ઓહ ! 'વેવાઈ પાસેથી હવે એ સરસ મજાનો ફૂવારો મંગાય કેવી રીતે' એ વિચારે તું ઉદાસ છે, ખરૂં ને ?

ના રે ના. એવું કંઈ નથી. રિશીભાઇએ કહ્યું,' ગિફ્ટ તમારા વેવાઈના ઘરે જતી રહી હશે.' પછી અમારી પાસેથી ફોન નંબર લઇને એમણે તો તરત જ અમારા વેવાઈને ફોન પણ કરી દીધો, અને વેવાઈએ પણ બીજા દિવસે જ અમને અમારી ગિફ્ટ પાછી મોકલી આપી.'

'તો પછી ખુશ થવાને બદલે તું ઉદાસ કેમ લાગે છે?' મેં નવાઈથી એને પુછ્યું.

'મને એવું થાય છે કે વેવાઈએ આપણી ગિફ્ટ આટલા બધા દિવસ સુધી આપણને મોકલી કેમ નહીં ?'

'એવું પણ બની શકે ને કે એમના ઘરે ગયેલી ગિફ્ટ્સ એમણે જોઈ જ નહીં હોય ?' મેં તર્ક રજૂ કરતાં કહ્યું.

યાર, લગ્ન જેવો મોટો પ્રસંગ પત્યા પછી ત્રણ અઠવાડીયા સુધી ઘરમાં પડેલી ગિફ્ટ્સ કોઈ જુએ જ નહીં એ વાત મારે ગળે ઊતરતી નથી. વળી આ સમય ગાળા દરમ્યાન અદિતિ બે વાર પિયર પણ જઇ આવી.

યાર, લગ્ન જેવો મોટો પ્રસંગ પત્યા પછી ત્રણ અઠવાડીયા સુધી ઘરમાં પડેલી ગિફ્ટ્સ કોઈ જુએ જ નહીં એ વાત મારે ગળે ઊતરતી નથી. વળી આ સમય ગાળા દરમ્યાન અદિતિ બે વાર પિયર પણ જઇ આવી. તો ત્યારે ઘરનાં લોકોને એમ ન થયું હોય કે 'અદિતિ આવી છે તો કોણે શું ગિફ્ટ આપી છે તે જોઈ લઈએ ?'

હંઅઅઅ. વાત તો તારી સાચી છે. કોઈપણ પ્રસંગ પતી ગયા પછી આપણે 'કોણે શું આપ્યું છે' તે જોઇને, નોટબુકમાં નોંધ લખતાં હોઇએ છીએ ખરા. જેથી સામો વ્યવહાર કરવાનો આવે ત્યારે આપણે પણ આવ્યા પ્રમાણેના વ્યવહારથી ગિફ્ટ કે કવર સામેવાળાને આપી શકીએ.

'હું એ જ તો તને કહું છું ને. આ તો સારું થયું કે આપણને ખબર પડી કે રિશીભાઈની ગિફ્ટ વેવાઈના ઘરે જતી રહી છે. નહિતર આપણને તો ખબર પણ ન પડત કે આશુને આવી મજાની ગિફ્ટ આવી હતી.'

'ઠીક છે ને યાર, ભૂલી જા એ વાતને હવે. ગિફ્ટ તો પાછી મળી ગઈ ને ?'

'એ ગિફ્ટ તો પાછી મળી. પણ મને હવે મનમાં એવું થાય છે કે આશુને આવેલી આવી બીજી કેટલીક મજાની ગિફ્ટ્સ પણ વેવાઈના ઘરે જતી રહી હોય અને આપણને ન મળી હોય તો શું ?'

'એ તો હવે એમને આ બાબતે જાણ થાય પછી આપણી ગિફ્ટ આપણને પાછી મોકલી આપે ત્યારે ખરૂં.'

'એ પછી પણ એ લોકો આપણને આપણી ગિફ્ટ પાછી આપે ત્યારે ખરા.'

'કેમ, તને આ બાબતે એ લોકો પર શક થાય છે ?'

'તારી આગળ શું ખોટું બોલવું ? આટલા બધાં દિવસ સુધી આપણી ગિફ્ટ દબાવી રાખી અને રિશીભાઇનો ફોન ગયા પછી પાછી આપી એટલે એમના પર આવો શક થવો સ્વાભાવિક જ છે ને ?'

ઓહ્હ ! તને જો એવું જ લાગતું હોય તો તું ડાયરેક્ટ વેવાઈને જ ફોન કરીને પૂછી લે ને કે – 'તમે બધી ગિફ્ટ્સ ચેક કરીને કહો કે આશુની બીજી કોઈ ગિફ્ટ તો તમારે ત્યાં આવી નથી ગઈ ને ?'

'કેવી વાત કરે છે તું ? આપણાથી ડાયરેક્ટ એ લોકોને આવું કઈ રીતે પૂછી શકાય ? એમને ખોટું ન લાગે ?'

'હા, એવું બની શકે ખરૂં.'

'તો પછી હું શું કરૂં ?'

વેવાઈને 'બેનિફિટ ઑફ ડાઉટ' આપીને એ લોકો પ્રત્યે શક ઉત્પન્ન કરનાર આ વિચારને જ તારા મગજમાંથી કાઢી નાખ અને રિલેક્સ થઈ જા.

'એ વિચાર મારા મનમાંથી જતો જ નથી. એટલે રિલેક્સ નથી થઈ શકતી એનો જ તો પ્રોબ્લેમ છે ને ? એમાં વોટ્સએપ મેસેજિસ 'બળતામાં ઘી હોમે છે' આ જો. કહીને એણે એનો મોબાઈલ મારી સામે ધર્યો.

એક કોળિયો પેટ સુધી પહોંચાડવા ઈશ્વરે કેવી અદભૂત રચના કરી છે. 'ગરમ' હોય તો 'હાથ' કહી દે છે, 'કઠણ' હોય તો 'દાંત' કહી દે છે, 'કડવું' હોય તો 'જીભ' કહી દે છે, 'વાસી' હોય તો 'નાક' કહી દે છે, બસ, ખાલી....'હક નું છે કે હરામ નું છે' એ આપણે જાતે નક્કી કરવાનું છે.

'મેસેજ તો ઘણો સરસ છે, વર્થ પ્રેક્ટિસિંગ.' મેં કહ્યું.

'હા, પણ 'કેટલાંક લોકો' આ વાત નથી સમજતા એનું શું ? એણે નિશ્વાસ મૂકતાં કહ્યું.

સાંભળ અમુ, મહાન કૌરવ યોધ્ધો દુર્યોધન પોતે કહે છેઃ 'જાનામિ ધર્મં ન ચ મેં પ્રવૃત્તિઃ ॥ જાનામ્યધર્મ ન ચ મેં નિવૃત્તિઃ' મતલબ કે 'હું ધર્મ જાણું છું છતાં એમાં પ્રવૃત્ત થઈ શકતો નથી અને હું અધર્મ જાણું છું છતાં એમાંથી નિવૃત્ત થઈ શકતો નથી' આપણે પોતે પણ કોઈવાર સાચું શું છે એ જાણવા છતાં પણ નથી અનુસરતા. તો પછી બીજા પાસે એવી અપેક્ષા રાખવી વધુ પડતી છે એમ તને નથી લાગતું ?'

'લાગે તો છે પણ.... હવે તું જ કોઈ રસ્તો બતાવ કે મારે મારા આ અજંપ જીવને શાંત કરવા શું કરવાનું ?'

'અમુ. આપણી કોઈ બીજી ગિફ્ટ વેવાઇને ત્યાં જતી પણ રહી હશે તો આપણા બદલે એ લોકો વાપરશે એટલું જ કે નહીં ?' જો ગિફ્ટ 'આપણી' છે તો વેવાઈ પણ તો 'આપણા' જ છે ને ? મેં એને સમજાવતાં કહ્યું.

'તમે બંને જણ એકસરખી જ વાત કહો છો, તો પછી મને લાગે છે કે મારે એ વાત માની લેવી જોઈએ.'

'કોણ બંને જણ ? એક તો હું અને બીજું કોણ ?'

બીજા મારા પતિદેવ અમર. એ પણ આવું જ કહે છે. કહે છે કે – 'આપણે આપણી દીકરીને કેટકેટલું આપતાં હોઈએ છીએ. અદિતિ ભલે આપણી પુત્રવધૂ છે, પણ છે તો આપણી દીકરી જેવી જ ને ? આપણામાંથી થોડું એના પિયર જશે તો પણ આપણું શું ઓછું થઈ જવાનું છે.' ખરૂં કે નહીં ?

> **સાંભળ અમુ, મહાન કૌરવ યોધ્ધો દુર્યોધન પોતે કહે છેઃ 'જાનામિ ધર્મં ન ચ મેં પ્રવૃત્તિઃ ॥ જાનામ્યધર્મ ન ચ મેં નિવૃત્તિઃ' મતલબ કે 'હું ધર્મ જાણું છું છતાં એમાં પ્રવૃત્ત થઈ શકતો નથી અને હું અધર્મ જાણું છું છતાં એમાંથી નિવૃત્ત થઈ શકતો નથી' આપણે પોતે પણ કોઈવાર સાચું શું છે એ જાણવા છતાં પણ નથી અનુસરતા.**

'હા, ખરૂં જ. તું એ વાત સમજી ગઈ અને તેં વાત સ્વીકારી પણ લીધી એનો મને આનંદ છે.'

'થેંક્યું દોસ્ત! મારી અક્કલ ઠેકાણે લાવવા બદલ.' ચા–નાસ્તો કરીને એ ગઈ.

'ખાલી હાથે આવ્યા અને ખાલી હાથે જવાના, પછી શું મારું ને શું તારું ?' વોટ્સએપ મેસેજે ડહાપણ ડોળ્યું.

દોસ્તો, જો તમે આ લેખ વાંચીને થોડાં ગંભીર થઈ ગયા હોય, તો એનું સમાપન હળવાશથી કરીએ :

અમારા એક મિત્રયુગલના સુપુત્ર અજ્ઞેયના લગ્ન થવાના હતાં ત્યારે એણે એની મમ્મીને પુછ્યું :

'બીજી બધી વાત તો ઠીક છે મમ્મી, પણ અશ્મિ (એની ભાવિ પત્ની) પરણીને આ ઘરમાં આવશે તો એ રહેશે ક્યાં ? એનો બેડરૂમ અને વોશરૂમ ક્યાં છે ?'

અજ્ઞેયના મનમાં એવું હતું કે હું જે વાપરૂં છું તે 'મારો' બેડરૂમ છે, 'મારો' વોશરૂમ છે. મિત્રો, તમને થશે કે 'આવું તે કોઈ પૂછતું હશે ? અને તે પણ કોઈ લગ્નોત્સુક યુવક ?' (તો તમને જણાવી દઉં કે આ એક હકીકત છે. અને આ વાત બીજા કોઈ નહીં ખુદ અજ્ઞેયની મમ્મીએ અમને જણાવી હતી.)

ત્રણચાર દિવાળી સાથે વિતાવ્યા બાદ અજ્ઞેય–અશ્મિના કેસમાં 'મારૂં', અને 'તારૂં' માંથી 'આપણું' થઈ ગયું છે. બંને 'ઇન મીન' માં થી 'તીન' થયાં છે અને સાથે ખાઈ–પીને લહેર કરે છે.

એટલે આપણે પણ આ 'મારૂં' – 'તારૂં' ની લમણાઝીંક છોડીને 'આપણી' સૌની દિવાળીની મજા લઈએ.

આપ સૌને મારા તરફથી દિવાળીની શુભેચ્છાઓ અને નવા

"Your Imagination, Our Creation"

Mr. Dharmendra Narendrabhai Gajjar (Devadiya)
Mr. Krunal Narendrabhai Gajjar (Devadiya)

Mr. Darshil Dharmendrabhai Gajjar (Devadiya)
Mr. Ayush Dharmendrabhai Gajjar (Devadiya)

MATRUKRUPA
ENTERPRISE



EXPLORE **THE ESSENCE OF** CREATIVITY

- **MOBILE / DISPLAY FIXTURES**
- **OPTICAL DISPLAY FIXTURES**
- **BOUTIQUE DISPLAY FIXTURES**
- **SUPERMARKET FIXTURES**
- **APPARELS DISPLAY FIXTURES**

Manufacturers of
- Retail Shop Fittings
- Clothing Display Racks & Fixtures
- Slat Wall For Multi Purpose Displays

IN HOUSE FACILITIES

- **METAL LASER CUTTING WORK**
- **METAL CNC BENDING WORK**
- **WOODEN CNC ROUTER WORK**
- **METAL LASER WELDING WORK**
- **CARPENTRY WORK**
- **FABRICATION WORK**
- **POWDER COATING WORK**
- **PVD COATING WORK**

Get In Touch

+91 82009 73424, +91 81417 75588, +91 95126 52174
dharmendra@matrukrupa.in | darshil@matrukrupa.in
12/2/A Pancharatna Estate, Opp. Swastik Electro Power, Nr. Ramol Bridge, Vatva, Ahmedabad, Gujarat - 382445

www.matrukrupa.in

RAJ LAXMI

FLUID POWER CREATIVES

HI-TECH HYDRAULIC HOSE CRIMPING MACHINES

HYDRAULIC, PNEUMATIC, HYDRO POWERED , AUTOMATIC, SEMI-AUTOMATIC, MANUAL 4MM TO UPTO 200MM

Model : RLC - 206
Hose Crimping Machine (Vertical)
Upto 2" Cap.



Hand Operated
HoseCrimping Machine
Upto 1" Cap.



Model :RLC - 208
Hose Crimping
Machine
(Horizontal)
Upto 4" Cap.



Model : RLC - 207
Hose Crimping
Machine
(Horizontal)
Up to 2" Cap.



Model: RLC -208
Hose Crimping
Machine
Upto 2"
(Horizontal)
Automatic



Model: CH -215
Hose Crimping Machine
Upto 2"(Horizontal) Automatic



Low Pressure Motorised Hose
Crimping Machine Upto 1"



Hand Operated
Low Pressure Hose
Crimping Machine



Hose Skiving Machine



Hose Testing Machine



Hose Cutting Machine



Roll
MarkingM
achine



Ramnik J. Gajjar : 98250 75288
Vijay P. Gajjar : 82386 57687
Bhavesh R. Gajjar :98250 144 94

Manufacturer :

R.J INDUSTRIES

1 - Paresh Estate,
Opp. Jaynath Complex,
Makkam Chowk,Gondal Road,
Rajkot 360 002
Email : r.jgajjar78@gmail.com.
rjinds@yahoo.co.in

ONE STOP SOLUTION FOR HYDRAULIC HOSES & FITTINGS

Authorised Distributor :
(Saurashtra & Kutch)

Gates USA

POWERING PROGRESS

Manufacturer :

R.J INDUSTRIES

THE WORLD'S MOST TRUSTED NAME IN HYDRAULICS HOSES AND FITTINGS

Ramnik J. Gajjar : 98250 75288
Vijay P. Gajjar : 82386 57687
Bhavesh R. Gajjar : 98250 14494

1, Paresh Estate, Opp. Jaynath Complex, Makkam Chowk, Gondal Road, Rajkot 360 002. Email : r.jgajjar78@gmail.com / rjinds@yahoo.co.in





MANUFACTURE OF :
HYDROAULIC
HOSES END FITTINGS

Gates POWERING PROGRESS

HYDROAULIC HOSES, BELTS END FITTINGS

PRESSURE OR RANGE, NO LIMITS....

- RUBBER BARIDED & SPIRAL HIGH PRESSURE HOSE
- AIR LESS PAINT SPRAY HOSE
- PNEUMATIC TOOL HOSE
- CEMENT GROUTING HOSE
- CHEMICAL HOSE
- WATER SUCTION/DISCHARGE HOSE
- PETROL DISPENSING HOSE
- MOBILE EQUIPMENT & EARTHMOVING HOSE
- OIL GAS ON OFF SHORE HOSE
- PVC BRATDED CLEAR HOSE
- JACK HOSE (MORE SAFE ECONOMICAL)
- TEFLON HIGH TEMPERATURE & PRESSURE HOSE
- STEAM HOSE
- HEAT RESISTANT CARBON FREE CABLE
- COOLANT HOSE
- ASBESTOS STANLESS STEEL CORRUGATED HOSE

FOR CATER PILLER, HITACHI, TEREX, JCB, POCLAN AND ALL TYPES OF EARTHMOVING MACHINERIES.
WE ALSO SUPPLY LOOSE HYDRAULIC HOSE & FITTINGS.

INFINITY INFOTECH
BEYOND EXPECTATIONS

Your One-Stop IT Solution Partner!

Servers, Laptops, POS, Printers,
CCTV, Networking & More...
All Under One Roof!

- ✓ Branded & Assembled Systems
- ✓ Web Solutions & Digital Marketing
- ✓ Website's Development
- ✓ Web-App/ Android & iOS.
- ✓ Repairs & AMC
- ✓ 24×7 Service Support



Call/WhatsApp : 9421630652
Email: hiral@infinity-infotech.in

With Best Compliments...

Shailesh Khambhayata
Mo. 98242 16122

Sagar Khambhayata
87587 51523

RAVI
GLASS & METAL



All Type of
Aluminium Section
and Glass Traders

Nana Mava Main Road,
Beside of TVS Madhav
Showroom, Rajkot.
E : rglassmetal@gmail.com



DEVAY
ENGINEERS
SPECIALIST IN CEMENT AND CHEMICAL
PLANT ENGINEERING SERVICES

Mr. Jayendra M. Barad
Mo -97277 00194

Mr. Hiren A. Gajjar
Mo -97274 00576

- Specialist In Major Kiln Repair & Maintenance, Brick Lining, Commissioning, , Erection, System
- Retrofit, Fabrication & Machining Service Provider To Major Cement & Chemical Plants Across India

GST No – 24AALFD4831B1ZV PAN : AALFD4831B

Block No. 177, Sardarnagar Society, Ver-
aval Road, Kodinar-362720.
Dist. : Gir Somnath. Gujarat
Mo. No. +91 97277 00194
E-mail : Devay-Engineers@outlook.com



Ratibhai Mistri
Mo. +91 97276 22202
Hardik Sondagar
Mo. +91 76001 41007

OM
CORPORATION

All types of aluminium door & window hardware

Punit nagar Main Road, B/h. Rajkamal petrol pump,
Near Suvidha Compressor, Rajkot - 360004.
E-mail : om.corporation27@gmail.com

દીપોત્સવી
વિશેષાંક–૨૦૨૬

મુંબઈનો હલવો (વાર્તા)

હસમુખ બોરાણિયા
(અમદાવાદ)



મોંઘીબહેન વિચારે ચડ્યાં - પોતે જિંદગીમાં એક વખત મુંબઈ ગયાં હતાં. એ પણ મરણ પ્રસંગે. અહીંથી બસ કે ટ્રેન મળે નહીં. રાજકોટ જવું પડે. સાથે રાજકોટવાળા નણંદ અને બીજી સંબંધી સ્ત્રીઓ સાથે પણ હતી. પોતે એકલાં ગામડાનાં. ટ્રેનમાં બેઠાં પહેલાં નણંદબાએ કેટલીય શિખામણ આપી હતી.



એક સાંજે મોંઘીબહેને ઘરમાં વાત કરી, ''મુંબઈથી ફૈબા આવવાનાં છે.''

સાંભળી સૌ રાજી થયાં. અખિલે બાને પૂછ્યું, ''તમને કોણે કહ્યું?''

મોંઘીબહેન કહે, ''તારા બાપુજી કહેતા હતા, આવતી કાલે સવારે ગામને પાટિયે ઉતરશે.''

અખિલને યાદ આવ્યું, ફૈબા આવવાનાં હોય ત્યારે બાપુજી ફૈબાને લેવા જવાની તૈયારીમાં લાગી જતા. કારણ ગામમાં બસ આવતી નહીં. બે કિલોમીટર દૂર પાટિયે બસ ઊભી રહેતી. બાપુજી કોઈ ખેડૂતને કહીને ગાડું લઈને લેવા જતા.

ફૈબા આવવાનાં છે એવું જાણીને નાની આશા, જેને સૌ કોઈ નાની કહીને બોલાવતાં. નાની બોલી, '' ફૈબા આવશે, મુંબઈનો હલવો લાવશે. ફૈબા આવશે, મુંબઈનો હલવો લાવશે.'' એ તો દોડી ગઈ સીધી શેરીમાં. ત્યાં રમતી બહેનપણીઓને કહી જ દીધું, ''મારાં ફૈબા આવશે, મુંબઈનો હલવો લાવશે.''

હકીએ પૂછ્યું, ''તે હેં, હલવો કેવો હોય?''

નાની બોલી, ''મેં ક્યાં કોઈ દિવસ ખાધો છે કે જોયો છે. મારા બાપુજી કહેતા હતા કે ગળ્યો –ગળ્યો મધ જેવો લાગે અને ચોરસ પતીકાં હોય.''

મધુ બોલી, ''હેં, તે અમને ચાખવા આપીશ?''

નાની કહે, ''કેટલો મોંઘો હોય ખબર છે? પરમદાડે હકી પેંડો લાવી હતી, મને ચાખવાય નહોતો દીધો. છતાં હું એક એક કટકો ચાખવા લઈ આવીશ, બસ?''

મધુ કહે, ''મેં તો તને સુખડી ચાખવા આપી હતી હોં, હકીને પણ આપી હતી.''

નાની બોલી, ''મને એકલાં ખાવું ના ગમે, ભાગ તો વહેંચીને ખવાય.''

પછી તો હલવાની વાતો ચાલી.

મોટાભાઈ અખિલને આવતા જોઈને નાની દોડી, ''ભાઈ, ભાઈ, ફૈબા આવશે, મુંબઈનો હલવો લાવશે.'' ભાઈ એટલું જ બોલ્યો, ''સારું હોં!''

ગામડું ગામ. ગામમાં કંદોઈની એકાદ દુકાન હોય. ત્યાં માવાના પેંડા મળે. દશેરા હોય ત્યારે સાટા મળે, ક્યારેક જલેબી. તહેવારમાં ઘેર ચુરમાના લાડુ, મોહનથાળ, ઘીમાં લથપથ શીરો ને ક્યારેક સુખડી. લગ્ન પ્રસંગે છુટી બુંદી કે બુંદીના લાડુ ને મોહનથાળ. બસ, ગામડાંમાં મીઠાઈની આ દુનિયા. કોઈ વળી શહેરમાં જાય તો ત્યાં પણ લાડુ, પેંડા, બરફી, મોહનથાળ, સાટા, જલેબી જ મળે.

આજે ઘરમાં મુંબઈના હલવાની વાતો ચાલી. મોંઘીબહેન કહે, ''એક વખત તમારા બાપુજી મુંબઈ ગયા હતા. મેં કહેલું – મુંબઈથી કંઈ નહીં લાવો તો ચાલશે. હલવો તો લાવજો.''

નાની બોલી, ''લાવ્યા હતા મુંબઈનો હલવો? હું તો નાની હતી. મને યાદ નથી.''

અખિલ કહે, ''ના.''

ત્યાં મોંઘીબહેન બોલ્યાં, ''તમારા બાપુજી મુંબઈ તો ગયા. ગામમાંથી ટિકિટના પૈસા ઉછીના લઇને ગયેલા. ત્યાં વહેવાર કરવો પડે. બધી રીતે પૈસા વાપરવા પડે. છેલ્લે ટિકિટના પૈસા માંડ બચ્યા. આપણે અહીં વહેવાર પાંચ –દસ રૂપિયા હોય, ત્યાં ફૈબાએ પરાણે એકવીશ રૂપિયા વહેવાર કરાવ્યો હતો.''

અખિલને યાદ આવ્યું – બાપુજી મુંબઈથી આવ્યા ત્યારે પોતે હલવાની રાહ જોઈને બેઠો હતો. બાપુજીનો ડર લાગે એટલે પૂછ્યું નહોતું. બા બાપુજી વાતો કરતાં હતાં તે સાંભળીને નક્કી કરી લીધું કે મુંબઈનો હલવો આવ્યો નથી. બાએ કહેલું, ''છોકરાં માટે બહેને કંઈ ન મોકલાવ્યું? મુંબઈનો હલવો....''

ને બાપુજી મૂંગા મોઢે બહાર નીકળી ગયા હતા.

બીજાં દિવસે ફૈબા આવી ગયાં. નાની રાહ જોઈને બેઠી હતી કે ફૈબા હમણાં મુંબઈનો હલવો આપશે. પણ ફૈબા હીંચકે ઝૂલતાં ઝૂલતાં બીજી વાતો કરતાં હતાં. ગાડામાં બેસવામાં તકલીફ પડી ને ધૂળ ઊડે, માખીનો ત્રાસ. સાંજે પાછા નીકળી જવું છે. એકાદ દિવસ અમરેલી રોકાઈને ત્રીજા દિવસે મુંબઈ પહોંચી જવાનું છે. જેવી વાતો ચાલતી. બા – બાપુજી આછોવાનાં કરે.

ત્યાં ફૈબા નાની સામું જોઈને બોલ્યાં, ''છોકરાં માટે હલવો લાવવો હતો પણ મુંબઈથી અમદાવાદ પ્લેનમાં આવી. સમાન આટલો હતો કે વજન વધી ગયું. એટલે હલવો કેમ લાવવો?''

નાનીને નક્કી થઈ ગયું કે હલવો આવ્યો નથી. સાંજે ફૈબાએ વિદાય લીધી. અખિલભાઈને પૂછી લીધું – વિમાન તો બહુ મોટું હોય, મેં આકાશમાં ઊડતું જોયું છે. એમાં હલવાનું નાનકડું પેકેટ ભાર કરે?''

ભાઈએ કહ્યું, ''ભાર તો ના કરે પણ ફૈબાથી વજન ના ઉપડે ને?''

નાનીને કશું સમજાયું નહીં પણ ફૈબા હલવો ના લાવ્યાં તો બહેનપણીઓ સામે ભોંઠી પડી તેનો અફસોસ રહી ગયો. વળી વિચારે ચડી કે ફૈબા ગયાં ત્યારે બાપુજી પાસે ગામમાં મળતા પેંડા મંગાવ્યાં હતાં. કહેતાં હતાં કે મુંબઈ બધાને માવાના પેંડા બહુ ભાવે.''

''તે હેં, પેંડા વિમાનમાં વજન ના કરે?'' નાનીએ પોતાની જાતને પ્રશ્ન કર્યો.

આ તરફ મોંઘીબહેન વિચારે ચડ્યાં – પોતે જિંદગીમાં એક વખત મુંબઈ ગયાં હતાં. એ પણ મરણ પ્રસંગે. અહીંથી બસ કે ટ્રેન મળે નહીં. રાજકોટ જવું પડે. સાથે રાજકોટવાળા નણંદ અને બીજી સંબંધી સ્ત્રીઓ સાથે પણ હતી. પોતે એકલાં ગામડાનાં. ટ્રેનમાં બેઠાં પહેલાં નણંદબાએ કેટલીય શિખામણ આપી હતી. તમે રહ્યાં અભણ, અહીં ખિસ્સાકાતરૂં હોય, અજાણ્યાં સાથે વાત કરવી નહીં. હલવાની વાત નીકળી નણંદબા બોલેલાં – અમે કેટલીય વખત હલવો ખાધો છે.જ્યારે મુંબઈ જઈએ કે કોઈ આવતું હોય હલવો આવી જાય, વગેરે. મુંબઈ પહોંચી ગયાં પછી ત્રીજા દિવસે નીકળવાનું હતું. ત્યારે મુંબઈનો હલવો યાદ આવેલો પણ મરણ પ્રસંગે આવ્યાં હતાં એટલે એવી ખરીદી કરીએ તો ટીકા થાય. આમ, હલવો પોતે પણ ચાખ્યો નહોતો. હા, યાદ આવ્યું, વળતી વખતે નણંદબાની થેલીની ચોરી થઈ ગઈ હતી. કહેવત છે ને કે ચતુર કાગડો છેતરાયો.''

અખિલ ભણી ગણીને શિક્ષક બની ગયો. ગામથી દૂર નોકરી મળી. ફૈબા દર વર્ષે દિવાળી પછી આવતાં. નાની હવે મોટી થઈ ગઈ હતી છતાં મનમાં રટણ કરતી –' ફૈબા આવશે મુંબઈનો હલવો લાવશે.' દર વખતે આશા ઠગારી નીવડતી તો પણ નાની હલવાની રાહ જોતી.

> **અખિલ ભણી ગણીને શિક્ષક બની ગયો. ગામથી દૂર નોકરી મળી. ફૈબા દર વર્ષે દિવાળી પછી આવતાં. નાની હવે મોટી થઈ ગઈ હતી છતાં મનમાં રટણ કરતી -' ફૈબા આવશે મુંબઈનો હલવો લાવશે.'**

અખિલ દશેરાની રજામાં આવ્યો ત્યારે અમરેલીથી મીઠાઈ લાવ્યો હતો. નાનીને એ મીઠાઈ ભાવી.

આમ, બીજાં વર્ષે દશેરા પર મીઠાઈ આવી. અખિલ આવ્યો. ઘરમાં બધાંને ભેગા કરીને બોલ્યો, ''નાની, આ વખતની મીઠાઈ અલગ છે. મુંબઈનો હલવો લાવ્યો છું. હવે અમરેલીમાં મુંબઈનો હલવો મળે છે.''

નાની હલવો જોઈ રાજી થઈ. હલવો ભાવ્યો પણ ખરો. શેરીમાં જઈને બહેનપણીઓ સાથે વાતો કરી ને હલવો ચખાડ્યો પણ ખરો.

દિવાળીની રજાઓમાં ફૈબા આવશે એવા સમાચાર આવ્યા. આ વખતે નાનીને મનમાં રટણ પણ ના થયું – ફૈબા આવશે મુંબઈનો હલવો લાવશે. ફૈબાને હવે ગાડુંલઈને તેડવા જવા પડતાં નહોતાં. ગામમાં બસ આવતી હતી. અખિલ નોકરીએ લાગી ગયો એટલે ઘરમાં સમૃદ્ધિ દેખાતી હતી. ફૈબા આવ્યાં. દર વખતે બેસતાં તે હીંચકે બેસીને મુંબઈની મોટી મોટી વાતો કરી. માખી, મચ્છર કે ધૂળ ઊડે એની ફરિયાદ ના કરી. બે –ચાર દિવસ રોકવાનો મનસૂબો જાહેર કરી ને નાનીને પાસે બોલાવીને કહ્યું, '' લે બેટા, તારાં માટે મુંબઈનો હલવો લાવી છું.''

ફૈબાને એમ કે નાની હમણાં દોડીને આવશે, હલવાનું પેકેટ લઈ લેશે પણ હલવાનું પેકેટ હીંચકા પર એમ જ પડી રહ્યું. નાની સ્થિર ઊભી રહી. હીંચકો ચાલતો રહ્યો. કિચૂડ... કિચૂડ... અવાજ આવતો રહ્યો.



અતીતના ઓવારે..(વાર્તા)

બાલેન્દુશેખર જાની



તે દિવસે લંડનથી આવેલા ગેસ્ટની પુત્રીને સોહમ કોલેજ જોવા લઈ ગયો. એ જોઇ ને મેઘાની આંખમાં ઈર્ષાના સાપોલિયા સળવળી ઉઠ્યા ! અધૂરામાં પુરૂ નીલાએ માહિતી આપતા કહ્યું....



પાર્ટી પૂરબહારમાં ખીલી હતી.ડાયમંડ કિંગ રોહિતશેઠ બે હાથ જોડી સૌને આવકારતા હતાં.

''હાઇ સોહમ !''

સોહમે અવાજની દિશામાં નજર ફેરવી.

''ઓહ ! ધ્રુપદ તું ?''

વર્ષો બાદ મળેલા બંને મિત્રોના ચહેરા ખીલી ઉઠ્યા.પરંતુ ધ્રુપદની બાજુમાં ઉભેલી મહિલાને જોતાં જ સોહમના વદન ઉપરની સ્મિતની લકીરો અદ્રશ્ય થવા લાગી !

''સોહમ ! મિટ માય વાઇફ મેઘા.''

મેઘાએ સ્મિતભેર હાથ લંબાવ્યો.પણ સોહમે બે હાથ જોડી દીધા.

''ધ્રુપદ ! મિટ માય વાઇફ સંધ્યા.'' ધ્રુપદ અને સોહમ સામસામે ગોઠવાયા જ્યારે મેઘા સંધ્યાને બાજુના ટેબલ તરફ દોરી ગઈ. સોફ્ટડ્રીન્કને ન્યાય આપતા મેઘા મનોમન ખુશી અનુભવી રહી હતી કે, સ્વાર્થી સોહમે મને ઠુકરાવી આ કરોડપતિ વ્યાપારીની દીકરી પસંદ કરી. સંધ્યા દેખાવમાં દિઠીયે ગમે તેવી નથી ! પણ પૈસો માણસને કેવા કેવા ખેલ કરાવે છે ! મને છોડી દીધી એનો સોહમ સાથે ભગવાને બદલો લીધો ! તો ધ્રુપદ અન્ય મિત્રોને મળવા જતાં સોહમ અતીતમાં સરી ગયો...!

મેહસાણા સ્ટેશન ઉપર પાણીની બોટલ લેવા ઉતરેલી મેઘા ટ્રેન સ્ટાર્ટ થતા દોડી અને સોહમે હાથ લંબાવી તેને ડબ્બામાં ખેચી લીધી. એક વખત પકડાયેલ હાથ કોલેજના છેલ્લા વર્ષ સુધી છૂટ્યો જ નહિ કેમ કે, પ્રથમ પ્રીતનું બંધન હતુ ને !

તે દિવસે લંડનથી આવેલા ગેસ્ટની પુત્રીને સોહમ કોલેજ જોવા લઈ ગયો. એ જોઇ ને મેઘાની આંખમાં ઈર્ષાના સાપોલિયા સળવળી ઉઠ્યા ! અધૂરામાં પુરૂ નીલાએ માહિતી આપતા કહ્યું,

''મેઘા ! આજે સોહમ જોડે જે છોકરી આવી છે ને ? તેનું નામ રૂબી છે. તે લંડનથી આવી છે, સોહમ સાથે તેની સગાઇ થવાની છે.''

અને વિલાયેલ ચહેરે મેઘાએ પૂછ્યું,

''તને કોણે કહ્યું ?''

''લે તું ભૂલી ગઈ ? સોહમ મારી બાજુમાં જ તો રહે છે.!''

બીજે દિવસે સોહમે કોલેજનો ખૂણેખૂણો જોઇ લીધો,પણ મેઘા ક્યાંય મળી નહિ. સોહમ તપાસ કરવા તેના ઘેર ગયો તો એ બધા મુંબઈ ગયા હોવાનું સિક્યુરિટીએ જણાવ્યું. નિરાશ બનેલ સોહમ પપ્પાની પેઢીએ બેસવા લાગી ગયો.

એક દિવસ સોહમને પિતા બળવંતરાયે કહ્યું,

'' સોહમ ! તને લંડન વાળા જયંતભાઈની રૂબી પસંદ ના હોય તો ડાયમંડ એસો.ના પ્રમુખ સુબોધભાઈની સંધ્યા વિશે તારો શું વિચાર છે ?''

''પપ્પા ! તમને જે યોગ્ય લાગે તે મને મંજૂર છે.''

સોહમે જાણે 'હથિયાર હેઠા મૂકી દીધા!'

''એ સાહેબ ! ચાલો હવે પાર્ટી ખતમ થવા આવી છે.''

સંધ્યાના શબ્દો સોહમને અતીતમાંથી વર્તમાનમાં ખેચી લાવ્યા.

''ઓહ ! સંધ્યા તે જમી લીધું ? હું તારી જ રાહ જોતો હતો ચાલો જઈ એ.''

એ આખી રાત સોહમ પાસા ઘસતો રહ્યો. વર્ષો પછી મેઘા મળી હતીને ? હૃદયના ચોરખાનામાં સંતાડેલી સ્મૃતિની રાખ નીચે દબાએલો ભારેલોઅગ્નિ જ્વાળા બની બેઠો, જો કે, સોહમના આંસુઓનો અભિષેક માંડ માંડ તેને બૂઝાવી શક્યો.

સવારે ઉઠી અખબાર વાંચતા સોહમ પાસે આવી સંધ્યા બોલી.

''હું જરા શોપિંગ કરતી આવું.''

ગઇકાલની કળ હજું ક્યાં વળી હતી ? એટલે બોલવાને બદલે સોહમે ફક્ત માથું નમાવી દિધું.

ટ્રીન ટ્રીન.. ફોનની રીંગ રણકી ઉઠી.

કાને ઈન્સ્ટ્રુમેંટ ધરતા સોહમ બોલ્યો .. 'હલ્લો ?'

''હાઈ ગુડ મોર્નિંગ ઓળખાણ પડી ?''

એક નિઃશ્વાસ ભરતો સોહમ બોલ્યો,

''કેટલાક અવાજ જીવન સાથે વણાઈ ગયા હોય છે જે ચાહવા છતાંયે ભૂલી શકાતા નથી. !''

''વાઉ ! સંધ્યા ઘેર નથી લાગતી તો જ આટલી રોમેન્ટિક વાત તે કરી હોય ને ?''

''હા એ શોપિંગ કરવા ગઈ છે.''

મેઘા ટાઢો ડામ દેતા બોલી..

''બિચારી સંધ્યા ! મને તો તેની દયા આવે છે.!''

'' કેમ ?''

''ગઈ કાલે તેની વાતો ઉપરથી લાગ્યું કે એ પ્રેમની પૂજારણ અને તું પૈસાનો પૂજારી !''

''મેઘા સમજીને બોલ''

સોહમના વદન ઉપરની રેખાઓ તંગ બની ગઈ !

''સોહમ ! મે તને આવો નહોતો ધાર્યો કે પૈસા ખાતર.. તું ?''

''વાહ મેઘા ! ' ઉલ્ટા ચોર કોતવાલકો દાંટે ? મને કહ્યા વગર તું ચૂપચાપ ચાલી ગઇ અને ?''

''સોહમ ! તારા દિલને પૂછ કે મારે શા માટે જવું પડ્યું હતું ?''

'' કેમ''

''એ વાત ફોનમાં નહિ થઈ શકે.''

''ઓકે તો સાંજે પાંચ વાચ્ચે ગેલોર્ડ હોટલમાં મળીએ ?''

''ઓકે ડન !''

એક જમાનામાં એકબીજાને મળવાની કેવી તાલાવેલી રહેતી હતી ? પણ આજે પ્રેમિકાને મળવા માટે નહિ પણ ખુલાસા કરવા માટેની મિટિંગ હતી !

મર્સિડીસ પાર્ક કરી સોહમ હોટલમાં પ્રવેશ્યો.ખૂણાના ટેબલ પાસે મેઘા બેઠી હતી. પરાણે મુખ ઉપર સ્મિતની લકીરો ખેંચવી પડી.મેઘાએ પણ હોઠ મલકાવ્યા !

''શું લેવું છે ?''

''નો થેંક્સ.. !''

''પણ અહી મફત થોડું બેસાય ? હોટલ છે તો કંઈક તો ઓર્ડર આપવો પડશે ને ?''

''ઓહ યા તું જ ઓર્ડર કરી દે ને મેઘા !''

મેઘાએ કોલ્ડ્રીંકસ ઓર્ડર કરી સોહમ સામે જોયું.

''હાં તો મેઘા ! સવારે ફોનમાં તું કંઈક કહેતી હતી..''

એક નિઃશ્વાસ છોડી મેઘા બોલી.

''હવે શું કહેવા જેવુ બાકી રહ્યું છે ?''

''મેઘા ! એવું કેમ બોલે છે ? મે તને દિલથી...''

''પ્લીસ સ્ટોપ.. તારા જેવા માણસ બોલે કંઈક અને કરે કંઈક'' મેઘાના ચહેરા પર નફરત ઝળકી ઉઠી.

''અચ્છા મે એવું તે શું કર્યું છે ?''

''સોહમ ! સાચું સાંભળી શકીશ ને ? તો સાંભળ તેં મને છોડી માલેતુજાર પરિવારની સંધ્યા સાથે લગ્ન કર્યા. કારણ કે..''

''બસ મેઘા ! આપણે બંને લગ્ન કરવાના હતા પણ તું કહ્યા વગર જતી રહી ?''

''હા રૂબી સાથે તારૂ ગોઠવાઈ રહ્યું હોય હું વચ્ચેથી ખસી ગઈ ! પરંતુ રૂબીને બદલે તે સંધ્યા જેવી શ્રીમંત પરિવારની સાધારણ દેખાવની છોકરી પસંદ કરી ?''

''મેઘા એક મિનિટ હવે મારે ચોખવટ કરવી જ પડશે.''

સોહમે સેલફોન હાથમાં લીધો અને એક નંબર જોડ્યો.

''હલ્લો નીલા ? એક વાત કહે મે મેઘાની તપાસ માટે તને કેટલી પરેશાન કરી હતી ?''

''તું રોજ બે વખત મને પૂછવા આવતો કે મેઘાના કોઈ સમાચાર ? હું તો કંટાળી ગયેલી ! પણ આટલા વર્ષે એ વાત કેમ યાદ આવી ?''

''બસ એમ જ ચલ બાય''

સ્પિકર ઉપર નીલાની વાત સાંભળી મેઘા ઢીલી પડી.

''સોરી સોહમ..''

''સાંભળ સાંભળ હજું વાત બાકી છે ..મેં સંધ્યા સાથે પૈસા માટે લગ્ન કર્યાનું તું સમજે છે ને ? તો આ જો''

> **''મેઘા ! હું તારા સિવાય કોઇને ચાહી શકું તેમ ન હતો. એટલે મે લાંબો વિચાર કરી નિર્ણય કર્યો કે, સમાજની દ્રષ્ટિએ હું લગ્ન જરૂર કરીશ પણ એવી સાધારણ દેખાવની જ યુવતિ ગોતીશ કે જેથી મારા દિલમાં તેને કોઈ જગ્યા મળે નહિ**

મની પર્સના ચોર ખાનામાંથી એક પાસપોર્ટ સાઈઝનો ફોટો મેઘા સામે ધર્યો.મેઘા પોતાની યુવાનીની તસ્વીર જોઇ રહી !

''મેઘા ! હું તારા સિવાય કોઇને ચાહી શકું તેમ ન હતો. એટલે મે લાંબો વિચાર કરી નિર્ણય કર્યો કે, સમાજની દ્રષ્ટિએ હું લગ્ન જરૂર કરીશ પણ એવી સાધારણ દેખાવની જ યુવતિ ગોતીશ કે જેથી મારા દિલમાં તેને કોઈ જગ્યા મળે નહિ અને તારી સ્મૃતિના ચોસલા મારા હૈયામાં જડાઈ રહે. !''

'' ઓહ ! સોરી સોહમ મારી ભૂલ થઈ ગઈ ! સોહમ હું તારી સાથે કોઇ ચોખવટ કર્યા વગર તને કંઈ કહ્યા વગર જતી રહી તેનું કેવું પરિણામ આવ્યું ?''

સોહમ બિલ ઉપર પાંચસોની નોટ મૂકી ઉભો થયો.

''બસ સોહમ ? જાય છે ? મને માફ નહિ કરે ?''

''જવું પડશે મેઘા ! આપણે બંને પરિણીત છીએ.. કોઈ આપણી રાહ જોતું હશે ! અને હાં જિંદગીમાં ક્યારેય પણ જરૂર પડે તો મને યાદ કરજે, એક મિત્ર તરીકે દોડી આવીશ. ચલ બાય''


અને આંખો ઉપર રૂમાલ ફેરવતી મેઘા સોહમ દેખાતો બંધ થયો ત્યાં સુધી તેને જતો જોઇ રહી હતી.

દીપોત્સવી
વિશેષાંક–૨૦૨૬

જીવનની વીતી ગયેલી ક્ષણો અફસોસ ભરી ન બની રહે એ યાદ રાખીને જીવવું જોઈએ



આશુ પટેલ



સામાન્ય રીતે એવી માન્યતા છે કે હિન્દી ફિલ્મોનાં ગીતોમાં ભલીવાર હોતી નથી, પરંતુ હિન્દી ફિલ્મોનાં કેટલાક ગીતોમાં ખૂબ ઊંડાણ હોય છે. એંસીના દાયકા સુધી ફિલ્મો માટે ઘણાં સારાં ગીતો લખાતાં હતાં. એવાં ગીતો જેમાં જીવનની ફિલોસોફી પણ હોય અને જીવનને ઊંડાણથી સમજવાની વાત પણ હોય.

ઝિંદગી કે સફર મેં ગુઝર જાતે હૈં જો મકામ
વો ફિર નહીં આતે, વો ફિર નહીં આતે

ફૂલ ખિલતે હૈં, લોગ મિલતે હૈં, મગર પતઝડ મેં જો ફૂલ મુરઝા જાતે હૈં
વો બહારોં કે આને સે ખિલતે નહીં, કુછ લોગ જો સફર મેં બિછડ જાતે હૈં
વો હઝારોં કે આને સે મિલતે નહીં, ઉમ્ર ભર ચાહે કોઈ પુકારા કરે ઉન કા નામ
વો ફિર નહીં આતે, વો ફિર નહીં આતે

આંખ ધોખા હૈ, ક્યા ભરોસા હૈ, સુનો દોસ્તોં શક દોસ્તી કા દુશ્મન હૈ
અપને દિલ મેં ઈસે ઘર બનાને ન દો, કલ તડપના પડે યાદ મેં જિન કી
રોક લો, રૂઠ કર ઉનકો જાને ન દો, બાદ મેં પ્યાર કે ચાહે ભેજો હઝારોં સલામ
વો ફિર નહીં આતે, વો ફિર નહીં આતે

સુબહ આતી હૈ, શામ જાતી હૈ, યૂંહી વક્ત ચલતા હી રહેતા હૈ રૂકતા નહીં

એક પલ મેં યે આગે નિકલ જાતા હૈ, આદમી ઠીક સે દેખ પાતા નહીં
ઔર પરદે પે મંઝર બદલ જાતા હૈ
એક બાર ચલે જાતે હૈં જો દિન–રાત, સુબહ–ઓ–શામ
વો ફિર નહીં આતે, વો ફિર નહીં આતે.

– આનંદ બક્ષી.

૧૯૭૪માં રીલીઝ થયેલી ફિલ્મ ‘આપ કી કસમ’નું, આંનદ બક્ષીએ લખેલું અને કિશોરકુમારે ગાયેલું આ ગીત લગભગ બધા વાચકોએ અનેક વાર સાંભળ્યું હશે અને



રાજેશ ખન્ના પર પિક્ચરાઇઝ થયેલું આ ગીત થિયેટરના પડદે કે ટીવી સ્ક્રીન પર જોયું પણ હશે. આ ગીત માટે સંગીત આપનારા સંગીતકાર આર.ડી બર્મનના જીવનનો એક રસપ્રદ કિસ્સો છે.

'પંચમદા' તરીકે ઓળખાતા આર.ડી. બર્મન અને વિખ્યાત ગાયિકા આશા ભોસલેની આત્મીયતા જગજાહેર હતી, પણ જીવનના એક તબક્કે બંને વચ્ચે મોટો ઝઘડો થઈ ગયો. તેમનો ઝઘડો એટલો વધી ગયો કે ઝઘડતાં–ઝઘડતાં બંને થાકી ગયાં અને સોફા પર બેસી ગયાં. એ જ વખતે ટીવી પર 'છાયાગીત' કાર્યક્રમ શરૂ થયો અને એમાં 'પંચમદા'નું જ ઉપરોક્ત ગીત ટેલીકાસ્ટ થયું: 'ઝિંદગી કે સફર મેં ગુઝર જાતે હૈં જો મકામ વો ફિર નહીં આતે...' એ ગીત જોઇને તે બંને શાંત થઈ ગયાં.

સામાન્ય રીતે એવી માન્યતા છે કે હિન્દી ફિલ્મોનાં ગીતોમાં ભલીવાર હોતી નથી, પરંતુ હિન્દી ફિલ્મોનાં કેટલાક ગીતોમાં ખૂબ ઊંડાણ હોય છે. એંસીના દાયકા સુધી ફિલ્મો માટે ઘણાં સારાં ગીતો લખાતાં હતાં. એવાં ગીતો જેમાં જીવનની ફિલોસોફી પણ હોય અને જીવનને ઊંડાણથી સમજવાની વાત પણ હોય. જેમ આર.ડી. બર્મન અને આશા ભોંસલે વચ્ચે ઝઘડો થયો, પણ ઉપરોક્ત ગીતને લીધે એ ઝઘડાનો અંત આવી ગયો.

'પંચમદા' અને આશા ભોસલેની વચ્ચે તો તરત જ સમાધાન થઈ ગયું, પણ આશાજીના બહેન લતા મંગેશકરે વિખ્યાત ગાયક મુહમ્મદ રફી વચ્ચે થયેલો ઝઘડો ચાર વર્ષના અબોલામાં ફેરવાઈ ગયો હતો. એ પછી આર.ડી. બર્મનના પિતા એસ.ડી. બર્મનને કારણે બંને વચ્ચે સમાધાન થયું હતું.

લતા મંગેશકર અને મુહમ્મદ રફી વચ્ચે એક તબક્કે એટલો મનભેદ થઈ ગયો હતો કે બંનેએ સાથે ગાવાનું બંધ કરી દીધું હતું. તે બંને વચ્ચે મનદુઃખ થવાનો મુદ્દો હતો ગીતોની રોયલ્ટીનો. લતાજી એ વખતે પ્રોડ્યુસર્સને ફરજ પાડવાની કોશિશ કરી રહ્યાં હતાં કે ગાયકો અને ગાયિકાઓને ગીતની આવકમાંથી રોયલ્ટી મળવી જોઇએ. લતાજી ઇચ્છતા હતા કે રફીજી તેમને આ મુદ્દે સમર્થન આપે, પરંતુ રફીજીએ કહ્યું કે રેકોર્ડિંગ માટે આપણને જેટલું મહેનતાણું મળે છે એ પૂરતું છે. એ વખતે તેમણે લતાજીને થોડા કડવા શબ્દો પણ કહી દીધા. લતાજી નારાજ થઈ ગયા અને તેમણે રફીજી સાથે બોલવાનું બંધ કરી દીધું. મતભેદમાંથી થયેલા મનભેદને કારણે બંને વચ્ચે અબોલા થઈ ગયા અને બંનેએ ૧૯૬૩થી સાથે ગાવાનું બંધ કરી દીધું. ૧૯૬૭નાં વર્ષ સુધી તેમણે સાથે ગીતો રેકોર્ડ કર્યા નહોતા. આર.ડી. બર્મનના સંગીતકાર પિતા એસ.ડી. બર્મને બંનેને ફરી નજીક લાવવા માટે કોશિશ કરી. ૧૯૬૭માં મુંબઈના ષણમુખાનંદ હોલમાં યોજાયેલી એસ.ડી. બર્મન નાઇટમાં લતાજી અને રફીજી એકસાથે સ્ટેજ પર આવે એવી તેમની ઇચ્છા હતી. તેમણે પ્રથમ રફીજીને કહ્યું.

એ પછી રફીજીએ લતાજીને પત્ર લખીને પોતાના કડવા શબ્દો માટે અફસોસ વ્યક્ત કર્યો. એ પછી એસ.ડી. બર્મને લતાજીને કહ્યું કે તમે બંને ફરી મારું માન રાખીને ભેગા થાવ. લતાજી અને રફીજીએ ચાર વર્ષ પછી ફરી વાર સાથે મળીને ગીતો ગાયાં. એ પછી તો તેમની વચ્ચે સરસ સંબંધ બંધાઈ ગયો હતો.


હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં આવા ઘણા કિસ્સાઓ છે. આપણા રોજબરોજના જીવનમાં પણ આવા કિસ્સાઓ જોવા મળતા હોય છે ઘણી વખત બે ભાઈ કે ભાઈ બેન વચ્ચે કે બે બહેનો વચ્ચે મનદુઃખ થઈ જાય અને આખી જિંદગી તેઓ અબોલા લઈ લે અને પછી એક ભાઈ કે એક બહેનનું મૃત્યુ થાય ત્યારે તેમને અફસોસ થતો હોય છે કે મેં અહંકારને લીધે કે હઠને લીધે (સગા ભાઈ કે સગી બેન સાથે) જિંદગીભર અબોલા રાખ્યા.


કુટુંબની વ્યક્તિ સાથે, મિત્ર સાથે કે સહકર્મચારી સાથે ઝઘડો થઈ જાય ત્યારે અબોલા લેવાને બદલે આ ગીત યાદ કરવું જોઇએ કે 'ઝિંદગી કે સફર મેં ચલે જાતે હૈ જો મકામ વો ફિર નહીં આતે...'

જે ક્ષણો વીતી જાય છે એ પાછી નથી આવતી. જીવનની વીતી ગયેલી ક્ષણો અફસોસભરી ન હોય એ યાદ રાખીને જીવવું જોઇએ.

સુખી થવા માટે કેટલું અને કેવું સુખ જોઈએ?

ગીતા માણેક
(મુંબઈ)





આપણા જેવા સર્વસામાન્ય માણસ સામે કોઈ ચમત્કારથી ઈશ્વર પ્રગટ થઈ જાય અને પેલી વાર્તાઓમાં આવે એમ પૂછે કે, વત્સ, માગ, માગ માગે એ આપું તો આપણે શું માગીએ?

આપણામાંના કેટલાક કદાચ ઈશ્વરને કહે કે, 'હે ભગવાન, બાકી તો બધું છે પણ થોડીક સંપત્તિ આપી દે એટલે બસ હું સુખી-સુખી થઈ જઈશ.' એક આખો સમૂહ એવો પણ હશે કે જે કહેશે કે, 'પૈસા તો છે પણ આ પત્નીના કકળાટ કે પતિના ત્રાસથી ત્રાહિમામ પોકારી ગઈ છું. જો એક નવી જિંદગી એક નવા જીવનસાથી સાથે જીવવા મળે તો જલસો પડી જાય હોં!' કોઈકને વળી શેર માટીની ખોટ હોય તો તેમને થાય કે બસ, એક સ્વસ્થ, સુંદર સંતાન હોય તો જીવન સ્વર્ગ બની જાય.

આપણામાંના ઘણાય લોકો પાસે આ બધું જ હોય એવું બને અને એવા વખતે આપણને થાય કે પ્રસિદ્ધિ અને પ્રતિષ્ઠા મળી જાય તો ભયોભયો. એમાંય જો જાહેરજીવનમાં કે કળાના ક્ષેત્રમાં હોઈએ તો તે ક્ષેત્રનો એકાદ માતબર એવોર્ડ પ્રાપ્ત થઈ જાય, પાંચમાં આપણે પુછાઈએ, અખબારો અને ટેલિવિઝનમાં આપણા ફોટા ચમકે, આપણે રસ્તા પર નીકળીએ તો લોકો આપણને જોવા ટોળે વળે કે આપણા હસ્તાક્ષર લેવા માટે પડાપડી કરે એવી એક છૂપી વાસના લઈને આપણામાંના ઘણા બધા લોકો જીવતા હોય છે. આટલું બધું નહીં તોય આપણાં સગાં-સંબંધીઓમાં કે જ્ઞાતિમાં, સોસાયટીમાં, શહેરમાં આપણી આગવી ઓળખ હોય, આપણને જ્યાં જઈએ ત્યાં પૂરતાં માન-પાન મળે એવી એષણા હોય. કેટલાક લોકોને વળી એવું હોય કે મૃત્યુ થાય ત્યારે અંતિમયાત્રામાં ચિક્કાર લોકોની હાજરી હોવી જોઈએ. મરી ગયા પછી લોકો આપણને યાદ કરી-કરીને રડે. મોટા-મોટા માણસો આપણને શ્રદ્ધાંજલિ આપે એવી ઈચ્છાય ઘણા લોકોને હોય છે. તેમને એવી બાહેંધારી મળી જાય કે ફલાણો નેતા કે પૂંછડો અભિનેતા તમે મરશો ત્યારે તમને શ્રદ્ધાંજલિ આપશે તો તેઓ સુખી-સુખી થઈ જશે એવું તેમને લાગે છે.

વેલ, આવો જ એક માણસ હતો. તેની પાસે તે એશોઆરામથી જીવી શકે એટલી સંપત્તિ હતી. તેણે એક નહીં ત્રણ-ત્રણ લગ્ન કર્યાં હતાં અને અનેક છોકરીઓ હજુય તેને પરણવા માટે ઉત્સુક હતી. તેને ત્રણ મજાનાં સંતાનો હતાં અને એમાંની એક તો સરસ મજાની દીકરી હતી, જેને તે ખૂબ ચાહતો હતો. તેનું નામ આજે પણ ગૂગલ સર્ચમાં નાખો તો ૧૪ કરોડ વીસ લાખ વેબસાઇટ ખૂલી જાય છે. તેણે ફક્ત તેના પરિવાર, મિત્રવર્તુળમાં કે જ્ઞાતિ અથવા સમાજમાં જ નહીં દેશ અને દુનિયાભરમાં ખ્યાતિ મેળવી હતી. તેને તેના ક્ષેત્રમાં શ્રેષ્ઠ ગણાતા એવોર્ડ મળ્યા હતા. તેના મૃત્યુ પર તેના દેશના વડાથી માંડીને તેના ક્ષેત્રના શ્રેષ્ઠીઓએ અશ્રુભીની શ્રદ્ધાંજલિ આપી હતી. ટૂંકમાં કહીએ તો સુખી થવા માટેના જે કોઈ દુન્યવી માપદંડ છે એ મુજબ તેને સૌથી સુખી માણસ ગણી શકાય એમ હતો અને છતાં તેણે દુ:ખ, પીડા અને હતાશા સહન ન થતા પોતાના જ ઘરમાં પોતાના જ બેલ્ટ વડે ગળાફાંસો ખાઈને આત્મહત્યા

આપણામાંના કેટલાક કદાચ ઈશ્વરને કહે કે, 'હે ભગવાન, બાકી તો બધું છે પણ થોડીક સંપત્તિ આપી દે એટલે બસ હું સુખી-સુખી થઈ જઈશ.' એક આખો સમૂહ એવો પણ હશે કે જે કહેશે કે, 'પૈસા તો છે પણ આ પત્નીના કકળાટ કે પતિના ત્રાસથી ત્રાહિમામ પોકારી ગઈ છું. જો એક નવી જિંદગી એક નવા જીવનસાથી સાથે જીવવા મળે તો જલસો પડી જાય હોં!'

કરી!

અમે જાણીતા અમેરિકન એક્ટર અને કોમેડિયન તરીકે જાણીતા રોબિન વિલિયમ્સની વાત કરી રહ્યા છીએ. રોબિન વિલિયમ્સે પૈસા, પ્રતિષ્ઠા, લોકચાહના, આદર, એવોર્ડ બધું જ મેળવ્યું હતું. તેના મૃત્યુ બાદ અમેરિકાના પ્રમુખે પણ તેને શ્રદ્ધાંજલિ આપી હતી. ઓસ્કાર સહિતના એવોર્ડ તેને મળ્યા હતા.

રોબિન વિલિયમ્સે આત્મહત્યા કરી લીધા પછી તેના વિશે ઘણું બધું અને ઘણા બધા જુદાં જુદાં પાસાં વિશે લખાયું છે. એ હકીકત છે કે તેને એક તબક્કે કોકેઈનની લત લાગી હતી. તે શરાબનો વ્યસની થઈ ગયો હતો. એમાંથી તે બહાર આવ્યો અને ફરી પાછી શરાબની લત લાગી.

અહીં પ્રશ્ન એ છે કે દુનિયાદારીના અર્થમાં સુખી થવા માટેના જે કંઈ માપદંડ છે એ બધા જ રોબિન વિલિયમ્સ પાસે અને ઘણા ખરા અંશે આપણી પાસે પણ હોય જ છે અને છતાં આપણે સુખી કેમ નથી હોતા? આપણે કદાચ રોબિન વિલિયમ્સ જેવું છેવટનું પગલું ન લઈએ, પણ આપણે કોઈક વાર માનસિક સ્તરે તો એ અંતિમ સુધી પહોંચી જતા હોઈએ છીએ.

> **આજના જમાનામાં તો આપણી તરફ ચોમેરેથી નહીં પણ દશે દિશાઓમાંથી સલાહ, ઉપદેશ અને સુવાક્યોનો મારો ચાલી રહ્યો છે.**

આજના જમાનામાં તો આપણી તરફ ચોમેરેથી નહીં પણ દશે દિશાઓમાંથી સલાહ, ઉપદેશ અને સુવાક્યોનો મારો ચાલી રહ્યો છે. પહેલાં તો સુવિચારો, દૃષ્ટાંતો, ઉપદેશો કે સમજણ મેળવવા માટે આપણે પુસ્તકો પાસે, સંતો પાસે જવું પડતું હતું. હવે તો આ બધું જ ડહાપણ અને મહિતી આપણી આંગળીના ટેરવે અને મોબાઈલ કે કમ્પ્યૂટર સ્ક્રીનને સ્પર્શ માત્ર કરવાથી હાજરાહજૂર થઈ જાય છે. પ્રેરક કથાઓ અને વિચારો તેમજ વાતોના ઢગલા નીચે ગૂંગળાઈ મરાય એવી સ્થિતિ થઈ ગઈ છે અને છતાં આપણે પહેલાં હતા એના કરતાં વધુ બેવકૂફ અને અજ્ઞાની છીએ, દુઃખી છીએ. મહાભારત કે રામાયણની પ્રેરક કથાઓથી માંડીને વિશ્વ આખાનું ડહાપણ ફક્ત શબ્દોમાં જ નહીં પણ ઓડિયો-વિઝ્યુઅલ એટલે કે વીડિયો અને ઓડિયો દ્વારા પણ આપણી નજર સામે ઠલવાયાં કરે છે. આ બધું જ વાંચી, જોઈ અને જાણીને પણ આપણે કદાચ અગાઉ કરતાં વધુ મૂઢ સાબિત થઈએ છીએ. આ બધા છતાં આપણી પીડાઓ, હતાશા અને નિરાશામાં વધારો થયો છે. અગાઉની પેઢી કરતાં આજની પેઢીમાં ડિપ્રેશનના ભોગ બનનારાઓની સંખ્યા અનેકગણી વધી છે.

રોબિન વિલિયમ્સનું મૃત્યુ થયું એના બહુ જ થોડા દિવસોમાં બીજા એક મૃત્યુના સમાચાર આવ્યા હતા. તેમની ખ્યાતિ પણ દેશ-વિદેશમાં હતી. તેમણે અનેક સામાન્ય માનવીઓના અને સેલિબ્રિટીઝના જીવનમાં બહુ જ પોઝિટિવ બદલાવ લાવવાનું કાર્ય કર્યું હતું. તેમની જિંદગીના શરૂઆતમાં વર્ષોમાં તેમણે માત્ર ધનની જ નહીં પણ સ્વાસ્થ્યની ગરીબી ભોગવી હતી. દૃઢ મનોબળ, અથાક પરિશ્રમ અને આકરી શિસ્તના પગલે તેમણે તમામ પ્રકારના અવરોધોને મહાત આપી હતી. ૯૫ વર્ષની ઉંમરે પણ જેને સૌરાષ્ટ્રમાં રાતા રાયણ જેવા કહે છે એવું સ્વાસ્થ્ય તેમનું હતું. મૃત્યુ માટે નિમિત્ત માત્ર ચાર-પાંચ દિવસની ટૂંકી માંદગી બાદ તેમનું કુદરતી મૃત્યુ થયું. આ ઋષિતુલ્ય અને વિશ્વભરમાં આજે જે યોગા-યોગા થઈ રહ્યું છે એનું શ્રેય જો કોઈ એક વ્યક્તિને આપવાનું હોય તો તે વ્યક્તિને આપી શકાય એવા બી.કે.એસ. આયંગરનું મૃત્યુ આ અરસામાં જ થયું.

૬૩ વર્ષની ઉંમરે મૃત્યુ પામેલા જગવિખ્યાત અભિનેતા અને કોમેડિયન રોબિન વિલિયમ્સના ચહેરા પર સ્મિત તો હતું પણ જો કોઈએ તેની આંખમાં ડોકિયું કરીને જોયું હોત તો એમાં ઉદાસી અને હતાશાનો એક ઊંડો મહાસાગર દેખાયો હોત. સફળતાની ટોચ પર ઊભેલો આ જણ ભીતરથી કેટલો ખાલી અને પીડાગ્રસ્ત હતો એની ચાડી તેની આંખો ખાઈ રહી હતી. તેની પાસે બધું જ હતું અને છતાંય તેની અંદર ખાલીપાનો ઊંડો કૂવો હતો. જેમાં તેણે પૈસા, પ્રતિષ્ઠા, પ્રસિદ્ધિ, એવોર્ડો બધું જ ઠાલવી જોયું અને છતાંય તળિયા વિનાના લોટા જેવો તે ભીતરથી ખાલી હતો.

તેની આત્મહત્યાના થોડા જ દિવસોમાં કુદરતી મૃત્યુ પામેલા બી.કે.એસ. આયંગર પાસે પણ પ્રસિદ્ધિ અને નામના તો હતા, પણ તેમની આંખોમાં એક બાળસહજ હાસ્ય રમતું હતું.

રોબિન વિલિયમ્સ અને આપણા સુખથી બી.કે.એસ. આયંગરનું સુખ ભિન્ન હતું. તેમનું સુખ સ્વનિર્ભર હતું. બી.કે.એસ. આયંગર પાસેથી તેમની બધી જ સંપત્તિ, સફળતા કે પ્રતિષ્ઠા ખૂંચવી લેવામાં આવી હોત તોય તેમના સુખમાં કદાચ તસુભાર ફરક ન પડ્યો હોત. ટેલિવિઝન પર કે ગ્રાઉન્ડમાં યોગાસનના નામે હજ્જારોની મેદની સામે તમાશો કરતા અને રાજકારણીઓનાં તળિયાં ચાટતા કે દેશી દવાઓની ચેઈન શોપના માધ્યમથી સંપત્તિ ભેગી કરતા કહેવાતા યોગગુરૂઓની માફક બી.કે.એસ. આયંગરે ધાર્યું હોત તો ટંકશાળ પાડી શક્યા હોત, પણ એવું ન કરવા છતાં તેમની બાદશાહી તેમના ચહેરા પર છલકાતી હતી. તેમનું જ્ઞાન વ્હોટ્સએપ અને ફેસબુક પરના શેર કરેલા સુવિચારોમાંથી નહોતું આવ્યું. તેમનું સુખ સ્વયં તેમણે પ્રાપ્ત કરેલા જ્ઞાનની ઊપજ હતું.

એક વખત મુંબઈમાં અન્તર્યાત્રાના નામે એક બહુ સરસ શિબિરનું આયોજન થયું હતું. આ શિબિરના સૂત્રસંચાલક કંચમનજી બબ્બરે શાસ્ત્રોનો હવાલો આપીને એક સુંદર વાત કહી હતી કે આપણે બધા જ સુખ શોધતા હોઈએ છીએ. એવું સુખ જે સર્વ વસ્તુઓમાંથી, સર્વત્ર, શુદ્ધ અને સ્વતંત્ર હોય. આવું સુખ મળી જાય તો જ આપણે સુખી થઈ શકીએ એમ છીએ. આવું સુખ બી.કે.એસ. આયંગર જેવા યોગીઓ કે સંતોને પ્રાપ્ત થાય છે અને આપણી બધાની તલાશ પણ કદાચ આવા સુખની જ હોય છે.

Chandresh S. Vadgama
Shailesh S. Vadgama

Ritesh C. Vadgama
Ashish C. Vadgama

CHANDRESH ENGINEERS

HAR GOVINDA ENTERPRISE

All kind of Dies, Bearing Cages, Parallel Shaft Keys, DP, Support Washers, V.M.C., C.N.C. Wire Cut, Spark Erosion Job & Press Tools Components

Plot No 3-11/2, Dev Industrial Estate, B/h Gorwa Water Tank,
Nr. Golden Polycab, Gorwa, Vadodara, Gujarat 390016. Mo. +91 80000 22959
Email : chandreshengg@gmail.com | Website : www.chandresheng.com

At Present **Mita Group** is facilitating high profile services in areas of



Interior Projects : Create ambience to match the brand.

Construction / Project Management.

Studio Construction

Trunkey Projects

MITA GROUP

All we add is "TEAMWORK"

Deepak M. Panchasara
B/704, Mahavir Dham, Near Pleasant Park,
Mira Road, East, Thane-401107.
Contact :- +91-9833250560
E-mail : mita.panchasara@gmail.com

સૌ.ગુ.સુ. વિશ્વકર્મા પરિવાર વેજલપુર દ્વારા નવરાત્રિની અનેરી યાદગાર ઉજવણી







નવરાત્રિ તો પુરી થઈ પણ અમદાવાદમાં શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર વિશ્વકર્મા પરિવારને આંગણે પ્રથમવાર જ ૧ દિવસા નવરાત્રિ મહોત્સવનું જે આયોજન થયું તે યાદગાર અને કાબિલેદાદ હતું. સંસ્થાના વિશાળ પટાંગણમાં પરિવારના ભાઈ–બહેનોએ માતાજીના રાસ–ગરબાની રમજટ બોલાવી હતી ત્યારે વૃંદાવન જેવું વાતાવરણ સર્જાયુ હતું. આ રાસોત્સવમાં ગોવાળીયા ગરબા જે રાજ્યભરમાં જાણીતા છે. તેના યુવક અને યુવતીઓએ ભારતીય સંસ્કૃતિને અનુરૂપ



એકસરખા વેશપરિધાન અને વિવિધ પ્રકારના સાફા પહેરી રાસ–ગરબાની રમઝટ બોલાવી હતી.

ગોવાળીયા ગરબા આપણા સમાજની વાડજ ખાતે આવેલ યુથ ફોરમની વાડીમાં છેલ્લા ૮ વર્ષથી ગરબા કલાસીસ ચલાવે છે. જેમાં ૬૫ જેટલા તાલીમ આપનારા છે. અને ૧૦૦૦ યુવા–યુવતીઓને રાસ–ગરબા માટે તૈયાર કર્યા છે. ગ્રુપનું નેતૃત્વ કરનાર રવિ પટેલ ૧૬.૫ કિલોનો સાફો પહેરીને રાસ–ગરબાની સાથે દર વર્ષે પ્રેરક સંદેશો આપે છે. આ વર્ષે











બેટી બચાવો–બળાત્કારી ઓથી ન્યાય આવો તેવા સંદેશો લઇને રાસ–ગરબાની રમઝટ બોલાવી સૌને મુગ્ધ કર્યા હતા.

કાર્યક્રમના પ્રારંભમાં સંસ્થાના પ્રમુખ રમેશભાઇ તલસાણિયા તેની આખી ટીમ સાથે રાજકોટથી ખાસ ઉપસ્થિત રહેલા રાજકોટ કન્યા છાત્રાલયના ચેરમેન જગુભાઇ ભારદીયા, શાંતિભાઇ ભારદીયા, મગનભાઇ બોરા–ણીયા, જયસુખભાઇ ઉછડીયા, વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજજર સહિતના મહાનુભાવોએ વિશ્વકર્મા પ્રભુજી અને માતાજીની આરતી કરી હતી. આરતી બાદ સૌની સાથે પ્રમુખ રમેશભાઇ તલસાણિયા, કૈલાશબેન તલસાણિયા, ભાવિક તલસાણિયા સહિતના મહાનુભાવોએ પણ ગરબા લઇ માતાજીની આરાધના કરી હતી. આ પ્રસંગે રાજકોટથી ખાસ ઉપસ્થિત જગુ–ભાઇ ભારદીયા, શાંતિભાઇ ભારદીયા, મગનભાઇ બોરાણીયા, જયસુખભાઇ ઉછડીયા વગેરેનું શાલ ઓઢાડી પ્રમુખ રમેશભાઇ તલસાણિયા, ટ્રસ્ટીઓ



શંકરભાઇ, હીરાભાઇ સોલગામા, શંકરભાઇ સોલગામા, નવિનભાઇ તલસાણિયા, કિશોરભાઇ ભાડેશીયા, ભગવાનજીભાઇ ખંભાયતા, જયંતિભાઇ ગજજર (શ્રી રંગ ટ્રેડર્સ) સુર્યકાંતભાઇ વડગામા, ધર્મેન્દ્રભાઇ ખંભાયતા, હસમુખભાઇ પનારા, ઉપપ્રમુખ રાજુભાઇ ભારદીયા, મંત્રી મહેન્દ્રભાઇ વડગામા, ખજાનચી દિનેશભાઇ દુદકીયા, ઉપખજાનચી જગદીશભાઇ વીસાવડીયા, ઉત્સવમંત્રી પરેશભાઇ પંચાસરા, સભ્યો કાંતિભાઇ અખીયાણીયા, ઘનશ્યામભાઇ સોલગામા, મહેશભાઇ ગજજર, ચંદુભાઇ બદ્રકીયા, સંસ્થાના પૂર્વ પ્રમુખ ઘનશ્યામભાઇ વણોદીયા, પૂર્વ મંત્રી ભગવાનજી તલસાણિયા, અરવિંદભાઇ સંચાણીયા, વાડજના પ્રમુખ શાંતિભાઇ ખોડદીયા અને તેની ટીમ, મણીનગરના પ્રમુખ હસમુખભાઇ શંખલપુરા અને કમિટી સભ્યો, હસમુખભાઇ વડગામા સહિતનાએ આ રાસોત્સવ માણ્યો હતો.

Happy Diwali

Kishan J. Vadgama
99259 65074

ARTISAN
ENGINEERS

1, Arti Society,
Dhebar Road (South), Rajkot.

Happy Diwali

RI

Pramod Sanklecha
+91 99246 35541
+91 94295 62241

Mfg :
- All Types of Shaft
- All Types CNC & VMC Work

Ratan
INDUSTRIES

Opp. Krishna Park, Maldhari Railway Cross, Somnath Industry Area-5,
Street No.3, Plot No.-54, Kothariya, Rajkot
ratanindustriess@yahoo.com www.ratanindustries.in



સ્વ. દિલીપભાઈ સિંહાર

સ્વર્ગવાસ તા. ૦૭-૦૪-૨૦૨૫

આપના આશીર્વાદ અને કૃપા સદૈવ અમારા ઉપર
ઉતરતી રહે એવી પ્રાર્થના કરીએ છીએ

સિંહાર સ્કૂલ
પંચાયત ચોક, યુનિ. રોડ, રાજકોટ.

દીપોત્સવી પર્વની હાર્દિક શુભકામના...

Nitin V. Panchasara
Mo. : 99135 40304

Keval N. Panchasara
Mo. : 98259 40307

गीता
Geeta
Mould Tech

Foundry's Dies, Pattern & CNC/VMC Job

1, Patel Nagar, 80 Feet Road,
Nr. Sorathiyawadi Circle, Rajkot - 360002.
(Gujarat - India),
E-mail : geetamouldtech@gmail.com

દીપોત્સવી
વિશેષાંક–૨૦૨૬

પંચ પરિવર્તન અને વ્યવહારિક ઉદાહરણો

■ ડો. જયંતીભાઇ ભાડેશીયા



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના શતાબ્દી વર્ષ નિમિત્તે સમાજ પરિવર્તન માટે ''પંચ પરિવર્તન'' ના વિચારને પ્રત્યેક નાગરિક સુધી પહોંચાડવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે.

પંચ પરિવર્તન



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના શતાબ્દી વર્ષ નિમિત્તે સમાજ પરિવર્તન માટે ''પંચ પરિવર્તન'' ના વિચારને પ્રત્યેક નાગરિક સુધી પહોંચાડવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે. આ પાંચ વિષયો પોતાના અંગત જીવનમાં અને સમાજના બધા લોકોમાં પહોંચે તે માટે ઘર ઘર સંપર્ક, પ્રમુખજન ગોષ્ઠી, હિન્દુ સંમેલનો અને સામાજિક સદ્‌ભાવ બેઠકો થઇ.

(૧) સામાજિક સમરસતા (Social Harmony)

અપેક્ષાઃ જાતિગત ભેદભાવ સંપૂર્ણપણે નાબૂદ થાય અને હિન્દુ સમાજ એક બને.

શું કરવું?: સૌએ પોતાના રોજિંદા જીવનમાં 'એક કૂવો, એક સ્મશાન અને એક મંદિર' ના ભાવને સાકાર કરવો. સમાજના દરેક વર્ગ સાથે પારિવારિક સંબંધો વધારવા અને કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના સૌને સમાન સ્નેહ આપવો.

વ્યવહારૂ ઉદાહરણો / આચરણઃ

પોતાના વિસ્તારમાં આવતા સફાઈ કર્મચારીનું નામ અને તેમના પરિવારની વિગતો જાણવી.

દિવાળી, પોંગલ કે પોતાના પારિવારિક ઉત્સવો–કાર્યક્રમોમાં સફાઈ કર્મચારી કે વંચિત/પછાત પરિવારને આમંત્રિત કરવા.

આપણામાંથી દરેકે એવા વિસ્તારોમાં જવું જ્યાં અનુસૂચિત/સૂચિબદ્ધ સમુદાયના લોકો રહે છે, ત્યાં જઈને સંપર્ક કરવો અને પોતાનો પરિચય આપવો.

સફાઈ કર્મચારી, ઘરે કામ કરતા સહાયક, ઓટો રિક્ષા ચાલક, લારી પર શાકભાજી વેચનાર વગેરેમાંથી કોઈના ઘરે જવું.

ઉપરોક્ત પરિવારો સાથે તેમના બાળકોના શિક્ષણ અને અભ્યાસ વિશે ચિંતાપૂર્વક વાતચીત કરવી.

(૨) કુટુંબ પ્રબોધન (Family Values)

અપેક્ષાઃ ભારતીય પરિવાર વ્યવસ્થા મજબૂત બને અને નવી પેઢી સંસ્કારવાન થાય.

શું કરવું?: પરિવારના તમામ સભ્યોએ સાથે બેસીને ભોજન કરવું, સાથે પ્રાર્થના કરવી અને ઘરના વડીલો સાથે ભારતીય સંસ્કૃતિ, મહાપુરૂષો અને દેશના ઈતિહાસ વિશે ચર્ચા કરવી ('પરિવાર શાખા' કે કુટુંબ મિલન વધારવું).

વ્યવહારૂ ઉદાહરણો / આચરણઃ

પરિવારના તમામ સભ્યો સાથે અઠવાડિયામાં ઓછામાં ઓછા ૫ દિવસ એકસાથે ભોજન કરવું.

મહિનામાં ઓછામાં ઓછી ૨ વખત આખા પરિવારે સાથે મળીને નજીકના મંદિરના દર્શન કરવા જવું.

મહિનામાં એક વાર પારિવારિક બેઠકનું આયોજન કરવું.

પોતાના પરિવારની ઓછામાં ઓછી પાંચ પેઢીઓની વિગતો શોધવી.

ટેલિવિઝન, મોબાઈલ, કમ્પ્યુટર જેવા ઇલેક્ટ્રોનિક ઉપકરણોનો ઉપયોગ કર્યા વિના અઠવાડિયામાં ૧-૨ કલાક સાથે બેસીને વાતચીત કરવી.

જમતી વખતે ઇલેક્ટ્રોનિક ઉપકરણો (મોબાઈલ, ટીવી) નો ઉપયોગ ટાળવો.

પારિવારિક વારસા અને પરંપરાને જાણવી.

પોતાના વંશમાં પૂર્વજો દ્વારા કરવામાં આવેલા ઉત્તમ કાર્યો વિશે જાણવું અને શીખવું.

પરિવારમાં બધાએ સાથે મળીને ભજન ગાવું અથવા શ્લોકો બોલવા.

પોતાના ઘરની સ્વચ્છતા કરવી.

(૩) પર્યાવરણ સંરક્ષણ (Environmental Protection)

અપેક્ષાઃ પ્રકૃતિનું રક્ષણ એ માત્ર ભાષણ નહીં પણ આચરણ બને.

શું કરવું?ઃ ત્રણ મુખ્ય સ્તરે કામ કરવું – પાણી બચાવો (જળ સંરક્ષણ), પ્લાસ્ટિક મુક્તિ (સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ત્યાગ) અને વૃક્ષારોપણ (ખાસ કરીને સ્થાનિક અને આયુર્વેદિક છોડ/વૃક્ષો વાવવા અને તેનું જતન કરવું).

વ્યવહારૂ ઉદાહરણો / આચરણઃ

સાર્વજનિક સ્થળોની જાળવણી કરવી અને ઓછામાં ઓછો એક છોડ/વૃક્ષ વાવવું.

ખરીદી કરવા જતી વખતે કાપડની થેલી સાથે લઈ જવી.

મીટરના આધારે ઘરમાં વીજળીનો વપરાશ પાછલા મહિનાની સરખામણીએ ઓછો કરવાનો પ્રયાસ કરવો.

પક્ષીઓ માટે દાણા અને પાણી (ચબૂતરો/કૂંડા) રાખવાં.

ભીનો કચરો (બાયોડિગ્રેડેબલ) અને સૂકો કચરો (નોન-બાયોડિગ્રેડેબલ) અલગ રાખવા માટે જુદી જુદી વ્યવસ્થા કરવી.

(૪) સ્વદેશી આચરણ / સૌમાં "સ્વ" નો ભાવ (Adapting Swadeshi)

અપેક્ષાઃ દેશની અર્થવ્યવસ્થા અને આત્મનિર્ભરતાને બળ મળે.

શું કરવું?ઃ રોજિંદા જીવનમાં બને ત્યાં સુધી ભારતમાં બનેલી અને સ્થાનિક સ્તરે ઉપલબ્ધ (ક્વોલિટી) વસ્તુઓનો આગ્રહ રાખવો અને વિદેશી વસ્તુઓ પરની નિર્ભરતા ઘટાડવી.

વ્યવહારૂ ઉદાહરણો / આચરણઃ

ઘર, કાર્યસ્થળ કે શાળામાં અંગ્રેજી મિશ્રિત કર્યા વિના શુદ્ધ માતૃભાષા બોલવાનો સમય નક્કી કરવો.

અઠવાડિયામાં ઓછામાં ઓછા ૫ દિવસ પરંપરાગત ભારતીય પોશાક પહેરીને બહાર જવું.

વ્યક્તિગત કે પારિવારિક સ્તરે વિદેશી વસ્તુઓનો ઉપયોગ છોડવો.

ફોન પર વાતચીતની શરૂઆતમાં 'હેલો' ને બદલે 'નમસ્તે', 'હરિ ૐ' વગેરે ભારતીય અભિવાદન બોલવું.

નિયમિતપણે કોઈ પણ હિન્દુ ધર્મગ્રંથનું વાંચન કરવું.

(૫) નાગરિક કર્તવ્ય (Civic Duty)

અપેક્ષાઃ કાયદાનું પાલન અને દેશ પ્રત્યેની ફરજો પ્રત્યે જાગૃતિ આવે.

શું કરવું?ઃ ટ્રાફિકના નિયમોનું પાલન, સ્વચ્છતા રાખવી, કરવેરા સમયસર ભરવા અને સમાજ હિતના કાર્યોમાં કાયદાકીય મર્યાદામાં રહીને સક્રિય યોગદાન આપવું.

વ્યવહારૂ ઉદાહરણો / આચરણઃ

ઘરમાં રાષ્ટ્રીય નાયક કે સ્વાતંત્ર્ય સેનાનીની તસવીર લગાવવી.

વાહન ચલાવતી વખતે ડ્રાઇવિંગ લાયસન્સ, આર.સી. બુક અને વીમો (Insurance) હંમેશાં સાથે રાખવા.

ટ્રાફિક અને માર્ગ સલામતીના નિયમોનું ચુસ્ત પાલન કરવું.

અઠવાડિયામાં અમુક દિવસ અંગત વાહનને બદલે જાહેર પરિવહન (બસ, મેટ્રો વગેરે) નો ઉપયોગ કરવો.

કોઈ વરિષ્ઠ નાગરિક/વડીલ સાથે અડધો કલાક બેસીને વાતચીત કરવી.

પડોશના ૧૦ ઘરોના મોભીનું નામ, વ્યવસાય કે કામકાજ વિશે જાણકારી મેળવવી.

ઓછામાં ઓછા ૨૫ સ્વાતંત્ર્ય સેનાનીઓના નામ યાદ રાખવા.

કોઈ પણ એક સાર્વજનિક સ્થળની સાફ-સફાઈ કરવી.

આપણા દેશના ગૌરવ અને ઉપલબ્ધિઓ વિશેની કોઈ પણ ૧૦ બાબતો જાણવી.

રાષ્ટ્રગીત (જન ગણ મન) શુદ્ધ અને યોગ્ય ઉચ્ચારણ સાથે શીખવું.

અઠવાડિયામાં ઓછામાં ઓછા ૫ દિવસ પરંપરાગત ભારતીય પોશાક પહેરીને બહાર જવું. વ્યક્તિગત કે પારિવારિક સ્તરે વિદેશી વસ્તુઓનો ઉપયોગ છોડવો. ફોન પર વાતચીતની શરૂઆતમાં 'હેલો' ને બદલે 'નમસ્તે', 'હરિ ૐ' વગેરે ભારતીય અભિવાદન બોલવું.

દીપોત્સવી
વિશેષાંક–૨૦૨૫

સાતપુડા ટાઈગર રિઝર્વ : મધ્યપ્રદેશના આ જંગલમા વાઘ સિવાય શું જોવાનું છે ?



નિતુલ મોડાસીયા



સાતપુડાના જંગલો ભારતના સૌથી જૂના આરક્ષિત જંગલમાંથી એક છે અને આ જંગલ મધ્ય ભારત સ્થિત સાતપુડા પર્વતમાળામાં આવેલ એક વિશાળ, શાંત મોટાભાગે માનવ પ્રભાવથી ભેળસેળ રહિત એવો સંરક્ષિત વિસ્તાર છે. આ અનોખો વિસ્તાર મધ્યપ્રદેશના પ્રથમ બાયોસ્ફિયર રિઝર્વનો ભાગ છે અને મધ્ય ભારતના સૌથી સમૃદ્ધ જૈવવિવિધતામાંથી એક છે,

ઘડીકમાં ઘાંસિયું મેદાન તો ઘડીકમાં હરિયાળા વૃક્ષો, ગાઢ ઝાડી ઝાંખરા, આછી ટેકરીઓ, મધુર અવાજ સાથે વહેતી નદી, દૂર દૂર સુધી માણસોનું ક્યાંય નામોનિશાન નહિ અને જંગલ ફરતે દિવાલ બનીને અડીખમ ઉભેલું વિશાળ સરોવર હોલિવૂડની ફિલ્મોમાં જે રીતે જંગલના કાલ્પનિક રૂપનું વર્ણન જોવા મળે છે તેવું જ જંગલ આપણા મધ્યપ્રદેશ પણ આવેલુ છે. મધ્યપ્રદેશના નર્મદાપુરમ જિલ્લામાં નર્મદા નદીના કિનારે સાતપુડાના પર્વતોની તળેટીમાં વિશાળ જંગલ આવેલું છે. કુલ ૫૨૪ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું આ વિશાળ જંગલ કુદરતી સૌંદર્ય અને અદ્ભુત જંગલી જીવોનું ઘર છે. ઉપરાંત આ વનમાં વાઘની પણ સારી એવી વસતી જોવા મળે છે, જેથી છેક ૧૯૮૧થી આ વિસ્તારને ટાઈગર રિઝર્વ જાહેર કરવામાં આવ્યો છે. રિઝર્વ ઉપરાંત બાકીનું જંગલ સાતપુડા રાષ્ટ્રીય ઉદ્યાન તરીકે ઓળખાય છે.

સાતપુડાના જંગલો ભારતના સૌથી જૂના આરક્ષિત જંગલમાંથી એક છે અને આ જંગલ મધ્ય ભારત સ્થિત સાતપુડા પર્વતમાળામાં આવેલ એક વિશાળ, શાંત મોટાભાગે માનવ પ્રભાવથી ભેળસેળ રહિત એવો સંરક્ષિત વિસ્તાર છે. આ અનોખો વિસ્તાર મધ્યપ્રદેશના પ્રથમ બાયોસ્ફિયર રિઝર્વનો ભાગ છે અને મધ્ય ભારતના સૌથી સમૃદ્ધ જૈવવિવિધતામાંથી એક છે, જેમાં સમૃદ્ધ પુષ્પ, પ્રાણીસૃષ્ટિ અને સાંસ્કૃતિક લક્ષણોનો સમાવેશ થાય છે. ૨૦૨૨ની ગણતરી અનુસાર આ જંગલમાં આજે કુલ ૫૦ કરતા વધુ વાઘ વિચરે છે. જે સિવાય અહીં રીંછ, દિપડા, ગૌર, હરણ, સાબર, ઝરખ, શિયાળ વગેરે પ્રાણી, સેંકડો પ્રજાતિના પક્ષીઓ અને અદ્ભુત સરીસૃપના પ્રકાર પણ જોવા મળે છે. મહારાષ્ટ્રનું સ્ટેટ એનિમલ ઈન્ડિયન જાયન્ટ સ્કવિર્લ કે જે ભારતમાં જોવા મળતી ખિસકોલીની સૌથી મોટી પ્રજાતિ છે તે મધ્યપ્રદેશમાં માત્ર અહી જ જોવા મળે છે. સાતપુડા ટાઈગર રિઝર્વનો સત્તાવાર લોગો પણ આ ખિસકોલી જ છે.

મધ્યપ્રદેશમાં કાન્હા, બાંધવગઢ, પેંચ, પન્ના, સંજય–દુબ્રી અને સાતપુડા એમ કુલ છ જગ્યાઓ આવેલી છે જ્યા મુલાકાતીઓને વાઘ જોવાનો લ્હાવો મળે છે. પરંતુ જો માટે વાઘ જોવાની મહેચ્છા સાથે મુલાકાત લેવાનું થાય તો સાતપુડા તે માટેનો સુયોગ્ય વિકલ્પ નથી. કારણ કે મધ્યપ્રદેશના અન્ય તમામ જંગલ કરતા સાતપુડાનું જંગલ ઘણું મોટું છે અને તેની સરખામણીએ અહી વાઘની સંખ્યા ઓછી છે. જેના કારણે વાઘ દર્શનની શક્યતા પણ ઘટી જાય છે. જોકે રીંછ, દિપડા, ગૌર વગેરે જીવને તેના પ્રાકૃતિક આવાસમાં જોવાનો લાભ લેવો હોય તો તેના માટે સાતપુડા સૌથી સારો વિકલ્પ છે.

સાતપુડા શબ્દ મૂળ સંસ્કૃતમાંથી ઉતરી આવ્યો છે જેનો અર્થ થાય છે ''સાત ગણો''

અથવા ''સાત ટેકરીઓ'' જે નર્મદા અને તાપ્તી નદીઓ વચ્ચે દિવાલ સમાન ઊભા છે. ત્રિકોણાકારમાં ફેલાયેલી આ પર્વતમાળામાં જંગલી વિસ્તારનું અનોખું સંયોજન જોવા મળે છે કારણ કે અહી ઉચ્ચપ્રદેશમાં સાગ અને સાલના જંગલો આવેલા છે અને નીચલા ભાગમાં ઘાસિયો મેદાની વિસ્તાર જોવા મળે છે. જે વાઘ, દિપડા વગેરે જીવને વસવાટ કરવા માટે યોગ્ય વાતાવરણ સર્જી આપે છે. સાથે જ આ જંગલોમાં જોવા મળતા કેટલાક જંગલી જીવ અન્યત્ર બીજે ક્યાંય જોવા મળતા નથી. ૧૯૮૧માં પક્ષી વિશે સંશોધન કરનાર ડો. સલીમ અલીએ આ વિસ્તારમાં ભ્રમણ કરતી વેળા અહીંના કુદરતી વિવિધતાની નોંધ લીધી હતી અને આ વિસ્તારને સંરક્ષિત કરવાનો પ્રસ્તાવ મૂકેલો. આજે સાતપુડાના જંગલ દર વર્ષે સેંકડો સહેલાણીઓને આકર્ષે છે.

સાતપુડાના જંગલોને ફરવાના બે વિકલ્પ છે. પ્રથમ વિકલ્પ એટલે મધ્યપ્રદેશનું કાશ્મીર ગણાતું પચમઢી હિલસ્ટેશન. પચમઢી સાતપુડાના જંગલોને સાવ અડીને આવેલુ છે. અહીંના કેટલાક ફરવાલાયક સ્થળ પણ જંગલમાં ઊંડે આવેલા છે, જેના માટે વન વિભાગની પરવાનગી લઈને જંગલમાં જવું પડે છે. થોડી મજા જંગલની અને થોડી મજા હિલ સ્ટેશનની લેવી હોય તો તે માટે પચમઢી સારો વિકલ્પ છે. પણ જો માત્ર જંગલનો લાભ લેવાની ઈચ્છા હોય તો સાતપુડા ટાઈગર રિઝર્વની મુલાકાત લેવા જેવી છે.

> **૧૯૮૧માં પક્ષી વિશે સંશોધન કરનાર ડો. સલીમ અલીએ આ વિસ્તારમાં ભ્રમણ કરતી વેળા અહીંના કુદરતી વિવિધતાની નોંધ લીધી હતી અને આ વિસ્તારને સંરક્ષિત કરવાનો પ્રસ્તાવ મૂકેલો.**

સાતપુડા ટાઈગર રિઝર્વ તવા સરોવરના કાંઠે આવેલું છે. આ સરોવર અસલમાં તવા નદીનો ભાગ છે જે આગળ જતા નર્મદામાં વિલીન થાય છે. સાતપુડાના જંગલમાં ફરવા માટે ઘણા વિકલ્પ ઉપલબ્ધ છે. જેમાં જીપ સફારી, સાયકલિંગ, નેચર વોક વગેરે સામેલ છે. આમ તો આ જંગલ ખૂબ મોટું છે, પણ તેના અમુક વિસ્તારમાં જ પ્રવેશ કરવાની છૂટ છે. જંગલનો અનોખો અનુભવ કરવો હોય તો મઢઈ ગેટ નજીક રોકાણ કરવું જોઈએ. આ ગેટ નદી કિનારે આવેલો છે અને અહીથી નદી પાર કરીને કોર ઝોનમાં પ્રવેશ મેળવી શકાય છે. જે સિવાય પચમઢી પાસે આવેલા પારસપાની ગેટ અને ચૂરના ગામ નજીક આવેલા ભિમકુંડ ગેટથી બફર ઝોનની સફારી માટે પ્રવેશ મેળવી શકાય છે. સફારી માટે અહી ઝીપ એકમાત્ર વિકલ્પ છે. જેમાં આશરે ત્રણ કલાક સુધી જંગલમાં ફેરતા વિવિધ વન્ય પ્રજાતિના નિહાળવાનો આનંદ મેળવી શકાય છે.

મઢઈ ગેટ પરથી ટિકિટ મેળવી ઝીપ સફારી માટે બોટ મારફતે સામે કાંઠે આવેલા જંગલમાં જવું પડે છે. જ્યાં જંગલને અડીને ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટની લોજ આવેલી છે. અહી રોકવાનો અનુભવ પણ લેવા જેવો છે પણ અહી સુવિધા સામાન્ય અને રૂમની સંખ્યા ઓછી છે માટે બુકિંગ મળવું થોડુ અઘરું છે. જે સિવાય નદીની આ બાજુ મઢઈ ગેટ પાસે પણ રોકાવાના ઘણા વિકલ્પ આવેલા છે. આ જગ્યાનું મુખ્ય આકર્ષણ અસલમાં બોટ સફારી છે. ભારતના ઘણા જંગલોમાં બોટિંગ થાય છે, પંરતુ બોટમાં સવાર થઈને જંગલમાં જવું અને જંગલી જીવો નિહાળવા તેવો અનુભવ માત્ર ગણાતરીની જગ્યાએ જ મળે છે.


સાતપુડા ટાઈગર રિઝર્વ તે ગણાતરીની જગ્યાઓ પૈકી એક છે, જ્યાં બોટમાં બેસી તવા સરોવર અને નદીમાં વિચારતા મગર, વાઘ, દિપડા વગેરે જીવ જોવાનો આનંદ લઈ શકાય છે. અહીંના કેટલાક ગાઇડ અને સ્થાનિક લોકો જંગલમાં જોવા મળતી ભેંસને બાઇસિન કહીને સંબોધે છે. પણ અસલમાં આ જંગલી ભેંસ ગ્રેટ ઈન્ડિયન બફેલો એટલે કે ગૌર છે. મધ્યપ્રદેશમાં બાઇસિન ક્યાંય જોવા મળતા નથી. મૂળ ઉત્તર અમેરિકાના જીવ બાઇસિનના પગ સંપૂર્ણપણે કાળા હોય છે અને તેમનું માથુ મોટું હોય છે જ્યારે મધ્યપ્રદેશમાં જોવા મળતી ભેંસના પગ અડધા સફેદ અને માથું થોડું નાનુ હોય છે. આ બંને તફાવત સિવાય ભેંસની આ બંને પ્રજાતિ એક સરખી જ દેખાય છે.

જીપ અને બોટ સિવાય અહી નેચર વોક અને સાયકલિંગનો પણ વિકલ્પ ઉપલબ્ધ છે. નદીની સામેની તરફ ગઢ જંગલ આવેલું છે, જ્યારે બીજી બાજુ પણ થોડું આછું એવુ જંગલ આવેલું છે. જ્યાં જંગલ ખાતાની દેખરેખ હેઠળ સાયકલિંગ અને નેચર વોક જેવી પ્રવૃતિ કરી શકાય છે. જંગલના આ વિસ્તારમાં નાઈટ સફારીનો પણ પ્રબંધ છે. અસલમાં આ વિસ્તારમાં વાઘ અને દિપડા જેવા જીવની સંખ્યા ખૂબ ઓછી છે, માટે લોકો અહી તેમનાથી ડર્યા વગર જંગલમાં ફરવાનો લાભ ઉઠાવી શકે છે. અગાઉ આ જંગલમાં હાથી પર બેસીને સફારી કરવાનો વિકલ્પ પણ હતો. પંરતુ થોડા સમય અગાઉ કાન્હા નેશનલ પાર્કમાં આ જ રીતે હાથી પર સફારી માટે ગયેલા પર્યટક પર વાઘે હુમલો કર્યો હતો જેના કારણે મધ્યપ્રદેશના તમામ જંગલમાંથી એલિફંટ સફારીનો વિકલ્પ કાઢી નાખવામા આવ્યો છે. જોકે નવા બનેલા કુનો નેશનલ પાર્કમાં એલિફંટ સફારીનો વિકલ્પ ઉપલબ્ધ છે.


સાતપુડા જવાનો વિચાર હોય તો બેથી ત્રણ દિવસનો સમય હોવો હિતવાહ છે. સાતપુડા ટાઈગર રિઝર્વ અને પચમઢી બંનેનું સૌથી નજીકનું રેલ્વે સ્ટેશન પિપરિયા છે. જે ગુજરાત, મહારાષ્ટ્ર અને અન્ય રાજ્યો સાથે સારી રીતે જોડાયેલું છે. પિપરિયા થોડું મોટુ શહેર છે માટે ત્યાં ઉતર્યા બાદ આગળ જવા માટેના ઘણા વિકલ્પ મળી રહે છે. સાતપુડાથી સૌથી નજીકનું એરપોર્ટ રાજા ભોજ ઈન્ટરનેશનલ એરપોર્ટ છે જે આશરે સવા સો કિલોમીટર છેટું છે. જોકે એક વાતની ખાસ નોંધ લેવી કે મધ્યપ્રદેશમાં રાજ્ય પરિવહનની બસ સુવિધા નથી. માટે ત્યાં માત્ર ખાનગી બસ કંપનીઓનો જ દબદબો છે. જેમની સર્વિસ અમુક મોટા શહેર પૂરતી જ વ્યવસ્થિત છે, માટે જંગલમાં જવાનું હોય તો બસના ભરોસે ન બેસવું. જીપ સફારી માટેનું બુકિંગ ઓનલાઈન કરી શકાય છે, ઓફ સીઝન હોય તો ડાયરેક્ટ ગેટ પાસેથી પણ ટિકીટ મળી જવાની શક્યતા છે. સાતપુડા ટાઈગર રિઝર્વ નજીક હોટલના વિકલ્પ છે પણ મર્યાદિત છે, અને તેમાંથી કેટલાક ખૂબ મોંઘા છે. માટે પૂર્વનિયોજન કરીને જવું જોઈએ. પચમઢી ખૂબ જાણીતું પર્યટન સ્થળ છે માટે ત્યાં જોઈએ એવી અને જોઈએ એટલી સુવિધા ઉપલબ્ધ છે.

દીપોત્સવી
વિશેષાંક-૨૦૨૬

સમાજના ઉજ્જવળ ભવિષ્ય માટેનો સંકલ્પ : શિક્ષણથી જ વિકાસ



દિનેશ એન. ગઢ્ઢર
(સુરેન્દ્રનગર)



વિશ્વકર્મા સમાજ હવે સામાજિક પ્રતિષ્ઠાની સાથોસાથ શૈક્ષણિક પ્રતિષ્ઠાની દિશામાં આગળ વધે એ ખુબ જરૂરી છે. સમાજની પ્રગતિનો પાયો શિક્ષણ છે. વિશ્વકર્મા સમાજનો ઇતિહાસ શ્રમ, સર્જન, કૌશલ્ય અને સ્વાભિમાનનો ઇતિહાસ છે. આજનું વિશ્વ ઝડપથી બદલાઈ રહ્યું છે.

સમાજનો વિકાસ એટલે શું ?

હજ્જારો માણસોની જન-મેદનીવાળા મેળાવડાઓ જેના મૂળમાં રાજકીય વિચાર હોય છે ? કે પછી કોઈપણ ઓફિસમાં, કોઈપણ ખાતામાં, કોઈપણ ક્ષેત્રમાં સમાજના યુવાનો ઉચ્ચ હોદાઓ ઉપર હોય એ સમાજનો વિકાસ છે ? સમાજનાં યુવાનો ઉચ્ચ શિક્ષણ મેળવે, યુવાનો સ્વાવલંબી બને, દીકરીઓ આત્મનિર્ભર બને, પરિવારો આર્થિક રીતે સધ્ધર બને અને આવનારી પેઢી જ્ઞાન, સંસ્કાર તથા કૌશલ્યથી સમૃદ્ધ બને એ સાચો વિકાસ છે ?

સમાજના વિકાસ માટે એવા પ્રોગ્રામો વધુ થવા જોઈએ જેમાં સમાજનું લાખ્ખો રૂપિયાનું દાન બહારના લોકો લઈ ના જાય ! બિનજરૂરી ખર્ચમાં વેડફાઈ ના જાય અને પ્રોગ્રામમાં વધુમાં વધુ લાભસમાજના પરિવારોને થાય એ મહત્વનું છે.

કોઈપણ સમાજની પ્રાથમિક જરૂરિયાત શું છે ? શિક્ષણ અને સારવાર.

જે સંસ્થા પોતાના સભ્ય હોય એવા દરેક પરિવારને મદદરૂપ થાય છે એ આદર્શ છે. સારવાર ક્ષેત્રમાં મેડિકલ કેમ્પ કરીને, વિના મુલ્યે દવાઓ આપીને, નિયમિત રીતે સારવાર માર્ગદર્શન અને શિક્ષણ માટે સ્કોલરશીપ, પુરસ્કાર, ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક સહાય અને ખાસ વિનામૂલ્યે સ્કોલર વિદ્યાર્થીઓને સરકારી નોકરી માટેની તૈયારીઓ કરાવતી સંસ્થા આદર્શ છે.

વિશ્વકર્મા સમાજ હવે સામાજિક પ્રતિષ્ઠાની સાથોસાથ શૈક્ષણિક પ્રતિષ્ઠાની દિશામાં આગળ વધે એ ખુબ જરૂરી છે. સમાજની પ્રગતિનો પાયો શિક્ષણ છે. વિશ્વકર્મા સમાજનો ઇતિહાસ શ્રમ, સર્જન, કૌશલ્ય અને સ્વાભિમાનનો ઇતિહાસ છે. આજનું વિશ્વ ઝડપથી બદલાઈ રહ્યું છે. વિજ્ઞાન, ટેક્નોલોજી, કમ્પ્યુટર, કૃત્રિમ બુદ્ધિ (AI), ઉદ્યોગસાહસિકતા અને આધુનિક વ્યવસાયનાં ક્ષેત્રોમાં નવી તકો ઊભી થઈ રહી છે. આવા સમયમાં આપણાં બાળકો માત્ર પરંપરાગત વ્યવસાય સુધી સીમિત ન રહે, પરંતુ

ડોક્ટર, એન્જિનિયર, વકીલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, શિક્ષક, વૈજ્ઞાનિક, સરકારી અધિકારી, ઉદ્યોગપતિ અને ટેક્નોલોજીના નિષ્ણાત બને એ માટે આપણે આયોજન કરવું પડશે.

અહીં શિક્ષણ પર ભાર મુકવાનું કારણ. શિક્ષણ માત્ર નોકરી મેળવવાનું સાધન નથી, શિક્ષણ સાચો નિર્ણય લેવાની સમજ, અન્યાય સામે ઊભા રહેવાની હિંમત અને પોતાના પગ પર ઊભા રહેવાની તાકાત આપે છે. જે સમાજ શિક્ષણમાં આગળ વધે છે, તે સમાજ સમયની સાથે પોતાની સ્થિતિ બદલે છે. અને જે સમાજ શિક્ષણને પાછળ રાખે છે, તે પોતાની શક્તિ હોવા છતાં ઘણી તકો ગુમાવે છે. દેખાદેખી નહીં, સમજદારી જરૂરી છે !

આપણે સમાજમાં એક ગંભીર બાબત વિશે આત્મમંથન કરવાની જરૂર છે. ઘણા પરિવારો મર્યાદિત આવક ધરાવતા હોવા છતાં સામાજિક દેખાદેખી, પ્રસંગોની ભવ્યતા અને લોકો શું કહેશે તેની ચિંતામાં પોતાની ક્ષમતા કરતાં વધારે ખર્ચ કરી નાખે છે. લગ્નપ્રસંગોમાં જરૂર કરતાં વધુ ખર્ચ, મોંઘી સજાવટ, દેખાડા માટેનાં કપડાં, બિનજરૂરી વિધિઓ, પ્રસંગોપાત ભેટસોગાદો, આ બધું ઘણીવાર પરિવારની આર્થિક સ્થિતિને નબળી બનાવે છે. કેટલાક પરિવારો તો વર્ષોની બચત ખર્ચી નાખે છે અથવા દેવું કરીને પ્રસંગો ઉજવે છે. પરિણામે, થોડા કલાકોના દેખાડા પછી લાંબા સમય સુધી આર્થિક બોજ વહન કરવો પડે છે.



અહીં એક વાત સ્પષ્ટ સમજવાની છે, લગ્ન, ઉત્સવો, પરંપરાઓ અને સામાજિક મેળાવડાનું પોતાનું મહત્ત્વ છે. પ્રશ્ન પરંપરાઓનો વિરોધ કરવાનો નથી, પ્રશ્ન છે બિનજરૂરી ખર્ચ, દેખાદેખી અને આર્થિક ક્ષમતા કરતાં વધારે ખર્ચ કરવાનો. જે પ્રસંગની ભવ્યતા માટે આપણે લાખો રૂપિયા ખર્ચીએ છીએ, એ પ્રસંગમાં દિવ્યતા હોય છે ?

આપણે તેજસ્વી તારલાઓનો સન્માન કાર્યક્રમ કરીયે છીએ તેમાં પણ ક્યારેક તો એ પ્રોગ્રામ દાતાઓના સન્માન અને મહેમાનોના પ્રવચનોનો બની જાય છે, પ્રવચનોમાં પણ શિક્ષણને વાત કરવાને બદલે કંઈક જુદી જ વાતો થાય છે, વળી પાછું સમયના અભાવે તેજસ્વી તારલાઓને છેલ્લે બહુ ઝડપથી શિલ્ડ અપાય જાય છે. આ સત્ય કડવું છે, પણ સત્ય તો છે જ, આ સત્યને સ્વીકારીને બાળકોના સન્માન, બાળકોની કલાને વધુ મહત્વ અપાય એ દિશા તરફ જવું પડશે તો આવનારા સમયમાં નવી પેઢીને સમાજ તરફ લાગણીઓ જન્મશે.

આવનારો સમય ટેક્નોલોજીનું યુગ હશે. દરેક પરિવારના મોભીએ પોતાના બજેટમાં બાળકોના શિક્ષણને પ્રાથમિકતા આપવી પડશે. જેમ લઘુમતી પરિવારના મોભીઓને દરેક સહાય, દરેક યોજનાઓ, દરેક લોન વિષે માહિતી હોય છે, તેમ આપણને ઓ.બી.સી.માં મળતી સહાય, સ્કોરલશિપ, લોન વિષે માહિતીઓ જરૂરી છે. મારી જાણ માં જ એવા કિસ્સાઓ છે જેમને સ્કોલરશીપની માહિતી નહોતી અને બાળકોને ૯૦% હોવા છતાંય લાખ્ખો રૂપિયાની ફી ભરેલ છે. વાસ્તવમાં સરકાર ૮૦% ઉપર લાવનારા બાળકો અને દીકરીઓ માટે ઘણી સ્કોલરશીપ આપે છે. આ માહિતી હવે સમાજે આપવી પડશે.

આર્થિક રીતે ખુબ સધ્ધર અને બહુ સમજુ સમાજ જેના ગુજરાતના ચાર મેગાસિટીમાં આશરે ૧૫૦૦ થી ૨૦૦૦ વિધાર્થીઓનું વિના મુલ્યે અભ્યાસ કરી શકે એવું આયોજન સાત-આઠ વર્ષ અગાઉથી શરુ થયું ને કરોડો રૂપિયાના ભવનો છે, જ્યાં બે-પાંચ ક્રોડ દાન આપનારા દાતાઓ પણ ભલામણ કરી શકતા નથી, મેરીટ મુજબ જ પ્રવેશ અપાય છે, અને એ સમાજે આવનારા ૧૦ વર્ષમાં તમામ સરકારી ઓફિસોમાં પોતાના સમાજના લોકો ઓફિસર હોય એવો ટાર્ગેટ ક્યો છે, જે ટાર્ગેટ તેઓ પૂર્ણ કરશે દાનના યોગ્ય ઉપયોગથી, પરફેક્ટ પ્લાનિંગથી, મેરિટના કડક નિયમોથી અને બાળકોની મહેનતથી. આવનારા વર્ષોમાં આવા હજ્જારો બાળકો સમાજને કેટલા મદદરૂપ થશે એ વિચારવું પણ અકલ્પનિય છે. આ સમાજની જે દ્રષ્ટિ છે, એ સાચી દિશામાં છે, માત્ર ૧૦ વર્ષમાં ઇતિહાસ બદલી નાખશે એવું પણ બને.

એક ખુબ મહત્વનો પોઇન્ટ છે, આપણે આપણી સંસ્કૃતિને જીવંત રાખવા માટે કથાઓ કરીયે, ઉત્સવો ઉજવીયે એ કરવું જોઈએ, પણ એમાં ભવ્યતા દર્શાવવા લાખો રૂપિયાના ખર્ચ કરવાને બદલે ખુબ સાદાઈથી એ દિવ્ય રીતે થાય અને બિન જરૂરી દેખાડામાં થતા ખોટા ખર્ચ બચે અને આપણા ભવિષ્યના આદર્શ ભારતના નિર્માણમાં આપણા સમાજના બાળકો અડીખમ ઉભા રહે તે માટે બાળકોની કલાને વિકસાવવામાં, બાળકોને માર્ગદર્શન આપવામાં, શિક્ષણ સહાયમાં, અને વિના મુલ્યે સ્પર્ધાત્મક પરીક્ષાઓને તૈયારીઓમાં એ ખર્ચ થાય એ સમાજની તાતી જરૂરિયાત છે.

આ દિવાળી ઉપર, આવનારા નવા વર્ષમા દરેક પરિવારના મોભીએ પોતાના પરિવારના બાળકોને શૈક્ષણિક વિકાસ તરફ લઇ જવાનો સંકલ્પ કરવો પડશે.

દીપોત્સવી
વિશેષાંક-૨૦૨૬

''તખ્તેશ્વરની ટેકરીના મૂળમાં સમાયેલું જુજા ભરવાડનું સમર્પણ''



અમૂલ પરમાર, ભાવનગર.



ભાવનગરનો ઇતિહાસ અને પાર્શ્વભૂમિ:

ઈસવીસન ૧૭૨૩માં મહારાજા ભાવસિંહજીએ ભાવનગર વસાવ્યું તે પહેલાં ત્યાં 'વડવા' નામનું એક નાનકડું ગામ હતું. ભાવનગરને મુખ્ય ચાર દરવાજા હતા: ઘોઘા દરવાજો, ખાર દરવાજો, રૂવાપરી દરવાજો અને વરતેજ દરવાજો. આ ઘટના ઘોઘા દરવાજાની બહાર 'ચાડિકાધાર' નામની જગ્યાએ બની હતી.

જુજા ભરવાડનું બલિદાન:

એ સમયે ચાડિકાધાર પર જુજા નામનો ભરવાડ પોતાની જોક બાંધીને રહેતો હતો.

તે સમયે ગામની બહાર રહેવું ખૂબ જોખમી ગણાતું, કારણ કે અવારનવાર લૂંટારૂઓ અને જંગલી પશુઓનો ભય રહેતો હતો.

એક સાંજે અચાનક જતોનું એક ટોળું હથિયારો સાથે ચઢી આવ્યું અને ગાયોને હાંકી જવા લાગ્યું. ગોવાળણોની ચીસો સાંભળીને જુજો ભરવાડ એકલો બહાર આવ્યો. તેણે જતોનો સામનો કર્યો અને પોતાની ગાયોને છોડાવવા મથામણ કરી. જતોએ લાકડીઓના ઘા ઝીંક્યા, છતાં જુજો ડગ્યો નહીં. અંતે, પોતાની ગાયોની રક્ષા કરતાં જુજો ભરવાડ ત્યાં જ શહીદ થઈ ગયો.

જાડેજા રાજપૂતોનું શૌર્ય:

જ્યારે વડવામાં વસતા જાડેજા રાજપૂતોને સમાચાર મળ્યા કે લૂંટારુઓ ગાયો વાળી ગયા છે, ત્યારે તેઓ ગૌરક્ષા માટે થનગની ઉઠ્યા. કેટલાક લોકોએ તેમને રોકવાની કોશિશ કરી કે 'ભરવાડની ગાયો માટે તમારે શું કામ જીવ જોખમમાં મૂકવો જોઈએ?' ત્યારે જાડેજાઓએ વીરતાપૂર્વક જવાબ આપ્યો કે: ''રાજપૂત બચ્ચા ગાયો માટે માથા આપે છે, અમારા જીવતા ગાયો જતોના હાથમાં નહીં જવા દઈએ''.

જાડેજાઓ લૂંટારૂઓની પાછળ પડ્યા અને તેમને આંતર્યા. ત્યાં ભયંકર ધીંગાણું જામ્યું. આ લડાઈમાં ૧૮ જેટલા જાડેજા શૂરવીરો શહીદ થયા, પરંતુ તેઓ ગાયોને લૂંટારૂઓના ચંગુલમાંથી છોડાવી લાવ્યા.

સતી અને સ્મારક:

જુજા ભરવાડના મૃત્યુ બાદ તેમના પત્નીએ પણ તેમની પાછળ સતી થવાનો નિર્ણય કર્યો. અન્ય ભરવાડોએ તેમને રોકવા પ્રયત્ન કર્યો, પણ સતીએ કહ્યું કે શૂરા અને સતીઓ દરેક કુળમાં જન્મે છે. તેમણે તે જ સ્થળે અગ્નિદાહ લીધો. જે ટેકરી પર આ ઘટના બની હતી, ત્યાં જ પાછળથી પ્રસિદ્ધ તખ્તેશ્વર મહાદેવનું મંદિર બંધાયું અને તે તખ્તેશ્વરની ટેકરી તરીકે જાણીતી થઈ.

આજની સ્થિતિ:

આજે પણ ભાવનગરમાં ભાવસાર બોર્ડિંગ પાસે જુજા ભરવાડ અને સતી ભરવાડણ અને ગાયોની ખાંભીઓ (સ્મારક) મોજૂદ છે. તેમજ અનંતવાડીના પાછલા ભાગમાં તે ૧૮ જાડેજા શૂરવીરોના પાળિયાઓ આજે પણ પૂજાય છે,

દીપોત્સવી
વિશેષાંક-૨૦૨૬

દિવાળીના પાવન પર્વે યોગમુદ્રાઓ દ્વારા સ્વાસ્થ્ય અને આંતરિક પ્રકાશની ઉજવણી


કિરણ એચ. બકરાણીયા



બધા મિત્રોને જય વિશ્વકર્મા, દિવાળીએ પ્રકાશ, આનંદ અને ખુશીઓનો તહેવાર છે. દિવાળીનો સાચો આનંદ ત્યારે મળે છે, જ્યારે આપણું શરીર સ્વસ્થ અને મન પ્રસન્ન હોય, તેથી દિવાળીના દિવસોમાં દરરોજ થોડો સમય યોગ, પ્રાણાયામઅને ધ્યાન માટે ફાળવવો જોઈએ. યોગ દ્વારા આપણે સ્વસ્થ શરીર, શાંત મન અને આનંદમય જીવનનો સંદેશો ફેલાવી શકીએ છીએ.

દીપક બહાર પ્રકાશ ફેલાવે છે. અને યોગ આપણા અંતરમાં પ્રકાશ પાથરે છે.

યોગમાં આજે મુદ્રાઓ વિશે જાણીશું હસ્ત મુદ્રાઓ એ યોગનું એક અંગ છે. મુદ્રા એટલે હાથની આંગળીઓ, હથેળી અથવા શરીરને ચોકકસ રીતે ગોઠવીને બનાવામાં આવતી વિશિષ્ટ સ્થિતિ. મુદ્રાઓનો ઉપયોગ યોગ, પ્રાણાયામ,




ધ્યાન અને આધ્યાત્મિક સાધનામાં કરવામાં આવે છે તે મનને શાંત રાખવામાં એકાગ્રતા વધારવા અને ધ્યાન કરવામાં મદદરૂપ થાય છે.

આપણી હાથની પાંચ આંગળીઓમાં પાંચ તત્વ સમાવેલા છે.

હવે આપણે આંગળીઓથી બનતી મુદ્રાઓ વિશે જાણીએ.

૧. જ્ઞાન મુદ્રા :



અંગૂઠો અને તર્જનીના અગ્રભાગને હળવેથી જોડાવા અને બાકીની ત્રણ આંગળીઓ સીધી રાખવી. આ મુદ્રા ધ્યાન, એકાગ્રતા અને માનસિક શાંતિ માટે ઉપયોગી છે.

૨. વાયુ મુદ્રા :



તર્જનીને વાળીને તેના પર અંગુઠો હળવેથી રાખવો. અને બાકીની ત્રણ આંગળીઓ સીધી રાખવી. વાયુને લગતા રોગો દુર કરવામાં ઉપયોગી છે.



૩. શૂન્ય મુદ્રા :

મધ્યમાં આંગળીને વાળીને તેના પર અંગૂઠો હળવેથી રાખવો. કાનને લગતા રોગો દૂર કરવામાં આ મુદ્રા ઉપયોગી છે.



૪. પૃથ્વી મુદ્રા

અનામિકા અને અંગૂઠાના અગ્રભાગને હળવેથી જોડવા. આ મુદ્રા વજન વધારવામાં અને શરીરની શારીરિક શકિત વધારવામાં ઉપયોગી છે.



૫. વરૂણ મુદ્રા

કનિષ્ઠિકા અને અંગૂઠાના અગ્રભાગને હળવેથી જોડવા. શરીરમાં પાણીનું સંતુલન જાળવવામાં ઉપયોગી છે.

૬. સૂર્ય મુદ્રા



અનામીકાને વાળીને તેના પર અંગૂઠો હળવેથી રાખવો. આ મુદ્રા વજન ઘટાડવામાં અને પાચન શકિત સુધારવામાં મદદ કરે છે.



૭. પ્રાણ મુદ્રા :

અંગૂઠો, અનામિકા એ કનિષ્ઠિકાના અગ્ર ભાગને જોડવા. આ મુદ્રાથી રોગ પ્રતિકારક શકિત વધે છે.

આપ સૌને દિવાળી હાર્દિક શુભકામનાઓ.

યોગીન છનિયારા નેતૃત્વમાં જીએચપી દ્વારા નવરાત્રિના વધામણા

ગજજર રાસોત્સવમાં ખેલૈયાઓ ઝુમી ઉઠ્યા









ચારેક હજાર ખેલૈયાઓએ બોલાવી રાસ ગરબાની રમઝટ : સાંસદ, ધારાસભ્યો, ભાજપ અગ્રણીઓની ખાસ ઉપસ્થિતિ

રાજકોટના ગુર્જર સુથાર સમાજમાં સેવાકીય પ્રવૃત્તિઓથી લોકોના હૃદયમાં સ્થાન જમાવેલી સંસ્થા ગુર્જર સુતાર હિતેચ્છુ પરિવાર દ્વારા તા. ૧૦-૧૦-૨૬ના રોજ નવરાત્રિના વધામણા કરવા 'ગજજર રાસોત્સવનું યોગીન છનિયારાના નેતૃત્વમાં ધમાકેદાર આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ચારેક હજાર ખેલૈયાઓએ પ્રાચીન અર્વાચીન રાસ-ગરબાની રમઝટ બોલાવી અનેરૂ ભવ્ય અને ભકિતસભર વાતાવરણનું સર્જન કર્યું હતું.

સાંજના સાતેક વાગ્યાના સુમારે નાનકડી બાળાઓના હસ્તે મહાનુભાવોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટય કરી માતાજીની આરતી ઉતારવામાં આવ્યા બાદ સુમધુર સંગીતના સથવારે ગાયક કલાકારો નિહાલ પિત્રોડા, મનીષા ભરવાડ, અશ્વિન મેવાડા અને હિતેષ ગજજર પ્રાચીન-અર્વાચીન રાસ ગરબાની રમઝટ











બોલાવી હતી ત્યારે ખેલૈયાઓ મન મુકી ઝુમી ઉઠ્યા હતા. મોડી રાત સુધી ચાલેલા રાસોત્સવને માણવા સાંસદ પરષોતમ રૂપાલા, ધારાસભ્યો દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, શહેર ભાજપ પ્રમુખ માધવ દવે, પૂર્વ મંત્રી ગોવિંદભાઇ પટેલ, પૂર્વ શહેર પ્રમુખ મુકેશ દોશી, કોર્પો.ના સાંસ્કૃતિક વિભાગના ચેરમેન મનિષ ભટ્ટ, આજકાલ દૈનિકના ઘનરાજ જેઠાણી, નગરસેવકો, મોહિતસિંહ જાડેજા, પંકજ લુણાગરીયા, પરેશ ઠાકર, સોનલબેન સેલારા, જીતુભાઇ સેલારા, ભાજપ અગ્રણી શૈલેષ ડાંગર, વીએચપીના કૌશિકભાઇ સરધારા, માર્ગી સાધુ સમાજના ચેતનભાઇ ગોંડલીયા, એડવોકેટ હર્ષીલ શાહ, જાણીતા ઉદ્યોગપતિ અમુભાઇ ભારદીયા (રવિ ટેકનોફોર્જ), ડો. રોશન મિસ્ત્રી, ડો. અમિત ખંભાયતા, વિશ્વકર્મા ફર્નીચરવાળા સંજયભાઇ વડગામા, અજય કરગથરા, બોલબાલાના જયેશ ઉપાધ્યાય, એડવોકેટ સંજય કાકડિયા જાણીતા આર્કીટેક પીલુ સીતાપરા, અરવિંદભાઇ કરગથરા, ઇનોવેટીવ મોલ્ડના જીજ્ઞેશભાઇ સંચાણિયા, ભૂમિ એન્જિ. વાળા જીજ્ઞેશ સંચાણીયા, ગુર્જર સુતાર પ્રગતિ મંડળના અધ્યક્ષ અરવિંદભાઇ ગજજર, પ્રમુખ રમેશભાઇ સોનીગરા, મંત્રી રમણીકભાઇ પાટણવાડીયા તેમજ સમગ્ર કારોબારી, ન્યુ વિશ્વકર્મા ધુન મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શ્રી અમુભાઇ ભારદીયાએ જીએચપી ગ્રુપ સમાજ માટે વાડીનું નિર્માણ કરે તો એક કરોડનું અનુદાન આપવાની જાહેરાત કરી હતી. તેમણે આયોજનને બિરદાવી જીએચપીને અભિનંદન આપ્યા હતા.

ગજજર રાસોત્સવમાં જીવનભર યાદગીરી રહે તેવી ભેટ ૨૦ વિજેતા ખેલૈયાઓને સદ્‌ભાવના વૃદ્ધાશ્રમના સૌજન્યથી અપાઇ જેમાં દરેક વિજેતાના સાથેની પ્લેટ સાથે વૃક્ષારોપણ થશે જેની આજીવન માવજત થશે. એક વૃક્ષનો ખર્ચ રૂા. ૩૫૦૦ થાય છે. આ ઉપરાંત ૫૦૦ જેટલા રોપાનું વિતરણ કરી પર્યાવરણની જાગૃતિના શપથ લેવડાવ્યા હતા.













ઉપસ્થિત મહાનુભાવો શ્રી અમુભાઈ ભારદીયા, ડો. રોશન મિસ્ત્રી, જીએચપી ગ્રુપના યોગીન છનિયારા, એડવોકેટ અરવિંદ ગજ્જર સહિતના મહાનુભાવોને પ્રિન્સ–પ્રિન્સેસ તેમજ અન્ય વિજેતાઓને લાખેણા ઈનામો અપાયા. ફેવીકોલ તરફથી ઉપસ્થિત ૧૦૦ નાના બાળકોને લંચ બોક્સ ભેટ અપાયા હતા.

આયોજનને સફળ બનાવવા જીએચપી ગ્રુપના યોગીન છનિયારાની આગેવાની હેઠળ અરવિદભાઈ ગજ્જર, અનિલ ખંભાયતા, જયેશ મહેમદાવાદિયા, અલ્પેશ ખંભાયતા, કિરીટ ઝોલાપરા, મુકેશ કરગથરા, હિરેન કલોલિયા, સંદીપ સાંકડેચા, મનીષ વિસાવડીયા, સંજય કથરૈયા, દેવ ગજ્જર, દીપક ભારદિયા, પ્રકાશ ભારદીયા, હર્ષદ સિનરોજા, ગિરીશ વડગામા, મનીષ દસાડીયા, અશોક અઘેરા, શૈલેષ ખંભાયતા, શૈલેષ વેકરીયા, મિહિર ખંભાયતા, અનિલ કથરેચા, વિપુલ અખિયાણીયા, જનક પંચાસરા, ચંદ્રેશ વિસાવડીયા, કિશન ગોરેચા, બકુલ ગોવિંદિયા, પિયુષ અઘેરા, વિરાજ ખંભાયતા, જયદીપ કરગથરા, મનીષ વિસાવડીયા, મુકેશભાઈ પંચાસરા, પિયુષ અંબાસણા, વલ્લભ વડગામા, દીપક કરગથરા, પ્રકાશ કુંવારદિયા, અલ્પેશ ગજ્જર, જીતેન્દ્ર દૂદકીયા, વિશાલ કલોલિયા, દેવેન્દ્ર બદ્રકિયા, ભાવેશ બદ્રકિયા, હિરેન ધ્રાંગધરીયા, વિશાલ વાલંભિયા, પ્રતિક વાલંભીયા, નવીન પાટડીયા, સાવન વડગામા, કુલદીપ અંબાસણા, સાગર ગજ્જર, પરેશ સુરેલીયા, નેહલ પીલોજપરા, હિતેશ ગજ્જર, ચેતન સાંકળેચા, વિજય કથરૈયા, કલ્પેશ ભાલારા, ખુશાલ મેહદાવાડિયા, જીગર ઘોરેચા, સંજય કડેચા, અમિત બાવડેચા, વિપુલ તલસાણીયા વિગેરે જહેમત ઉઠાવી હતી.




JHOOM










JHOOM
ગજ્જર રાસોત્સવ


JHOOM
ગજ્જર રાસોત્સવ


JHOOM
ગજ્જર રાસોત્સવ


JHOOM
ગજ્જર રાસોત્સવ


JHOOM
ગજ્જર રાસોત્સવ


JHOOM
ગજ્જર રાસોત્સવ


JHOOM
ગજ્જર રાસોત્સવ


JHOOM
ગજ્જર રાસોત્સવ

દીપોત્સવી
વિશેષાંક–૨૦૨૬

વિશ્વના દેશો વચ્ચે યુદ્ધનું વાતાવરણ અને ટેરિફનાં કારણે

એન્જિનિયરીંગ ઉદ્યોગમાં વપરાતા માલ, મટીરીયલ તથા ટુલ્સમાં થયેલા અસહ્ય ભાવ વધારાના કારણે ધંધામાં મંદીનું વાતાવરણ

જયંતીભાઇ નગેવાડીયા
(રાજકોટ)





લોખંડ, કાસ્ટીંગ, ઓઇલ, ટુલ્સ સહિતની વસ્તુમાં ખુબ જ ભાવ વધારો : પુરતો ભાવ વધારો મળતો નથી છતાં ભાડા, મશીનરી લોન, હાઉસીંગ લોન જેવી અનેક લોનના હપ્તાનાં કારણે ધંધો ટકાવવા મજબુર બને છે

આજે વિશ્વમાં ઘણા દેશો વચ્ચે યુદ્ધ ચાલી રહયું છે કે યુદ્ધ જેવી સ્થિતિ છે. જેથી આજે વિશ્વભરમાં કોઇ સ્થિર સ્થિતિ નથી. બે દેશો વચ્ચે આયાત–નિકાસમાં ટેરિફ યુદ્ધ ચાલે છે. આ ટેરિફ યુદ્ધ એકંદરે લગાડનાર અને ટેરિફ સાથે વેપાર કરનાર દેશ માટે મુશ્કેલ સાબિત થઇ રહયું છે.

આજે આપણા દેશમાં બહારથી આવતા પેટ્રોલીયમ પ્રોડકટ તથા સહિતની અનેક વસ્તુઓમાં થયેલા ભાવ વધારાના કારણે આપણા દેશમાં પણ ઘણી સિધી કે આડકતરી અસર દેખાય છે. જેની આજે ગુજરાતમાં એન્જિનિયરીંગ ઉદ્યોગ પર તેની ઘણી અસર જોવા મળે છે તેની વાત કરવી છે.

આજે એન્જિનિયરીંગ ઉદ્યોગમાં એકંદરે મંદીનું વાતાવરણ છે. તેનું ખાસ કારણ આ યુદ્ધનાં કારણે લાગેલા ટેરિફના કારણે દરેક ઉદ્યોગમાં વપરાતા લોખંડ અને કાસ્ટીંગમાં વેપારી કે ભઠ્ઠીવાળાને ભાવ પુછો તો કહે છે, આ આજનો ભાવ છે. કાલે ઓર્ડર આપશો તો કાલે જે ભાવ હશે તે લાગશે. ભાવની કોઇ સ્થિરતાં નથી. પેટ્રોલીયમ પ્રોડકટમાં થયેલા ભાવવધારાના કારણે ઇન્ડસ્ટ્રીઝમાં વપરાતા મશીન ઓઇલ, કટીંગ ઓઇલ, હાઇડ્રોલીક ઓઇલ, ફર્નેશ ઓઇલ જેવી પ્રોડકટમાં ખુબ જ ભાવ વધારો થયો છે. જે અસહ્ય છે. ઇન્ડસ્ટ્રીઝમાં મશીનમાં મશીનીંગમાં વપરાતા ટુલ્સ, ડ્રીલપાના હાઇસ્પીડનાં ટુલ, કાર્બાઇડ ટીપ્સ કટકી, કટર તેમજ સીએનસી, વીએમસી મશીનમાં વપરાતા વિવિધ ટુલ્સ, કટરના ભાવ તો



લગભગ ડબલ જેવા થઇ ગયા છે. જુના ટુલ્સ, પાના કટકી, વેંચતા વેપારીઓએ પણ ભાવ દોઢા કરી નાખ્યા છે. ઇલેટ્રીક પાવરમાં યુનિટમાં ભાવ વધારો તથા કોલસાના ભાવ વધારાના કારણે ભઠ્ઠીમાં કાસ્ટીંગના ભાવ વધારો ખુબ જ થયો છે.

આવા અનેક પરિબળોનાં કારણે એન્જિનિયરીંગ ઉદ્યોગમાં મંદીનું વાતાવરણ ચાલે છે. મોટી કંપનીવાળાને થોડો ઓછો વાંધો આવે કારણ કે તેનું ટર્નઓવર મોટુ હોય તેથી તેમને નફામાં થોડો ઘટાડો થાય પરંતુ તેનું કામકાજ ચાલ્યા કરે. પરંતુ નાના પ-૧૦-૧૫ કારીગર ધરાવતા કારખાનેદારોને અત્યારે ધંધો ટકાવવો મુશ્કેલ છે. કારણ કે પોતાના સપ્લાયરો પાસે ભાવ વધારો માંગે તો આપતા નથી. આપે તો ૧૦ ટકા વધારો માંગે તો પાંચ ટકા જ આપે છે. જે લોકો જોબ વર્ક કરતા હોય તે જોબમાં ભાવ વધારો માંગે તો સામેની પાર્ટી આપતી નથી. અને હાલના ભાવમાં પોસાય તેમ નથી. છતાં પણ ઘણા કારખાનેદારો ધંધો ટકાવવા જુના ભાવે કામ કરવા મજબુર થતાં હોય છે.



નાના કારખાનેદારોને તેનું ટર્નઓવર નાનું હોય અને તેમાં આ મટીરીયલ તથા ટુલ્સ સહિતના ભાવ વધારા સાથે કામ કરવું પોસાય તેમ નથી છતાં જુના ભાવે કે થોડા ભાવ વધારા સાથે કામ કરવા મજબુર બને છે. કારણ કે પહેલા ધંધો ચાલતો હોય ત્યારે સીએનસી, વીએમસી જેવી મોંઘી મશીનરીની લોન લીધી હોય તો તેના હપ્તા જો મકાન લીધું હોય તો હાઉસીંગ લોન, કાર લોન ચાલુ હોય તો તેના હપ્તા જો દુકાન કે શેડ ભાડે હોય તો તેનું ભાડું તેમજ બાળકોના મોંઘા બનેલા શિક્ષણની ફી તથા વધતા જતા ઘર ખર્ચના કારણે કારખાનેદારો મુંજાય છે. કારીગરો પણ મોંઘવારના કારણે રોજ વધારો કે પગાર વધારો માંગે છે.

ઇન્ડસ્ટ્રીયલ ઉદ્યોગ એવો છે કે તેમાં હાલમાં મંદીનાં કારણે તમે પાંચ-દસ ટકા ભાવ વધારો માંગો તો પણ નથી મળતો જયારે આજે ખાણી-પીણીના ધંધામાં ૨૦-૨૫ રૂપિયાની ચાના સીધા ૩૦ થઇ જાય છે. ૪૦ રૂ.ની નાસ્તાની ડીશના સીધા ૫૦ થઇ જાય તો સીધો ૨૫ ટકા વધારો થઇ જાય છે. તો પણ લોકોને દેવા પડે છે. અને લોકો આવે છે પરંતુ ઇન્ડસ્ટ્રીઝ ઉદ્યોગમાં ખાણી-પીણી, સિનેમા, રેડીમેઇડ, ગારમેન્ટ જેવા ધંધા જેટલો ટકાવારીની દૃષ્ટિએ ભાવવધારો મળતો નથી છતાં લાખો-કરોડોના રોકાણ પછી પણ ઇન્ડસ્ટ્રીઝ ઉદ્યોગમાં પુરતો ભાવ વધારો નફો મળતો નથી છતાં આ એન્જિનિયરીંગ ઉદ્યોગમાં મંદીને કારણે ધંધાને ટકાવવા કારખાનેદારો-ઉદ્યોગપતિઓ મજબુર બનતા જાય છે.

દીપોત્સવી
વિશેષાંક–૨૦૨૬

નેતા બનવું ખાવાના ખેલ નથી !

કૌશિક મહેતા
(રાજકોટ)





સામાન્ય વ્યક્તિ આવી શારીરિક ખામી કે નિષ્ફળતાથી હારીને પોતાનું સપનું છોડી દે છે, પરંતુ હેરી સામાન્ય નહોતા. તેમણે હાર ન માની. તેમણે અથાક પ્રયાસો ચાલુ રાખ્યા. આખરે, જ્યારે પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું, ત્યારે તેમની સતત મહેનત અને ઝનૂનને કારણે તેમને સેનામાં એક સાધારણ સૈનિક તરીકે પ્રવેશ મળી જ ગયો.

આજના યુગમાં કોઈ રાજકારણી કે નેતા સામે આવે ત્યારે એના પર ટીકા–ટિપ્પણી કરવી એ બહુ સામાન્ય અને સહજ બાબત બની ગઈ છે. ચાની કીટલીથી લઈને સોશિયલ મીડિયાના પ્લેટફોર્મ સુધી, આપણે દરરોજ નેતાઓ વિષે ભાત–ભાતની વાતો સાંભળીએ છીએ. કોઈ એમની પ્રશંસા કરે છે, તો કોઈ એમના દરેક નિર્ણયમાં ખામીઓ શોધે છે. કોઈ એમની નીતિઓને બિરદાવે છે, તો કોઈ એમના પ્રત્યે કડવાશ વ્યક્ત કરે છે. લોકશાહીમાં ટીકા થવી સ્વભાવિક છે, પરંતુ શું આપણે ક્યારેય શાંત ચિત્તે એ વિચાર્યું છે કે 'શું નેતા બનવું ખરેખર આસાન છે?'

જવાબ બહુ સ્પષ્ટ અને સરળ છેઃ બિલકુલ નહીં.દૂરથી જોઈને ન્યાય આપવો અને જાતે મેદાનમાં ઊતરીને પરિસ્થિતિઓનો સામનો કરવો–એ બંને વચ્ચે જમીન–આસમાનનો તફાવત છે. રાજકારણમાં કે સમાજમાં નેતા બનવું એ માત્ર પદ કે સત્તા મેળવવાની રમત નથી, પરંતુ એ અગણિત પડકારો, માનસિક તણાવ અને ત્યાગની એક સતત ચાલતી પ્રક્રિયા છે. નેતા બનવા માટે હૃદયમાં અથાક સાહસ અને શરીરના રૂવાંડે–રૂવાંડે અખંડ આત્મવિશ્વાસ ભરવો પડે છે, ત્યારે જઈને એક સામાન્ય વ્યક્તિ 'નેતા' પદને યોગ્ય બને છે.

જ્યારે આપણે સાચા નેતૃત્વ અને સાહસની વાત કરીએ છીએ, ત્યારે અમેરિકાના ૩૩મા પ્રમુખ હેરી ટ્રુમેનનો કિસ્સો સમગ્ર વિશ્વના નેતાઓ અને નેતા બનવા માંગતા યુવાનો માટે એક અત્યંત પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડે છે.

હેરી ટ્રુમેનનો જન્મ એક સામાન્ય પરિવારમાં થયો હતો. તેમને બાળપણથી જ દેશની સેનામાં જોડાઈને માતૃભૂમિની સેવા કરવાની તીવ્ર ઇચ્છા હતી. હાઈસ્કૂલ સુધીનું શિક્ષણ પૂરું કર્યા પછી તેમણે સૈન્યમાં ભરતી થવા માટે ભગીરથ પ્રયાસો કર્યા. પરંતુ, તેમની આંખોની રોશની નબળી હોવાના કારણે તેમને વારંવાર અયોગ્ય જાહેર કરવામાં આવ્યા.

સામાન્ય વ્યક્તિ આવી શારીરિક ખામી કે નિષ્ફળતાથી હારીને પોતાનું સપનું છોડી દે છે, પરંતુ હેરી સામાન્ય નહોતા. તેમણે હાર ન માની. તેમણે અથાક પ્રયાસો ચાલુ રાખ્યા. આખરે, જ્યારે પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું, ત્યારે તેમની સતત મહેનત અને ઝનૂનને કારણે તેમને સેનામાં એક સાધારણ સૈનિક તરીકે પ્રવેશ મળી જ ગયો.

''જે વ્યક્તિ પોતાની હાર સ્વીકારવા તૈયાર નથી, તેને દુનિયાની કોઈ તાકાત હરાવી શકતી નથી.'' પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન એક રાત્રે હેરી ટ્રુમેનની પલટન આગળ વધીને દુશ્મન પર ચઢાઈ કરવા જઈ રહી હતી. તે સમયે અચાનક જર્મન સેના દ્વારા ભારે તોપમારો અને બોમ્બમારો શરૂ થઈ ગયો. ચારે બાજુ વિસ્ફોટોના ધમાકા અને ધુમાડાના ગોટા છવાઈ ગયા. હેરીની ઘોડેસવાર પલટનમાં ભારે અફરાતફરી અને ભાગદોડ મચી ગઈ.

યુદ્ધના એ ભયાનક વાતાવરણમાં હેરી પોતાને અને પોતાના સાથીઓને બચાવવાનો આટોપ પ્રયાસ કરી રહ્યા હતા. એવામાં એક બોમ્બનો ધડાકો નજીકમાં જ થયો અને હેરીનો ઘોડો ગંભીર રીતે ઘાયલ થઈને જમીન પર પટકાયો. કમનસીબે, એ જ વજનદાર ઘોડો હેરીની ઉપર આવીને પડ્યો.

હેરી પોતે પણ ગંભીર રીતે ઘાયલ થયા હતા. શરીર અસહ્ય પીડાથી તરફડી રહ્યું હતું. પરંતુ તેમણે હિંમત ન ગુમાવી. તેમણે જેમ-તેમ કરીને, પોતાના તમામ શક્તિ એકઠી કરી ઘોડાની નીચેથી પોતાની જાતને બહાર કાઢી.

આવા કટોકટીના સમયે કોઈ પણ સામાન્ય માણસ પોતાનો જીવ બચાવીને ભાગી છૂટવાનો જ વિચાર કરે. પરંતુ હેરી ટ્રુમેને ભાગવાને બદલે યોગ્ય જગ્યાએ છુપાઈને દુશ્મનો સામે વિરોધ નોંધાવવાનું અને આખરી શ્વાસ સુધી લડવાનું નક્કી કર્યું. તેમણે માત્ર પોતાનો જીવ ન બચાવ્યો, પરંતુ ભાગી રહેલા અને ગભરાયેલા સાથી સૈનિકોને પણ મોટેથી હાકલ કરી.

તેમણે ગર્જના કરતા કહ્યું: ''ઊઠો અને લડો! જ્યાં સુધી આપણા હૃદયમાં હિંમત અને ધમનીઓમાં લોહી છે, ત્યાં સુધી કોઈ દુશ્મન આપણને હરાવી શકશે નહીં!'' એક ગંભીર રીતે ઘાયલ થયેલા સૈનિકના અવાજમાં જે અદ્‌ભુત જાદુ, સચ્ચાઈ અને વીરતા હતી, તે ક્ષણભરમાં જ આખી પલટનના સ્પર્શી ગઈ. ભાગી રહેલા સૈનિકોના લોહીમાં નવો જુસ્સો દોડી ગયો. બધા જ સૈનિકો પાછા ફર્યા, એકજૂથ થયા અને અપ્રતિમ સાહસ સાથે જર્મન સેના સામે લડીને વિજય તરફ આગળ વધ્યા.

આ ભયાનક રાત અને સફળ યુદ્ધ પછી હેરી ટ્રુમેને પોતાની અંગત ડાયરીમાં એક બહુ જ દાર્શનિક અને મહત્વની વાત લખી હતી. તેમણે લખ્યું, ''એ રાતે મને મારા પોતાના વિશે બે સૌથી મહત્વની બાબતોની જાણ થઈ: ૧. મારામાં મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ ટકી રહેવાનું સાહસ છે. ૨. મને લોકોનું સાચું નેતૃત્વ કરવાનું દિલથી પસંદ છે.''

આ વાત સાંભળવામાં કે વાંચવામાં કદાચ બહુ નાની કે સામાન્ય લાગે, પણ એ રાત પછી હેરી ટ્રુમેનનું જીવન સંપૂર્ણપણે બદલાઈ ગયું. તેમના અંતરમાં સાહસ અને અદમ્ય આત્મવિશ્વાસનો એવો પાયો નંખાયો, જેણે તેમને ક્યારેય પાછા વળીને જોવા ન દીધા.

અવિરત સંઘર્ષ, ઈમાનદારી અને મજબૂત મનોબળના જોરે, એ સામાન્ય સૈનિક એક દિવસ અમેરિકાના પ્રમુખ પદ સુધી પહોંચી ગયો! પ્રમુખ બન્યા બાદ હેરી ટ્રુમેને પોતાના અનુભવનો સાર આપતાં કહ્યું હતું, ''દરેક વ્યક્તિ જો ધારે અને મનથી નક્કી કરે, તો અસંભવ લાગતી સીમાઓને પાર કરીને અત્યંત મુશ્કેલ માર્ગ પણ સરળતાથી કાપી શકે છે. બસ, એના માટે અંતરમાં થોડુંક સાહસ અને અખૂટ આત્મવિશ્વાસની જરૂર હોય છે.''

હેરી ટ્રુમેનનો આ કિસ્સો પુરવાર કરે છે કે નેતા બનવું આસાન નથી, પણ જો સાચો નિશ્ચય હોય તો તે અસંભવ પણ નથી. કોઈપણ પ્રકારના સતત પ્રયત્ન કે પરિશ્રમ વિના ક્યારેય સચ્ચા નેતા બની શકાતું નથી. અને ધારો કે કોઈ અકસ્માતે, ચમત્કારથી કે વારસામાં સત્તા મેળવીને નેતા બની પણ જાય, તોપણ એ સફળતા કે પદ ઝાઝા સમય સુધી ટકી શકતું નથી.

કારણ કે, મહેનત વગર મળેલું પદ માણસને અહંકારી બનાવે છે, પણ અનુભવથી મળેલું પદ માણસને પરિપક્વ બનાવે છે. અને નેતાએ દરરોજ નવા નિર્ણયો લેવાના હોય છે, જેમાં જોખમ હોય છે. સાહસ વિના નિર્ણયો લઈ શકાતા નથી. સૌથી મહત્વનું કે જ્યારે આખી દુનિયા તમારી સામે હોય કે વિપરીત પરિસ્થિતિઓ હોય, ત્યારે તમારો પોતાનો આત્મવિશ્વાસ જ તમને અને તમારી ટીમને જીવંત રાખે છે.

ભારતના રાજકારણના સંદર્ભમાં જો આપણે નેતૃત્વ, સાહસ અને આત્મવિશ્વાસના સમીકરણને સમજવું હોય, તો દેશના બે ભૂતપૂર્વ અને વર્તમાન વડાપ્રધાન-ડો. મનમોહન સિંહ અને નરેન્દ્ર મોદીનું ઉદાહરણ ઉત્કૃષ્ટ બની રહે છે. બંને નેતાઓ અત્યંત ઉચ્ચ પદ પર રહ્યા છે, પરંતુ તેમના નેતૃત્વમાં જમીન-આસમાનનો તફાવત જોવા મળે છે.

ડો. મનમોહન સિંહ એક મહાન અર્થશાસ્ત્રી, અત્યંત જ્ઞાની અને સાલસ વ્યક્તિ છે. ૧૯૯૧ના આર્થિક સુધારામાં તેમનું યોગદાન અવિસ્મરણીય છે. પરંતુ જ્યારે વડાપ્રધાન તરીકે દેશનું નેતૃત્વ કરવાનો વારો આવ્યો, ત્યારે તેમનામાં એ સાહસિક અને આક્રમક આત્મવિશ્વાસનો અભાવ જણાતો હતો. તેઓ ઘણીવાર નિર્ણયો લેવામાં ખચકાતા હતા અથવા પક્ષના હાઈકમાન્ડના દબાણ હેઠળ રહેતા હતા. સંકટના સમયે જનતા સાથે સીધો સંવાદ કરવાનો અને આગળ વધીને જવાબદારી સ્વીકારવાનો તેમનો સ્વભાવ નહોતો. તેમનું 'મૌન' એમના નેતૃત્વની સૌથી મોટી મર્યાદા બની ગયું. પરિણામે, એક મહાન વિદ્વાન હોવા છતાં તેઓ જનતાના હૃદયમાં એક નિર્ણાયક અને સાહસિક નેતા તરીકેની છાપ ઊભી કરી શક્યા નહીં.

બીજી તરફ, નરેન્દ્ર મોદીનું નેતૃત્વ સંપૂર્ણપણે સાહસ, દ્રઢ મનોબળ અને અખૂટ આત્મવિશ્વાસ પર ટકેલું છે. તેઓ ગમે તેટલી વિપરીત કે મુશ્કેલ પરિસ્થિતિ હોય, આગળ આવીને કઠિન નિર્ણયો લેવાની હિંમત દાખવે છે (જેમ કે નોટબંધી, સર્જિકલ સ્ટ્રાઇક, આર્ટિકલ ૩૭૦ હટાવવો વગેરે). તેઓ ક્યારેય ટીકાઓથી ડરીને પાછા હટતા નથી (જોકે કેટલાક મુદ્દે એમણે પીછેહઠ કરવી પડી છે. પોતાની ત્રીજી ટર્મમાં એ થોડા ઢીલા પડ્યા હોય એવી ટીકા થઇ રહી છે.) બાકી મોદીનો સ્વભાવ એવો રહ્યો છે કે, ટીકાઓને જ પોતાનું બળ બનાવીને જનતા સામે સીધા સંવાદથી પોતાનો પક્ષ મૂકે છે.

વિપરીત સંજોગોમાં પણ હિંમત ન હારવી અને આખી ટીમ (કે દેશ)માં જોશ પૂરો પાડવો-એ નરેન્દ્ર મોદીના નેતૃત્વની મુખ્ય વિશેષતા છે. આ સરખામણી સ્પષ્ટ કરે છે કે માત્ર જ્ઞાન કે પદ હોવાથી કોઈ સક્ષમ નેતા નથી બનતું. જ્ઞાન સાથે જ્યારે સાહસ અને આત્મવિશ્વાસ ભળે છે, ત્યારે જ અસલી અને પ્રભાવશાળી નેતૃત્વનો જન્મ થાય છે.

સારાંશ એ છે કે, નેતા બનવું એ કોઈ રમત નથી કે નથી એ કોઈ લોભામણી સહેલગાહ. નેતા બનવા માટે વ્યક્તિએ પોતાની જાતને સંઘર્ષની ભટ્ટીમાં તપાવવી પડે છે. હેરી ટ્રુમેનનો કિસ્સો આપણને શીખવે છે કે આપણી શારીરિક મર્યાદાઓ કે શરૂઆતની નિષ્ફળતાઓ આપણું ભવિષ્ય નક્કી કરતી નથી. આપણી અંદર રહેલું સાહસ અને આપણો પોતાની જાત પરનો અડગ આત્મવિશ્વાસ જ આપણું ભવિષ્ય ઘડે છે.

જે વ્યક્તિ વિપરીત સંજોગોમાં પણ પોતાની હિંમત ગુમાવતી નથી અને અન્યોને પણ સાથે લઈને લડવાની તાકાત ધરાવે છે, તે જ સાચો નેતા બની શકે છે. પછી તે રાજકારણ હોય, સેના હોય, વ્યાપાર હોય કે જીવનનું કોઈ પણ ક્ષેત્ર હોય-સાહસ જ સફળતાની ચાવી છે અને આત્મવિશ્વાસ એ એનો આત્મા છે.

અંબાસણા પરિવારનું દશેરા સ્નેહમિલનઃ પરંપરા, પ્રતિભા અને પરિવારભાવનો ઉત્સવ

૩૯ વર્ષથી જળવાતી સ્નેહમિલનની પરંપરા સાથે વિદ્યાર્થી સન્માન, ડિજિટલ વંશવૃક્ષ અને પરિવાર પરિચય પત્રકની પહેલ







અંબાસણા પરિવાર મંડળ, રાજકોટ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ દશેરાના સ્નેહમિલનનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી ગુર્જર સુથાર પ્રગતિ મંડળ ખાતે યોજાયેલા આ પ્રસંગે પરિવારજનોએ સાથે મળીને ધાર્મિક આસ્થા, પરસ્પર સ્નેહ અને એકતાની ભાવનાને ઉજાગર કરી હતી. વર્ષ ૧૯૮૭થી શરૂ થયેલી આ પરંપરાને આજે ૩૯ વર્ષ પૂર્ણ થયાં છે.

આ પ્રસંગે ભગવાન શ્રી વિશ્વકર્માની પૂજામાં ચાર દંપતીઓએ ભાગ લીધો હતોઃ સાગર દિનેશભાઈ અંબાસણા અને દ્રષ્ટિ સાગર અંબાસણા, કલ્પેશ ભરતભાઈ અંબાસણા અને મિત્તલ કલ્પેશભાઈ અંબાસણા; પ્રેમ હિતેશભાઈ અંબાસણા અને અંકિતા પ્રેમ અંબાસણા; તેમજ પાર્થ હિતેશભાઈ અંબાસણા અને હેતલ પાર્થ અંબાસણા. પૂજા અને સમૂહભોજન સાથે પરિવારજનોએ સ્નેહસભર વાતાવરણમાં આ પર્વની ઉજવણી કરી હતી.

વિદ્યાર્થીઓની સિદ્ધિઓનું સન્માન

પરિવારનાં બાળકોને શિક્ષણ પ્રત્યે પ્રોત્સાહિત કરવાના હેતુથી છેલ્લા કેટલાક વર્ષોથી ધોરણ ૧૦ અને ૧૨માં સફળતા મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવે છે. આ વર્ષે છ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

ધોરણ ૧૦માં બ્રિજલ મનીષભાઈ અંબાસણાએ ૯૫.૯ પર્સન્ટાઇલ, ખુશ્બુ દીપકભાઈ અંબાસણાએ ૯૬.૮ પર્સન્ટાઇલ અને ક્રિષ્ના સતીશભાઈ અંબાસણાએ ૬૭.૬૩ પર્સન્ટાઇલ મેળવ્યા હતા. ધોરણ ૧૨ના કોમર્સ પ્રવાહમાં હાર્દી સંજયભાઈ અંબાસણાએ ૮૭.૧૮ પર્સન્ટાઇલ અને ભવ્ય સતીશભાઈ અંબાસણાએ ૫૫.૯૪ પર્સન્ટાઇલ મેળવ્યા હતા. સાયન્સ પ્રવાહમાં તિલક ગિરીશભાઈ અંબાસણાએ ૭૫.૮ પર્સન્ટાઇલ મેળવી સફળતા હાંસલ કરી હતી. પરિવાર દ્વારા આ તમામ વિદ્યાર્થીઓની મહેનતને બિરદાવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

પરિવારનો આંબો હવે ડિજિટલ સ્વરૂપે

અંબાસણા પરિવારના વંશવૃક્ષને ડિજિટલ સ્વરૂપ આપવા માટે પરિવારના પ્રમુખ વિશાલભાઈ અંબાસણાએ એક મહિનાથી

વધુ સમયથી મહેનત કરી છે. તેમણે વિવિધ પરિવારજનો પાસેથી પરિવારના આંબા અને વિગતો એકત્ર કરીને તેને એકસાથે જોડવાનું કાર્ય કર્યું છે. આ કાર્યમાં નિલેશભાઈ બારોટનું માર્ગદર્શન પણ મળ્યું છે.

આ કાર્યની શરૂઆત તેમના પિતા સ્વ. રાજેશભાઈ અંબાસણાએ કરી હતી. પિતાના આ પ્રયાસને આગળ વધારીને હવે વિશાલભાઈ ઈજ્ઞળળીઝચિય એપમાં પરિવારનો સંપૂર્ણ આંબો તૈયાર કરી રહ્યા છે.

આ કાર્ય ઝડપથી પૂર્ણ થાય અને દરેક સભ્યનો સમાવેશ થઈ શકે તે માટે વિશાલભાઈએ તમામ અંબાસણા પરિવારજનોને પોતાના પરિવારની વિગતો મોકલવા વિનંતી કરી છે. વિગતો મોકલવા અથવા વધુ માહિતી માટે સંપર્કઃ વિશાલભાઈ અંબાસણા – ૯૨૧૩૪૫૩૩૮૩



દાતાઓનો સહયોગ અને સહિયારો ઉત્સાહ

આ સાથે અંબાસણા પરિવાર, રાજકોટનું પરિવાર પરિચય પત્રક પ્રકાશિત કરવાની તૈયારી પણ ચાલી રહી છે. તેમાં દરેક પરિવારનો સામૂહિક ફોટો, પરિચય અને પરિવારના સભ્યોની વિગતો સામેલ કરવામાં આવશે. આ પ્રકાશન પરિવારજનોને એકબીજાથી વધુ પરિચિત કરાવવાનું માધ્યમ બનશે. પરિવાર પરિચય પત્રકના પ્રકાશન તથા અન્ય ખર્ચ માટે સહયોગની જાહેરાત થતાં જ પરિવારના દાતાઓએ ઉત્સાહપૂર્વક સહયોગ જાહેર કર્યો હતો. મુખ્ય પ્રાયોજક તરીકે ગુજરાત પ્રિન્ટર્સના કેતનભાઈ સુરેશભાઈ અંબાસણાએ પરિચય પત્રકના છાપકામનો ખર્ચ ઉઠાવવાની ખાતરી આપી હતી.

જાહેરાતના પ્રાયોજકો તરીકે અશ્વિનભાઈ કનુભાઈ અંબાસણા, વલ્લભભાઈ રણછોડભાઈ અંબાસણા, નીલકંઠ ભરતભાઈ અંબાસણા, પિયુષભાઈ હસમુખભાઈ અંબાસણા, દિનેશભાઈ રણછોડભાઈ અંબાસણા, દિશાંત ગિરીશભાઈ અંબાસણા, વિશાલભાઈ રાજેશભાઈ અંબાસણા, રિતેશ અરવિંદભાઈ અંબાસણા અને વિમલ યુનીભાઈ અંબાસણાએ સહયોગ આપવાની પહેલ કરી હતી. સૌના સહયોગ બદલ મંડળે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

પરિવાર પરિચય પત્રકમાં જાહેરાત આપવા ઇચ્છતા પરિવારજનો અને વ્યવસાયિકોને સહભાગી થવા આમંત્રણ છે. જાહેરાત અંગેની વધુ માહિતી માટે સંપર્ક કરોઃ

નીલકંઠ અંબાસણા ૯૯૭૯૫ ૮૫૫૫૭

યોગેશ અંબાસણા ૯૮૨૪૨ ૦૩૪૧૫

પરિવારભાવને મજબૂત બનાવતું આયોજન

આ આયોજનમાં વિવિધ સમિતિઓ, યુવા સમિતિ અને કારોબારી સભ્યોનું ઉત્સાહપૂર્ણ યોગદાન રહ્યું હતું. ઘરે ઘરે જઈને આમંત્રણપત્રિકા પહોંચાડવાથી લઈને પરિવારજનોને સહભાગી થવા પ્રોત્સાહિત કરવા સુધીની જવાબદારીઓ સૌએ આનંદપૂર્વક નિભાવી હતી.

દર વર્ષે આશરે ૨૫૦થી ૩૫૦ પરિવારજનો સાથે મળીને પ્રસાદ ગ્રહણ કરે છે. નવી પેઢી પણ આ ઉજવણીમાં ઉત્સાહપૂર્વક જોડાઈ રહી છે, જે પરિવારની પરંપરા અને એકતાને આગળ ધપાવવાનું આનંદદાયક પગલું છે.

અધ્યક્ષ અને ટ્રસ્ટી ભરતભાઈ અંબાસણા તથા ટ્રસ્ટી વલ્લભભાઈ અંબાસણા અને કિશોરભાઈ અંબાસણાના માર્ગદર્શન હેઠળ પરિવારની પ્રવૃત્તિઓને વેગ મળ્યો છે. પરિવાર સમિતિના પ્રમુખ વિશાલભાઈ અંબાસણા, ઉપપ્રમુખ નીલકંઠભાઈ અંબાસણા, મંત્રી યોગેશભાઈ અંબાસણા, સહમંત્રી શૈલેષભાઈ અંબાસણા, ખજાનચી રિતેશભાઈ અંબાસણા અને સહખજાનચી અમિતભાઈ અંબાસણાએ આયોજનને સફળ બનાવવા નિષ્ઠાપૂર્વક જવાબદારીઓ નિભાવી હતી.

હાથ પકડવો સહેલો છે, પકડી રાખવો જ અઘરો છે. આ સુવાક્યની ભાવનાને સાકાર કરતાં અંબાસણા પરિવારના સભ્યો વર્ષોથી એકબીજાનો સાથ નિભાવતા આવ્યા છે. આ સ્નેહમિલન, શિક્ષણને પ્રોત્સાહન અને પરિવારના ઇતિહાસને સાચવવાના પ્રયાસો એ જ અતૂટ સંબંધને વધુ મજબૂત બનાવે છે.

અંબાસણા પરિવારને સતત સાથ અને સહયોગ આપતા તમામ વડીલો, હોદ્દેદારો, સમિતિના સભ્યો, યુવાનો, દાતાઓ તથા પરિવારજનોનો મંડળ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે. સૌનો સ્નેહ અને સહયોગ આવનારા સમયમાં પણ આમ જ જળવાઈ રહે તેવી શુભકામના.

શ્રી વિશ્વકર્મા એજ્યુકેશન ટ્રસ્ટ, જામનગર દ્વારા ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક સહાયના ચેકોનું વિતરણ



શ્રી વિશ્વકર્મા એજ્યુકેશન ટ્રસ્ટ, જામનગર દ્વારા તા. ૧૧/૧૦/૨૦૨૬, રવિવારનાં રોજ જામનગર ફેકટરી ઓનર્સ એસોસીએશન ઓડીટોરીયમ, શંકર ટેકરી ઉધોગનગર, જામનગર ખાતે સતત ૨૦ મા વર્ષે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક સહાયના ચેકોનું વિતરણ કરવામાં આવેલ.

આવેલ. સૌ પ્રથમ દિપ પ્રાગટય કરવામાં આવેલ અને હાજર રહેલાઓનું શાબ્દિક સ્વાગત કરવામાં

ત્યારબાદ પ્રમુખ શ્રી મનોજભાઈ પેશાવરીયાએ ટ્રસ્ટના અહેવાલ રજુ કરતાં જણાવેલ કે, આ ટ્રસ્ટ દ્વારા આપણા સમાજના આર્થિક જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓને આર્થિક સહાય ચુકવવામાં આવેલ. આ ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૦૭ થી ૨૦૨૫ સુધી કુલ-૧૯૦૦ જામનગર તથા દેવભૂમિ દ્વારકા જીલ્લાના ગુર્જર સુતાર જ્ઞાતિના વિદ્યાર્થીઓને રૂા. એક કરોડ પચ્ચીસ લાખ જેટલી મોટી રકમની આર્થિક સહાય ચુકવવામાં આવેલ છે. તેમજ આ વર્ષે ૨૦૨૬ માં કુલ-૧૧૧ વિદ્યાર્થીઓને રૂા. ૧૦,૦૦,૦૦૦-૦૦ જેટલી રકમના ચેકનું વિતરણ કરવામાં આવેલ.

આ કાર્યક્રમ સફળ બનાવવા ટ્રસ્ટ પરિવારનાં ટ્રસ્ટીઓ શ્રી જયદિપભાઈ ગોરેચા, શ્રી રમેશભાઈ ભારદીયા, શ્રી ભુપેન્દ્રભાઈ વેકરીયા, શ્રી ચંદ્રકાન્તભાઈ બકરાણીયા, શ્રી અમિતભાઈ ખારેચા, સભ્યશ્રીઓ શ્રી યતિનભાઈ છત્રાલીયા, શ્રી નાનુભાઈ આમરણીયા, શ્રી ભરતભાઈ છત્રાલીયા, શ્રી કિરીટભાઈ બકરાણીયા, શ્રી ભુદરજીભાઈ સંચાણીયા, શ્રી મણીલાલ વડગામા, શ્રી વિનોદભાઈ છત્રાલીયા, શ્રી દેવરામભાઈ સુરેલીયા, શ્રી રાજેશભાઈ જી.ભારદીયા, શ્રી અરવિંદભાઈ બકરાણીયા, શ્રી ધીરૂભાઈ વાલંભીયા, શ્રી અરવિંદભાઈ સુરેલીયા, શ્રી વિનોદભાઈ બકરાણીયા, શ્રી બિરેનભાઈ બકરાણીયા, શ્રી હિતેષભાઈ વિશરોલીયા, શ્રી પરેશભાઈ અધેરા, શ્રી જીવનભાઈ બકરાણીયા, શ્રી ભરતભાઈ જાદવાણી, શ્રી રાજેશભાઈ ડી.ભારદીયા, શ્રી મનીષભાઈ વિરમગામા, શ્રી ચેતનભાઈ બકરાણીયા, શ્રી સુરેશભાઈ વડગામા, શ્રી દિપકભાઈ વિશરોલીયા, શ્રી મનસુખભાઈ વિશરોલીયા વિગેરેએ સહિયારી જહેમત ઉઠાવેલ.



કિચન તડકા : દિવાળી સ્પેશ્યલ વાનગીઓ

■ શુભદા ભટ્ટી



(૧) એકઝાંટિકા મીઠાઈ

સામગ્રી :

- વ્હાઇટ ચોકલેટ સ્લેબ – ૧/૨ સ્લેબ
- કટ કરેલા કાજુ, બદામ, પિસ્તા – ૧ કપ
- ઘી – ૧ ચમચી
- પિસ્તા અને બદામની સ્લાઇઝ – ગાર્નિશ માટે

બનાવવાની રીત :

સૌપ્રથમ એક પેનમાં ઘી લો. તેમાં કટ કરેલા ડ્રાયફ્રુટ રોસ્ટ કરવા.

હવે ડબલ બોઇલરની મદદથી વ્હાઇટ ચોકલેટને મેલ્ટ કરો અને તેમાં રોસ્ટ કરેલ ડ્રાયફ્રુટ ઉમેરીને મિકસ કરવું. ઘીથી ગ્રીસ કરેલ બટર પેપર લો. તેમાં બનાવેલ મિક્ષર ઉમેરીને ઉપરથી પિસ્તા અને બદામની સ્લાઇઝ ઉમેરીને ફ્રીઝમાં સેટ થવા મુકવું. પછી તેને પીસમાં કટ કરી લો.

(૨) મલાઇ કેસર પેંડા

સામગ્રી :

- ફુલ ફેટ દુધ – ૧ લીટર
- મિલ્ક પાવડર – ૧ વાટકી
- ખાંડ – ૧/૨ વાટકી
- ઇલાયચી પાવડર – ૧ મોટી ચમચી
- કેસર – જરૂર મુજબ
- બદામની કતરણ – ગાર્નિશ માટે

બનાવવાની રીત :

જાડા વાસણમાં દુધ ગરમ કરવા મુકો. દુધ ઉકળે એટલે મધ્યમ આંચ પર હલાવતો રહો એ કિનારે ચોટેલી મલાઇ ઉખેડી દુધમાં ઉમેરતા રહો. પછી ગેસ ધીમો કરી તેમાં ખાંડ ઉમેરવી. ખાંડ ઓગળે એટલે મિલ્ક પાવડર ઉમેરી બરાબર મિકસ કરો. થોડા ગરમ દૂધમાં કેસર ઓગાળીને તેમાં ઉમેરીને માવો બને ત્યાં સુધી સતત હલાવતા રહેવું. ઇલાયચી પાવડર એડ કરીને હલાવવું. મિશ્રણ ઘટ્ટ થાય એટલે વાસણમાં કાઢી લો અને માવાને ઠંડો કરવો. પછી ઘી વાળા હાથથી થોડું મસળીને પેંડા વાળી લો. ઉપરથી બદામની કતરણ લગાવી દો.

(૩) બટર ચકરી

સામગ્રી :

- ચોખાનો લોટ – ૪ વાટકી
- સફેદ તલ – ૨ મોટી ચમચી
- અમુલ બટર – ૨ મોટી ચમચી
- લીલા મરચા–આદુની પેસ્ટ – ૨ મોટી ચમચી
- મીઠુ – સ્વાદ મુજબ
- તેલ – જરૂર મુજબ
- દહીં – ૧ વાટકી

બનાવવાની રીત :

સૌપ્રથમ એક વાસણમાં ચોખાનો લોટ લઇ તેમાં આદુ–મરચાની પેસ્ટ, તલ, થોડુ મેલ્ટ કરેલ બટર, દહીં, મીઠુ એડ કરીને ચકરીનો લોટ બાંધી લો. ત્યારબાદ તેના લુઆ કરી લો. કડાઇમાં તેલ ગરમ કરવા મુકી દેવું. ગરમ તેલવાળો હાથ કરકી લુવો મુકીને સંચો બંધ કરીને ચકરી પાડી લો. મીડીયમ ગેસ પર બદામી રંગની થાય ત્યાં સુધી તળી લેવી.

(૪) પાપડ ચેવડો

સામગ્રી :

- મમરા – ૧ મોટુ બાઉલ
- સેવ – ૧ કપ
- અડદના પાપડ – ૫ થી ૬ નંગ
- તેલ – જરૂર મુજબ
- હિંગ – ૧/૨ ચમચી
- મીઠુ – સ્વાદ મુજબ

(હળદર + આમપુર પાવડર કે દળેલી ખાંડ – ગરમ મસાલા – કાશ્મીરી લાલ મરચુ) – બધુ જ ૧ ચમચી

- લીમડાના પાન – ૮ થી ૧૦ નંગ

બનાવવાની રીત :

પાપડને તેલમાં તળી લો. પાપડના ટુકડા કરવા. મસાલો બનાવવા માટે મિક્ષરમાં હળદર, ખાંડ, આમચુર પાવડર, ગરમ મસાલો, કાશ્મીરી મરચુ બધુ જ એક સરખુ લઇને ચન કરી લો. એક પેનમાં તેલ લો. તેમાં હીંગ, લીમડો ઉમેરો, મમરા એડ કરીને બનાવેલ મસાલો, સ્વાદ મુજબ મીઠુ એડ કરીને મિકસ કરો. પછી તેમાં સેવ, અડદના પાપડના ટુકડા એડ કરીને મિકસ કરી લેવું.

Happy Diwali

festival of lights, food & love



PITAPITA
MEDITERRANEAN

Mediterranean
Mexican
Healthy

Falafel, burrito bowl & more..

Amin Marg, Rajkot
+91-9510000576

Bringing taste to your RAJKOT CITY



THE BLUE OVEN

The artisanal taste of Italy

Pizza, Pasta & more..

Akshar Marg, Rajkot
+91-8511500576

Managed by:

SK
Group of Franchises

Owned by:

Dhaval Shantilal Bharadia

Khimjibhai Bharadia Family, Porbandar

દીપોત્સવી પર્વની હાર્દિક શુભેચ્છા...



Jagubhai Bharadia
Managing Director
Mob.: 98250 74693

Ankit J. Bharadia
M.Tech. In UK
Director (Technical)
Mob.: 93289 99942

SINCE 1981

SIFCO ENGINEERING PVT. LTD.

- Specialist in major kiln repair/maintenance, brick lining, commissioning, erection, system retrofit, fabrication & machining
- Service provider to major cement & chemical plants across North-West-Central India & Overseas (Africa & UAE)

SiFCO sealing solutions

SIFCO ENTERPRISE

- Authorised Distributors of DICHTA Switzerland made oil seals

DICHTA®

Corporate Office : 16,17 & 32 Ankur Comm. Centre, Opp. Swaminarayan Gurukul, Gondal Road, Rajkot-360 002.Tele. : (O) 0281-2381464 E-mail : sif567@yahoo.com

TÜV ISO/TS 16949

ISO 14001:2004, OHSAS 18001:2007 and ISO/TS 16949:2009 Certified

Branch Office

Porbander	Kodinar (Ambuja)	Beawer (Raj.)	Dubai (UAE)
Jafrabad	Raipur (M.P.)	Pune (MH.)	Nairobi-Kenya (Africa)

ELGON CEMENT LTD.

BRAND Hi-Bond CEMENT

Manufacturers And Supplier Of 43/53 OPC & PPC Grade Cement

Factory Add. : UASIN GISHU ELDORET
At. Turbo East / Leseru Block 7 (Leseru)/581
P.O. Box 8589,Eldoret-30100 - Kenya. (Africa)
Mob.: +254-797 260991,
E-mail: info@epilkenya.com

Corporate Office : 10, Mogotyo Road,
P.O. Box 43414-00100 Nairobi - Kenya.(Africa)
P.O. Box 8589,Eldoret-30100 - Kenya.(Africa)
E-mail: info@epilkenya.com

Forging the Future

"Manufacturer of Bearing Rings, Gear Blanks and Automotive components as per International Quality standards with modern Forging Technology & CNC Machining facility. Green Flow Category supplier to Multinational Companies like: SKF, SCHAEFFLER, TIMKEN, TACO, NTN-SNR-ICSA, KOYO, NACHI, NBC, MAHINDRA GEARS & DANA-OERLIKON etc in India, USA and Europe."

યુનીટ-1 - પીપળીયા



પ્રોડક્ટ



યુનીટ-2 - જાયવા





RTL

Ravi Technoforge Pvt. Ltd.

IATF 16949 : 2016, ISO 14001 : 2015 & ISO 45001 : 2018

Mfg. : Bearing Rings, Gear Blanks and Automotive Parts

Reg. Ofc. Unit 1 : Survey No. 50/P-1, B/h. Toll Plaza, Rajkot-Gondal Highway NH-27, Village: Pipaliya, Tal: Gondal, Dist: Rajkot – 360311
Ph.No. : +91-2827-3502000, 350220, 350222
Unit 2 : Survey No. 490 & 491, Plot No. 1, Jamnagar-Rajkot Highway SH-25, Village: Jayva, Tal: Dhrol, Dist: Jamnagar – 361210

E-mail : info@ravitechnoforge.com | Web : www.ravitechnoforge.com

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2024-2026. Posted at Rajkot RMS on 10th of Every Month

KAMAL CEMENT
SINCE 1944

HI-BOND cement

Shree Digvijay Cement Company Limited



આવનારૂ નવું વર્ષ આપને અને આપના પરિવારને
શાંતિ, સમૃદ્ધિ અને સારૂ સ્વાસ્થ્ય આપે એવી શુભકામના...

નૂતન વર્ષાભિનંદન

www.digvijaycement.com | વધુ માહિતી માટે સંપર્ક કરો: 1800 571 1944 | www.hibondcement.com

VISHWAKARMA VISHAWA (GUJARATI-MONTHLY)
Editor-Publisher-Owner & Printer: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers,
'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)